જાગૃતિ
માસિક પત્રિકા

193

ક્ર.	મહિનો	ઉપલબ્દ
૧	૧૯૮૦ જાન્યુઆરી	છે
૨	૧૯૮૦ ફેબ્રુઆરી	છે
3	૧૯૮૦ માર્ચ	છે
૪	૧૯૮૦ એપ્રિલ	છે
૫	૧૯૮૦ મે	છે
૬	૧૯૮૦ જુન	છે
૭	૧૯૮૦ જુલાઈ	છે
૮	૧૯૮૦ ઓગસ્ટ	છે
૯	૧૯૮૦ સપ્ટેમ્બર	છે
૧૦	૧૯૮૦ ઓક્ટોબર	છે
૧૧	૧૯૮૦ નવેમ્બર	
૧૨	૧૯૮૦ ડીસેમ્બર	છે

જાગૃતિ
માસિક પત્રિકા

193

ક્ર.	મહિનો	ઉપલબ્દ
૧	૧૯૮૦ જાન્યુઆરી	છે
૨	૧૯૮૦ ફેબ્રુઆરી	છે
૩	૧૯૮૦ માર્ચ	છે
૪	૧૯૮૦ એપ્રિલ	છે
૫	૧૯૮૦ મે	છે
૬	૧૯૮૦ જુન	છે
૭	૧૯૮૦ જુલાઈ	છે
૮	૧૯૮૦ ઓગસ્ટ	છે
૯	૧૯૮૦ સપ્ટેમ્બર	છે
૧૦	૧૯૮૦ ઓક્ટોબર	છે
૧૧	૧૯૮૦ નવેમ્બર	
૧૨	૧૯૮૦ ડીસેમ્બર	છે

realpatidar.com

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન
સમાજ યુવક મંડળ તરફથી

★ ★ ★

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ
આદર્શ રજુ કરતુ પ્રાણવાન માસિક

જાગૃતિ

શ્રી ઉમીયાય નમઃ



તંત્રી : કાન્તિલાલ કે. પટેલ બી. એ.

વર્ષ ૨૨ અંક ૫ જાન્યુઆરી–૧૯૮

卐 卐

..સિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૦), પરદેશમાં શિલિંગ ૨૦ અને છૂટક નકલ કિંમત ૧ રૂા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૧૦૧) પરદેશમાં રૂા. ૧૨૫) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલાં તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઇ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ -પ્રકાશક

શ્રી. નાનજીભાઈ કે. પટેલ -આદ્યતંત્રી.

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ -તંત્રી.
બી એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed.
સહતંત્રી : જાગૃતિ

: સંપાદકો :

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. Sc.
તલોદ.

શ્રી શામજીભાઇ એસ. પટેલ
વડાગામ

ડૉ. ધનજીભાઈ કે. પટેલ
જી એફ. એ. એમ., એલ. એમ. પી

ડૉ. હંસરાજ એમ. પટેલ M.B.B.S.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ M. Sc

શ્રી અરજણભાઇ વી. પટેલ, એદલપુરાકંપા

શ્રી પ્રેમજીભાઇ એ. પટેલ, ધનસુરા.

શ્રી. રતિલાલ એમ. પટેલ

શ્રી. વિઠ્ઠલભાઈ કે. પટેલ

શ્રી ચંદુલાલ વી. પટેલ



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી-કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭ આસો વદ ચૌદસ

અનુક્રમણિકા



તંત્રીસ્થાનેથી........

ભારતીય સંસ્કૃતિમાં શિક્ષણ

સંસ્કાર દ્વારા શિક્ષણ

ભારતીય સંસ્કૃતિમાં શિક્ષણ બે જાતનું છે. એક અંતઃ શિક્ષણ અને બીજું બાહ્ય શિક્ષણ. બંને પ્રકારનાં શિક્ષણ સાથે જ મળવાં જોઇએ.

જે શિક્ષણમાં બુદ્ધિ, સ્મૃતિ, મેધા, પ્રજ્ઞા ખીલે છે અને જેમ મા-બાપના સંસ્કાર છે તે અંતઃ શિક્ષણ છે. માના ગર્ભમાંથી જ સંસ્કાર પડે ત્યાર પછી નાનપણમાં માબાપના વર્તનથી સંસ્કાર પડે છે. બહારનું ગમે તેટલું સારૂ શિક્ષણ હશે, પણ વિદ્યાર્થી જો સંસ્કાર-વિહિન હશે તો તે યશસ્વી નીવડશે નહિ. ભારતીય સંસ્કૃતિ કહે છે કે માના પેટમાંથી જ સંસ્કાર મળવા જોઇએ. એને માટે શાસ્ત્રકારોએ નક્કી કર્યું છે કે ગર્ભવતી સ્ત્રીએ શું વાંચવું ? શું કરવું ? અને શું ન કરવું ? એને માટે પણ શિક્ષણની જરૂર છે. પાશ્ચાત્ય લોકોએ ફક્ત આરોગ્યની દૃષ્ટિથી ગર્ભવતી સ્ત્રીનો વિચાર કર્યો છે. પણ વાંચન, વિચારની પણ તેના પર અસર થાય છે, તેવી તેમને કલ્પના નથી. નાનપણમાં બાળકોને જે સંસ્કાર પડે છે તેની અસર બહુ દૃઢ હોય છે. માનસ-શાસ્ત્રની દૃષ્ટિએ નાનપણમાં પડેલા સંસ્કારને બાળકો બ્લોટિંગ પેપરની માફક ગ્રહણ કરે છે. તે તેમણે ક્યારે લીધા તેની તેમને પોતાને પણ ખબર પડતી નથી. તેથી તે સંસ્કારો મોટી ઉંમર થયા પછી પણ કાઢી શકતા નથી. આજના ભણતરને લીધે પિતાપુત્રને બનતું જ નથી અને પિતા માટે પુત્રને એક જાતની તિરસ્કારવૃત્તિ પેદા થાય છે. નાનાં બાળકોનું મન કોઇપણ વાત તરત પકડી લઇ શકે છે તેથી માબાપના વર્તનની નાના બાળકો પર જબરી અસર થાય છે. દા. ત. ઘરમાં પતિપત્ની હોય અને નાનુ બાળક એકું હોય. કોઇ વખત એવું બને કે પત્ની છોકરાને રમાડતી હોય. પતિ આવે અને પત્નીનો હાથ પકડી છોકરાથી આઘી લઇ જાય. તે વખતે છોકરો તદ્દન નાનો હોવા છતાં એના મનમાં થાય કે 'મારી મા એ, મારી જ છે. તેને બાપા મારી પાસેથી કેમ લઇ જાય છે ? મારા પિતા મારી માને મારી પાસેથી ઝૂંટવી લેવા માગે છે, માટે મારા પિતા મારા દુશ્મન છે.' આ રીતે પિતા પ્રત્યે દુશ્મનાવટ શરૂ થાય છે. નાનપણમાં પડેલા સંસ્કાર જલદી ભૂંસાતા નથી. પરિણામે છોકરો મોટો થાય છે ત્યારે તેને પિતા સાથે બનતું નથી. નાના છોકરાને મા તરફ દૃઢ મમત્વની ભાવના હોય છે. તે વખતે યુવાન પિતા માને બાળકથી દૂર કરે તો બાળકના મનમાં બાપ પ્રત્યે નાનપણથી તિરસ્કારની ગ્રંથિ બંધાય છે. છોકરાને ખબર ન પડતાં આ સંસ્કાર પડી જાય છે, અને મોટી ઉંમર થતાં દીકરાને અને પિતાને બનતું નથી. આ રીતે અંતઃશિક્ષણમાં માબાપના સંસ્કારો મોટો ભાગ ભજવે છે.

બહિઃશિક્ષણ મહાનુભાવોના જીવનો જોઇને, વાંચીને મળે છે, શાળામાં જઇને, પુસ્તકોમાંથી અને બાજુબાજુની સૃષ્ટિને નિરખવાથી મળે છે.

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજની અમદાવાદ ખાતે બંધાયેલ વાડીમાં ગુજરાત તેમજ ગુજરાત બહાર જે કોઈ ભાઈ-બહેનોએ ફાળો નોંધાવ્યો હોય અને પૈસા આપવાના બાકી હોય તો સૌ ભાઈ-બહેનો તાકીદે ફાળો મોકલી આપવા કૃપા કરે

પ્રમુખશ્રી/મંત્રીશ્રી
ક. ક. પા. સમાજ, અમદાવાદ.

● મે. પટેલ સો મીલ્સ, ખેરાલુ, જિ. મહેસાણા વાળા પટેલ વાલજીભાઈ ગોપાલભાઇની નાગરિક સહકારી બેંકના ડીરેકટર પદે સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

અભિનંદન



ગોવિંદ પટેલ

શ્રદ્ધાંજલી

તૃતીય પુણ્યતિથિએ

શિશિર આવે ક્રુર કાળ આવે
ને પુષ્પ કુમળાં દવમાં પ્રજાળે,
સુકામળી દેહ કળી અરે! અરે!
વસંતની કુંક મહીં ખરી પડી!

(પટેલ ભીમજીભાઈ વિશ્રામભાઈ કાગડાપીઠ, અમદાવાદ-૨૨ (ઘડુલી-કચ્છ વાળા) ના પુત્ર)

જન્મ તા. ૨-૭-૫૮
વિલય તા. ૧૪-૧-૭૭

લિ.
તારાં માતાપિતા, ભાઈબહેન તથા સ્વજનો
ફર્મ : પટેલ સો મીલ, મુ. રંગાઇપુર
તા. પેટલાદના સૌજન્યથી

ભાવનિર્ઝર (અમદાવાદ)

સંકલન : પ્રા. જે. બી. દ્વિવેદી
સ્વાધ્યાય કેન્દ્ર, તડકેશ્વ.

તા. ૧૨-૪-૭૯ :

આજે પ્રતિષ્ઠા મહોત્સવનો દિવસ ત્રીજો સૂર્યનારાયણ ધીમે ધીમે પશ્ચિમાકાશમાં સંધ્યા સમયની લાલિમા ફેલાવી રહ્યો છે. ત્યારે પૂર્વાકાશમાં ચૈત્રી પૂનમનો ચંદ્ર આકાશમાં મંદ મંદ સ્મિત કરતો ધવલ જ્યોત્સ્ના સંગ યામિની સમયે વિહાર કરવાની પેરવીમાં હતો ત્યારે ભારતીય તત્વજ્ઞાનના આકાશમાં નૂતન ચંદ્ર સમાન મિતભાષી નમ્ર અને જન સાધારણની બોલીમાં હળવાશથી હસતાં હસતાં જ્ઞાનની, ગૌરવની ભારતીય અસ્મિતાની વાત કરવા પ્રવચન માટે પધારવાની તૈયારીમાં હતા.

વડોદરા, કચ્છ અને પંચમહાલ જીલ્લાના સ્વાધ્યાયીઓ પ્રથમના બે દિવસની જેમ મોટી સંખ્યામાં પોતાના વાહનો સહ આવ્યા હતા. શ્રી ધીરૂભાઈએ પાંડુરંગ સમો સંત બીજો મળતો નથી રે, ભક્તિ સમજાવી છે ગીતાના જ્ઞાનમાં વગેરે ભાવગીતો સુમધુર કંઠે રજુ કર્યા જનમેદની આ ભક્તિગીતોને રસપૂર્વક ગાતી રહી માણતી રહી.

આજે ગુજરાત રાજ્યના નાણાં પ્રધાન શ્રી દિનેશભાઈ શાહ પધાર્યા હતા. સાબરકાંઠાના શ્રી ગોપાળભાઈ પટેલ, શ્રી મૂળશંકરભાઈ સુથાર તેમજ અન્ય મહાનુભાવો હતા.

પૂ. દાદાના આગમન સાથે જ વાતાવરણમાં અજબની શક્તિ ફેલાઈ ને વસુદેવ સુતં દેવં શ્લોક સાથે પૂ. દાદાની મંગળવાણી શરૂ થઈ.

આપણે ભગવાન યોગેશ્વરના મંદિરની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ પ્રેમપૂર્વક ઉજવી રહયા છીએ. ગુજરાતના ગામેગામથી ભક્તિપૂર્વક સ્વાધ્યાયીઓ ભગવાનને નિમંત્રણ પાઠવે અને તે ન આવે તેવો પ્રભુ કઠોર નથી તે પરમ કારૂણિક છે. આજના સમયમાં વિજ્ઞાને પ્રત્યેક અણુમાં ચૈતન્ય છે, તે સાબિત કર્યું છે. તો પછી આ પત્થરમાં જેને આપણે જડ માનીએ છીએ. જડત્વ નથી તેમાં એ પરમ ચૈતન્ય વિલસી રહ્યું છે આજનો માણસ ધૂળથી ખરડાયેલો

લોહીથી ભીંજાયેલો, પાંગળો બનેલ છે. તેને સહ રો જોઇએ છે અને તે સહારો છે ઈશ્વરની મૂર્તિપૂજા ભકિત ભકિતએ ટીલાં ટપકાં કેટલાં છે ? ફુલ બે ચડાવ્યાં કે ન ચડાવ્યાં તેમાંજ મર્યાદિત નથી. ભકિતએ શુદ્ધ વિજ્ઞાન છે ટેમ્પરરી ભકત ન હોઇ શકે ભકત તો ચોવીસ કલાકનો જેમ પ્રતિવ્રતા સ્ત્રી એક કલાક જ પતિવ્રતા રહે તો ચાલે ખરું ના ચાલે તેમ સવારમાં યા સાંજે એક કલાક ભકિત કરી બાકીના કલાકોમાં ભગવાન સાથે છેડો ફાડી નાખીએ તો ભકતના કહેવાઇએ મૂર્તિએ કોઇ માત્ર કલ્પના નથી કલ્પનાઓ જુદાજુદ પ્રકારની હોય છે. (૧) Creative (૨) Reproductive (૩) Fantastic (૪) Aesthetic વગેરે ભગવાનની મૂર્તિએ Reproductive કલ્પના છે પૂ. દાદાએ Creative કલ્પનાનો દાખલો આપ્યો કે જયારે તમે મારુ પ્રવચન સાંભળો છો ત્યારે પણ દિકરાનો યા દિકરીનો મંડપ કેવો બાંધીશું કેટલા માણસો આવશે કેવી વ્યવસ્થા કરીશું તે છે પરંતુ જયારે દિકરા દિકરીનું લગ્ન થતુ હોય, સત્કાર સમારંભ ચાલતો હોય ત્યારે પોતે વર્ષો પહેલાં લગ્ન કર્યું હતું. ત્યારે કેવી રીતે લગ્ન થયેલ કેટલા લોકો Wish કરવા આવેલા તે કલ્પના કરવી તેને Re Productive કહેવાય. ભગવાનની મૂર્તિનો આકાર આપણા ઋષિઓએ જે ધ્યાન અવસ્થામાં જોયો તેને પુનઃ શબ્દોમાં કે શિલ્પમાં ચિત્રીત કર્યો તે પણ Reality છે માટે મૂર્તિપૂજા એ સંપૂર્ણ વૈજ્ઞાનિક છે. ભકિત પણ વૈજ્ઞાનિક છે.

ગઇ કાલે આપણે પ્રભુ પાસે માંગ્યું હતું કે મારે શ્રેષ્ઠ માંગણ નથી થવું પરંતુ સેવક બનવું છે. પરંતુ ૨૪ કલાક વિચાર્યા પછી જ્ઞાન થયું કે આપણે માંગણ કે સેવક બન્નેમાંથી કોઇ પણ થવું નથી. હવે જે ગઇ કાલે લોકો હાજર હતા તે તો નથી પણ તેમને આ સંદેશો આપવો કે પૂ. દાદાએ મત ફેરવી નાંખ્યો છે. જ્ઞાન બિલકુલ ના થાય તેના કરતાં Late થાય તે વધારે સારું છે.

ભગવાન પાસે માંગવું નથી કારણ જે માંગ્યા વગર આપણને ઘણું બધું આપે છે તેની પાસે શું માંગવું ? શું આપણે મા–બાપ, જાતિ, વિદ્યા, લક્ષ્મી, પત્ની, બાળકો માંગ્યા માટે મળ્યાં ? તો પછી જે લોકો વંધ્ય છે તેને ભગવાન માંગ્યા પ્રમાણે કેમ પુત્ર કે પુત્રી નથી આપતો ! અને જે નથી માંગતાં તેને ત્યાં હારબંધ સંતાનો કેમ ! જે વગર માંગ્યે આવે, અને માંગ્યા પછી આપવાની ખાત્રી ના આપે તે ભગવાન. શું આપણે હવા, સૂર્ય, ચંદ્ર, તારા, આકાશ, પહાડ, નદી, સાગર, વન, ઉપવન, ઋતુચક્ર વિગેરે માંગ્યું હતુ ? ના છતાંયે પ્રભુએ આપીને અનંત ઉપકાર કર્યો છે તો પછી હવે શું માંગવું ? કાંઇ નહીં તો પછી સેવક બનવું ?

સેવક બનવાની વાત કરવી સહેલી છે પરતું દાસ્ય ભકિત અત્યંત કપરી છે. આજે હનુમાન જયંતિ છે દાસ્ય ભકિત હનુમાનજીએ કરી આપણાથી થઈ શકે નહી કાયમ દાસ્ય ભકિતમાં સંપૂર્ણ આત્મ સમર્પણ, ધાર્મિક, માનસિક અને આધ્યાત્મિક શરણાગતિ સ્વીકારવી પડે અહંનું સંપૂર્ણ નિરીક્ષણ કરવું પડે. કોઇ શિક્ષકે પૂછયું વિદ્યાર્થીને કે તમને દાસ હનુમાન થવું ગમે કે વીર હનુમાન ? મોટા ભાગના વિદ્યાર્થીઓએ જવાબ આપ્યો વીર હનુમાન કારણ શૂરવીરતા, પરાક્રમ વીરત્વ બધાંયને ગમે પંરતુ એક છોકરાએ નમ્રતાથી જવાબ આપ્યો દાસ હનુમાન. શિક્ષકે પૂછયુ કેમ ? તો જવાબ મળ્યો કે પહેલાં દાસ હનુમાન બનવું પડે પછી જ વીર હનુમાન થવાય. આપણે સેવક થવાની વાત છોડી દઇએ તો પછી બનવું શું ? ગઇ કાલે આપણે પ્રભુના માગણ નહી પણ સેવક બનવાની વાત નક્કી કરી પરંતુ મારો મત ચોવીસ કલાકની વિચારણા બાદ ફેરવાઈ ગયો છે. આપણે તો નથી થવું માંગણ કે સેવક. બનવું છે સખા–સખ્ય–મિત્ર–

કારણ આજનો જમાનો Commradship નો છે. દોસ્તનો મિત્રાચારીનો તેથી આપણે ભગવાનના સખા બનવાનુ હે ભગવાન તું આવ, મારે તારા સખા બનવાનુ છે. દોસ્ત બનવાનું છે.

પૂ. દાદાએ કહ્યું કે આજે વાતો Socialism ની થાય છે જયારે વ્યવહાર ભેદપૂર્વકનો થાય છે. દા. ત. નેતાઓના દીકરા Public School માં ભણે જયારે જનતાનાં વહાલાં દહાલાં ને તે સ્કૂલમાં પ્રવેશ ના મળે. આ કયાંનુ ocialism જયારે પ્રાચીન સમયમાં Socialism શબ્દ ન હતો પંરતુ ગોકુળના સરપંચ યા આગેવાન નંદનો દીકરો કનૈયો ગામના બીજા છોકરાની સાથે જ ભણવા જતો આખી નિશાળ આનંદમાં આવતી કાલથી મુખીનો છોકરો તેમની સાથે ભણતો જયારે ટિફીન–નાસ્તનો પારીયડ આવ્યો ત્યારે દરેક છોકરા ડબ્બો ખોલી ખાવા બેઠા ત્યરે નંદકીશોર કહે તેમ ના ખવાય દરેકના ડબ્બાની વસ્તુ ભેગી કરો, અન્ન કૂટ કરો સહનૌ ભુનકતુ સહ ભોજનનો કાર્યક્રમ શરૂ થયો તેનું નામ Socialsm કે આજે વાતો થાય છે પરંતુ વ્યવહારમા ઉપેક્ષા થાય છે તે સમાજવાદ.

ગીતામાં કોઇ કર્મકાંડની વાત નથી. કોઇ અમુક જ વાદ કે ઇશ્વરની વાત નથી. ગીતા તો જીવનનો ગ્રંથ છે. વ્યહારનો ગ્રંથ છે. માટે જ આપણે ગીતા ને આધારા શિલા માનેલ છે. ગઈ કાલે આપણે સેવક બનવાની વાત કરી હતી પરંતુ ભગવાન જ

આપણી સેવામાં ચોવીસ કલાક રોકાયેલ છે તો આપણે શું સેવા કરવાના ? રામ આ છગનલાલ સૂઇ જાય ત્યારે હૃદય, લોહી, શ્વાસ ફેફસાં, પાચન ક્રિયા બરોબર થાય તેની સંભાળ રાખે. સવારે તે આપને જગાડે ત્યારે આ ફોગટલાલ જાગે જો આપણે આ કરી શકતા હોત તો ભગવાનને સેવા ન કરવી પડત. જીવ સ્વતંત્ર કર્તા નથી તે તો માત્ર નિમિત્ત છે. ઉપકરણ છે, સાધન છે. ગીતામાં અર્જુન પૂછે છે કે આ હિંસા હું શા માટે કરું ? શા માટે બંધુ હત્યારો થાઉ ? ત્યારે ભગવાન જવાબ આપે છે કે તુ મારતો નથી કે મરતો નથી. કોઇ કંઇ કરી શકે નહી. જે કંઇ થાય છે તે પ્રકૃતિના ત્રણ ગુણોથી થાય છે. માટે જો આપણે આપણી સર્વ ક્રીયાઓના કર્તા આપણને માનીએ તો તે ભ્રમ છે. ભકત નરસિંહ મહેતાએ ગાયું છે કે હું કરું હુ કરુ એજ અજ્ઞાનતા, શકટનો ભાર જયમ શ્વાન તાણે. તો પછી કોણ કર્તા છે ? ભગવાન કર્તૃત્વ જલ્દી સ્વીકારતા નથી તે તો कर्तुम्-अकर्तुम्-अन्यथाकर्तु છે. હું કંઇ કરતો નથી પરંતુ માત્ર સાક્ષીભુત છું. ગીતાના ગાનાર ભગવાન કૃષ્ણ કહે છે કે सर्वस्य चाहं हृदि सन्निविष्टं દરેકના હૃદયમાં રહેલો છું એટલે દરેક આકાર ભગવાનનો બનાવેલો છે તો પછી ભગવાનને પોતાનો આકાર ના હોય હોય જ તેથી આપણે મૂર્તિપૂજા કરીએ છીએ મંદીર બનાવીએ છીએ. ગીતાની ઘણી સમશ્લોકીઓ છે ગુજરાતીમાં, મરાઠીમાં વગેરે કેટલીક સમશ્લોકી તો ગીતાના મુળ સંસ્કૃત શ્લોક કરતાં પણ સરળ, સુંદર અને અર્થપૂર્ણ છે. જયારે સંસ્કૃત શ્લોક વાળી ગીતા પાઠનો આગ્રહ પૂ. દાદાએ કર્યો ત્યારે જવાબ આપ્યો કે મને સંસ્કૃત શ્લોક વાળી ગીતા એટલા માટે ગમે છે કે હજારો વર્ષ પહેલાં એ શબ્દો ભગવાન યોગેશ્વર બોલ્યા છે. ભગવાને મુખથી, જે ભાષામાં શ્લોક ગાયો તે જ ભાષામાં મારે શ્લોક ગાવો છે.

આપણે જો ભગવાનના સખા બનવું હોય તો ભગવાનના ગુણો કેળવવા પડે કારણ 'સમાન શીલ વ્યસનેષુ સખ્ય" એ વ્યકિત દારૂ પીતા હશે, બીડી પીતા હશે તો મિત્રતા સંભવી શકે. પરસ્પર વિરોધી સ્વભાવ વાળામાં મિત્રતા કેવી રીતે સંભવી શકે ? માટે સખા બનવું છે પણ મારામાં એવી Qualities નથી તો ભગવાન મને મિત્ર બનાવે ખરો ? ભગવાનની દૈવીસંપત્તિ મેળવવા માટે ગીતાજ્ઞાન સ્વાધ્યાયાન્ માપ્રમદ: જેવી જ્ઞાનશિબિરો આવશ્યક છે. કેટલીક વાર ગુણ ન હોય છતાંયે ભગવાન કરૂણા કરે છે, તે માટે પૂ. દાદાએ દાખલો આપ્યો કે મોટા વકીલ સર્વોચ્ચ ન્યાયાધીશ કે લક્ષાધિપતિ શેઠ જયારે કલબમાં જાય છે ત્યારે બધા જ સભ્યો તેમના જેવા હોય છે ખરા ! ના તેમ છતાંયે તેઓ કલબમાં એક બીજા સાથે બેસે છે, મળે છે, વાતચીત કરે છે અને દોસ્તી પણ કરે છે. મિત્ર અને સુહૃદ પણ ભગવાન છે. ઉપકારના આશયે જે

મદદ કરે તે મિત્ર જયારે અપકાર કર્યો હોય છતાંયે ઉપકાર કરે તે સુહૃદ.– ભગવાન જેવો કોઇ સુહૃદ નથી. જો ભગવાન સાથે આપણે સખ્યભાવ કેળવીશું તો તેનાં ગુપ્ત રહસ્યો આપણને કહેશે "ઇષ્ટોડસિ મે સખા ચે તિ" હે અર્જુન તું મારો મિત્ર છે. માટે તને આ ગુપ્ત રહસ્ય જણાવું છું. ભગવાન આપણને સઘળાં રહસ્યો જણાવવા તત્પર છે પણ આ જીવને તેની ફુરસદ જ નથી. ભગવાન જેવા બનવામાં મુશ્કેલી છે. ભગવાન જેવા બનવું નહિ પણ ભગવાનના બનવું કેટલીક વાર નાટક આપણને સારું શીખવાડે છે સંસ્કૃતના કોઇ નાટકમાં રાવણને તેના મિત્રો જણાવે છે કે તું અનેક રૂપ ધારણ કરી શકે છે તારે સીતાને પરણવું છે તો રામનું રૂપ ધારણ કરી તેને પરણી જા ત્યારે રાવણ કહે છે કે રામનું રૂપ ધારણ કરી પર સ્ત્રી સામે નજર કેવી રીતે થાય? ના થાય. તે જ પ્રમાણે કીટભ્રમર સિધ્ધાંત સાચો હોય તો સીતાજી ચિત્તાને કહે છે કે રામનું ચિંતન કરતાં કરતાં જો હું રામ થઇશ તો રામજી સાથે મારું લગ્ન જીવન કેવી રીતે ચાલશે? ત્યારે ચિત્તા બુદ્ધિમાન સેવિકા બોલે છે. તેમાં ગભરાવા જેવું નથી જેમ તમો ચિંતન કરતાં કરતાં રામ બની જશો તેમ ભગવાન શ્રીરામ તમારું ચિંતન કરતાં કરતાં સીતા બની જશે તેથ દાંપત્ય જીવનમાં વાંધો આવશે નહિ. મોટ માણસના સેવક પણ બુદ્ધિશાળી હોય છે ભગવાનએ કોઇ સામાન્ય બાબત નથી. નામદેવના પત્નીએ હઠ લીધી કે ભગવાન તમારા હાથનો પ્રસાદ ગ્રહણ કરે અને મારા હાથનો કેમ નહિ? તેથી ભકત નામદેવને ફરજ પડી ભગવાન પાંડુરંગને કહ્યું તમે મારી પત્નીના હાથનું જમો અને આ ઘરના ઝઘડામાંથી મુકિત અપાવો નહિતર તારી ભકિત બંધ થશે ભગવાને જણાવ્યું તારી વાત મંજુર પણ મારી ગેરહાજરીનો ચાલે તેથી જયારે તારા ઘેર જમવા જાઉં ત્યારે તારે મારી જગાએ ભગવાન બની ઊભા રહેવાનું. નામદેવે મંજૂર કર્યું. ભગવાનની જગ્યાએ નામદેવ ઊભા રહ્યા. ભગવાન બન્યા એટલે સીધા ટટ્ટાર ઊભા રહેવાનું હાલવાનું, ચાલવાનું, ચારે બાજુ જોવાનું બંધ, સીધા ઊભા રહેવાથી કરોડ દુઃખવા લાગી. કોઇ ભકતે પેંડો ધરાવ્યો. પેંડા પરની કીડીઓ પગે ચટકા ભરે તો પણ ભકત નામદેવને હાલવાનું નહિ, બોલવાનું નહિ ન કહેવાય અને ન સહેવાય જેવી સ્થિતિ ઊભી થઇ. ભકત નામદેવે કહ્યું હે ભગવાન જલ્દી મંદિરમાં પાછા આવી જાવ મારે ભગવાન બનવું નથી. મારે તો તારા જ મિત્ર તરીકે રહેવું છે. તમો આવી જાવ મંદિરમાં ભગવાન સ્વરૂપે ભકતની વાત ભગવાનને મંજુર કરવી જ પડે. આપણી બધાંની વાત ભગવાન યોગેશ્વરને મંજૂર કરવી જ પડે તેમણે આ મૂર્તિઓમાં આવવું જ રહ્યું. કેટલીક વાર આપણે જાણ કરીએ છીએ કે આજની સભામાં ફલાણા શેઠશ્રી આવવાના છે એટલે તે શેઠને ખુશ કરવા લોકો આવે છે. આપણો

ભગવાન મૂર્ખ નથી તે ખુશામત કોને કહેવાય અને ભક્તિ કોને કહેવાય તે બરોબર જાણે છે. **હે ભગવાન** તું મને લાખ રૂપિયા આપ, દીકરો આપ તો સવા પાંચ મણ પેંડા **ધરાવીશ, તને ચાંદીનું** છત્ર આપીશ, આ ભક્તિ ન કહેવાય ભક્ત તો પ્રહલાદ જેવો ગમે તેટલી વિપત્તિ આપ, દુઃખના ડુંગરો મારા પર ખડકી દે હું ડરવાનો **નથી કારણ મને** જે મળશે તે સહન કરવામાં દ્રષ્ટારૂપે તું હાજર છે જ, તારામાં **અને મારામાં** ભેદ નથી માટે મારું દુઃખ તે તારું દુઃખ પણ છે. તારું આપેલું જે **કંઇ હશે તે હસતે** મુખે સ્વીકારીશ. તારે જેટલું દુઃખ આપવું હોય તેટલું આપ. **તારી પ્રસાદી** માની તેનો સ્વીકાર કરીશ આ ભકત કહેવાય. આપણે ભગવાનના **દોસ્તોને** બોલાવ્યા છે. પ્રાણપ્રતિષ્ઠા સમયે વશિષ્ઠ, વિશ્વામિત્ર, અત્રિ, પારાશર, જમદગ્નિ, ચ્યવન, ભગુ વગેરે ઋષિઓને બોલાવ્યા છે જો આપણા બોલાવ્યા ભગવાન નહિ આવે તો તેમના નિસ્વાર્થી પરહિતરત આધ્યાત્મિક દોસ્તો બોલાવશે ત્યારે આવવું જ પડશે. આપણે પણ સખ્ય ભાવ કેળવી તેમને બોલાવીએ. ગીતામાં કહ્યું છે કે પ્રિયતમ પ્રિયાના દોષને માફ કરે છે તેમ મિત્ર પણ મિત્રના દોષ માફ કરે છે, તો આપણા જે દોષ હશે તેને પ્રભુ માફ કરશે પણ કયારે જયારે પશ્ચાતાપનાં આંસુ-સાચાં આવ્યાં હોય ત્યારે નકકી જૂઠાં મગરનાં નહિ. આજે એક વાત કહું કે ભગવાન જેવો બીજો કોઇ લુચ્ચો પણ નથી. તેની વાત નહિ કરું કારણ એક બાજુ બોલાવીએ અને તેને લુચ્ચો કહીએ તો રિસાઇ જાય.

(ક્રમશઃ)



શ્રી અખિલ ભારત કચ્છ કડવા પાટીદાર યુવક સંઘના ભાઇઓ માંથી સંઘે નક્કી કર્યા મુજબ રાયપુર તેમજ હૈદ્રાબાદ વિભાગમાંથી આપણા મુખપત્ર જાગૃતિના આજીવન નવ સભ્યો નોંધ્યા છે તે બદલ અભિનંદન બાકીના સભ્યોપણ પોતપોતાના વિસ્તાર માંથી આજીવન સભ્યો નોંધવા સક્રીય બને એજ અભિલાષા.

- જાગૃતિ પરિવાર

'માનવી' સમાજની દ્રષ્ટિએ

ઘનશ્યામ વી. પટેલ
નીમતલા, કલકત્તા

દરેક પ્રાણી માત્રને પોતાની એક આગવી સમાજ હોય છે. સમાજમાં રહેનાર દરેક પ્રાણી એ સમાજનો સભ્ય ગણાય. માનવી શ્રેષ્ઠ પ્રાણી ગણાય છે કારણ કે કુદરતે માનવીને વાચા તેમજ વિચાર શકિત અર્પી છે અને આથી જ તે બીજા અન્ય પ્રાણીઓ પર પોતાનું વર્ચસ્વ જમાવી બેઠો છે આમ માનવી બુધ્ધિશાળી છે. દરેક માનવીમાં બુધ્ધિનું રોપણ સરખુ હોતુ નથી પણ જો માનવીને નિયમ બધ્ધ તાલીમ આપવામાં આવે તો એમની બુધ્ધિનો વિકાસ થઈ શકે. દરેક માનવીમા બુધ્ધિનું પ્રમાણ સરખુ ન હોવાથી એમનામાં વિચાર શકિત પણ ભિન્ન હોય છે. કોઇપણ એક માનવીનું સમાજના અન્ય સભ્યો અલગ અલગ દ્રષ્ટિકોણથી નિરીક્ષણ કરતા હશે. કોઇની નજરે એ સદ્‌વિચાર વાળો હશે તો કોઇ એમને ભગવાનનો માણસ કહેતા હશે. એક ખરાબ આર્થિક સ્થિતિ વાળો માનવી છે એ હાલ ગરીબ છે ગરીબ હોવાથી સમાજના બહુમતી સભ્યો કમ બુધ્ધિશાળીમાં એમની ગણતરી કરશે પણ કાલેજ જો એમના પર લક્ષ્મીનો હાથ આવી જાય તો તે મેઘલામાંથી મગનલાલ બની જાય છે. એક કહેવત પ્રમાણે 'નાણા વગરનો નાથીઓ નાણે નાથાલાલ' બન્યા બાદ તેમાં આપોઆપ બુધ્ધિનું રોપણ થઇ જાય છે અને સમાજના સભ્યો એમની વાતને પણ સાંભળે છે અને સાચી પણ ઠરાવે છે.

માનવી સર્વગુણ સંપન્ન હોતો નથી પણ જો એમનામાં રહેલ ગુણ તથા અવગુણ આ બંનેમાંથી ગુણનું પ્રમાણ વધી જાય તો તે કિર્તી મેળવી શકે છે પણ આધુનિક સમાજમાં ગુણ કરતાં પણ લક્ષ્મી વધારે હોય તો એ પોતાના સમાજમાં કિર્તી મેળવી શકે અને એમનામાં બુધ્ધિ તેમજ ગુણ પણ આવી જાય તેમજ સમાજમાં બે સભ્યો વચ્ચે થતા વિવાદાસ્પદ પ્રસંગોએ ન્યાયમૂર્તિ તરીકેની કામગીરી બજાવી શકે. એમની વાતને બે બીજા તરફથી ટેકો પણ મળે અને એમના ભાષણને પણ બધા માન આપે. આમ લક્ષ્મી હોય તો સરસ્વતી આપોઆપ આવી જાય આમ અંદાજ લાવી શકાય કે કેવા માનવીનો દરજ્જો સમાજમાં ઊંચો હોય છે. ચડતી અને પડતી આ બંને એકબીજાને એકરૂપ સંકળાયેલ છે. ચડતીમાં માનવીના ગુણગાન ગવાય છે અને પડતીમાં એજ માનવી સાથે સમાજ વિરૂધ્ધ પ્રકારનું વર્તન દાખવશે. ઘણી વખત ચડતીમાં રહેલ મિત્ર પણ પડતીમા બેસી દેવા પડે છે.

કોઈપણ માનવીને સમાજ બુધ્ધુ કહે એ યોગ્ય ન લેખાય કારણ કે બુદ્ધિનું રોપણ કુદરતી છે. કોઇ માનવીને એવું તો નહિં જ હોય કે સમાજમાં મારી ગણના બુધ્ધુમાં થાય. માનવી પોતે અંદર ખાને શું છે તે અસલીયત પોતાના સિવાય બીજા જાણી શકતા નથી પણ સમાજ એમના બાહ્ય આચાર વિચાર તેમજ વર્તનથી તર્ક લગાવી અને એમને પોતાનો ન્યાય આપે છે જેમ કે એક શાન્તિમાં માનવા વાળો માનવી છે. એ સમાજની ખટપટથી દૂર છે. એ પોતાનામાંજ મસ્ત છે. સમાજના જ સભ્યો કદાચ એમને ઉતારી પાડતા હશે તો પણ તે નીભાવી લેતો હશે તો આવા માનવીને સમાજ ભગત અથવા ભોળાની ઉપાધી આપશે પણ જો એજ માનવી જેવા સાથે તેવો થાય તો સમાજ એમની પર કિંદરીમાંથી સાપ બન્યાની કહેવતનો ઉપયોગ કરશે આનાથી વિરૂધ્ધ પ્રકારનો માનવી ખટપટીયા સ્વભાવનો છે તે બીજાનું માન જાળવવામાં ઓછું માને છે. કેવા પ્રકારના માનવી સાથે મારૂ વર્તન કેવું હોવું જોઇએ એ પણ તેને ખ્યાલ નથી. સભ્યતામાં પણ ઓછું માનનારો છે અને વાતચીતમાં હોશિયાર છે. આ પ્રકારનો માનવી સમાજના બહુમતી સભ્યોની નજરે લુચ્ચો તેમજ હોશિયાર લેખાશે. સમાજ અસલીયત તો જાણી જ નથી શકતી અને પોતાનો ન્યાય અસલીયત જાણ્યા વગર આપે છે. સાચો ન્યાય આપવા વાળા બહુજ ઓછા સભ્યો સમાજમાં હોય છે.

ઘણી વખત સમાજ એક માનવીને 'તુ' કહીને બોલાવતી હશે એ માનવી સમાજની દૃષ્ટિએ થોડો નીચો છે. આથી તે એમની પ્રત્યે એવું વલણ દાખવે છે પણ એજ માનવીને 'તમે' કહેનારા પણ હશે જેમ કે એક ભંગી છે. ભંગીને બહુમતી સભ્યો તુ કહીને જ બોલાવતા હશે પણ એ કોઇક સ્ત્રીનો સ્વામી હશે તથા કોઇક સંતાનોનો પિતા પણ હશે તો તેઓ કદાપિ સમાજ જેવું વલણ નહિ દાખવે એમના માટે એ ભગવાન સ્વરૂપ હશે.



* જીંદગીની અનંત દોડ *

શામજીભાઇ એસ. પટેલ વડોદરા.

માણસને માત્ર સુખી નથી થવું પણ બીજા કરતાં વધારે સુખી થવું છે. માત્ર મોટા નથી થવું પણ બીજા કરતાં વધારે મોટા થવું છે. માત્ર આબરૂદાર નથી થવું પણ બીજા કરતાં વધારે આબરૂદાર થવું છે પણ આ વસ્તુ બધા માટે શકય નથી હોતી કારણ કે આ એક એવી લાંબી દોડ છે જેમાં તમે એક હરીફને પાછળ રાખી દો કે તરતજ તમને બીજો હરીફ તમારી આગળ જતો દેખાશે. આ એક અનંત દોડ છે.

વધુને વધુ આબરૂદાર બનવા તે દોડે છે અને પરિણામે વધુને વધુ તે હાંફે છે. ઇચ્છા તો દરેકને એવી હોય છે કે પોતાની સિદ્ધિની છાયા નીચે કયારેક નિરાંતે જીવી શકાશે, પોરો ખાઇ શકાશે પણ આબરૂ વાવવામાંજ જિંદગીના ઉત્તમ વર્ષો નીકળી જાય છે. આબરૂ કયારેય ઊઘતી નથી કારણ કે આજના માનવને નાની એવી કે જેના છાંયે પોરો ખાઇ શકાય એવી આબરૂ નથી જોઇતી, એને તો ઇતિહાસમાં અમર થઇ શકાય તેવી આબરૂ જોઇએ છે. આવી આબરૂ મેળવવા માટે માણસ કાવા દાવા કરે છે અને એમ માને છે કે એ આબરૂદાર થઇ શકયા છે. છતાં આખું ચણતર કાચું રહી જાય છે અને તેનો ઉચાટ તેને સતત કોરી ખાય છે. આજ વસ્તુ તેના દુ:ખનું સમગ્ર કારણ બની જાય છે.

માણસ દુનિયા આખીને છેતરી શકે છે. માત્ર પોતાની જાતને તે છેતરી શકતો નથી અને પોતાની જાતને છેતરવાનો પ્રયત્ન કરે છે તો તેના માટે આકરૂં થઇ જાય છે. બધું હોવા છતાં એ બધું નિરર્થક બની જાય છે. જે માણસ પોતાની જાત પાસે સાચો હોય છે, આબરૂદાર હોય છે, નેક હોય છે તેને બીજાના પ્રમાણ પત્રોની અબળખા નથી હોતી. ખોટી હરીફાઇ કે અદેખાઇ નથી હોતી. પોતાની જાત પાસે જ પોતાની આબરૂ જાળવી શકે છે તે નિરાંતે અને સુખેથી જીવી શકે છે.

ભુતકાળના માણસો પાસે ઓછી વસ્તુઓ હતી, ઓછા સાધનો હતા અને ભવિષ્યના માણસો પાસે ઘણી વસ્તુઓ અને સાધનો હશે પણ તેના સુખનું ત્રાજવું તો તેના અંતરમાંજ રહેલું છે. તેની પોતાની આબરૂનો આંક તો માત્ર તેની

જાત જ બનાવી શકે છે અને એજ સાચો આંક હોય છે. એ આંક ઉપર જ તેના સમગ્ર સુખનો, વ્યક્તિત્વનો, આનંદનો આધાર હોય છે.

તમે આબરૂદાર છો. તમારે આબરૂદાર થવું છે પણ કોની સામે ? કોની હરિફાઇમાં તમે દોડી રહ્યા છો ? એકાદ ક્ષણ અટકીને અંતરમાં નજર કરી લો કે ત્યાં તમારી જાત પાસે તમારી આબરૂ કેટલી છે ? જો એજ ઠીક હોય તો ચિંતાનું કારણ નથી અને જો ઠીક નહી હોય તો તમારો ખેલ નિષ્ફળ છે. તમે ગમે ત્યાં હો અને ગમે તે હો ચિંતા તમારો કેડો છોડવાની નથી.

માનવ જીવન પોતે જ એક મર્યાદિત વસ્તુ છે. જન્મથી મરણ વચ્ચેનો મર્યાદિત સમય જ માણસ પાસે હોય છે. યુવાની, શરીરની શક્તિઓ, શ્વાસમાં લેવાની હવા વગેરે મર્યાદિત હોય છે. હવાના અફાટ મહાસાગરમાં જીવવા છતાં અને તે કીંમતી હવા મફતમાં મળતી હોવા છતાં મરજી પડે એટલી તે લઈ શકાતી નથી. એની આંખો ખોલવા માટે વિચારવું હોય તો વિચારવા, માટે એટલું જ પુરતું છે.

માણસ પોતાની મર્યાદિત જિંદગીમાં ઘણું અમર્યાદિત રીતે સંઘરવા મથતો હોય છે. લગભગ મોટાભાગના માણસો એક અમર્યાદિત હરીફાઇમાં ફસાયા હોય છે. આ મર્યાદિત જીવનમાં દરેક વસ્તુઓ તેની હદ સુધી જ વાપરી શકાય છે. તેમાંથી આગળ જતાં પોતાની ઉપયોગિતા ગુમાવી બેસે છે અને પછી તે સુખ કરતાં દુઃખ અને શાંતિ કરતાં ઉત્પાત વધારે આપે છે. વસ્તુનો અભાવ ક્યારેક મિટાવી શકો છો પણ તેની ઇચ્છા, લાલસા અને હરિફાઇ તમે ક્યારેય મિટાવી શકતા નથી.

મિત્ર *

ભારતીબેન આર. પટેલ તખતગઢ

બાળક જ્યારે જન્મે છે ત્યારે તેની માતા સહાયક હોય છે. પછી પિતા શિક્ષક ગુરુ અને એમ સહાયકનાં ક્ષેત્રો કુટુંબ-સમાજ, દેશ એમ એમ વધતાં જ જાય છે. પરંતુ માનવજીવન માટે ભિન્ન ભિન્ન કાર્ય પરત્વે ભિન્ન ભિન્ન સહાયકો પૈકીનું મિત્ર એ એક એવું સહાયક અંગ છે કે જે બાળપણથી માંડીને મૃત્યુના છેડા સુધી કાયમ ટકે છે. જોકે એ મિત્રતાનો ઉમેદવાર ઠેઠ પર્યંત એક જ રહે છે અથવા એક જ પાત્ર પરત્વે તે મિત્રતા ટકી રહે છે તેવું કશું નિશ્ચિત હોતું નથી પરંતુ એ વાતતો સ્પષ્ટ છે કે નાનાથી માંડીને મોટા સુધી સૌ કોઇ મિત્રને ચાહે છે અને મિત્રની જીવનમાં અગત્યતા પણ અનિવાર્ય છે......

મિત્ર પદની જવાબદારી ખુબજ મહાન છે. તેથી તે પાત્ર શોધતાં પહેલાં તેના સદ્‌ગુણો તપાસી લેવા જોઇએ.

તેનામાં ઉચ્ચ સંસ્કારિતા અને સદ્‌વિચાર હોવાં જોઇએ. જેથી તે ખોટી કુટેવો અને હલકી ખાસિયતથી તે મુક્ત રખાવી શકે છે. અને મિત્રનાં કર્તવ્ય કે નિતિનો ભંગ થતો હોયતો તે સારા વિચારો આપી આત્મપતનથી પણ ઉગારી લે છે. અને બીજો ગુણ છે દૃઢ નિશ્ચિય જેનામાં દૃઢ નિશ્ચય હોય છે તે વિપત્ત માં કે સંપત્તિમાં સુખમાં કે દુઃખમાં સારી સ્થિતિમાં કે નબળી સ્થિતિમાં પણ મિત્રતાને બરાબર સમાન ભાવથી જ ટકાવી શકે છે.

ત્રીજો ગુણછે નિઃસ્વાર્થીપણું.

જે નિઃસ્વાર્થી મિત્ર હોય છે તે ધનના કે તેવા બીજા કશા પોતાના સ્વાર્થના લોભ ખાતર મિત્રતા બાંધતો નથી. તેથી આવી નિઃસ્વાર્થ મિત્રતા કાયમ ટકી શકે છે. અને ફળપ્રદ પણ થાય છે. ઉપરાંત જે પ્રકૃતિનો ઉદાર હોય છે તે પોતે દુઃખ સહીને પણ મિત્રના અંતકરણને સંતોષી શકે છે.

જ્યારે દુધમાં પાણી ભળે છે ત્યારે દુધ પોતાનો મિત્રધર્મ બજાવવા પોતાના ગુણો પાણીને સમર્પે છે. જ્યારે તે દુધને ઉકાળવામાં આવે છે ત્યારે દુધની આફત નિવારવા માટે તે પાણી પોતાનો મિત્રધર્મ સાચવે છે. અર્થાત્ કે પ્રથમ પોતે અગ્નિમાં બળે છે. વગીતે સમયે દુધ પોતાના મિત્રની આપત્તિ જાણીને આગ

બળવા તૈયાર થાય છે. અને મિત્ર મળ્યા પછીજ શાંત થાય છે. આવીજ મિત્રતા પરસ્પર સાચી મિત્રતા હોય છે.......

ગૃહસ્થાશ્રમી નો જે બોજો તેમનાં સગાં-વહાલાં, સ્ત્રી કે પુત્ર નથી ઉતારી શકતાં તે એક મિત્ર ઉતારી શકે છે. જેવીરીતે ચિંતા ખેદ અને દુઃખમાં મિત્રએ એક પ્રબળ આશ્વાસનનું સ્થાન છે. તેજ રીતે સુખ અને શાંતિના સમયમાં પણ મિત્રની સહાયની જરૂરિયાત રહે છે.

આપણે એક કુદરતના કલાધામમાં છીએ ત્યાં વિવિધ કુદરતી સૌંદર્ય વિલસી રહ્યું છે. આપણે તેનું નિરિક્ષણ કરી આનંદ લઇ રહયા છીએ. પરંતુ તે આનંદ વ્યકત કરવાનું મિત્ર પાત્ર આપણી સાથે નહિ હોય તો આપણને જરૂર ઉણપ ભાસવાની આવો અનુભવ આપણને ઘણીવાર થાયછે, અને તેથી કયાંય પણ જવું હોય તો આપણને મિત્રમંડળની જરૂર રહે છે. અને વિચારોની આપલે કરવા માટે તો દરેક મનુષ્યને એક સાચા મિત્રની આવશ્યકતા રહે છે. જેને આવો મિત્ર હોતો નથી તે ખરેખર આ વિશ્વમાં સુખી દેખાવા છતાં દુઃખી છે. વિચારોનો વિનિમય થવાથી માનવ જીવનની મોટી જરૂરીવાત પૂરી પાડી શકે છે, અને તેનું ધ્યેય બરાબર જળવાઇ રહે છે.

મિત્ર અવિશ્વાસુ નહિ પણ વિશ્વાસુ હોવો જોઇએ એટલે કે મિત્રનું ચારિત્ર્ય પણ એવું ઉચ્ચ હોવું જોઇએ કે જેની પાસે પોતાની અંગત બાબતોનો પણ ઉકેલ લાવી શકાય અને જે પોતાના ઉચ્ચચારિત્ર્ય પ્રભાવથી સામા મિત્રની કોઇ ત્રુટિ હોયતો તે દૂર કરી શકે. મિત્રતાના દૂષણુથી રહિત અને સદ્દગુણોથી યુકત સન્મિત્ર એ આખા સંસારમાં સૌથી વધુ ઉપયોગી વસ્તુ છે. તેમ માનવામાં લેશ માત્ર અતિશયોકિત નથી. મિત્રભાવના તો આખા વિશ્વને વશ કરે છે. અને મુકિતનાં સોપાન ચઢાવે છે. એ નિઃસ્વાર્થી અને વિશુધ્ધ મિત્રતાના વિકાસની આજે ખૂબ આવશ્યકતા છે.

આજની મિત્રતા સ્વાર્થ કુટેવ અને સ્વચ્છંદતાના દુર્ગુણમાંથી ઘણે સ્થળે પ્રાદુર્ભાવ થતી દેખાય છે તેવે પ્રસંગે આટલો આદર્શ સમન્વય અને આદર્શ મીત્રતાનો પ્રચાર થાય તેવું કોણ ન ઇચ્છે ?

સમાચાર દર્શન

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ વિશાખાપટ્ટનમ

"વિશાખાપટનમનું નાનું પણ સેવા અને સંગઠન સુચવતું શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ છઠ્ઠા વર્ષમાં પ્રવેશતા એક સામાન્ય સભા તા. ૨૮-૧૦-૭૯ ના બોલાવામાં આવેલ જેમાં ગત ૨૦૩૫ના વર્ષનો આવક જાવકનો હિસાબ ખજાનચી શ્રી મોહનલાલ પ્રેમજી સેંગાણીએ રજુ કરેલ અને સર્વ સંમતિથી પાસ કરેલ. ગત વર્ષના મંડળની કાર્યની છણાવટ કરવામાં આવેલ તથા પ્રમુખ શ્રી જીવરાજભાઇ સીવગણ ભગતે સર્વે સભ્ય ભાઇઓને ગત વર્ષે આપેલ સહકાર બદલ આભાર માનેલ અને યુવક મંડળના સર્વે હોદ્દેદારો અને કારોબારી સમિતિના સભ્યોએ રાજીનામુ આપ્યું.

શ્રી લાલજીભાઇ વેલજી પારસીઆને સર્વસંમતીથી ચૂંટણી નિરીક્ષક નીમીને નવી કારોબારીની ચૂંટણી કરવામાં આવી અને નીચે જણાવ્યા પ્રમાણે નવા કારોબારી સમિતિના સભ્યો નીમવામાં આવ્યા છે

	સભ્યનું નામ	કચ્છનું ગામ	હોદ્દો
૧	મણીલાલ લધારામ સોમજીઆણી	(વીરાણી)	પ્રમુખ
૨	માવજીભાઈ ગંગદાસ સેંગાણી	(કોટડા જ.)	ઉપપ્રમુખ
૩	મુકુંદરાય સોમજી ચૌધરી	(ખીરસરા નેત્રા)	મંત્રી
૪	ગંગારામ વાલજી વાડીયા	(કોટડા જ.)	સહમંત્રી
૫	મોહનલાલ પ્રેમજી સેંગાણી	(,,)	ખજાનચી

૬	શીવદાસ કરશન હળપાણી	(વિગોડી)	સહ ખજાનચી
૭	સોમજી વીરજી લીંબાણી	(નાગવીરી)	એ ડીટર
૮	લાલજીભાઇ સોમજી ચૌધરી	(ખીરસરા, નેત્રા)	કારોબારી સભ્ય
૯	જીવરાજ સીવગણ ભગત	(કોટડા જ.)	”
૧૦	પ્રેમજીભાઈ જીવરાજ પોકાર	”	”
૧૧	ભીમજીભાઇ સીવગણ ભગત	”	”
૧૨	વેલજીભાઇ પ્રેમજી સેંગાણી	”	”
૧૩	ચંદુલાલ વસ્તા પાચાણી	”	”
૧૪	રામજીભાઇ પ્રેમજી સેંગાણી	”	”
૧૫	દેવસીભાઇ માવજી	(કાદીયા)	”
૧૬	નારણભાઇ દેવજી કેસરાણી	(નાગવીરી)	”
૧૭	લાલજીભાઇ નારણ પોકાર	(રવાપર)	”
●	લાલજીભાઇ વેલજી પારસીઆ	(ધાવડા)	સલાહકાર
●	ગોપાલભાઇ દેવજી લીંબાણી	(રસલીઆ)	”

નવા હોદ્દેદારોની નીમણુંક બાદ ચૂંટાયેલ પ્રમુખશ્રી મણીલાલ લધારામ સોમજીઆણીએ ગત વર્ષના હોદ્દેદારો તથા કારોબારી સભ્ય ભાઇઓને તેમના કરેલ કાર્યબદલ અભિનંદન આપ્યા અને સામાન્ય ભાઇઓને વિશ્વાસથી ચૂંટવા બદલ આભાર માન્યો. ચાલુ વર્ષમાં દરેક કાર્યમાં સાથ તથા સહકાર આપવા અનુરોધ કર્યો અને અલ્પાહાર બાદ સામાન્ય સભાનું વિસર્જન કરવામાં આવ્યું.

લી. ક. ક. પા. યુ. મંડળ, વિશાખાપટનમ.
વતી મુકુંદ સોમજી ચૌધરી મંત્રી

“શિક્ષણમાં જવલંત સિધ્ધિ”

★ દામજી રતનશી સાંખલા (રતનશી જેઠાભાઇ સાંખલા-ઉખેડાવાળાના સુપુત્ર) ૧૯૭૨માં ગુજરાત રાજ્ય માંથી S.S.C. પરીક્ષામાં ૮૩% ગુણ મેળવી રાજ્યમાં ૧૫મે નંબરે આવ્યા હતા. તે પછી મુંબઈમાં પ્રથમ કક્ષાની મેડિકલ હોસ્પિટલમાંથી શિક્ષણ લઇને M.B.B.S. (KEM HOSPIAL) ની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે અને હાલમાં યોગ્ય જગ્યાએ દવાખાનું ખોલવાની કોશિષમાં છે.

★ હસમુખ દેવજી પટેલ (દેવજી રામજી પોકાર–ટોડિયાવાળા હાલે પૂના નિવાસી ના સુપુત્ર) ૧૯૭૭માં મહારાષ્ટ્ર પુનામાંથી S.S.C. પરીક્ષામાં ડિસ્ટીંકશન માર્કસ મેળવીને ગઇ સાલે ૧૨મા ધોરણમાં Engineering વિષયમાં પણ ૯૨% માર્કસ મેળવી (Fergassion College) જવલંત સિદ્ધિ હાંસલ કરેલ છે. અત્યારે પુનાની પ્રખ્યાત Engineering College માં આગળ અભ્યાસ કરે છે અને ભવિષ્યમાં એન્જીનીયરીંગ લાઇનમાં આગળ પડતી શ્રેષ્ઠ ડિગ્રી લેવાની ઇચ્છા ધરાવે છે.

★ પ્રકાશકુમાર દેવજી પટેલ ગઇ સાલે જ માર્ચમાં S.S.C.ની પરીક્ષા ૮૩ % માર્કસ સાથે પસાર કરીને આપણી સમાજમાં તેમજ સમગ્ર કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી વર્ગને શિક્ષણ ક્ષેત્રે જવલંત ઉદાહરણ પૂરૂં પાડેલ છે, હાલમાં તેઓ પુનાની જગવિખ્યાત Fergussion College માં Science લાઇનનો અભ્યાસ કરે છે અને ભવિષ્યમાં Medical લાઇન લઇને M.S. સર્જન થવાની ખ્વાઇશ ધરાવે છે.

* શ્રી પાટીદાર મિત્ર મંડળ નાગપુર *

તા. ૩૦–૧૦–૭૯ ના શ્રી પાટીદાર મિત્ર મંડળસરદાર પટેલ ટીંબર માર્કેટ નાગપુર ની એક સામાન્ય સભા શ્રી પાટીદાર સમાજવાડી નાગપુર ના ભવનમધ્યે મળેલ હતી. જેમાં સંવત. ૨૦૩૫ નો આવક જાવક નો હિસાબ રજુ કરી સર્વાનુમતે મંજુર કરેલ. ત્યાર બાદ સંવત ૨૦૩૬ અને ૨૦૩૭ માટેની નવી કારોબારી સમીતીની ચૂંટણી શ્રી અરજનભાઇ મેઘજીભાઇ પટેલ (ચૂંટણી પ્રમુખના) પ્રમુખ પદે નીચે મુજબના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવેલ હતી.

૧. પ્રમુખ :– શ્રી મનસુખલાલ શિવગણ નાકરાણી કોટડા.
૨. ઉપપ્રમુખ :– શ્રી મુળજી દેવજી ભગત વિથોણ.
૩. મંત્રી :– શ્રી દેવશી શિવજી ધોળુ કોટડા.
૪. સહમંત્રી :– શ્રી પરસોત્તમ માવજી રંગાણી ગઢશીશા.
૫. ખજાનચી :– શ્રી નાનજી અખજી કેશરાણી અરલનાની.
૬. ઓડીટર :– શ્રી લાલજી સોમજી રામાણી નખત્રાણા.
૭. ઓડીટર :– શ્રી ભવાનજી સોમજી ઠાકરાણી ભડલી.
૮. સભ્યો :– શ્રી ધનજી અરજણ ઠાકરાણી ભડલી.
૯. " :– શ્રી મનસુખલાલ રવજી દિવાણી વિરાણી.

૧૦ „ :– શ્રી હિંમતલાલ રતનશી છાભૈયા નખત્રાણા.
૧૧ „ :– શ્રી વિરજી શિવજી માનાણી વિથોણ.
૧૨. „ :– શ્રી દેવશંકર ડાહ્યા રામાણી નખત્રાણા.
૧૩. „ :– શ્રી ખુશાલ લાલજી સેંગાણી નખત્રાણા.

મંત્રી
દેવશી શિવજી ધોળું.
વતી— શ્રી પાટીદાર મિત્ર મંડળ
સ. ૫. ટી. માર્કેટ
નાગપુર–૩

શ્રી ક. ક. પાટીદાર પ્રગતિ મંડળ, મોડાસા

તા. ૧૩–૧૦–૭૯ નારોજ અમારા શ્રી કચ્છ કડવા પાટીદાર પ્રગતિ મંડળની વાર્ષિક સાધારણ સભામાં આગામી વર્ષ માટે નીચે પ્રમાણેની કમીટીની નીમણુંક કરવામાં આવે છે.

પ્રમુખ	શ્રી ગોવિંદભાઇ	લધાભાઇ	પટેલ
ઉપ પ્રમુખ	શ્રી મણીલાલ	પચાણભાઈ	„
મંત્રી	શ્રી વિઠલભાઇ	હરજીભાઇ	„
સહમંત્રી	શ્રી મણીલાલ	ભાણજીભાઇ	„
ખજાનચી	શ્રી અંબાલાલ	મેઘજીભાઇ	„
કારોબારીસભ્યો	શ્રી ભાણજીભાઇ	નાગજીભાઇ	„
„	શ્રી જીવરાજભાઇ	કાંનજીભાઇ	„
„	શ્રી ડાહ્યાભાઈ	સગણભાઇ	„
„	શ્રી રતીલાલ	સોમાલાલ	„
„	શ્રી લાલજીભાઇ	ભાણજીભાઈ	„
„	શ્રી રમણભાઇ	ગોપાલભાઇ	„
„	શ્રી રામાભાઇ	હમીરભાઇ	„
„	શ્રી કુંવરજીભાઈ	પ્રેમજીભાઇ	„

ઉપર પ્રમાણેની કારોબારી કમીટીની નીમણુંક સર્વાનુમતે કરવામાં આવી હતી.

મંત્રી
વિઠલભાઇ હરજીભાઈ પટેલ
શ્રી ક. પા. પ્ર. મં; મોડાસા.

શ્રી ઉમિયાય નમ :

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ–કલકત્તા

સ્નેહ મિલન તથા સરસ્વતી સમારોહ

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ–કલકત્તા તથા મહિલા મંડળ–કલકત્તાનું સંયુકત સ્નેહ મિલન તથા સરસ્વતી સમારોહ સંવત ૨૦૩૬ના નવા વર્ષના બેસતે દિવસે સાંજના ૫ થી ૮ વાગે મેસર્સ પ્રતાપ સો મીલ હરસીબાગાન મધ્યે મંડળના પ્રમુખશ્રી નારાયણભાઇ શીવદાસભાઇના પ્રમુખ પદે યોજવામાં આવેલ હતું. જેમાં આયોજન પ્રમુખ તરીકે શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘના મહામંત્રી શ્રી અખેરામ પ્રેમજીએ તથા અતિથિ વિશેષ તરીકે શ્રી કચ્છ કડવા પા. સમાજ કલકત્તાના મહામંત્રી શ્રી દેવજીભાઇ વાલજી (જખુભાઇ) એ સ્થાન દિપાવ્યું હતું.

સરસ્વતી સમારોહનું કાર્ય આરંભ કરતાં અત્રે કલકત્તા મધ્યે મેટ્રીક તથા ગ્રેજ્યુએટ પાસ થયેલ ભાઇઓની મંત્રીશ્રી મણીભાઇએ ઓળખવિધિ કરાવેલ તથા અતિથિ વિશેષ શ્રી દેવજીભાઇ વાલજીભાઇના શુભ હસ્તે સન્માનપત્રો તેમજ ઇનામનું વિતરણ કરવામાં આવેલ. ઈનામ મેળવેલ ભાઇઓની યાદી નીચે પ્રમાણે છે.

૧ શ્રી વસંતલાલ માવજીભાઈ (બી. કોમ)
C/O. એમ. આર. પટેલ એન્ડ કું. બાંગુર

૨ શ્રી હરીલાલ માધવજીભાઇ (બી. કોમ)
C/O. બલારસા ટીંબર ડીપોટ ચેતલા

૩ શ્રી શંકરલાલ માવજીભાઈ (બી. કોમ)
C/O. કૃષ્ણ સો મીલ બાગબજાર

૪ શ્રી સુરેશકુમાર ભીમજીભાઇ (બી. કોમ.)
C/O. ભીમજીભાઈ પ્રેમજીભાઇ બી. કે. પાલ એવન્યુ

૫ શ્રી હિંમતલાલ જીવરાજભાઇ (બી. એસ. સી)
C/O. કે. એમ. ચોપડા એન્ડ કું. નીમતલા

૬ શ્રી પુરૂષોત્તમ ગોપાલજીભાઇ (બી. એસ. સી.)
C/O શંકર સો મીલ નીમતલા

૭ શ્રી ધનસુખલાલ નાનજીભાઈ (એસ. એફ.)
C/O. પટેલ સો મીલ સાલકીઆ

૮ શ્રી વેલજીભાઇ કરમશીભાઇ (એસ. એફ.)
C/O શ્રી ગુરૂનાનક સો મીલ સાલકીઆ

૯ શ્રી વાડીલાલ કરમશીભાઇ (એસ. એફ.)
C/O. શ્રી ગુરૂનાનક સો મીલ સાલકીઆ

૧૦ શ્રી નાનજીભાઇ હીરજીભાઇ (એસ. એફ.)
C/O. શ્રી રામ ટીંબર કું, આંદુલરોડ

૧૧ શ્રી વાલજીભાઇ હીરજીભાઇ (એસ. એફ.)
C/O. શ્રી રામ ટીંબર કું. આંદુલરોડ

૧૨ શ્રી અમૃતલાલ અંબજીભાઇ (એસ. એફ.)
C/o. લાલજી પટેલ એન્ડ કું, બાઝમારી

૧૩ શ્રી જયંતિલાલ લખમશીભાઇ (એસ. એફ.)
C/o. નેશનલ ટીંબર ઇન્ડસ્ટ્રીઝ બેલગછીઆ

૧૪ શ્રી રામજીભાઇ જીવરાજભાઇ (એસ. એફ.)
C/o. અંબિકા સો મીલ ગરીઆ

૧૫ શ્રી તુલશીદાસ કરસનભાઇ (એસ એફ.)
C/o. એમ. કે. પટેલ એન્ડ કું. હાવડા

ત્યારબાદ બંને મંડળના કાર્યવાહક સમિતિના સભ્યોએ તેમજ અન્ય સભ્યોએ પોતપોતાના સુવિચારો અને નવા વર્ષના અભિનંદન પાઠવેલ, મંડળના પ્રમુખશ્રીએ તથા સમારોહ પ્રમુખશ્રીએ તથા અતિથિવિશેષએ પોતપોતાના સુવિચારો આશીષ વચનો તથા અભિનંદન વ્યકત કરેલ. અંતમાં અલ્પાહારની સાથે રમુજી ટુચકાઓ (હાસ્ય કાર્યક્રમ) ની સાથે પ્રમુખશ્રીની પરવાનગીથી આજનું સ્નેહમિલન તથા સરસ્વતી સમારોહ મે. પ્રતાપ સો મીલના માલીકોનો સુવ્યવસ્થા બદલ આભાર વ્યકત કરીને મંત્રીએ અત્રે પૂર્ણ જાહેર કરેલ.

મંત્રી : મણીભાઈ પટેલ
શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ—કલકત્તા

× સમ્બલપુર કચ્છી કડવા પાટીદાર સમાજ ×

સમ્બલપુર—૨

સમ્બલપુરમાં શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજની ૧૮૦ જણની સંખ્યા છે. અને અહિંયાં આઠ લાકડાની મીલો કચ્છીભાઇઓની છે. આટલી નાની સંખ્યા હોવા છતાં પણ આ સમાજે એક સમાજનું મકાન બનાવવાનું ભગીરથ કાર્ય હાથ ધરેલ છે. અને તેનું કામ શરૂ થઇ ગયેલ છે.

સં. ૨૦૩૬ માટે નીમ્નલિખીત હોદેદારો ચુટવામાં આવેલ છે.

૧	પ્રમુખ	શ્રી ધનજીભાઇ પુંજાભાઇ	ખેતાણી	
૨	ઉપ પ્રમુખ	શ્રી શીવગણભાઇ કરમશીભાઇ	સુરાણી	
૩.	મંત્રી	શ્રી મંગલદાસ પ્રેમજીભાઇ	ખેતાણી	
૪.	સહમંત્રી	શ્રી ગીરધરલાલ વાલજીભાઇ	છાભૈયા	M. sc.
૫	ખજાનચી	શ્રી શીવજીભાઈ સામજીભાઇ	ખેતાણી	
૬.	સભ્ય :-	શ્રી રતનશીભાઇ નારણભાઇ	પોકાર	
૭.	„	શ્રી પ્રવીણકુમાર કાનજીભાઇ	દિવાણી	
૮.	„	શ્રી હરજીભાઇ ગોપાલભાઇ	ભાવાણી	
૯.	„	શ્રી અમરજીભાઇ પ્રેમજીભાઇ	કામાણી	
૧૦.	„	શ્રી ગોપાલભાઇ કાનજીભાઇ	ખેતાણી	
૧૧.	„	શ્રી ભીમજીભાઇ ધનજીભાઈ	ખેતાણી	
૧૨.	„	શ્રી વિશ્રામભાઈ પરબતભાઇ	છાભૈયા	

" બાંધકામ સમિતી "

૧	શ્રી	શીવજીભાઈ સામજીભાઇ	ખેતાણી
૨	શ્રી	રતનશીભાઇ નારણભાઇ	પોકાર
૩	શ્રી	શીવગણભાઈ કરમશીભાઇ	સુરાણી
૪	શ્રી	હરજીભાઇ ગોપાલભાઇ	ભાવાણી

મંગલદાસ પ્રેમજી ખેતાણી.
મંત્રી
સમ્બલપુર કચ્છ કડવા પાટીદાર સમાજ

-: સો મીલ માલીકો માટે ખુશ ખબર :-

sharpex®



"શાર્પેક્ષ" બ્રાન્ડ ચેઈન સો મશીન

ચેઈન સો મશીન જે પાવરથી ચાલતા આડિયા તરીકે સર્વ માન્ય છે. જે એ માણસોની સહાયથી ઝાડા વાઢ કાપવા માટે ઘણું અનુકુળ છે. જે સંપૂર્ણ વિદેશી ટેકનીકલ જાણકારી અને વર્ષોના અનુભવ પછી તૈયાર થયેલ છે. જેમાં કાંઈ બગડવાનું કે રીપેર કરવાનું રહેતું નથી.


આપ એક વખત "શાર્પેંક્ષ બ્રાન્ડ ચેઈન સો મશીન" વસાવો અને રોકાણથી અનેક ઘણું વળતર મેળવો.

બનાવનાર :

શાર્પેંક્ષ એન્જીનીયરીંગ વકર્સ
એલ. ૧૨૯/૧૩૦ જી. આઈ. ડી. સી. એસ્ટેટ,
ઓઢવ (અમદાવાદ) ૩૮૨૪૧૫

* શ્રી ભારત સો મીલ ગીતામંદિર, અમદાવાદ-૨૨
* શકિત એન્જીનીયરીંગ વકર્સ દરિયાપુર ટાવર સામે, અમદાવાદ-૧
* ભારત ટીમ્બર માર્ટ નરોડા રોડ, અમદાવાદ.
* ભારત વુડ વકર્સ ગીતામંદિર, અમદાવાદ-૨૨ નો એન્જીનીયરીંગ વિભાગ

વધુ પુછ પરછ અને માહિતી માટે
મળો યા લખો:
શ્રી ભારત સો મીલ
વિભાગ ત્રણની સામે, ગીતામંદિર,
ભાટી બજાર, અમદાવાદ-૨૨
ફોનં નં. ૫૨૨૫૭ અને ૮૨૨૪૩


LAXMI
LAXMI

॥ શ્રી ગણેશાય નમઃ ॥

વાલાણી ટાયર્સ

સાયરા રોડ, મોડાસા (જિ. સાબરકાંઠા. ફોનઃ ૬૭૮

આથી મોડાસા તેમજ આજુબાજુના અમારા સ્નેહીમિત્રો, વહેપારી ભાઈઓ તેમજ ગ્રાહકમિત્રોને જણાવતાં આનંદ થાય છે કે આપની જરૂરિયાત મુજબ



- ડનલોપ
- ફાયર સ્ટોન
- ગુડઈયર
- સીયેટ વગેરે
- કંપનીનાં બનાવેલ

ટાયર – ટયુબ,

દરેક સાઈઝમાં જેમકે ટ્રક, ટ્રેકટર, મોટરકાર, મોટર સાયકલ તથા

● બેલ ગાડાના કમ્પલીટ ટાયર સેટ ●

દરેક સાઇઝની **બેરીંગો ★ એકસલ ★ હબ ★ વીલપ્લેટ**

તેમજ તેને લગતો તમામ સામાન વ્યાજબી ભાવે મેળવવા અમારી ધનસુરા **તેમજ** મોડાસાની દુકાનોની મુલાકાત લેવા વિનંતી છે.

★ **ઓથોરાઇઝડ ડીલર્સ ઇન :—**

- ડનલોપ ઇન્ડિયા લિ. કલકત્તા, ગુડઈયર ઇન્ડિયા મુંબઈ લિ.
- ફાયર સ્ટોન ટાયર એન્ડ રબ્બર કું. ઇન્ડિયા પ્રા. લિ. મુંબઇ.
- સીયેટ ટાયર્સ ઓફ ઇન્ડિયા લિ. મુંબઈ.
- મદ્રાસ રબ્બર ફેકટરી લિ. મદ્રાસ.
- ઈન ચેક ટાયર્સ લિ. કલકત્તા.
- નેશનલ રબ્બર મેન્યુફેકચર્સ લિ. કલકત્તા.

અમારી મુખ્ય દુકાન : **નેશનલ ટાયર્સ**


... નં. ૨૧૦

"GARUD"
Phone :- P. P. 351024

ગરૂડ

એન્જીનીયરીંગ
કોર્પોરેશન


૧૫/૧ F નીરોદ બીહારી
મલીક રોડ,
કલકત્તા—૭૦૦૦૦૬



આથી અમો સૉ મીલ તેમજ પ્લાયવુડ ધરાવતા ઉદ્યોગપતિઓને વિનંતિ કરીએ છીએ કે અમોએ ચેઈન સો મશીન બનાવવાનું શરૂ કરેલ છે. જે આધુનિક યંત્ર યુગમાં લેબર પ્રોબ્લેમમાં સહાયરૂપ થશે.

*** વળતર અપાવશે. જે ગરૂડ વસાવશે. ***


ચાલવામાં સરળ, ચાલુ એમરીમાં ચેઈન ધાર કરી શકાશે. પાર્ટની પ્રચુરતા માટે ઓર્ડર નોંધ વવા આથી વિનંતી કરીએ છીએ



લી ગરૂડ એન્જીનીયરીંગ
કોર્પોરેશન વતી,
વિશ્રામ હંસરાજ પટેલ

નોંધ :
દરેક મોટા શહેરોમાં એજન્ટો નીમવાના છે. પ ટીકાર કામ મ એ પત્રવ્યવહાર ઉ ના સરનામે કરવો.

સમય અને મહેનત બચાવો *



"પોકારનું"

ઇલેક્ટ્રીક પાવરથી ચાલતું

છાસ

બનાવવા માટેનું

વલોણા


યંત્ર

—તદ્દન આધુનિક તેમજ આકર્ષક મોડેલોમાં વસાવી ઘરની શાન વધારો.
વિક્રેતા :—

વિક્રેતાઓ :–	(૧) આશા ઓટોમોબાઇલ્સ	ભુજ
	(૨) ગીતા ઇલેક્ટ્રીકલ્સ	ધનસુરા
	(૩) મહાલક્ષ્મી વાઇન્ડીંગ વર્કસ	ડેમાઇ
	(૪) અંબિકા ફર્ટિલાઇઝર્સ	એડબ્રહ્મા
	(૫) શ્રેયસ એજન્સી	રાજકોટ
	(૬) હસમુખ એન્જીનીયરીંગ કું.	વિસાવદર
	(૭) ઉત્તમ ઓટોમોબાઇલ્સ	નાગપુર
	(૮) શંકર વિજય ટીમ્બર કું.	ગંજ બસેડા

● ઉત્પાદક : **મે. પોકાર એન્જીનીયરીંગ કોર્પોરેશન**
૮, લલીતા ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ
નાગરવેલ હનુમાન રોડ
રખીઆલ
અમદાવાદ-૨૩ ...

...નો વિકાસ ..



કપાસ, ડાંગર, શેરડી, શાકભાજી, ફળફળાદી વિગેરે પાકમાં આવતી જીંડવાંની ઈયળો, મશી (મોલો), સફેદમાખી, તડતડિયાં, કુદકિયાં વિગેરે જીવાતના અસરકારક અંકુશ માટે

Poushak **પૌષક લિમિટેડ**
એલેમ્બિક રોડ, વડોદરા-૩૯૦૦૦૩.

સ્ટોકીસ્ટ —

* મે ઘનશ્યામ ફર્ટીલાઈઝર, ગાબટ રોડ, બાયડ.
* મે. કિશાન ટ્રેડર્સ., એસ. ટી. ડેપો પાસે, મોડાસા.
* મે. પટેલ ફર્ટીલાઈઝર ટ્રે. કું. સ્ટેશન રોડ, હિંમતનગર.
* મે. અમર ફર્ટીલાઈઝર, સહકારી સંઘ સામે, ઈડર.


JAGRUTI
JANUARY-
Reg. No GHMR/3
પ્રકાશક :
વિશ્રામભાઈ એન. પટેલ
પાટીદાર સનાતન સમાજ
મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
તલોદ રોડ,
જિ. સાબરકાંઠા.
રચના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ
પીન. 383310
Unclaimed/Refused
REDIRECTED LETTER
To
RLO-12
From :
R. L. O. Bombay-400 014
Dhansura
383310
Sabarkantha
Saw Mill
AR-741101
W. B.)
મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન
સમાજ યુવક મંડળ તરફથી

★ ★ ★

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ
આદર્શ રજુ કરતુ પ્રાણવાન માસિક

જાગૃતિ

શ્રી ઉમીયાય નમઃ


卐  卐

તંત્રી : કાન્તિલાલ કે. પટેલ બી એ

વર્ષ ૨૨ અંક ૨ ફેબ્રુઆરી–૧૯૮૦

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૦), પરદેશમાં શિલિંગ ૨૦ અને છૂટક નકલ કિંમત ૧ રૂા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૨૦૧) પરદેશમાં રૂા. ૨૫૧) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એનો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઇ પણ સૂચન હોય તો કાર્યાલય ...



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી–કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭ આસો વદ ચૌદસ

* યુવાનોને *

● જીવનના યુદ્ધમાં અને સામાજિક કાર્યોમાં આપણે હંમેશાં કાર્યશીલ રહીએ. જે કાંઇ કરવાનું હોય તેમાં આખું હૃદય રેડી દઇએ. તત્કાળ પૂરતું તો આવતી કાલ માટે કશુંય રિઝર્વ ન રાખીએ. સર્વ શકિતઓને રેડીને એક કામની પાછળ બરાબર પડી જઇએ તો સફળ કેમ ન થવાય ? આપણી મોટાભાગની નિષ્ફળતાઓ હૃદયનિષ્ઠાના અભાવને આભારી હોય છે. સર્વ આયુધો સાથે આખી જાતને જે તે કામમાં ફંગોળી દેવી, ને પૂરો વિજય ન મળે ત્યાં લગી જંપવું નહિ. છેવટે તો કાર્યસિદ્ધિનો આ જ નિયમ છે ને! 'હૃદય રેડો ને સિદ્ધિ બેડો' એ નવું સુત્ર અજમાવી જોવા જેવું તો છે જ.

અનુક્રમણિકા

મંત્રીશ્રાનેથી

તંત્રી : કાન્તિભાઇ કે. પટેલ

સ્ત્રી–પુરુષ વચ્ચે ઉંમરનો તફાવત

સ્મૃતિકારો તો એ પણ કહે છે લગ્નસંબંધમાં સ્ત્રી અને પુરુષની ઉંમર વચ્ચે ઓછામાં ઓછું નવથી દસ વર્ષનું અંતર હોવું જ જોઇએ. જો કન્યા ૧૬ વર્ષની હોય તો પુરુષ પચ્ચીસ વર્ષનો હોવો જ જોઇએ. આની પાછળ પણ શાસ્ત્રીય કારણ છે. સામાન્ય રીતે સ્ત્રીની જાતીય ભૂખ પાંત્રીસ થી ચાલીસ વર્ષે ઘટવા લાગે છે અને તે માટે હળવે હળવે તેને અભાવ થાય છે અને પુરુષને પણ પચાસ પંચાવનની ઉંમર પછી જાતીય જીવન પરત્વે બહુધા અણગમો થાય છે. આ ઉંમરે બંને વાનપ્રસ્થ થઇને સમાજની સેવા કરવા યોગ્ય બનેલાં હોય છે. આમ પતિપત્નીની ઉંમરમાં ફરક ન હોય અને બંને સમાન ઉંમરનાં હોય તો પાંત્રીસ ચાલીસ વર્ષે સ્ત્રીની જાતીય ભુખ ઓછી થઇ હોય છે અને તે ઉંમરે પુરુષની તે ભુખ જાગૃત હોય છે. પરિણામે બંનેનો સંસાર બગડે છે સ્ત્રી કરતાં પુરુષમાં આઠ દસ વર્ષ વધુ જાતીય ભૂખ ટકે છે. તેથી સ્ત્રી અને પુરુષ બંનેની ઉંમરમાં તે તફાવત હોવો જોઇએ જેથી લગ્ન જીવનમાં બંનેની જાતીય ભૂખ લગભગ એકજ સમયે સંતોષાયેલી હોય અને આ રીતે જાતીય ભુખ સંતોષાયા પછી સમાજની સેવા કરવા લાગે તો તેમાં પોતાનું અને સમાજનું બંનેનું કલ્યાણ છે, તે ઉંમર પહેલાં સમાજ સેવા કરવા લાગશે તો પોતામાં અને સમાજમાં પણ વિકૃતિ નિર્માણ થશે.

Early Marriages— એટલે કે અઢાર વર્ષની ઉંમરે લગ્ન કરવાની વિરુધ્ધમાં ઘણા લોકો દલીલ કરે છે કે કન્યાનાં લગ્ન વહેલાં થાય તો તેને

માતૃપદ અકાળે આવે (૨) કુમળી ઉંમરે સ્ત્રીત્વનો વિકાસ થતો નથી (૩) તે ઉંમરે કામવિકારની તેને કલ્પના હોતી નથી અને (૪) તેનું શિક્ષણ અધુરું રહે છે.

કન્યાને ઋતુ આવ્યા સિવાય માતૃપદ આવતું જ નથી તેથી અકાળે માતૃત્વ પ્રાપ્ત થવાની વાત બિલકુલ અશાસ્ત્રીય છે. બીજા આક્ષેપો પણ તેટલા જ ભ્રામક અને બાલિશ છે. સ્ત્રીને કયું શિક્ષણ આપવું જોઈએ તેનો યોગ્ય વિચાર કરેલો હોવો જ જોઈએ. આજે તો સોળ વર્ષે પણ શિક્ષણ પુરું થતું નથી. પરકીય ભાષામાં શિક્ષણ અપાતું હોવાથી શિક્ષણ પુરુ કરતાં ઘણાં વર્ષો લાગે છે જાપાન-માં તો સોળ વર્ષે છોકરી ગ્રેજ્યુએટ થાય છે, અને છોકરો અઢાર ઓગણીસ વર્ષે એન્જિનીયર, ડોકટર વગેરે ધંધાકીય ઉપાધિ મેળવે છે. વાઙ્મયનું સૌંદર્ય અને તત્ત્વજ્ઞાન ઇત્યાદિનો આનંદ માણી શકે તેવું જીવનસ્પર્શી, જીવનગ્રાહી અને જીવનાનંદ આપવાવાળુ શિક્ષણ મળવું જોઇએ. આપણે ત્યાં તો પરદેશી અંગ્રેજી ભાષા ભણવામાં જ સોળ વર્ષની ઉંમર થઇ જાય છે. બીજુ સ્ત્રીને કયું શિક્ષણ આપવાનુ તેનો પણ શાસ્ત્રીય વિચાર નથી.

સ્ત્રી માટે અલગ શિક્ષણ હોવું જોઇએ.

સ્ત્રીના શિક્ષણ માટે જુદાં તપોવનો હોવાં જોઇએ અને તેમને ભાષાજ્ઞાન મળવુ જોઇએ. આજે સામાન્ય સ્ત્રીને બિનઉપયોગી એવા ભુમિતિ બીજગણિત વગેરે વિષયો ભણાવવામાં આવે છે. સ્ત્રી ગમે તે શિક્ષણ લે તેનો વાંધો નથી પણ ગમે તે શિક્ષણ લેવાથી સ્ત્રીની આજે કફોડી સ્થિતિ થઇ છે તેની બહુ ઓછા લોકોને ખબર છે એન્જિનીયરીંગ, દાકતરી શાસ્ત્ર વગેરે શાસ્ત્રીય વિષયો ભણીને સ્ત્રીની શી દશા થઈ છે તે જાણવા હેવલોક એલિસનુ લખાણ વાંચવા જેવું છે. તેમાં તેણે સ્ત્રીની મુઝવણનો સ્પષ્ટ ખ્યાલ આપ્યો છે. સ્ત્રીની મનોવ્યથા હેવલોક એલિસે બરાબર ચીતરી છે. કેટલાકને થશે કે શું આજ સુધી આપણા કોઇનું એ તરફ ધ્યાન ગયું નહોતું ? ધ્યાન તો ગયું હતું. તે લોકો આ વાત સમજતા પણ હતા પરંતુ બીજાના પ્રકાશથી ચાલતા હોવાથી સ્પષ્ટ કહેવાની કોઇનામાં નૈતિક હિંમત નથી. જ્યારે પશ્ચાત્યોને આવી કોઇ પરંપરાગત સમજણ મળેલ ન હોવાથી આજ સુધી આમ ચાલ્યા કરે છે હવે વૈજ્ઞાનિક રીતે સંશોધન કરતાં આ વાતો તેમની સમજમાં આવવા લાગી છે. પરંતુ તેને પ્રત્યક્ષ વ્યવહારમાં હજુ સુધી તેઓ લાવી શકયા નથી.

—સંસ્કૃતિ ચિંતનમાંથી સાભાર

✱ ખાતેદારના હકકો અને ફરજો ✱

□

મુંબઇના જમીન મહેસુલ કાયદા મુજબ ખાતેદારના હકકો :-

[૧] પોતાના હસ્તકની જમીન ઉપર ઠરાવેલ મહેસુલ નિયમિત ભરીને અને તે જમીન અંગે બીજી કોઇ શરતો સરકારે ઠરાવેલ હોયતો તેનું પાલન કરીને ખાતેદાર જમીનનો કબજો કાયમ રાખવા અને ભોગવટો કરવા હકદાર છે. (લે. રે. કોડ કલમ ૩ (૧૬) અને કલમ ૧૮ મુજબ)

[૨] જમીનમાં વધુ ઉત્પન્ન કરવા માટે જમીનમાં સુધારા-વધારા કરવાનો હક છે અને આ હેતુ માટે ખેતી ઉપયોગી મકાનો-કુવાઓ તથા જમીનનો ખેતી-કામમાં સારો ઉપયોગ થઇ શકે તેવાં કાર્યો તે કરી શકે છે. આમ કરવા માટે મંજુરી લેવાની કોઇ જરૂર આથી રહેતી નથી. લે. રે. કોડ કલમ-૬૫)

[૩] પોતાના ખેતરની પાસેના નદી-નાળાના કાંઠાના કે કિનારાની જમીન પાસે નવી થયેલ ભાઠાની જમીન એક એકરથી વધુ ન હોય ત્યાં સુધી તેનો વગર કિંમતે હંગામી ઉપયોગ કરી શકે છે (લે. રે. કોડ કલમ ૬૪) જયારે આવો વિસ્તાર એક એકરથી વધે ત્યારે આકારના ૩ પટથી વધુ ન હોય તેવી રાહત રકમ આપીને તે પરત્વે કબજા હક મેળવવાનો તેને અગ્રહકક છે. જો નજીકના ખાતેદારે જમીન કબજાગીરો આપી હોય તો તે વેચાતી લેવાનો અગ્રહક ગીરો મુકનાર ખાતેદારને રહે છે. (લે. રે. કોડ કલમ ૬૩)

[૪] નદી નાળાંના પ્રવાહના કારણે તેના ખાતાના અર્ધા એકરથી ઓછી ન હોય તેટલી જમીન ધોવાણ થઇ જાયતો તેટલી જમીન પુરતી વિઘોટી કમી કરાવવાનો તેને હક છે. (લે. રે. કોડ કલમ ૪૭)

[૫] સરકારે જે ઝાડની માલિકી પોતાને હસ્તક રાખી હોય તે સિવાયનાં પોતાના ખાતાની જમીનમાંના ઝાડની ખાસ માલિકી ખાતેદારોની છે. સાગ-સીસમ અને સુખડનાં ઝાડ પરત્વે ખેડુતોનો માલિકી હક્ક નથી. (લે. રે. કોડ કલમ ૪૦)

[૬] ખાતેદારનો પોતાની ખાતાની જમીન પરત્વેનો કબજાહક તેની વંશ-પરંપરાગત અને બદલાપાત્ર મિલકત ગણાશે. એટલે આવી જમીન વારસામાં

 આપી શકાય. વેચી શકાય અને ગીરો મુકી શકાય છે. (લે. રે. કોડ કલમ-૭૩) પરંતુ જયારે જમીન ચોકકસ શરતો કરાવીને આપી હોય ત્યારે ભોગવટો તે શરતોને આધીન રહે. બીન તબદીલી કે બિનં ભાગલાના પ્રતિબંધ સાથે જમીન આપી હોય તો તેની તબદીલી ન થઈ શકે કે ભાગલા ન થઇ શકે વારસાઇથી તે સીધા વારસદારને મળે.

[૭] પોતાના ખાતાની જમીન આપવાનો ખાતેદારને હકક છે

[૮] જયારે આકાર સેટલમેન્ટ મુજબ નકકી થયો હોય ત્યારે સેટલમેન્ટની મુદ્દત સુધી આકારમાં કશો વધારો ન થવા દેવાનો તેને હક છે.

[૯] ગામમાં નીમ થયેલ ગૌચરમાં પોતાનાં ઢોર મફત ચરાવવાનો તેને હક છે

ખાતેદારની જવાબદારીઓ અને ફરજો

□

[૧] ઠરાવેલ જમીન મહેસુલ માગણા નિયમિત ભરી આપવાની જવાબદારી ખાતેદારની છે. આ જવાબદારીનું પાલન એ જ કબજા હકક જાળવી રાખવા માટેની અગત્યની મુખ્ય શરત છે. મહેસુલ સમયસર ભરપાઈ કરવામાં ચૂક કરનાર કબ્જાહક ગુમાવી બેસે છે (લે રે. કોડ કલમ ૬૮)

[૨] પોતાના ખાતાની જમીનમાં હક નિશાન જાળવણીની બધી જવાબદારી ખાતેદારની છે.

[૩] જમીનની મોજણી વખતે જયારે સર્વે ખાતાના અમલદાર સામાન્ય નોટિસ કાઢીને કે વ્યકિતગત સમન્સ કાઢીને ખાતેદારને હાજર રહેવા ફરમાવે ત્યારે હાજર થઇ જરૂરી વિગતો આપવાની જવાબદારી ખાતેદારની છે.

[૪] મોજણી વખતે વાવટા પકડનાર મજુર વગેરે પુરા પાડવાની જવાબદારી પણ ખાતેદારની છે.

[૫] રેકર્ડ ઓફ રાઇટ્સ (હકકના પત્રક) કે તે પરત્વેનો કોઇ રજીસ્ટર અંગે કોઇ નકશો કે પ્લાન તૈયાર કરવા માટે કે તેવો નકશો સુધારવા માટે જરૂર હોયતો તેવા ખાતેદારોને બોલાવવાનો તથા તેમની મદદ માગવાનો અધિકાર

માટે ઓફીસરની જેમ તલાટી કે બીજા મહેસુલી અમલદારને પણ છે અને તેઓ આવા કામ માટે બોલાવે કે મદદ માગે ત્યારે પણ હાજર થવાની જવાબદારી ખાતેદારની છે.

[૬] જે કોઈપણ માણસ વારસાની રૂએ કે પાછળ જીવતા રહેવાના સબંધની રૂએ, વંશ પરંપરાની રૂએ, ખરીદીની રૂએ, ગીરોની રૂએ, બક્ષિસની રૂએ કે એવી બીજી કોઇ રીતે જમીન પરત્વે કોઇ હકક સંપાદન કરે એટલે કે પ્રાપ્ત કરે કે તુરતજ એવો હકક મેળવ્યાની તારીખથી ૩ માસની અંદર તલાટીને તેણે જાહેરાત કરવી જોઇએ.

[૭] હકક પત્રક અંગે જે કોઇ ખાતેદારના હકક હિત જવાબદારી સંબંધમાં નોંધ કરવા અંગે જે કોઇ માહિતી દસ્તાવેજો કે કાગળોની તલાટી માગણી કરે તે માગણીની તારીખથી ૧ માસમાં પુરી પાડવાની જવાબદારી ખાતેદારની છે

ખાતેદારને નીચે જણાવ્યા મુજબના હકકો નથી

□

(૧) ખાતેદારને પોતાની જમીનમાં ખાણનો કે ખનિજ ઉત્પન્ન ઉપરનો કશો હકક નથી. પરતું આથી તેના મોજુદ હકકોને અસર થતી નથી.

(૨) જમીનને ખેતી માટે નકામી બનાવી દેવાય તેવી રીતે ખેતીની જમીનનું નફા માટે ખોદકામ કરવા સામે પ્રતિબંધ છે. માત્ર જમીનની સપાટી ઉપરના કાંકરા ખસેડી શકાય.

(૩) જ્યાં ખેતીની જમીન નિયંત્રણ નીચે મુકાયેલ હોય ત્યાં ખાતેદાર મંજુરી વિના તેનું વેચાણ કરી શકતો નથી.

(૪) પોતાના હસ્તકની કોઇપણ હેતુ માટે સંથાયેલ જમીનનો મંજુરી વગર મીઠું પકવવા માટે ઉપયોગ કરવાનો ખાતેશરને હકક નથી.

(૫) ખાતેદારના હસ્તકની જમીનમાં પોત ખરાબા તરીકે નોંધાયેલ જમીન ખેડી ન શકાય તેવી ગણીને, તે કારણે ખરાબા તરીકે નોંધાયેલી હોયતો તેવી જમીન ખાતેદાર સુધારીને ખેડી શકે છે. પરંતુ તે જમીન તેનો ઉપયોગ

સાર્વજનિક હેતુ માટે જેવા કે રસ્તા, તળાવ, કેડા કે નાળાં તરીકે તે પરત્વે બીજા કોઇના હકના કારણે ખરાબા તરીકે નોંધાયેલ હોયતો, તેવો ખરાબો ખેડી શકાય તેવો હોય છતાં ખેડવાનો ખાતેદારને હક નથી.

(૬) લે. રે. કોડ મુજબ જમીનના પાંચ પ્રકારના ઉપયોગ ગણાવ્યા છે. (૧) ખેતી માટે (૨) રહેઠાણ માટે (૩) ઉદ્યોગ માટે (૪) વાણિજ્યના હેતુ માટે (૫) અન્ય કોઇ હેતુ માટે. ખાતેદાર પોતે આ પૈકી જે ઉપયોગ માટે જમીન મેળવી હોય તેજ ઉપયોગ કરી શકે. જે ઉપયોગ માટે પોતે જમીન મેળવી હોય તેથી બીજો કોઇ ઉપયોગ રજા વિના કરવાનો તેને હકક નથી.

વ્યાખ્યાઓ :—

(૧) ખાતું એટલે ખાતેદારે ધારણ કરેલ જમીનનો ભાગ.

(૨) ભોગવટો એટલે કબજો.

(૩) જમીનનો ભોગવટો કરવો એટલે જમીન કબજામાં હોવી અથવા જમીનને કબજામાં લેવી.

(૪) ખાતેદાર એટલે જમીન ધારણ કરનાર.

* જીવન જીવવાની કળા *

સંપાદક : રસીકલાલ એમ. પટેલ ચોટાસણકંપા

જીવનને એક ઉત્તમ કલાકૃતિ જેવું ચિરસ્મરણીય બનાવવું હોય તો આટલું કરો

★ સન્માનને ઝંખવા કરતાં માનને પાત્ર બનો.

★ સખત પરિશ્રમ કરો.

★ જીવનનાં શાશ્વત મૂલ્યો પર શાંત ચિત્તે વિચાર કરો.

★ જીવનમાં મૃદુતા, નિખાલસતા અને સાહજિકતા કેળવો.

★ પ્રકૃતિના ઐશ્વર્યને સમજો અને માણો.

★ વિચારોનું ઉંડાણ, ચારિત્ર્યની નિર્મળતા અને ભાવનાની ભવ્યતાને તમારા સમગ્ર વ્યક્તિત્વમાં વિકસાવો.

★ સામાન્યતામાં આધ્યાત્મિકતાને પ્રકટવા દો.

卐 ॐ 卐

તા. ૧૩-૪-૭૯ ચતુર્થ પ્રવચન [ગતાંકથી ચાલુ]

સંકલન : પ્રા. જે. બી. દ્વિવેદી સ્વાધ્યાય કેન્દ્ર, તલોદ.

પ્રાતઃ સ્મરણીય પૂ. દાદાની વાગ્શ્રી સાંભળવા આજે પણ સાંજના માનવ મહેરામણ ભાવનામાં, ભક્તિ સભર શબ્દોમાં ઝુલવા મસ્ત બની મહાલવા આવ્યો હતો, પૂ. દાદાના આગમનથી વાતાવરણમાં ગજબ શુચિતા આવી જાય છે.

આજે સૌરાષ્ટ્રના સ્વાધ્યાયીઓને પ્રારંભમાં મૂર્તિપૂજા એ પૂર્ણ વિજ્ઞાન છે. કોઇ કલ્પના નથી, તે પુનઃ જીવિત કલ્પના છે. ઋષિઓના દર્શનની આપણા કલ્યાણ માટે જ યોજાયેલી શુદ્ધ અદ્વૈત તરફ લઇ જનાર દ્વૈતની સુંદર કલ્પના છે. હે ભગવાન હું તારો છું અને તું પણ મારા લીધે જ છે. હું કોઇ નથી. હું કશું કરી શકતો નથી કારણ ઇશની સહાય વિના કાંઇ થઇ શકતું નથી. માનવી તો માત્ર સાધન છે, ઉપકરણ છે. "નિમિત્ત માત્ર ભવ સવ્ય સાચિન" ભગવાન તું પૂર્ણ છે. મારે તો શુન્ય થવું છે. નિર્ગુણ થવું છે, નિરાકાર થવું છે. શૂન્યની પણ કિંમત હોય છે. ભગવાન એક છે તો જીવ શૂન્ય છે. શિવની સત્તાથી જ જીવ ઇન્દ્રિયગત મનોવ્યાપાર કરે છે. એકની આગળ એક શૂન્ય=૧૦, બે શૂન્ય ૧૦૦ તેથી શૂન્યથી એકની કિંમત વધે છે. ભકતથી ભગવાનની કિંમત વધે છે. જો ભકત ન હોય તો ભગવાનને કોણ પૂછે ? શૂન્ય થવું એટલે હે પ્રભુ મને ભ્રમ રહિત બનાવ. માણસને નીચેના ભ્રમ હોય છે. (૧) હું સુખી/દુઃખી છું (૨) હું એકલો છુ (૩) બીજા લોકો એટલે જગત મને દુઃખી કરે છે; અવરોધ ઉભા કરે છે (૪) હું દુનિયાને બદલીશ સુધરીશ. પૂ. શાસ્ત્રીજીએ ઉપરના ભ્રમને ક્રમશઃ નિરસન કરતાં કહ્યું કે સુખ દુઃખ એ મનની કલ્પના જન્ય સ્થિતિ છે, કોઇનું સુખ કે દુઃખ સાપેક્ષ મૂલક છે. દા. ત. એક રાજાને ખબર પડી કે જંગલના આદિવાસી પાસે સોનાનું હરણ છે. રાજાની ઊંઘ ઉડી ગઇ, દુઃખી થયો. આદિવાસી પાસેથી તે હરણ લેવા ગયો ત્યારે તે આદિવાસી રાજાને સુખી માની તેની પાસે ગયો છે તે વાત આદિવાસીની પત્નીએ જણાવી. દરેક જણ એકબીજાને સુખી દુઃખી માની ભ્રમણામાં પડેલ છે. માણસ માને છે કે તે એકલો છે. તે ક્યારેય એકલો ન હતો ગર્ભવાસથી માંડી 'Not out' થતાં સુધી ની પ્રત્યેક ક્ષણે તેનું સામ્રાજ્ય છે, પણ જીવ અવિદ્યા યુકત હોવાથી, ગત સંસ્કારોથી અને પ્રવર્તમાન વાતાવરણની

અસરથી મૂઢ થયેલ હોવાથી એ અનિર્વચનીય સુખદ સંસ્પર્શની અનુભૂતિ થતી નથી. જ્યારે એ ક્ષણ Moment રોમાંચક ક્ષણ સુવર્ણ પળ, હિરણ્ય ગર્ભ, બ્રહ્મના સ્પર્શને માણે છે ત્યારે 'મધુરાધિપતિ રખિલં મધુરં'' શ્રીમદ્ વલ્લભાચાર્ય ભક્તિના રાજા છે. અધરં મધુરં એ ભાવ ગીત પેલી અદ્ભુત રોમાંચક રોમહર્ષણ ક્ષણનું ગીત છે. આપણને આપણા કર્મો અવરોધે છે. કર્મથીજ માણસ રાગ અને વિરાગની ભૂમિકા સર્જે છે. જો ઇશ્વર મારી સાથે છે તો કોણ મારું બગાડી શકે ! કોઇ નહિ. એક ખુમારી આવી જાય. કોઇની તાકાત નથી કે આંખ ઉઠાવી જોઇ શકે? I can change the world હું દુનિયાને સુધારીશ, બદલીશ તે ભ્રમ છે કારણ જ્યારે માણસ સ્વતંત્ર રીતે કશુંજ કરી શકતો નથી ત્યારે તે દુનિયાને કેવી રીતે સુધારે ? દુનિયાને સુધારવા સ્વાધ્યાયીઓ જતા નથી તે તો નિઃસ્વાર્થ પણે કોઇ બોલાવતું નથી તો પણ, ચિંતનીકા ગીતા સ્વાધ્યાય, ભક્તિફેરી, શિબિર વગેરે યોજે છે કારણ મારે પ્રભુનું કામ કરવું છે. પ્રભુના લાડકા દીકરા થવું છે. દોસ્ત થવુ છે.

પ્રાચિન ઋષિમુનિઓએ યુવાવસ્થામાંજ ૩૨ ની આસપાસ આત્મસાક્ષાત્કાર મેળવી જનહિત કાજે પરિભ્રમણ કર્યું કેરાલાના આદ્ય શંકરાચાર્યને ઉત્તરમાં હિમાલય સુધી જઇ ધર્મ પ્રસાર અર્થે આશ્રમ સ્થાપવાની શી જરૂર હતી. અંગત રીતે શું સ્વાર્થ હતો ? શ્રીમદ્ વલ્લભાચાર્યે ભક્તિસંપ્રદાય અને તેની પુષ્ટિ માટે શા માટે પરિભ્રમણ કર્યું ? પોતાના માટે ? શું તેમને કમીશન મળતું હતું માટે ? ના તે તેમણે નિઃસ્વાર્થ પણે કર્યું ? આપણા માટે કર્યું અને આપણે શું કર્યું ? તેમના પવિત્ર પ્રયાસો ઉપર શુધ્ધ મૂર્તિમંત કલ્પના ઉપર, મહેનત ઉપર પાણી ફેરવ્યું છે. જો તેમને આવી ખબર હોત તો કદાચ તેમણે તે પ્રયત્નો પડતા મૂક્યા હોત ? ના, તેમણે તો નિરપેક્ષ રીતે, કોઇપણ બદલાની નફાની, આશાવગર કામ કરેલ જેને સ્વાધ્યાયીઓ યજ્ઞ કહે છે. હું કરું છું મેં કર્યું એમ કોઇ સ્વાધ્યાયી બોલે નહિ, જો તે બોલે તો સમજવું કે તે અન્ય છે સ્વાધ્યાયી નથી. અહીં ભેગા થયેલા સ્વાધ્યાયીઓને કોઇ વાહનમાં લાવી કોઇ લાલચ આપી હથેળીમાં ચાંદ બતાવી બોલાવી લાવવામાં નથી આવ્યા તેઓ તો ભગવાનના મોકલેલા આવ્યા છે પ્રભુનું કામ કરવા આવ્યા છે જે પ્રભુ આટલા બધા આકાર નિર્માણ કરે છે તેને પોતાનો આકાર ન હોય ? હોય જ કોઇ કહે મને આ આકાર મા-બાપ પાસેથી મળેલ છે તો પછી મા-બાપના બધા સંતાનો એક સરખા આકારનાં હોવાં જોઇએ શા માટે ભેદ છે ? પ્રત્યેક Male માં Female છે અને Female માં Male છે તેનો અર્થ એ નહિ કે છોકરાએ છોકરી જેમ સ્ત્રૈણ બનવું જેમ આજે ફેશન ચાલે છે તેમ અને છોકરીએ પુરૂષનું અંધ અનુકરણ કરવું Male અને Female નાં સંયોજનનો અર્થ એ છે કે

પુરૂષમાં પુરૂષના ગુણો જેવા કે તેજ પરાક્રમ ઉદાત્તતા અને પૌરૂષ ઉપરાંત સ્ત્રીના સ્વભાવગત ગુણો જેવા કે મધુરતા, કોમળતા દયા, ક્ષમા વગેરે વિકસીત થવા જોઈએ સ્ત્રીમાં સ્ત્રી સહજ ગુણો જેવા કે આત્મસમર્પણ, લજ્જા, કૌશલયુકત (Tactful) અને શુધ્ધ પ્રેમયુકત ભાવનાશીલ હૃદય સિવાય પુરૂષના ગુણો વિકસીત થવા જોઈએ આજના શિક્ષણશાસ્ત્રીઓ જયાં સુધી આ પાયાની વાત નહિ સમજે ત્યાં સુધી શિક્ષણ જીવનને ઉપયોગી અર્થપૂર્ણ હેતુસભર થશે નહિ તેમણે પશ્ચિમ તરફ નહિ પણ આપણી પ્રાચીન પરંપરાઓને નૂતન વૈજ્ઞાનિક સંદર્ભમાં જોવી પડશે જ.

ભગવાન જો આપણી પરીક્ષા લે તો આ જીવને × માર્ક મળે, નાપાસ થાય કારણ પ્રભુ કઠોર ન્યાયમૂર્તિ બની પેપર તપાસે તો આ છગનીયામાં એવી કોઇ આવડત નથી કે તે ઉત્તીર્ણ થાય શંકરાચાર્યે સ્તુતિ કરી છે ન મન્ત્રં નો મંત્ર વગેરે તો પછી ભગવાને કેવી રીતે આપણું જીવન પેપર તપાસવાનું ? માના હૃદયથી દયાથી grate કયાં થી, તો જ આ જીવને પ્રમોશન મળે નહિતર ના મળે, આજે તો કેટલાક લોકો દર પાંચ વર્ષે કહે છે કે ' મારા નામ આગળ ચોકડી કરજો અરે! કરવાની નથી તે તો થયેલ છે જેની તને, મને અને આપણને ખબર નથી.

આપણે જોયું કે માંગણ થવું નથી, સેવક બનવું નથી તો દોસ્તી બનવું છે. પરંતુ દોસ્તી તો સમાનશીલ વ્યકિતસાથે થઇ શકે. ભગવાન બનવું બહુ કપરું છે. આપણે નામદેવની વાત જોઇ ભગવાનના થવામાં માલ છે, ભગવાન બનવામાં નહિ. એક વખત વલ્લભાચાર્યને ભગવાન ક હેકે ચાલ મારી સાથે ફરવા, ચાલને અરે ચાલને, ત્યારે વલ્લભાચાર્ય કહે કે હું વિચારીને કહીશ. ભકતને જયારે ભગવાન બોલાવે ત્યારે જ ભકિત સાચી પુરૂષ અને સ્ત્રીનું સાચું મિલન કયારે કહેવાય ? જયારે અંગ–અંગ પ્રત્યંગમાં મિલનનો તરવરાટ હોય, તલસાટ હોય, આતુરતા હોય ત્યારે ભગવાન કહે ચાલને મારી સાથે ચાલને ત્યારે વલ્લભાચાર્ય વિચાર કરે છે કારણ તેમને ભગવાનની સમીપ રેહેવું છે. સાચું જયપ્રાપ્તિ કરવી નથી દ્વૈત મિલન મધુરું માણવું છે હે ભગવાન તુ મને આલિંગન આપ તું મને બચી કર, મારે તને ભેટવું છે, ચૈતન્ય નરસિંહ અને મીરાંને આ પરમ સુખ પ્રાપ્ત થયું હતું એ મધુરા ભકિત છે. કેટલાક કથાકરો મધુરાને મથુરા કહે છે. મથુરાનો અપભ્રંશ મધુરા છે. તે બરોબર નથી. મધુરાભકિત છે. વેદ-પ્રમાણીત છે. અને તે મધુર મિલન પતિ રખિલં મધુરં ' થાય. સ્વાધ્યાયીઓ જયારે મંત્ર, સ્તોત્ર બોલે ત્યારે ભાવ ભીના હૃદયે, બોલે, શુકપાઠ ના કરે. માનું

હૈયું ભીનું થાય છે તેમ જો આપણે આપણી મા અથવા બાપને મળવું હોય, તેમના હાથનું દીધેલું ખાવું હોય (નામદેવની જેમ) તો હૃદય ભાવભીનું કરો. ગીતા ગાન કરો ત્યારે ભાવ કરો કે મારા પ્રભુના મધુર હોઠ દ્વારા બોલાયેલી ગીતા વાચું છું મારો પ્રભુ મારી પાસે છે તે ક્યાંય દૂર નથી તે તો મારી સંગાથે છે એટલું જ નહિ પણ મારા પ્રભુ તો મારી આગળ-આગળ જાય છે, રસ્તો સાફ કરે છે કાંટા દૂર કરે છે. ગીતા સ્વાધ્યાયી વંચાવે છે, શીખવાનું છે ? ના-મારો પ્રભુ સ્વાધ્યાયી જાય તે પહેલાં ત્યાં પહોંચી ગયેલો છે તેથી પ્રભુનું કામ કરનારાઓએ મેં કર્યું તેવો અહંકાર કરવો નહિ પણ અમે કર્યું મારા પ્રભુએ કર્યું અમે તો માત્ર નિમીત્ત છીએ.

આજે આપણે સર્વવ્યાપક પ્રભુને આ મૂર્તિમાં પધારવા જણાવેલ છે. તેમના પ્રાણપ્રિય દોસ્તો વશિષ્ઠ, વિશ્વામિત્ર, વગેરેને પણ નિમંત્ર્યા છે. આપણે પણ પ્રેમપૂર્વક બોલાવીએ છીએ 'તું આવ' માટે આવવું પડશે જ' તારામાં અમને અખંડ વિશ્વાસ છે. તારા થકી જ અમે આ ભવસાગર તરવા ઇચ્છીએ છીએ. અણુમાં ચૈતન્ય છે. અને આપણે પણ તે જ પ્રકાશના સ્ફૂલિંગ જેવા છીએ.

ભગવાને અર્જુનને 'ઇષ્ટોડસિં મે સખા ઇતિ' કહી ગીતા સંબોધી તો આપણને પણ સખા માની અહીં આવે નહિ, મળે નહિ પણ તે માટે ઇષ્ટ થવુ પડે. દીકરો કોને કહેવાય ? જે બાપની બધી જવાબદારી લઇ લે તેને, જે હિંમતપૂર્વક બાપનું પાઇએ પાઇ દેવું ચૂકવે, તેને, જે પિતાના આદરેલાં પૂર્ણ કરે તેને જો આપણે પ્રભુના દીકરા થવું હોયતો પ્રભુની જવાબદારી સમજી લેવી જોઇએ. ભગવાનની શું જવાબદારી છે ! જગતના પ્રત્યેક જીવને સુખ મળે, શાંતિ મળે. સમાધાન મળે, તે જોવાની છે. અને તે જવાબદારી અમારા સ્વાધ્યાયીઓ નિભાવવા યતકિંચીત પ્રામાણિક પણે પ્રયત્ન કરે છે. અમો પ્રાચીન ઋષિઓથી વધી આચાર્ય, પ્રાચાર્ય થયા નથી, અમે તો તે પ્રાતઃસ્મરણીય ઋષિઓના રસ્તે ચાલવા પ્રયત્ન કરીએ છીએ. તે પ્રયત્ન તેની મરજીથી જ કરીએ છીએ.

આ જીવને તો માગતાં પણ નથી આવડતું. એક બ્રાહ્મણને પ્રભુએ ચાર વરદાન આપ્યાં. બ્રાહ્મણે માગ્યું (૧) પૈસો આપો. (૨) પત્ની સ્વર્ગની અપ્સરા જેવી બને, બાકીના બે વરદાન પછી માંગીશ. રાજા એટલે Auto cratic. શાસન રાજાને ગમે તે રાણી, રાજા વાજાં અને વાંદરા ભરોસો રખાય નહિ. તેથી રાજા તો

સ્વરૂપવાન બ્રાહ્મણીને લઈ ગયો. બ્રાહ્મણે ત્રીજુ વરદાન માગ્યું હે ભગવાન મારી સ્ત્રીને રીંછણું બનાવો. રાજાએ તે રીંછણને મહેલમાંથી કાઢી મૂકી અને તે રીંછણ સંસ્કારવશ, ઋણાનુબંધ હોવાથી બ્રાહ્મણના દરવાજા આગળ આવી બ્રાહ્મણે છેલ્લું વરદાન માંગ્યું ભગવાન પ્રથમની જેમ તેને અષ્ટાવક્રા, કદરૂપી બનાવો કારણ કદરૂપી પણ મારી થઈને તો રહે. આમ માંગતા નથી આવડતું તેથી માંગણ થવું નથી. જે ભગવાન આપણી સેવામાં ૨૪ કલાક રહે તેની આપણે શું સેવા કરવાના માટે સેવક થવું નથી ? તો પછી મિત્ર બનવું છે પણ તેના જેવા ગુણો આ જીવનમાં શકય નથી તો પછી પ્રભુના દિકરા થવું છે. કારણ ગીતામાં ત્રણ સંબંધોનો ઉલ્લેખ કરેલ છે કે 'પિતેવ પુત્રો, સખેવ સખ્યૌં, પ્રિય પ્રિયાર્હસિ' પિતા પુત્રનો, મિત્ર મિત્રનો અને પ્રિયતમ પ્રિયાનો અપરાધ સહન કરે છે. દીકરો કહે કે બાપા આજે સુટ પહેરી મારી સાથે ફરવા ચાલો તો દીકરાને ખુશ કરવા બાપ ઝભ્ભો કાઢી સુટ પહેરી ફરવા જાય તો પછી આ દીકરાઓ બોલાવે તો પ્રભુ ન પધારે ! ચોકકસ પધારે. દોસ્તને પણ નિમંત્ર્યા છે. વશિષ્ટ, વિશ્વામિત્ર, અત્રિ, ગૌતમ, ભારદ્વાજ, ભૃગુ ચ્યવન બોલાવે અને ભગવાન ન આવે ! જે અર્જુનના સખા બની, રથ હાંકી તેને વિજયશ્રીથી મંડિત કર્યો તે આપણી સાથે અહીં ન આવે ! ચોકકસ આવે. આમ એક પછી એક Stages પગથીયાં ચડતાં ચડતાં સંબંધો નિભાવતાં એક જન્મમાં નહિ તો આ પછીના ૫૦ મા જન્મે પણ પ્રિય અને પ્રિયા, રાધા અને કૃષ્ણ, મીરા અને ગોપાલના સંબંધની ભૂમિકા રચાશે તે દ્વૈત હશે પરંતુ અદ્વૈત સધાવા માટે હશે. જીવ અને શિવ હું અને યોગેશ્વર એક પરમ સુંદર શાશ્વત ચિરકાલીન આશ્લેષ માટે અંગે અંગના અકથ્ય તલસાટ સાથે નજરે નજર મિલાવી ઊભા રહીશું તે થશે સમાધિ અવસ્થાની પરમ ઉચ્ચ ભૂમિકા, જ્ઞાનનો નિષ્કર્ષ અને મધુરા ભક્તિનું અમરફળ. હે ભગવાન મારે તો તારા લાડકા પુત્ર થવું છે મારે તારું કામ કરવું છે. ગીતા ને ફોગટમાં ઉપાડી નથી. ગીતામાં ભગવાન કહે છે કે મય્યેવ મન આવેશય મયિ બુદ્ધિ નિવેશય । 'મન્મના ભવ' આ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર સર્વે તને અર્પણ, જયારે આ સ્થિતિ નિર્માણ થાય ત્યારે સત્, ચિત્ત અને આનંદની ભૂમિકા પ્રાપ્ત થાય. ભગવાનનું નામ સચ્ચિદાનંદ છે. જો આપણે તેના પુત્ર થવું હોય તો સત્ એટલે જીવનમાં સત્યની પ્રતિષ્ઠા કરવી પડે. માણસ પાપી હોય તે ચાલે પણ અપ્રમાણિક ના ચાલે દા. ત. વાલિયો મહાપાપી – વાલ્મિક બન્યો. ચિત્તએ ભગવાનમાં જ સતત જોડાયેલું હોવું જોઈએ, 'મન્મના ભવ' અને છેલ્લે આનંદ પ્રિય અને પ્રિયાના ભાવમિલન જેવું, દેહમિલન નહિ પણ આત્મમિલન

રાધા અને કૃષ્ણ, પુરૂષ અને પ્રકૃતિના પરમ મહામંગલમય રાસ જેવું શાશ્વત મિલન અને તેમાં જ આનંદ છે ભગવાન યોગેશ્વરનું ધ્યાન કરવું જોઇએ નજર દ્વારા હૃદયમાં તે મૂર્તિને સતત નિરખવાની છે. Concentration અને Meditation માં ઘણો ફેર છે. તે વાત નથી કરતા પણ મનને એકાગ્ર કરવા Object જોઇએ. તે છે મંદિર મૂર્તિને મનમંદિરમાં રાખો. ભાવનાનાં પુષ્પો ચડાવો. હવે આપણે આરતિ માટે જઇએ. પુન: દુ:ખ હર્તા, ભયત્રાતાની આરતિનાં ઓવારણાં લઇ, જનસમુદાય વિખરાયો.

—અરતુ

> ઇશ્વરનું પૂજન કરી, તેની પ્રાપ્તિ કરવી હોય
> તો સૌથી પહેલાં અંતઃકરણનો અરીસો
> ચોખ્ખોચટ કરી લો.

ભાવનિર્ઝર

૨૫ જાન્યુ. ૧૯૮૦ સંકલન : સી. ડી. પટેલ ધનસુરા

□

આજે જયાં જુઓ ત્યાં સમસ્યાજ સમસ્યા છે. દરેકને સમસ્યા મુંઝવે છે સમસ્યાનો ઉકેલ બધાજ ઇચ્છે છે પણ સમસ્યાનો ઉકેલ શું એજ એક સમસ્યા છે. ઘરમાં સમસ્યા ભાઇ ભાઇના ઝગડા, બાપ દીકરાના ઝગડા, સાસુ વહુનો કંકાશ, પતિ પત્નીનો અણબનાવ એ ઘર ઘરની સમસ્યા છે. રાજયમાં પણ સમસ્યા જ સમસ્યા છે. રાષ્ટ્રમાં અને આંતરાષ્ટ્રીય સમસ્યા તો ઉભી જ છે. ધર્મમાં પણ સમસ્યા છે. ભકિત કરવી કે નહિ? કેવી કરવી? કેમ કરવી? ભગવાન છે કે નહિ? મૂર્તિપૂજા શા માટે? બધીજ સમસ્યા ઉકેલવા માટે જ સ્વાધ્યાય જરૂરી છે, ખરેખર જોઈએ તો આપણામાંથી ભકિત ગઇ છે. માટે જ આ બધી સમસ્યા ઉભી થઇ છે ઋષિઓ અને વેદોના વિચારો માથે ચડાવશું તો બધી જ સમસ્યાઓ દૂર થશે. સમસ્યા ઉકેલવા માટે દિવ્યચક્ષુ જોઇએ. જે સ્વાધ્યાય આપશે. સમસ્યામાં સપડાયેલાને આશ્વાસન જરૂરી છે. જે વેદના વિચારો જ આપશે માટે જ સ્વાધ્યાય જરૂર છે.

આ સમસ્યા ધર્મજ ઉકેલી શકશે. માણસને માણસ પાસે જવું જોઇએ માણસને ઇશ્વર પાસે લઇ જઇશું ત્યારે જ સમસ્યા દૂર થશે. ભકિતનો ડોળો જ આ સમસ્યા દૂર કરશે. પણ આજકાલ ઉલ્ટું જ બને છે. ધર્મના નામે ધતિંગ ચાલે છે. સાંપ્રદાયિક ઝગડા દિન પ્રતિદિન વધતા જ જાય છે. ભૂતકાળમાં પણ ધર્મ યુદ્ધો થયાં છે આજે આ કામ કરવા સ્વાધ્યાય પરિવારે ગીતા ઉપાડી છે.

આજકાલ રાજકરણમાં પણ સ્વાતંત્ર્યતાની ભૂખ અને એક રાષ્ટ્રીયતાની સમસ્યા છે. સ્વાતંત્ર્યતા આજકાલ દેખાતી જ નથી. જંગલી અવસ્થામાં જયારે માણસ હતો ત્યારે Might is Rightનું સામ્રાજય હતું. બળિયાના બે ભાગ હતા અને ધોકાનું રાજય હતું. બીજાનો હુમલો ન થાય એને જ આપણે સ્વાતંત્ર્યતા માનીએ છીએ. પણ આપણે સ્વતંત્ર છીએ? સ્વનું જ ઠેકાણુ નથી સ્વત્વ ચાલ્યું ગયું છે. માણસ પૈસાથી ખરીદાઇ જાય છે. હું જ Purchase થઇ જાઉં તેના

 જેવી બીજી અધ:પતિત દશા કઇ ? રોટલાનું બટકું દેખી કૂતરો પૂંછડી પટપટાવતો આવે છે તેમ હું લીલી નોટ દેખી કરું તો મારામાં અને કૂતરામાં ફરક શું ? જૂના જમાનાનું ધોકાનું રાજ આજે થેલીના રાજમાં પલટાઇ ગયું છે. સ્વત્વ ચાલ્યું ગયું છે આત્મગૌરવ હણાયું છે. સ્વત્વ અને આત્મગૌરવ ચાલ્યાં જવાથી બધું જ ખલાસ થઇ ગયું છે. સાધન સંપન્નવાળા માણસનું મૂલ્ય વધ્યું છે. મૂલ્ય શબ્દને બે અર્થ છે. Price અને Value કોઇપણ કૃતિની Price ન માગો તો Value વધે અને Price માંગો તો Value ઘટે. ખેડૂત ખેતી કરે ત્યારે હુ ઝાડ નથી વાવતો પ્રભુને વાવુ છુ એ ભાવના રાખવી જોઇએ. Price ન માગતાં કરેલી કૃતિ અને એવાં અનેક નાની નાની કૃતિ પણ શકિત બને છે અને તે શકિત લીફ્ટની માફક ઊંચે લઇ જાય છે આવું કામ એક દિવસ નહિ પણ કાયમ કરવું જોઇએ. Price છોડોતો કર્મ Value બને. Value જીવને, ઊંચે લઇ જાય માટે જ ગીતા ઉપાડવાની છે. તેથી સ્વત્વ વધે અને માનવ જીવનની કિંમત વધે. આ જિંદગીનો અંત આવશે. આ ખોળિયામાંથી જીવ ચાલ્યો જશે અને સગાંવહાલાં જયારે આ શરીરને લઇ સ્મશાનમાં જશે ત્યારે તમારી મોટર ગાડી, ઘોડા તબેલામાં રહેશે, ભાર્યા ઘરના ઉંબરા સુધી વળાવવા આવશે. સ્વજનો સ્મશાન સુધી આવશે પણ કર્મ જીવ સાથે જ આવશે તેથી જ કર્મ--નિષ્કામ કર્મ હોવાં જોઇએ તે Pirce ન લેતાં કરેલાં હોવાં જોઇએ.

[०]

પૂનઃજન્મ હકીકત છે. Matter ખલાસ થતી નથી તો ચેતન ખલાસ કેમ થાય ? Matter બીજું રૂપ લે છે તેમ ચેતન બીજુ સ્વરૂપ મેળવે છે. ઓછી વત્તી નિપુણતા આવશે પણ નવું સ્વરૂપ જરૂર મેળવે છે.

આજકાલ જયાં ને ત્યાં ભૂખ જ દેખાય છે કોઇ વ્યકિતને મૂઠી ચોખાની ભૂખ છે. કોઇને પૈસાની ભૂખ છે. કોઇને સ્ત્રીની ભૂખ છે. કોઇને કીર્તિની ભૂખ છે. પણ એક યા બીજા પ્રકારે દરેકને કંઇકને કંઇક ભૂખ છે જ. એ ભૂખ સંતોષવા માણસ કેટલાંક અવિચારી કર્મો કરે છે. ખોટાં કર્મોને લીધે શનિની લપડાક લાગે છે. ત્યારે આપણે આપણો હાથ જોષીને બતાવી જોષ જોવડાવીએ છીએ કે મને શું નડતર છે. ભૂખ માટે એકાદશી જોઇએ. એકાદશી એટલે કન્ટ્રોલ ભૂખ લાગવી જોઇએ પણ તેના પર કન્ટ્રોલ હોવો જોઇએ. કન્ટ્રોલ રાખીને ભૂખ સંતોષવી જોઇએ. એક વ્યકિતને સંગીતની ભૂખ છે. તે રાત્રે ત્રણ વાગ્યા સુધી સંગીત સાંભળ્યા જ કરે તે વ્યાજબી છે ? તેમાં પણ એકાદશી જોઇએ. કન્ટ્રોલ જોઇએ. પૈસાની ભૂખવાળી વ્યકિત ૧૦૦ રૂા. કમાતી હોય તેને ૧૦૦૦ રૂા. મળે

તો પણ ભૂખ ઘટતી નથી. કંન્ટ્રોલ હોય તોજ ભૂખ ઘટે છે. વિત્ત તરફ ભોગની દ્રષ્ટિ ન રાખતાં મહાલક્ષ્મી બનાવ. લક્ષ્મીને લાડ લડાવાય. લક્ષ્મી ઉપભોગ માટે નથી તે ઉપયોગ માટે છે. લક્ષ્મી તરફ ભોગની દ્રષ્ટિ ન હોય. ભાવની દ્રષ્ટિ જરૂરી છે. લક્ષ્મી તેં કમાઇ હશે તો તારી દીકરી છે. પિતા તરફથી વારસામાં મળી હશે તો તારી બેન છે. બીજા પાસેથી ઝૂંટવીને મળી હશે તો તે પરસ્ત્રી થશે. ભારતીય સંસ્કૃતિ મુજબ તે દરેક તરફ ભાવની દ્રષ્ટિએ જોવાય ભોગની દ્રષ્ટિએ નહિ. લક્ષ્મીના ઉપયોગ માટે નવી વ્યવસ્થા જોઇએ. તેના ત્રણ રસ્તા છે.

(૧) નક્કી કરીને પૈસા વાપરવા સાધન સંપન્ન સુખી માણસ આ રીતે પૈસા વાપરે છે. દા. ત. ગામના વિકાસમાં એક તળાવ બનાવો. જેમાં પાંચ હજાર રૂપિયા દાનદાતા પાસેથી મળશે. પણ આ રીતે આપનાર વ્યકિત ખૂબ ઓછા હોય છે.

(૨) જબરદસ્તીથી આ રીતે સુખી માણસને દબાણ કરીને કહેવામાં આવે છે કે તમારે પાંચ હજાર કે દસ હજાર રૂપિયા અમુક કામમાં આપવા જ પડશે. આ રીત બરાબર નથી તેમાં આપનાર મને કમને આપે છે. સ્વત્વ મારીને આપવું પડે છે.


(૩) ટેક્ષેશન : ફરજિયાત રીતે દરેકને આપવું પડે છે ટેક્ષ પડતાં ચોરી થાય છે. અને કમને અપાય છે.

(૪) દાન : આ રસ્તો ઋષિ મુનિઓએ ચીંધેલો માર્ગ છે પણ તેમાં દાન આપનારની ગુરુતા ગ્રંથિ અને લેનારની લઘુતા ગ્રંથિ પોષાય છે. આપનાર દાની બને છે લેનાર દીન બને છે.

આ બધાજ રસ્તા કરતાં મંદિર દ્વારા લક્ષ્મીનું વિતરણ થાય તેજ શ્રેષ્ઠ રસ્તો છે મારી કમાણીમાં પ્રભુનો ભાગ છે, હું જે કમાઉ છું તેમાં પ્રભુનો ભાગ છે. આજ હું દસ રૂપિયા કમાયો તેમાં પ્રભુનો એક રૂપિયો ભાગ છે. કાલે હું સો રૂપિયા કમાઈશ તો મારા પ્રભુનો દસ રૂપિયા ભાગ છે. ગામની દરેક વ્યકિત આ રીતે ભાગ કાઢે એકઠો થાય અને તેમાંથી મંદીર બને. તે સાચું મંદીર છે. એક ઠેકાણે ઊંચ નીચના ભાવ ભૂલી એકત્ર બેસવું એનુ નામ મંદિર, દસ કરોડ કમાનાર અને દસ રૂપિયા કમાનારને બાળવા માટે એટલાં જ ઇંધણ જરૂરી છે તો ભેદભાવ શાને ? દસ કરોડ કમાનાર તેના મુજબ ભાગ કાઢે દસ રૂપિયા વાળો તેના પ્રમાણે. ઋષિમુનિઓનો ચીંધેલો આ રસ્તો જરૂરી છે.

ધર્મને લીધે એક રાષ્ટ્રીયતા આવી પણ ભાષાવાદને લીધે બહુ રાષ્ટ્રીયતા આવી. આપણે એક ભગવાનના દીકરા છીએ એ ભાવના જોઇએ અને એ ભાવના સ્વાધ્યાયી પરિવારે ઉભી કરવાની છે. માટે જ ગુજરાતના લોકો હરિયાણા જાય અને હરિયાણાના લોકો ગુજરાત આવે. અમને સંભાળનાર ભગવાન એકજ છે. એ ભાવના થવાથી જ આ સંભવિત છે. વ્યકિત પરિવર્તન વગર સમાજ પરિવર્તન શકય નથી. વ્યકિત પૂજા વગર વ્યકિત બદલાય જ નહિ. વ્યકિત અનઘડ હોયતો તેને સુધારવા જવું જ જોઇએ. તેને ગળે લગાડવો જોઇએ. વ્યકિતને ઉંચો લાવવો જોઇએ. તેને દિવ્ય ચક્ષુ આપવાં જોઇએ. ભકિતનો ડોળો આપવો જોઇએ. વ્યકિત પરિવર્તનથી સમાજ પરિવર્તન થાય છે. વ્યકિત પરિવર્તન કરવું હોયતો સમૂહ જોઇએ અને તે આપણો સ્વાધ્યાય પરિવાર છે. વ્યકિતને દિવ્ય ચક્ષુ આપીને તેને સુધારીને બધીજ સમસ્યા દૂર થશે.

પૂ. દાદાના પ્રવચનમાંથી સાભાર...



તખતગઢ હાઈસ્કૂલનો દશાબ્દિ મહોત્સવ ઉજવાયો

તા. પ્રાંતિજ, જિલ્લો સાબરકાંઠાના તખતગઢ [હડમતિયાકંપા] માંથી શ્રી આર. એન. પટેલ હાઇસ્કૂલની સ્થાપનાને દસ વર્ષ પૂરાં થતાં દશાબ્દિ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ મહોત્સવ પ્રસંગે ત્રણ દિવસનો ભરચક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. પ્રથમ રાત્રિએ હિંમતનગર નિવાસી શ્રી કાનજીભાઇ એસ. પટેલના પ્રમુખસ્થાને રાસ-ગરબા એકાંકીઓ વિગેરે સુંદર કાર્યક્રમ હાઇસ્કૂલના વિદ્યાર્થી ભાઇ બહેનો દ્વારા યોજવામાં આવ્યો હતો. પ્રમુખશ્રીએ રૂા. ૫૦૧/–નાં ઈનામો એનાયત કર્યાં હતાં.

બીજી રાત્રિએ સ્કૂલ સ્ટાફ પરિવાર દ્વારા 'છૂટાછેડા' દ્વિઅંકી નાટક, નિકોડા કંપા નિવાસી શ્રી શામજીભાઇ ડી. પટેલના પ્રમુખસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે સાબરડેરીના ચેરમેન શ્રી ખેમાભાઇ પટેલ, વાઇસ ચેરમેન શ્રી શંકરભાઇ ડી. પટેલ, સા. કાં. જિલ્લા જનતા પાર્ટીના મંત્રી શ્રી

નાથાલાલ ડી. પટેલ, ફતેપુરના દાનવીર શેઠશ્રી છોટાકાકા, પ્રાંતીજ તાલુકા પંચાયત ના પ્રમુખ શ્રી અમીચંદભાઇ પટેલ વિગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સમારંભના પ્રમુખ શ્રી શામજીભાઇ પટેલ તરફથી કેળવણી મંડળને રૂા. ૧૦૦૧/-, સ્કૂલના મુખ્યદાતા પરિવાર તરફથી રૂા. ૧૫૦૧/-, ફતેપુરના દાનવીર શેઠશ્રી છોટાકાકા તરફથી રૂા. ૧૦૦૧/-, શ્રી કરસનભાઇ મુખી તરફથી રૂા, ૫૦૧/- અમદાવાદના સ્ટીલ વાસણના વહેપારી શ્રી રતીલાલ હાથીચંદ તરફથી રૂા. ૫૦૧/- તથા અન્ય આમંત્રિત મહેમાનો તરફથી કુલ્લે રૂા. ૬૦૧/- ના દાનની જાહેરાત ને હર્ષનાદોથી વધાવવામાં આવી હતી. શતાબ્દિ મહોત્સવ નિમિતે કેળવણીમંડળના મંત્રીશ્રી ડાહ્યાભાઈ કે. પટેલે સંસ્થાની પ્રગતિનો અહેવાલ આપ્યો હતો. તખતગઢ ના એડવોકેટ શ્રી ગણુપતભાઇ વી. પટેલે આભારવિધિ કરેલ હતી.

સાંસ્કૃતિક કાર્યક્રમના ત્રીજા ભાગ રૂપે હાઇસ્કૂલના મુખ્ય દાતા શ્રી ગોવિંદભાઇ આર. પટેલના પ્રમુખસ્થાને તખતગઢ યુવક મંડળ યોજિત "કર્મ-કંકણુ" યાને "છૂત-અછૂત" સામાજિક નાટક યોજવામાં આવ્યો હતો.

દશાબ્દિ મહોત્સવને સફળ બનાવવા માટે કેળવણી મંડળના પ્રમુખશ્રી ખીમજીભાઇ મુખી, મંત્રી શ્રી ડાહ્યાભાઇ કે. પટેલ, એડવોકેટ શ્રી ગણુપતલાલ વી. પટેલ, સ્કૂલના આચાર્ય શ્રી રામભાઇ કે. પટેલ, યુવક મંડળના મંત્રીશ્રી વિઠ્ઠલભાઇ કે. પટેલ તથા યુવક મંડળના સાથી મિત્રોએ ભારે જહેમત ઉઠાવી હતી.

તખતગઢમાં સાર્વજનિક હોસ્પિટલ થશે.

સાબરકાંઠા જિલ્લાના તખતગઢ [હડમતિયાકંપા] માં હાઇસ્કૂલના દશાબ્દિ મહોત્સવ પ્રસંગે ફતેપુરના જાણીતા દાનવીર શેઠશ્રી છોટાકાકાએ તખતગઢ ગામમાં જો હોસ્પિટલ બનાવવામાં આવે તો તેમના તરફથી રૂપિયા અઢીથી ત્રણ લાખના દાનની તેઓશ્રીએ ખુલ્લી જાહેરાત કરી હતી. આ જાહેરાતને સાબરડેરીના વાઇસ ચેરમેનશ્રી શંકરભાઈ ડી. પટેલે હર્ષનાદોથી વધાવી લેવા ગ્રામજનોને ભારપૂર્વક અનુરોધ કર્યો હતો. સા. કાં. જિલ્લા જનતા પાર્ટીના મંત્રીશ્રી નાથાલાલ ડી. પટેલે તખતગઢમાં હોસ્પિટલ ઉભી કરવા માટે પોતાનો સંપૂર્ણ સાથ-સહકાર આપવાની ખાત્રી આપી હતી. ગામના માજી સરપંચશ્રી વેલજીકાકાએ ગામવતી દાનનો સ્વીકાર કરી, હોસ્પિટલ બનાવવા માટે સંપૂર્ણ ખાત્રી વ્યક્ત કરી હતી અને પોતાના તરફથી પણ રૂા. ૨૫,૦૦૧/- (પચ્ચીસ હજાર એક રૂપિયા) ના દાનની જાહેરાત પણ કરી હતી,

હોસ્પિટલ બનાવવા બાબતે બીજા દિવસે સાબરડેરીના વાઇસ ચેરમેન શ્રી શંકરભાઈ ડી. પટેલ તથા શ્રી નાથાલાલ ડી. પટેલના સાનિધ્યમાં તખતગઢ વિસ્તારના ગામ આગેવાનોની મીટિંગ મળી હતી. જેમાં રૂા. ૭,૦૦,૦૦૦/– (અંકે સાત લાખ રૂપિયા) ના ખર્ચે આધુનિક સાધનોથી સુસજ્જ હોસ્પિટલ ઉભી કરવા માટે સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

તખતગઢમાં આ હોસ્પિટલનું ઉદ્‌ઘાટન ન થાય ત્યાં સુધી ગામના સામાજીક કાર્યકર શ્રી શામજીભાઇ મતાદાર પોતાના પંચકેસ રાખશે એવી પ્રતિજ્ઞા જાહેર કરી હતી. તેને તાળીઓના ગડગડાટથી વધાવી લઇ, ફૂલહારથી તેઓશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

---

* અંબિકા કલાનિકેતન મંડળ *

આથી અમોને જણાવતાં આનંદ થાય છે કે અમો અમારી ઉપરોક્ત નાટક મંડળીના નામે ચાલુ વર્ષે સાબરકાંઠા તેમજ ખેડા જિલ્લાના કેટલાક કંપાઓમાં કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજનાં મંદિરોના પ્રાંગણમાં હિંદુધર્મનો મહાન-ગ્રંથ "રામાયણ" ભજવી બતાવવાનું ગૌરવ અનુભવ્યું છે.

સનાતન સમાજના પાટીદાર ભાઈઓએ આ મંડળી દ્વારા યોજાતા "રામાયણ" ના પ્રસંગોને અતિ હર્ષથી વધાવી લઈ સુંદર આવકાર આપ્યો છે તે બદલ આનંદ અનુભવીએ છીએ.

સમાજના બાકીના કંપાઓમાં પણ સૌ પાટીદાર ભાઇ–બહેનો અમને સહકાર આપે તેવી અભિલાષા સેવીએ છીએ.

ગુજરાત રાજ્યની બહાર પણ અમારી મંડળીએ "રામાયણ" દ્વારા સુંદર આવકાર મેળવ્યો છે.

– આયોજક –
સમસ્ત કડવા પાટીદાર સમાજના ભવાયા
પીપળેશ્વરી માતાના ભક્ત
શ્રી મનસુખલાલ કવિ
મુ. પો. કુણઘેર, તા. પાટણ

ગીતામંદિર અમદાવાદમાં :—

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજવાડી ટૂંક સમયમાં ખુલ્લી મુકાશે :—

જણાવતાં આનંદ થાય છે લાંબા સમયથી અમદાવાદ જેવા શહેરમાં કચ્છ કડવા પાટીદારના બહાર તથા ગુજરાતમાં વસતા આબાલવૃધ્ધને ઉતરવાની જે તકલીફ હતી તે પરમકૃપાળુ ભગવાનની કૃપાથી કાર્ય પૂરૂં થયું હોવાથી આ વાડી ટૂંક સમયમાં બહારથી આવનાર કચ્છ કડવા પાટીદાર સમાજના ભાઇ–બહેનો ને ઉતરવા માટે ખુલ્લી મુકવામાં આવશે.

તો દાનદાતા ભાઇઓએ ખૂબ સહકાર આપ્યો છે તો જે કંપાઓ, સો મીલો અગર બીજા કોઇપણ ઉદ્યોગવાળા ભાઇઓને નમ્ર વિનંતી છે કે ફાળો બાકીનો નોંધાવ્યો હોય તો તાકીદે મોકલી આપી આભારી કરશો. જે કંપાઓમાં પ્રતિનિધિઓ ન પહોંચ્યા હોય તેવા કંપાઓ તથા સર્વ ભાઇઓને યથાયોગ્ય મદદ કરવાની વિનંતી કરવામાં આવે છે.

લિ.

જેઠાભાઈ પુંજાભાઇ પટેલ

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, અમદાવાદ (ગુજરાત) વતી.

શ્રી નવચેતન મહિલા મંડળ, બદામકંપા

ગત તા. ૨–૧–૮૦ ના રોજ અમારા કંપામાં ઉપરોક્ત મહિલા મંડળની સ્થાપના કરી નીચે મુજબની બહેનોની કારોબારી સમિતિ રચવામાં આવી હતી.

પ્રમુખ	શ્રીમતિ	શાંતાબેન નથ્થુભાઇ પટેલ
ઉપપ્રમુખ	”	લક્ષ્મીબેન તુલસીદાસ ”
મંત્રી	”	સવિતાબેન ગંગારામભાઇ પટેલ
સહમંત્રી	”	વનિતાબેન ગંગારામભાઈ પટેલ
ખજાનચી	”	લીલાબેન છગનલાલ પટેલ
સભ્ય	”	શારદાબેન ચંદુલાલ પટેલ
”	”	કસ્તુરબેન હિંમતલાલ પટેલ
”	”	કાન્તાબેન ઇશ્વરલાલ પટેલ
”	”	મણીબેન નરસિંહભાઈ પટેલ


ઉપરોક્ત કારોબારી સહિત કુલ ૩૭ બહેનોની સભ્ય સંખ્યા ધરાવતા મહિલા મંડળની રચના કરવામાં આવી હતી.

"GARUD" Phone : P. P. 351024

ગરૂડ

એન્જીનીયરીંગ કોર્પોરેશન

૧૫/૧ F નીરોદ બીહારી મલીક રોડ, કલકત્તા—૭૦૦૦૦૬



આથી અમો સૉ મીલ તેમજ પ્લાયવુડ ધરાવતા ઉદ્યોગપતિઓને વિનંતિ કરીએ છીએ કે અમોએ ચેઈન સો મશીન બનાવવાનું શરૂ કરેલ છે. જે આધુનિક યંત્ર યુગમાં લેબર પ્રોબ્લેમમાં સહાયરૂપ થશે.


ચાલવામાં સરળ, ચાલુ એમરીમાં ચેઈન ધાર કરી શકાશે, પાર્ટની પ્રચુરતા માટે ઓર્ડર નોંધાવવા આથી વિનંતી કરીએ છીએ.

સો મશીનના પાર્ટ્સ, ટ્રોલીના પાર્ટ્સ તેમજ બેરીંગ વગેરેની માહિતી આપને મેળવી આપીશું. આપની વધારે માહિતિની જરૂરીયાત માટે નજીકના એજન્ટ સાથે સંપર્ક સાધવા વિનંતી.

ગરૂડ એન્જીનીયરીંગ કોર્પોરેશન તરફથી નિયુક્ત થયેલા એજન્ટો

એજન્ટ	રાજ્ય
૧ જીવાજી લાલજી પટેલ સરદાર પટેલ ટીમ્બર માર્કેટ નાગપુર-૩	મહારાષ્ટ્ર
૨ ગીતા ઈલેક્ટ્રીકલ્સ મુ. પો. ધનસુરા જિ. સાબરકાંઠા	ગુજરાત
૩ નાકરાણી સો મીલ નાગપુર રોડ, જબલપુર	મ. પ્ર. સાગર, ઈન્દોર, જબલપુર વિસ્તાર
૪ ચાંદબાલી ટીમ્બર ટ્રેડર્સ મુ. પો. ચાંદબાલી જિ. બાલાસોર	ઓરીસ્સા
૫ પ્રકાશ ટીમ્બર કોર્પોરેશન ૧૫/૧ F નીરોદ બીહારી મલીકરોડ કલકત્તા-૭૦૦૦૦૬	આસામ
૬ પ્રગતિ ટીમ્બર કું. ૧૭૬A જેસોર રોડ કલકત્તા-૭૦૦૦૫૫	વેસ્ટ બેંગાલ
૭ પ્રભાત હાર્ડવેર સ્ટોર્સ ધારવાર રોડ, મુ. પો. બેલગામ	મહારાષ્ટ્ર અને કર્ણાટક
૮ ભગવતી સો મીલ ફાફાડીહ, રાયપુર (મ. પ્ર.)	મ. પ્ર. ના બસ્તર અને રાયપુર જિલ્લા

લી. ગરૂડ એન્જીનીયરીંગ કોર્પોરેશન વતી, વિશ્રામ હંસરાજ પટેલ



Shree
LAXMI ENGINEERING WORKS

શ્રી લક્ષ્મી એન્જીનીયરીંગ વર્કસ
ગંગા સિમેન્ટ પાઈપ ફેકટરીની બાજુમાં,
નરોડા રોડ, અમદાવાદ-૩૮૨૩૪૦

ટે. નં. ૮૨૫૫૧
૮૨૫૫૨
૮૨૪૪૭
૩૭૪૪૭

બેન્ડ સો એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઈપણ જાતના
સ્પેર પાર્ટસ માટે અમારો સંપર્ક સાધો.

॥ શ્રી ગણેશાય નમઃ ॥

વાલાણી ટાયર્સ

સાયરા રોડ, મોડાસા જિ. સાબરકાંઠા. ફોનઃ ૬૭

આથી મોડાસા તેમજ આજુબાજુના અમારા સ્નેહીમિત્રો, વહેપારી ભાઈઓ તેમજ ગ્રાહકમિત્રોને જણાવતાં આનંદ થાય છે કે આપની જરૂરિયાત મુજબ



- ડનલોપ
- ફાયર સ્ટોન
- ગુડઇયર
- સીયેટ વગેરે
- કંપનીનાં બનાવેલ

ટાયર – ટ્યુબ,

દરેક સાઈઝમાં જેમકે ટ્રક, ટ્રેકટર, મોટરકાર, મોટર સાયકલ તથા

● બેલ ગાડાના કમ્પલીટ ટાયર સેટ ●


દરેક સાઇઝની **બેરીંગો ★ એકસલ ★ હબ ★ વીલપ્લેટ**

તેમજ તેને લગતો તમામ સામાન વ્યાજબી ભાવે મેળવવા અમારી ધનસુરા તેમજ મોડાસાની દુકાનોની મુલાકાત લેવા વિનંતી છે.

★ ઓથોરાઇઝડ ડીલર્સ ઇન :—

- ડનલોપ ઇન્ડિયા લિ. કલકત્તા, ગુડઈયર ઇન્ડિયા મુંબઇ લિ.
- ફાયર સ્ટોન ટાયર એન્ડ રબ્બર કુાં. ઇન્ડિયા પ્રા. લિ. મુંબઇ.
- સીયેટ ટાયર્સ ઓફ ઇન્ડિયા લિ. મુંબઈ.
- મદ્રાસ રબ્બર ફેકટરી લિ. મદ્રાસ.
- ઈન ચેક ટાયર્સ લિ. કલકત્તા.
- નેશનલ રબ્બર મેન્યુફેકચર્સ લિ. કલકત્તા.

અમારી મુખ્ય દુકાન : **નેશનલ ટાયર્સ**



સ્ટોકીસ્ટ :—

* મે. ઘનશ્યામ ફર્ટીલાઈઝર, ગાબટ રોડ, બાયડ.
* મે. કિશાન ટ્રેડર્સ., એસ. ટી. ડેપો પાસે, મોડાસા.
* મે. પટેલ ફર્ટીલાઈઝર ટ્રે કું. સ્ટેશન રોડ, હિંમતનગર.
* મે. અમર ફર્ટીલાઈઝર, સહકારી સંઘ સામે, ઈડર.

FEBURARY-'80 Reg. No GHMR/5

શ્રી. નં.

Boook - Post

To,

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ
ધનસુરા, જિ. સાબરકાંઠા

થી ચાલતુ

શાન વ

ભુજ
ધનસુરા
માછ

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન
સમાજ યુવક મંડળ તરફથી

★ ★ ★

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ
આદર્શ રજુ કરતુ પ્રાણવાન માસિક

જાગૃતિ

શ્રી ઉમીયાય નમઃ



તંત્રી : કાન્તિલાલ કે. પટેલ બી. એ.

વર્ષ ૨૨ અંક ૩ માર્ચ–૧૯૮૦

卐 જાગૃતિ 卐

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૦/, પરદેશમાં શિલિંગ ૨૦- અને છૂટક નકલ કિંમત ૧ રૂા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૨૦૧/ પરદેશમાં રૂા. ૨૫૧/ નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છિતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર કંઈ પણ સૂચન હોય તો

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ –પ્રકાશક

શ્રી. નાનજીભાઈ કે. પટેલ –આદ્યતંત્રી.

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી.
બી એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed.
સહતંત્રી : જાગૃતિ

: સંપાદકો :

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. Sc.
તલોદ.

શ્રી શામજીભાઇ એસ. પટેલ
વડાગામ

ડૉ. ધનજીભાઈ કે. પટેલ
જી એફ. એ. એમ., એલ. એમ. પી

ડૉ. હંસરાજ એમ. પટેલ M.B.B.S.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ M. Sc.

શ્રી અરજણભાઇ વી. પટેલ, એદલપુરાકંપા

શ્રી પ્રેમજીભાઇ એ. પટેલ, ધનસુરા.

શ્રી. રતિલાલ એમ. પટેલ



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી-કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૬ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭ આસો વદ ચૌદસ

અનુક્રમણિકા

બુદ્ધિ *

- બુદ્ધિનો મોટામાં મોટો દોષ અસુયા છે. બીજાનું સારું જોઈને બળે એ જ અસૂયા. અસૂયા આલોક–પરલોક બન્ને બગાડે છે. અસુયા જ્ઞાનશક્તિના વિકાસમાં અવરોધક છે. બુદ્ધિમાં જ્યાં સુધી અસુયા હશે ત્યાં સુધી તે ઇશ્વરનું ચિંતન કરી શકશે નહિ.

- બુદ્ધિમાં રહેલી સુક્ષ્મ વાસના પ્રભુ ચિંતનમાં વિઘ્ન કરે છે. બુદ્ધિમાંથી પણ વાસનાનો વિનાશ કરવાનો છે. બુદ્ધિમાં વાસનાનો થોડો પણ અંશ રહી જશે તો બુદ્ધિ નિર્વાસન થશે નહિ, શુધ્ધ થશે નહિ, સ્થિર થશે નહિ.

- દાન આપવાથી, પૈસા વડે પરોપકાર કરવાથી, ધર્મશાળાઓ બંધાવવાથી, યજ્ઞો કરવાથી કે જીર્ણોદ્ધાર કરવાથી બુદ્ધિ સુધરતી નથી. જપ, તપ, સત્કર્મ આદિથી મન–ઇન્દ્રિયોમાં રહેલ કામનો વિનાશ કરી શકાય છે. પણ બુદ્ધિમાંથી કામ જલદી જતો નથી. કોઇ નિષ્કામ મહાપુરુષ મળે હાથ પધરાવે તો બુદ્ધિ સુધરે છે; બુદ્ધિમાંથી કામ હરે છે.

તંત્રી સ્થાનેથી.....

આજના નિવૃત્તિ થયેલા લોકો દરેક ગામમાં જઈ માણસોને ભેગા કરીને સમજાવતા હોત તો શિક્ષણનો પ્રશ્ન જ ન રહેત. ધર્મ ટકાવત તો શિક્ષણનો પ્રશ્ન આપોઆપ ઊકલી જાત. વાસ્તવમાં આ કામ યુવાનોનું નથી. પરંતુ ઘરડાઓ આ કાર્ય ન કરે તો આપદ્‌કાળ સમજી યુવાનોએ કરવું જ જોઈએ. વાનપ્રસ્થ શિક્ષક હોય તો પ્રભુના ભજનમાં પણ તે નિઃશંક થયો હોય, આજે શિક્ષણમાંથી ઈશ્વરને કાઢી નાખ્યો છે, તેથી જ સેતાનનાં કારખાનાં થયાં છે, અને સંસ્કૃતિ, નીતિ, ધર્મ વગેરેનો આ સેતાનોએ સત્યાનાશ નોતર્યો છે. જે ઠેકાણે બધા જ દાંભિકો હોય ત્યાં પ્રભુનું કાર્ય કરવાની વાત તો આઘી રહી, પણ માણસનું કાર્ય પણ નહીં થાય. કોઈ શાળા કે કોલેજમાં ઈશ્વરનું નામ નથી. કોઈને ધર્મ કે ઈશ્વર પર શ્રદ્ધા નથી, નિષ્ઠા નથી. કેવળ અર્થનો જ વિચાર પ્રધાન છે. નીતિનાં સૂત્રો કોણે ઉડાવ્યાં ? અભણ લોકોએ ? ના, ભણેલાઓએ જ ઉડાવ્યાં છે.

આજે દરેક ગામડામાં શિક્ષણનો પ્રશ્ન છે. આપણે ત્યાં દરેક છોકરાને તપોવનમાં મોકલવામાં આવતો અને વાનપ્રસ્થીઓ ઘરનું ખાઈને શિક્ષણ આપતા. આજે પૈસા લીધા વિના કોઈ કામ કરે છે એ કલ્પના જ લોકોને આવતી નથી. વાનપ્રસ્થીઓને લીધે તપોવનોને આર્થિક પ્રશ્ન નડતો જ નહિ, અને છતાંયે ઉત્તમ ભણતર મળતું. મગજમાં ખુમારી રાખીને, 'ઈશ્વરશક્તિ મારી પાછળ ઊભી છે' તે વિશ્વાસથી આવી વિચારક્રાંતિ લાવવી જોઈએ.

આજે પણ **residential hostels** નીકળી છે, પરંતુ તેમાં રહેનારા છોકરા બાપા જોડે રહેવા તૈયાર થતા નથી.

તપોવનશિક્ષણપ્રણાલી એવી હતી કે તેમાં વધારે ખર્ચ ન હતો. હમણાં દિલ્હીમાં **Administrative College** ખોલવામાં આવી છે. તેના મકાન માટે ત્રીસ લાખ રૂપિયા ખર્ચ્યા છે અને તેમાં એકસો વિદ્યાર્થીઓને રહેવાની સગવડ છે. હમણાં ત્યાં પચીસ વિદ્યાર્થીઓ રહે છે. વળી ભણાવવાવાળા [illegible] અને [illegible] ખર્ચનો હિસાબ મૂકો તો તે કોલેજમાં દરેક છોકરા પાછળ રૂપિયા ત્રીસ હજારનો ખર્ચ થયો [illegible]

આજે વાનપ્રસ્થીને પૂછીએ કે તમે શિક્ષણ માટે આવશો, તો તે તરત પૂછશે, શું આપશો ? તમે કંઈ આપવાના ન હો તો અમે નિવૃત્ત થઈને પૌત્રને રમાડતા બેસીએ એમાં શું ખોટું છે ?" માનવશક્તિનો આ કેવો અપવ્યય છે ?

પ્રાચીન કાળનાં તપોવનોને પુનઃ નિર્માણ કરવાં કે નહીં તેનો આધાર યુવાનો ઉપર છે. તેના માટે બળવું પડશે, પાયાના પથ્થર થઈને દટાવું પડશે.

સંસ્કૃતિ ચિંતનમાંથી સાભાર

તમે પણ માનશો ?

કુ. સંધ્યા આર. પટેલ . Y. B. Sc.
ઘાટકોપર મુંબઈ

" ભગવાન "
પણ શું ?
ભગવાન એ જ સર્વશ્રેષ્ઠ !
કઈ રીતે ?
મંદિરે જાય છે ?
હા !
શું જુએ છે ?
માત્ર પ્રતિમા !
માત્ર પ્રતિમા ?
હા !
કેમ
શ્રદ્ધા નથી !
નથી કેમ ?
વિશ્વાસ નથી બેસતો !
પણ કેમ ?
ઢોંગ કરે છે ?
કોણ ?
બધા
પણ કેમ એમ ?
વિશ્વાસ નથી માટે !
કેમ નથી
શ્રદ્ધા નથી માટે
તો કેવળ !
પણ કઈ રીતે
વિશ્વાસ રાખીને
કેમ રખાય !
શ્રદ્ધા રાખીને !
તમે રાખો છો ?
ના !
તો માનો છો ?
હા !
કેમ
બધાની જેમ
'Thank You'
પણ શેને માટે ?
માર્ગ ચીંધ્યો તેથી !
કયો માર્ગ ?
Follow the Fallની

卐 ॐ 卐

ભાવ નિર્ઝર અમદાવાદ

સંકલન : પ્રા. જે. બી. દ્વિવેદી, સ્વાધ્યાય કેન્દ્ર, **તલોદ. તા. ૧૪-૪-૭૯**

શનિવારની સાંજ એટલે ભગવાન યોગેશ્વરના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો અંતિમ દિવસ. આજે પણ વિશાળ જનમેદની પોતાને અનુકુળ એવી જગ્યાએ સમયસર ગોઠવાઇ ગઇ. પૂ. દાદા આવ્યા. સર્વેના કાન તેમની શ્રી વાણીને સાંભળવા ઉત્કંઠીત થયા.

વસુદેવં સુતંદેવ જગદ્દગુરૂ શ્રી કૃષ્ણને વંદન કર્યા પછી પૂ. દાદાએ આ મહોત્સવના અંતિમ દિવસે ઉપસ્થિત રહેનાર દક્ષિણ ગુજરાતના સ્વાધ્યાયીઓને વિશેષ ભાગ્યશાળી ગણ્યા.

પૂ. દાદાએ મૂર્તિપૂજા-ભક્તિ એ સંપૂર્ણ વૈજ્ઞાનિક છે તેમાં શંકા રાખવાની કોઇ જરૂર નથી. સર્વ વ્યાપક ઈશ્વર જો જગતમાં આટલા બધા વિવિધ આકારો સર્જી શકે તો પોતાને માટે આકાર ના સર્જી શકે ? ચોકકસ સર્જી શકે. સગુણ સાકાર યોગેશ્વર શ્રી કૃષ્ણને આપણે યોગેશ્વર શબ્દથી કેમ સંબોધ્યા ? કેટલાક લોકો પૂછે છે, 'શાસ્ત્રીજી આ યોગેશ્વર કયાંથી આવ્યા ? પૂ. દાદાએ જનમેદનીને સ્પષ્ટતા કરી કે શ્રી કૃષ્ણના જન્મથી દેહોત્સર્ગ સુધીમાં બધા સમયમાં સર્વશ્રેષ્ઠ પળ-સમય હોય તો તેમણે અર્જુનને વિશ્વરૂપ દર્શન કરાવ્યું તે સમય છે. ભગવાન કૃષ્ણ કહે છે કે યોગેશ્વર કૃષ્ણે પોતાની યોગ માયાથી તે સ્વરૂપ બતાવ્યું માટે આપણે 'યોગેશ્વર' શબ્દ પકડયો છે. આમાં નવું નથી. રામ અને કૃષ્ણે સંપૂર્ણ માનવીય અવતાર હતા. માણસને ઈશ્વર માનવીય રૂપમાં જોઇએ છે. કેટલાક લોકો કહે કે કૂતરો-ગધેડો ઇશ્વરની કલ્પના કરે તો તે પોતાના રૂપમાં કરશે. પૂ દાદાએ જણાવ્યું કૂતરા-ગધેડામાં જયારે આત્મબુદ્ધિ ખીલશે, ઈશ્વરના સ્વરૂપ માટેની ઝંખના જાગૃત થશે તો ચોકકસ તેમનો ઇશ્વર તેમના રૂપે મળશે. ગીતામાં કહ્યું છે કે જે માણસ મને જે રૂપે ભજશે તેને તે રૂપે મળીશ. મૂર્તિપૂજા ભકિત શા માટે? આપણું મન Progrersive, Powerful and Sensitive બનવું જોઈએ, તે માટે મન કયારે પ્રગતિશીલ, શકિતશાળી અને સંવેદનક્ષમ બને જયારે તે પ્રભુનો બને. તે કોઇ પણ રીતનો આત્મીય સંબંધ બાંધે પછી તે

પિતા પુત્રનો હોય, મિત્રનો હોય કે પ્રિયતમ-પ્રિયતમાનો હોય, ગીતાને વાંધ્યાથી નિરૂત્સાહી ના હોય, રોતલ ના હોય તેનામાં અજબની ખુમારી હોય વિશ્વાસ હોય કારણ તે પ્રભુનું કામ કરે છે. પ્રભુનું કામ કરી તે પુત્રત્વ સબંધ સ્થાપે છે. પુત્રને સંતોષવા પિતા જેમ તેની ઇચ્છા અનુસાર કપડાં પહેરે તેમ આપણા મનને કપડાં જોઇએ. શરીરને વસ્ત્ર જોઇએ તેની સાથે બધાં સંમત પણ મનને આપણે નગ્ન રાખીએ છીએ. પૂ. દાદાએ જણાવ્યું કે હમણાં પછાત જ્ઞાતિના લોકો મને મળવા આવ્યા. પછાત કોને કહીએ ? જેનાં કપડાં ફાટેલાં હોય, જેનો જીવન વિકાસ ન થયો હોય, અરે જીવન વિકાસની દિશામાં થોડો વિચાર પણ ના કર્યો હોય, જેઓ સતત રોટી અને ઇન્દ્રયોને સંતોષવા યત્નશીલ રહ્યા હોય તે પૂ. દાદાએ કહ્યું કે આધ્યાત્મિક દષ્ટિએ આપણે બધા પછાત છીએ આપણા મન ઉપર કોઇ આધ્યાત્મિક રૂપ વસ્ત્ર નથી. પૈસો, પદ અને જગતના અન્ય વિષયોમાં આકંઠ ડૂબેલા હોવાથી જીવન વિકાસ અંગે કશું વિચાર્યું નથી. ગીતાનો પાઠ ઘણાં કરતાં નથી. કેટલાંક લોકો ગીતા વાંચશે તો Critical Outlook થી, કેટલાક લોકો ગીતા પર ચોખા અને કંકુ ચડાવે છે. આ બધું બરોબર નથી. ગીતા જેવો અન્ય ગ્રંથ બરોબર નથી જે જીવનના બધાં પાસાં ને સ્પર્શ કરી ઇશ્વરના સાહચર્ય માટે માણસને તૈયાર કરે. લગ્નમાં કન્યા માટે ચૂંદડી વરરાજાની આવે છે. પિતાનાં કપડાં ત્યાગ કરી પતિનાં કપડાંનો પહેરે છે. તેમ આ જીવે પણ ઇશ્વરની મોકલાવેલી ચૂંદડી પહેરવી જોઇએ. ઇશ્વર સાથે પ્રિયતમ-પ્રિયાનો ભાવ કેળવવો જોઇએ તો મધુરા ભકિતના ચરમપદ જેવા શાશ્વત મિલન માટે જીવ અને શિવ આતુર બને ઉપનિષદમાં કહ્યું છે ને પંખીઓ વૃક્ષ પર બેઠાં છે એક સ્વાદનો અનુભવ કરે છે બીજો તટસ્થ રીતે જોયા કરે છે તેની સામે જીવ અને શિવ જયારે પગથીયાં ચડતાં ચડતાં ધીમે ધીમે રાધા-કૃષ્ણના ચિરકાલીન પ્રેમની જેમ તૈયાર થાય ત્યારે મધુરા ભક્તિ જે શ્રી વલ્લભે, રામાનુજે, નરસિંહે, મીરાંએ જીવનના વ્યવહારમાં ઉતારેલી તે જોવા મળે. તે ક્ષણ કયારેક આવે અને તે ક્ષણ માટે જ આપણે સ્વાધ્યાયમાં પ્રમાદ નહિ રાખવાનો પૂ. દાદાએ જીવ અને ઇશ્વરના સંબંધને પ્રિય અને પ્રિયતમના સાથે સરખાવ્યો ત્યારે 'પ્રેમ' કોને કહેવાય તેની રસપ્રદ ચર્ચા કરી. પ્રેમ ગુણ રહિત હોવો જોઇએ. કેટલીક વાર આપણે ઈશ્વરને પ્રેમ કરીએ છીએ કારણ તે સવેરી, સર્વ શકિતમાન, સમર્થ, પરમકારૂણિક છે, માટે જો એ ગુણો ના હોય તો તેને યાદ પણ ન કરીએ. કોઈ છોકરી વરની સુંદરતાના ગુણને ધ્યાનમાં રાખી પ્રેમ કરે અને જો કુરૂપ થાય તો તે પ્રેમ ના પણ કરે તેથી જયારે કારણ મળતાં પ્રેમ બદલાઇ જાયતો તે પ્રેમ ના કહેવાય પ્રેમ કામના રહિત હોવો જોઇએ. આપણે ઇશ્વરને

 પ્રેમ કરીએ કારણ મંગલો જોઇએ, મોટર જોઇએ કે ભગવાન તારી સત્યનારાયણની પૂજા કરાવીશ પણ આ કામ થયતો આ પ્રેમ ના કહેવાય વિશ્વામિત્ર, વશિષ્ઠે, પ્રભુને પ્રેમ કરેલો યાજ્ઞવલ્કય મુનિએ જ્યારે શુકલ યજુર્વેદની રચના કરેલી, પ્રભુનું કામ કરેલું ત્યારે શું કામના રાખેલી ? કોઇ નહિ. માત્ર પ્રભુનું કાર્ય કરવું. પ્રેમ 'ક્ષણે ક્ષણે વર્ધમાન' હોવો જોઇએ. આપણો પ્રેમ તો ઉમ્મર સાથે, કયારેક સંબંધ ધરાવે છે. લગ્નજીવનની શરૂઆતમાં પતિ–પત્ની કેવો વ્યવહાર કરે છે, અને તે જ લોકો લગ્ન જીવનનાં જ્યારે વીસ પચ્ચીસ વર્ષ અનુભવે છે પછી તેમનો પ્રેમ જુઓ કયારેક તો એમ લાગે કે તેઓએ કદી પ્રેમ કર્યો હશે કે કેમ ! પ્રેમ સુક્ષ્મતર હોવો જોઇએ. પ્રેમનું પ્રદર્શન ના થાય. જાહેરમાં તેની અભિવ્યકિત થાય ત્યારે સમજવું કે તેમનામાં આવડત નથી. પ્રિયતમ કયારે ઇશારો કરે તે ફકત પ્રિયા જ જાણે જગતના જાણે આપણે એટલે જીવ ઇશ્વરને પત્ર લખે ત્યારે તેની વિગત મહત્વની નથી પણ આ કાગળ મારા પ્રિયનો છે. તેણે મને લખ્યો છે અને મેળવનાર પણ આ પત્ર મારી પ્રિયાનો લખેલો છે એટલું જ. પત્ર શબ્દ રહિત હોય છતાં અર્થપૂર્ણ હોય છે. સાર્થક હોય છે. પ્રેમ સૂક્ષ્મ જોઇએ. પ્રેમ અનુભવ-રૂપે હોય છે. આપણા અનુભવોમાંથી પ્રાપ્ત થતો હોય છે. તે માત્ર વિગત નથી પણ અનુભૂતિ છે. તે અનિર્વચનીય છે કેટલાયે જન્મ જન્માંતરોથી જીવ–શિવની પ્રેમલીલા ચાલે છે. શિવ તો હંમેશાં આતુર હોય છે પણ જીવ અવિદ્યાગ્રસ્ત હોવાથી બહિર્મુખ બની વિષયોના સુખમાં રાચે છે. ગર્ભાવાસથી ૬૮ નોટ આઉટ સુધી જે આપણને ખવડાવે, સુવડાવે, ખાધેલા અન્નેન લેયાવી લોહી તૈયાર કરી શરીરમાં ભ્રમણ કરાવે, દિન રાત સેવા કરે તેને પ્રેમ નથી કરતા અને જે નશ્વર છે, મનોવૈજ્ઞાનિક છે, માયિક છે તેને વાસના યુકત સંબંધો રચી બંધાઇએ છીએ આમાંથી છૂટવાનો રસ્તો કયો ? મુકિતનો માર્ગ કયો ? તે રસ્તો ગીતા બતાવે છે, માટે જ ગીતા લઇ ઘેર ઘેર તેનો સંદેશ આપવાનો છે ગીતા એટલે ભગવાન યોગેશ્વરના શબ્દો, ઉચ્ચ વિચારો અને તેને અનુરૂપ જીવન વ્યવહાર, મહાભારતમાં ભગવાન કૃષ્ણ હોય કે રામાયણના રામ હોય તેમણે કદી પોતે ઇશ્વર જેમ વર્તન કર્યું નથી પણ આપણી જેમ માનુષ વર્તન કરેલ છે. રામાયણમાં રામ કહે છે. હું દશરથનો રામ છું તેથી વિશેષ મારી જાતને માનતો નથી. મહાભારતનો નંદકુંવર પણ કહે છે "વસુદેવં સુતં" રામ અને ઇશ્વરને તો આપણે દેવ માન્યો, ઇશ્વર માન્યા અને તે પણ આપણી સ્વાર્થી ઇચ્છાઓને સંતોષવા, ભગવાન યોગેશ્વર એટલો મૂર્ખ નથી કે તમારી ખુશામતને ન જાણે ભકિત એ ખુશામત નથી ભકિત એ સતત ચાલતી, જીવન વિકાસને પોષક એવી પ્રવૃત્તિ છે. ભકિત એટલે ફૂલ ચડાવવાં, તાળી પાડવી

આરતી ઉતારવી કેટલો નામ જપ કર્યો તેનહિ પણ કેટલો આત્મવિકાસ કર્યો તે છે ભકિતથી માણસ બદલાવવો જોઇએ, તેનો વિકાસ થવો જોઇએ. જડત્વ, ઇન્દ્રિય લાલસા, રાગ–દ્વેષ મનોવૃત્તિઓ જવી જોઇએ. ભકિત એ સહેલી નથી તે તો હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને' ભગવાન પૂર્ણ પુરૂષોત્તમ આપણને સાક્ષાત ગીતામાં યોગ પ્રબોધે છે. યોગનો અર્થ યોગાસન નહિ. આ કંઇ ચમત્કાર નથી. ૧૫ મિનીટમાં સમાધિ. ઇશ્વર પ્રાપ્તિનો ટૂંકો માર્ગ એવી કોઇ બાબત નથી, ભગવાન શ્રી કૃષ્ણે કહ્યું છે કે 'બહુનાં જન્મના અંતે' બહુ જન્મો પછી ઇશ્વર દર્શન આપે છે. તે માટે કોઇ ટુંકો રસ્તો નથી. આંખો મીંચો અને ઝટપટ ઇશ્વર દેખાય તે બીજો ઇશ્વર હશે, ભગવાન યોગેશ્વર નહિ. પરણતાં પહેલાં કન્યાની પરીક્ષા લેવાય, ડીગ્રી આપતાં પહેલાં પરીક્ષા લેવાય, ઉચ્ચ કોટીની પદવી માટે એક નહિ પણ વિવિધ પ્રકારની કસોટી લેવાય તો ભગવાન વગર પરીક્ષાએ આપણને પ્રાપ્ત થાય ખરો ? તે પણ આપણી કસોટી લે છે, તે પરીક્ષા આ જીવનમાં આપણે આપીએ છીએ: તે પરીક્ષા કગાર્લિયતની હોય, એટલે વિપત્તિમાં ગરીબીમાં મને ભુલી ગયો કે નહિ ? માત્ર દેવને દોષ દઇ, માથે હાથ મૂકી બેસી રહ્યો કે શું કર્યું ? જો તે દીન, હીન, લાચાર બની અકર્મણ્ય થયો હોય તો નાપાસ. તેણે ગરીબીમાં પણ ઇશ્વરની કૃપા હશે માની પ્રભુ રીઝે તેમ કાર્ય કરવું જોઇએ. એક રીતે તો જીવનમાં અછત સારી, અછત હોય એટલે પ્રભુ યાદ આવે. ભગવાનના ભકતો આવી ભૌતિક અછતમાં પણ ઉચ્ચ પ્રકારનો માનસિક વિકાસ સાધતા હતા માટે ખાસ ભગવાન સંપત્તિ આમીને પરીક્ષા લે સંપત્તિ મેળવી છકી જાય મત્સરયુકત બને 'આટલું' મારુ ધન છે. બીજુ હવે હું વધારે મેળવીશ આમ જયારે વિચારે ત્યારે નાપાસ. ચોકડી માર્ક પરંતુ માનવ જયારે આ સંપત્તિનો ઉપયોગ પ્રભુના કાર્યમાં સર્વ સાધારણ હિત માટે નિષ્કામ રીતે ઉપયોગ કરે ત્યારે ખાસ ઇશ્વર વિદ્યા આપીને કસોટી કરે બે ત્રણ યુનિવર્સિટીનો પી. એચ. ડી. થાય અને તે બોલે કે Where is god ? There is no god I dont betieve in god તો નાપાસ પરંતુ તે માણસ તે બુદ્ધિનો ઉપયોગ અન્ય લોકે ને ઇશ્વરાભિમુખ કરવામાં સાચી શુધ્ધ વૈજ્ઞાનિક મૂર્તિપૂજા અને પ્રભુનો અમર સંદેશ ગીતાજ્ઞાન સમજાવવામાં અને જીવનવિકાસ માટે ઉપયોગ કરે ત્યારે વાસ કેટલીકવાર પ્રભુ કિર્તીની કસોટી આપે લોકો પગે પડે, નમસ્કાર કરે ત્યારે આ જીવ કુલાય કે હું કેવો છું. લોકો પડાપડી કરે છે. મને પગે પડવા ફુલહારના તો ઢગલા થાય છે આમ મનમાં અભિમાન લાવે તેઓ નાપાસ. આ પ્રસંગે તટસ્થ રહે અને વિચારે નેપોલિયનની જેમ કે જે લોકો આજે હાર પહેરાવે છે તે બંદુકની ગોળી પણ મારશે

ફુલોના હારના સાથે ખાસડાં પણ જનતા મારતી હોય છે. તે માણસ ના ભૂલે, ત્યારે પાસ આમ ઇશ્વર અનેક કસોટી કરે ચકાસે ત્યારે જીવ ઇશ્વર દર્શન માટે લાયક અધિકારી થયો ગણાય ઉચ્ચ સત્તા અને અધિકાર આપી પણ પ્રભુ કસોટી કરે ઠીક આ રસ્તો સહેલો નથી તેને માટે યોગેશ્વરે ઉદ્બોધેલો યોગ કરવો જ રહ્યો કેટલાક લોકો યોગ એટલે પ્રાણાયામ, શ્વાસ ધીમો લેવો, શ્વાસ ઊંડો લેવો માથુ નીચે પગ ઊંચા આમ કરે છે. તે ઠીક નથી જો કે આરોગ્ય માટે જરૂરી છે, 'શરીર માદ્યં ખલુ ધર્મ સાધનમ' શરીર સ્વસ્થ હોવું જોઇએ પરંતું, યોગનો અર્થ શારીરિક પુષ્ટિ માટેના સાધનો તેમ કરાય નહિ, તો પછી યોગ એટલે શું ? ગીતામાં ભગવાન કૃષ્ણ કહે છે કે 'તસ્માદ્ યોગી ભવાર્જુન' હે અર્જુન તું યોગી થા. યોગી એટલે જોગટો નહિ, માથે જટા હોય, દાઢી વધારેલી હોય, ભગવાં કપડાં પહેર્યાં હોય, જંગલમાં ગૂફામાં યા નદી તટે નિવાસ કરતા હોય જાદુ કે ચમત્કાર કરતા હોય તે જોગી ? ના બિલકુલ નહિ યોગનો અર્થ થાય જોડાઇ જવું યુજ એટલે જોડાવું તું પ્રભુ સાથે જોડાઇ જા કેઇ પણ સંબંધથી જોડઇ જા પછી તે સંબંધ માંગણનો હોય, સેવકનો હોય, મિત્રનો હોય, અથવા પ્રિયતમ પ્રિયતમાનો હોય, કોઇપણ સંબંધે જોડાઇ જવું તેનું નામ યોગયોગી બ્રહ્મચારી હોવો જ જોઇએ તેવું નથી. મહર્ષિ યાજ્ઞવલ્કય બે સ્ત્રીઓની સાથે પરણ્યા હતા. તપસ્વી કરતાં, કર્મયોગી કરતાં તેમજ જ્ઞાની કરતાં, મને યોગી વધુ ગમે છે માટે તું યોગી થા ગીતાના દરેક અધ્યાયને અંતે "યોગશાસ્ત્ર" પ્રયોજાય છે. યોગેશ્વરે યોગ પ્રેમ કરવો તે બતાવ્યું છે. કર્મ કેમ, કેવીરીતે અને શા માટે કરવું તે બતાવ્યું છે. જનક, શંકરાચાર્યને શું કામ કરવાનું બાકી હતું 'ન તસ્ય કાર્યં વિદ્યતે' છતાંયે પ્રભુના લાડકા દીકરા હોવાથી તેમણે ઘણાં કામો કર્યાં નિઃસ્વાર્થ રીતે, બદલાની અપેક્ષા વગર, કેઇપણ મળવાની કે મેળવવાની ઇચ્છા રાખ્યા વગર તેનું નામ યજ્ઞ સ્વાધ્યાય અને તેમાં સ્વાધ્યાયીઓ પ્રમાદના કરે. યોગ એ માત્ર સમાધિ નથી પરંતુ જાગૃત અવસ્થામાં આપણને નિદ્રાસમયે જે સુખ મળે તે સુખ ધીમે ધીમે ધ્યાન વધારવાથી મળે. યોગેશ્વરની મૂર્તિને માત્ર મંદિરમાં જ નહિ, હૃદયના મંદિરમાં નિહાળો, શરીર એ ભગવાનનું મંદિર છે માટે તે સ્વસ્થ અને સ્વચ્છ હોવું જોઇએ. સુંદર હોવું જોઇએ. જટા વધારેલું દાઢીવાળું રોતલ મુખના જોઇએ. યોગથી ધીમે ધીમે આત્મ જ્ઞાન થશે. એક નવો outlook આવે છે પછી જગતના કોઈ દુઃખો, વિટંબણાઓ તેને વિચલીત કરી શકતા નથી માણસ અટળ, નિશ્ચલ બને છે. જ્ઞાન તેનું પણ માણસને અભિમાન થાય છે, એક સન્યાસી ભિક્ષ લેવા ગયા. ગૃહિણીએ કહ્યું હે મહારાજ રસોઇ થાય ત્યાં સુધી

સ્નાન કરી, પ્રાતઃકાલીન વિદ્યામાંથી પરવારો ત્યારે મહારાજે કહ્યું અમારે સ્નાનની શી જરૂર? જ્ઞાનવારિથી અમો હંમેશાં સ્નાન કરીએ છીએ સ્ત્રી હોશિયાર હતી. તીખું તમતમતું ભજીયું ચાખ્યું મહારાજે ખાતાંની સાથે પાણી માંગ્યું. બાઈએ જવાબ આપ્યો જ્ઞાનવારિથી તરસ છીપાવો મહારાજ આમ આડની સાત્વિક સ્થિતિ હોય છે તે પણ જવી જોઈએ. આપણા મનને સ્ત્રીના જે નૈસર્ગિક ગુણો છે તે પ્રાપ્ત થવા જોઈએ (૧) અગતિકતા (Passivity) હે ભગવાન હું કાંઈ કરી શકું તેમ નથી. (૨) ગ્રહણશીલતા (Receptivitu) હે ભગવાન તું જે કોઈ આપે તે જ મારે ગૃહણ કરવાનું તારું જ આપેલું તારા હથનું જ દીધેલું મારે લેવાનું બીજા કોઈની પાસે તો નહિ પણ મારે તારી પાસેથી પણ માંગવું નથી હું તારું કામ કરીશ. તારે મને આપ્યે જ છૂટકો તારા કામ માટે દિન રાત પ્રયત્ન કરીશ પછી તું મને યોગક્ષેમની ચિંતામાંથી ઉગારવાનો છે તેની ખાત્રી છે મને તેમાં પૂર્ણ વિશ્વાસ છે (૩) લજ્જા (૪) આત્મસમર્પણ વગેરે આ ગુણોથી હૈયું ભીનું બને છે. આર્દ્ર બને છે. ભગવાનની સાથે નિત્ય સંબંધ સ્થળાવો જોઈએ. માત્ર સંગ નહિ સંગ તો સવારે હોય અને સાંજે ન પણ હોય સંગતો કાળની કેડી પર થોડા સમય માટે હોય. હે ભગવાન મારે તો તારી સાથે નિત્ય સંબંધ બાધવાનો છે. પરણી જવાનું છે તારા રંગથી રંગાયેલી, તારી આપેલી ચૂંદડી મારે ઓઢવાની છે. મારે યોગી થવાનું છે તેથી ગીતા સ્વાધ્યાયના પ્રવચનમાં જરાયે પ્રમાદ રાખવાનો નહિ. 'મન્મના ભવ' 'મય્યાવેશ્ય બનો' શ્લોકમાં ભગવાને મનને માંગ્યું છે. મંદિર, ભક્તિ એ ધ્યાન માટનાં સાધનો છે. સાધ્ય તો છે ભગવાન યોગેશ્વર સાથેનું જીવ અને શિવનું, મધુરા ભક્તિના ચરમ પગથીયા જેવું મિલન, જો સેવક સબંધથી જોડાયું હોય તો સેવક શુધિ, દક્ષ, અનુરક્ત અને સંપૂર્ણ શરણાગતિ સ્વીકારનાર આત્મ સમર્પણ વાળો હોવો જોઈએ. દાસ્યભક્તિ હનુમાન જેવી કરવી કઠણ હોવાથી આપણે બીજા વિકલ્પો શોધ્યા જેવા કે મિત્રનો પિતા પુત્રનો અને છેલ્લે પ્રિય પ્રિયહિસિદેવ સોહુમ માણસની સંકોચ ગ્રંથી બે જગ્યાએ છૂટે (૧) વાત્સલ્યાસક્તિ અને (૨) કાન્તાશક્તિ આપણે બન્ને ગ્રંથીઓ વિષે જોયું છે. હવે આજે દક્ષિણ ગુજરાતના આવેલા સ્વાધ્યાયી ભાઈ ઓના પ્રેમથી તેમજ અન્ય જીલ્લાઓના સ્વાધ્યાયીઓના પ્રેમપુર્વક નિમંત્રણને માન આપી ભગવાન સર્વવ્યાપક નિર્ગુણ નિરાકાર આપણે માટે સગુણ સાકાર યોગેશ્વર બની આવ્યો છે. સગુણ સાકાર ભગવાન છે તેમાં શંકા ન લાવતા બુધ્ધિવાદીઓ એ શંકા કેટલીકવાર ઉભાં કરે છે. Being અને Becomingની વાતો કરે છે. જયારે આપણે ફૂલ હાથમાં લઈએ છીએ ત્યારે મનને Shock લાગે છે, આ વસ્તુ ફૂલ

છે, તેની સાથે તેના ગુણાનો ખ્યાલ આવે જ છે. જગત Evolved છે કે Created તેનો ખ્યાલ કરજો જયારે જગતને સર્જન માનીએ ત્યારે Form આવે અને Formની સાથે Qvality આવે જ. ભગવાનની Qvalities આપણે જાણીએ છીએ તો Formમાં કેમ વિશ્વાસ નથી મૂકતા. Form હોય જ માટે મૂર્તિપૂજા સગુણ સાકારની, યોગેશ્વરની એ સંપૂર્ણ વૈતાનિક છે. ભકિતએ માત્ર Proffessional કે Occupation ના જોઇએ તે માત્ર વ્યવસાય કે સમય પસાર કરવાનું સાધન નથી. ભકિત Emotionalના જોઇએ. લાગણીનો ઉભરો શમ્યા પછી મન પાછું એજ ભૌતિક સ્થિતિમાં આનંદ લેતું થઇ જાય માટે ભકિતમાં જે ઘેલછા, ગતાનુગતિકતા, અંધશ્રદ્ધા સાંપ્રદાયિકતા અને વ્યાપારી કરણ થયેલ છે તે દૂર કરવું પડશે. સ્વાધ્યાયીંઓ એ ભકિતને શુદ્ધ, વૈજ્ઞાનિક, વિવેક જ્ઞાન નિષ્ઠીત, સર્વભૂત કલ્યાણ અર્થે તેના ઉદાત્ત રૂપમાં મૂકવી પડશે. ભકિતને ઉત્તમ સાધન ગણી આપણને ઇશ્વરનો સ્પર્શ, મુલાયમ કોમળ સ્પર્શ થાય તેમ કરવું પડશે. અત્યારે તો આપણું મન એનેસ્થિશીયાની અસર નીચે છે, બાહ્ય પરિબળોની અસર નીચે છે તે અસર દુર કરવી પડશે માટે ગીતા અને સ્વાધ્યાયમાં કોઇ પ્રમાદ ન કરવો ગીતાથી માણસ બેઠો થશે. દીનતા લાચારી નિરાશા હતોત્સાહ જડતા ચાલી જશે તે અર્જુનની જેમ મારો મોહ ટળી ગયો છે. અને કારિષ્યે વચનં તવ ' ની ભૂમિકા પર આવી જશે. સ્વાધ્યાય તેમજ અન્ય પુસ્તકો વાંચવાથી બુદ્ધિ તીક્ષ્ણ બને છે, પરિમાર્જિત બને છે. સંવર્ધીત થાય છે પરંતુ યાદ રાખો કે તે જ્ઞાન કોપ, સંવર્ધિત થયેલ છે તે અભિમાન પેદા ના કરે. મન જયાંથી જન્મયું ત્યાં ફેંકી દો પેલા કોલસાની જેમ તો તરતજ રંગ બદલશે બાકી કોલસા નો રંગ કોઈ સાબુથી કોઇપણ પ્રયત્ને ના બદલાય. ગીતાએ ઉતમગ્રંથ છે તે માત્ર પૂજા કરવા માટે નહિ પણ જીવનના પ્રત્યેક વ્યવહારને શુદ્ધ કરવા, પુષ્ટ કરવા માટે છે

સમય ઘણો થઇ ગયો હોઇ
સર્વે સુખી થાઓ તે કલ્યાણ ભાવના સાથે પૂ. દાદા ભગવાન યોગેશ્વરની આરતી માટે ગયા પછી જન સમુદાય સાગારના મોજાની જેમ હિલોળા મારતો સભા સ્થળેથી મંદિરના આંગણામાં ગયા. વેદધ્વનિ સાથે દુઃખ હર્તા, ભય ત્રાતાની આરતિ જનસમુહે ગાઇ પુનઃવેદનામંત્રોથી સમગ્ર વાતાવરણ પવિત્ર આકર્ષક અને રોમહર્ષક બન્યું આરતી પછી ઇશ્વરની આજના કામમાં જે કોઇ ત્રુટિ રહી ગઇ હોય તેની માફી માગી સર્વે લોકો વિખરાયાં

—અસ્તુ

॥ જયયોગેશ્વર ॥

* કરિયાવર

મંગારામ એ. પટેલ
અલંકાર ટાઇપ કલાસ, તલોદ

વ્યવસ્થા એજ ઘરની શોભા, આતિથ્ય એજ ઘરનો વૈભવ, સંતુષ્ટ સ્ત્રી એજ ઘરની લક્ષ્મી, સમાધાન એજ ઘરનું સુખ, ધાર્મિકતા એજ ઘરનું શિખર, પુત્રીને સાસરે વળાવતી વખતે માતાએ શિખામણ રૂપે આપેલ અમુલ્ય કરીયાવર.

સુવાકય સોનેરી કહું, સુણો સકલ નરનાર, વાંચી વિચારી સહુ સમજજો,
એનો સઘળો સાર, ઉરમૂહિ ઉતારશે ભાગ્યવંત જે નાર,
સ્વર્ગ સમું સુખ પામશો આજ કરી નિરધાર

પુત્રીને સાસરે વળાવતી વખતે આપેલ કરિયાવર

પુત્રી આજ સુધી તે મારી અને તારા પિતાની આજ્ઞાનું પાલન કર્યું છે. તેવી જ રીતે સાસુ અને સસરાની આજ્ઞાનુ પાલન કરજે, તેની સાથે હંમેશાં સહનશીલતાથી વર્તજે. લગ્ન પછી તારા પતિ એજ તારા સ્વામી થશે. તેની સાથે સદા નમ્રતા પુર્વક વર્તજે. પતિની આજ્ઞાનું પાલન કરવું તે સ્ત્રીનો ઉત્તમ ગુણ અને ધર્મ છે. પતિ કોઇ અયોગ્ય કામ કરે તો ગુસ્સો નહિ કરતાં ધીરજ ધરી મૌન રહેજે. જયારે તે શાંત થાય ત્યારે તેને નમ્રતાથી ખોટું ન લાગે તે રીતે તેને સમજાવજે, સાસરિયામાં કોઇની સાથે અણુબનાવ કે રીસ કરીશ નહિ. નહીંતર પતિનો પ્રેમ ખોઇ બેસવાનો પ્રસંગ ઉપસ્થિત થશે.

ઘરકામ કરવામાં કદિ આળશ કરીશ નહિ. તેમાં નાન પમાનીશ નહિ, રસોઇ કરવામાં કાળજી રાખજે. જેથી તુ દરેકની પ્રીતિ પ્રાપ્ત કરી શકંશ કદિ જુઠું બોલીશ નહિ, કોઇની પણ સાથે તોડછોડાઇથી વર્તિશ નહિ. પાડોશીઓની નિંદા નહિ કરતાં દરેકની સાથે હળીમળીને રહેજે, વડીલોને વિનયથી અને નાનાઓને હેતથી જીતી લેજે, ઘરના વૈભવ માટે કે તારા પોતાના માટે દેખાદેખી કરીને તારા પતિ પાસે કરજ કરાવીને તેમના ગજાઉપરાંત ખર્ચ કદિ પણ કરાવીશ નહિ, તારૂ ગૃહકાર્ય આવક પ્રમાણે ખર્ચ રાખી સાવધાનીથી તેમજ કરકસરથી ચલાવજે.

તારૂ ભાગ્ય તારા હાથમાં છે. કોઈ જયોતિષી કે અન્ય હાથ જોનારાઓને તારા ભાગ્ય વિશે પૂછીશ નહિ. બંગડીઓ વગેરે સૌભાગ્ય ચિન્હ પહેરવાની ઇચ્છા થાય તો ઘેર મગાવી, લાવી તારા સાસુ-સસરા અથવા નણંદ પાસે પહેરાવવા,

પણ બજારમાં કોઈની દુકાને પર પુરુષના હાથે કદી પહેરાવીશ નહિ, કપાળમાં હંમેશાં કુમકુમનો ચાંલ્લો કરજે એ તારા સૌભાગ્યનું ચિન્હ છે. બહુ જ બારીક અને ભભકાદાર કપડાં પહેરીશ નહિ, આપણું શુભ આચરણમાં છે. નહી કે ઘરેણાં અથવા કપડાંના ઠઠારામાં ! તે યાદ રાખજે. ઘરની શોભા ચોખ્ખાઇ જાળવવામાં છે, સ્વચ્છતામાં પ્રભુતાનો વાસ છે. અને તેથી ત્યાં રોગ દુઃખ આવતા નથી તે હંમેશા યાદ રાખજે રોજ વહેલા ઉઠી શરીર મન અને કપડાં સ્વચ્છ કરી સદાચારી અને નિયમિત રહી પતિવ્રતા ધર્મનું પાલન કરજે. પારકે ઘેર જવાની આદત રાખીશ નહિ. મિષ્ટ ભાષાએ મહાન વશીકરણ મંત્ર છે. કટુવચન કદાપી બોલીશ નહિ. મીઠી વાણી વડે દરેકને જીતી લેજે કુળની સદ્‌ગુણી યુવતીઓ તેમજ વયોવૃદ્ધ સ્ત્રીઓ પાસે બેસવું હિતકર્તા છે. સંયમિત જીવન શરીરને નિરોગી રાખી લાંબુ આયુષ્ય બક્ષે છે. તેથી પ્રજા પણ નિરોગી અને તેજસ્વી થાય છે. તો જીવનને જેમ બને તેમ સંયમિત બનાવજે. તારા પિતા ઉચ્ચ અધિકારી હોય કે અમીર હોય તો એનો ગર્વ રાખીશ નહિ, તેમજ તારા પતિ સમક્ષ તારા પિતાની શ્રીમંતાઇના વખાણ કદી પણ કરીશ નહિ.

ઉપરના હિત, વચનો વાંચી વિચારી વર્તન કરીશ તો જીંદગી સ્વર્ગરૂપ બનાવી શકીશ.

સમાચાર દર્શન

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજવાડી અમદાવાદ

ઉપરોકત વાડીના મકાનનું વાસ્તુપૂજન શ્રી ઉમીયા માતાજીની અસીમ કૃપાથી સંવત ૨૦૩૬ ના ચૈત્ર સુદ-૯ (રામનવમી) ને મંગળવાર તા. ૨૫-૩-૮૦ ના રોજ રાખવામાં આવ્યું છે.

સમાજનાં આબાલવૃધ્ધ ભાઇ-બહેનો માટે અત્યંત ઉપયોગી એવી આ વાડી એસ. ટી. બસ સ્ટેન્ડથી ખૂબજ નજીક હોઇ સમાજનાં સૌ મુસાફરો માટે આશીર્વાદ સમાન નીવડશે.

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, અમદાવાદના ભાઇઓના અથાગ પ્રયાસો બાદ તૈયાર થયેલી વાડીના ઉત્સવને સફળ બનાવવા સૌ કોઇ આમંત્રિત ભાઇ-બહેનો સમયસર ઉપસ્થિત થાય તેવી અભિલાષા.

દુઃખદ અવસાન

અત્રે ધનપુરાકંપા, તા. બાયડ, જિ. સાબરકાંઠાના રહીશ વયોવૃદ્ધ મુરબ્બી શ્રી વિશ્રામભાઇ ધનજીભાઇ પટેલનું તા. ૨૪–૨–૮૦ ને રવિવાર ના રોજ રાત્રે ૮–૩૦ કલાકે દુઃખદ અવસાન થયેલ છે.

સદ્‌ગતશ્રી શ્રી ક. ક. પા. સનાતન સમાજ તેમજ યુવક મંડળ ધનસુરાના કાર્યકર અને સલાહકાર પણ હતા. સ્વાધ્યાય પ્રેમી, મિલનસાર સ્વભાવ અને હંમેશ હસતો ચહેરો ધરાવતા સદ્‌ગતશ્રીનાં વિશાળ પરિવાર જનોને અકાળે આવી પડેલી ખોટ સહન કરવાની યોગેશ્વર શક્તિ અર્પે એજ અભ્યર્થના.

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ, કલકત્તા.

*કાર્યવાહક સમિતિની સભા અહેવાલ

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ, કલકત્તાની સંવત ૨૦૩૬ની પ્રથમ કાર્યવાહક સમિતિની સભા મંડળના પ્રમુખશ્રી મણીલાલ અરજણભાઈ પટેલના પ્રમુખપદે ગત તારીખ : ૨૪–૨–૮૦ને રવિવારના બપોરના ૨–૩૦ વાગ્યે મે. પ્રોગ્રેસીવ ટીમ્બર કં. ૧૮૭ મહર્ષિ દેવેન્દ્ર રોડ (નિમતલ્લા) કલકત્તા–૬ માં યોજાયેલ.

પ્રમુખશ્રીએ પોતાનું સ્થાન શોભાવ્યા બાદ સૌ પ્રથમ મંત્રીશ્રીએ પોતાનાં આરંભીક પ્રવચનમાં તમામ સભ્યોનું હાર્દિક સ્વાગત કરેલ. મંડળનું સુકાન પોતાના પર આવતાં કૃતજ્ઞતા વ્યકત કરેલ તેમજ સૌ સહયોગી હોદ્દેદારો તેમજ સભ્ય બંધુઓનો મંડળના સુવ્યવસ્થિત સંચાલનમાં સહકાર માગેલ.

મંડળના વિવિધ ઉદ્દેશોને સુચારૂ રૂપે પાર પાડવા કાર્યવાહક સભ્યોમાંથી નિમ્નાંકિત જુદાજુદા વિભાગોના વડાઓની સ્વૈચ્છિક વરણી કરવામાં આવેલ.

[૧] પુસ્તકાલય વિભાગ :– (૧) શ્રી રતનશીભાઈ માવજીભાઈ પટેલ
(૨) શ્રી હંસરાજભાઈ લાલજીભાઈ પટેલ
(૩) શ્રી દેવજીભાઈ માવજીભાઈ પટેલ
(૪) શ્રી શંકરલાલ હરિભાઈ પટેલ

[૨] શિક્ષણ વિભાગ :– (૧) શ્રી મણીલાલ અરજણભાઈ પટેલ
(૨) શ્રી રતનશી લધારામ પટેલ B. Com (Hons)
(૩) શ્રી તુલશીદાસ કેશરાભાઈ પટેલ

[૩] રમતગમત વિભાગ :– (૧) શ્રી નારણભાઈ ખેતાભાઈ પટેલ
(૨) શ્રી જયંતિલાલ કરશનભાઈ પટેલ

[૪] કલા–પર્યટન વિભાગ :– (૧ શ્રી ગૌતમભાઈ સોમજીભાઈ પટેલ
(૨) શ્રી નરસીંહભાઈ નાથાભાઈ પટેલ
(૩) શ્રી જયંતિલાલ નારણભાઈ પટેલ
(૪) શ્રી ખટાઉભાઈ કરશનભાઈ પટેલ

[૫] સ્વયં–સેવક વિભાગ :– (૧) શ્રી ઇશ્વરલાલ નાનજીભાઈ પટેલ
(૨) શ્રી મોહનલાલ હંસરાજભાઈ પટેલ
(૩) શ્રી છગનલાલ માવજીભાઈ પટેલ
(૪) શ્રી અમૃતલાલ વેલજીભાઈ પટેલ

અન્ય કાર્યવાહી પુરી થતાં ખૂબ હર્ષોલ્લાસના વાતાવરણમાં આજની સભાનુ કામ પૂર્ણ કરવામાં આવેલ.

લિ.

રતનશી લધારામ પટેલ (B. Com Hons)
માનદ્ મંત્રી
શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ, કલકત્તા.

શ્રી રામપારાયણ

★ જંત્રાલ (ગોવિંદપુરા) કંપામાં પટેલ કંસરાભાઈ સોમજીભાઈને ત્યાં શ્રી રામ પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે. વ્યાસપીઠ પર પાલીતાણા નિવાસી સુપ્રસિદ્ધ તુલસી માનસ કથાકાર મહંતશ્રી રામાયણી રામદાસજી મહારાજ બિરાજશે. તા. ૩૧-૩-૮૦ના રોજ પ્રારંભ તેમજ તા. ૯-૪-૮૦ના રોજ પુર્ણાહુતિ થશે તો ભાવિકજનોને લાભ લેવા વિનંતી.

★ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ સાબરકાંઠા.

યજમાન	ગામ
૧ પટેલ દેવજીભાઈ મુળજીભાઈ " સવજીભાઈ મુળજીભાઈ	રામપુરાકંપા (તા. નારાયણગઢ) નજીક
૨ પટેલ ડાહ્યાભાઈ ભીમજીભાઈ	હરિપુરાકંપા (હડીયોલ)
પ્રારંભ : તા. ૧૭-૨-૮૦	પુર્ણાહુતિ : તા. ૨૩-૨-૮૦
૩ પટેલ ધનજીભાઈ ભીમજીભાઈ " મણીભાઈ ભીમજીભાઈ	માધવકંપા
પ્રારંભ : તા. ૮-૩-૮૦	પુર્ણાહુતિ : તા. ૧૪-૩-૮૦

ઉપરોક્ત ત્રણે કંપાઓમાં યોજવામાં આવેલ ભાગવત સપ્તાહોમાં બ્રહ્મનિષ્ઠ, ભાગવત રત્ન ૧૦૮ પ. પૂ. સ્વામી શ્રી કૃષ્ણાનંદજી મહારાજ (વેદાન્ત આશ્રમ) વલાદવાળાએ વ્યાસપીઠ પર બિરાજમાન રહી કથા રસપાન કરાવ્યું હતું. અસંખ્ય માનવ મેદનીએ શ્રવણ ભક્તિનો લાભ લીધો હતો.

●

★ તત્વજ્ઞાન વિદ્યાપીઠ થાણા ખાતે ગત તા. ૧૩-૧૪-૧૫ જાન્યુઆરી ૧૯૮૦ના દિવસો દરમ્યાન શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજનાં ગ્રેજ્યુએટ્સ, પોસ્ટ ગ્રેજ્યુએટ્સ ભાઈ-બહેનોની એક શિબિર પરમ પૂજ્ય પાંડુરંગ વૈજનાથ આઠવલે શાસ્ત્રીજી (પૂ. દાદા) ના સાન્નિધ્યમાં યોજવામાં આવી હતી જેનો ૩૦૦ જેટલાં ભાઈ-બહેનોએ અમુલ્ય લાભ લીધો હતો.

ભોગવાદી બનતા જતા માનવસમાજમાં ભાવવાહી વિચારધારા ઊભી કરી ભારતીય સંસ્કૃતિના ઉત્થાન માટેની ઉત્કૃષ્ટ વિચારધારાનો અલભ્ય લાભ ઉપસ્થિત ભાઈ-બહેનોએ મેળવ્યો હતો.

★ માધવકંપા નિવાસી પટેલ કેશુભાઈ ગોવિંદભાઈ ગ્રામપંચાયતની ચૂંટણીમાં સરપંચ તરીકે ચૂંટાઇ આવ્યા છે.

★ **શ્રી ઉમિયા માતાજી મંદિર સંસ્થા, ધીરનગર (વાંઢાય)** ખાતે તા. ૨૩–૩–૮૦ના રોજ રવિવારે સાંજના ૪–૦૦ વાગે સંસ્થા સાથે સંકળાયેલ ધર્મપ્રેમી સમાજ સેવકોની સામાન્ય સભા યોજવામાં આવેલ છે.

આ સ્થળે દરવર્ષની માફક તા. ૨૪–૩–૮૦ના રોજ વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગનો લાભ લેવા અસંખ્ય ભાઇ–બહેનો પ્રતિવર્ષ આવે છે. આ વર્ષે પણ સૌ ભાઇ–બહેનો લાભ લે તેવી અભિલાષા.

શુભ લગ્ન સમાચાર

卐 શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ ધનસુરાના મંત્રીશ્રી અરજણભાઈ વિશ્રામભાઈ પટેલ એદલપુરાકંપા નિવાસીનાં સુપુત્રી ચિ. મણીબેનનાં શુભ લગ્ન તા. ૨૧–૨–૮૦ના રોજ

—— તેમજ ——

સનાતન સમાજની કારોબારીના સભ્ય શ્રી ખીમજીભાઇ શીવજીભાઇના સુપુત્ર ચિ. જયંતિલાલનાં શુભ લગ્ન તા. ૨૦–૨–૮૦ના રોજ સમાજના આગેવાનોની તેમજ સ્નેહીજનોની હાજરીમાં ભારે ધામધૂમ પૂર્વક ઉજવાયાં હતાં.



સવદાસભાઈ પ્રેમજીભાઈ પટેલ

સાબરકાંઠા જિલ્લા મત વિસ્તારમાંથી ૨૨૫ જેટલી સહકારી મંડળીઓમાંથી ઈફકોના ડેલીગેટ તરીકે કુલ પાંચ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી તેમાં રસાકસી ભરી ચૂંટણી થતાં અત્રે ધનસુરા નજીકના દોલપુરકંપાના રહીશ પટેલ સવદાસભાઇ પ્રેમજીભાઇ ચૂંટાઇ આવ્યા છે.

—અભિનંદન

મન

- રેશમનો કીડો પોતાના જ અંગમાંથી દ્રવ્યનો સ્રાવ કરીને પોતાની આસપાસ કોશેટો રચે છે. અને આમ જાતે જ તેમાં પુરાય છે તેવી રીતે, માનવીનું મન પણ અનેક પ્રકારના સંકલ્પોની વાસના–જાળ બનાવીને બંધનમાં પડે છે, માનવને જન્મ–મરણના ચકકરમાં નાખે છે.

- મનને સંસાર સુખના સંકલ્પ કરવાની અનેક જન્મની ટેવ છે. સંસારમાં રહેવાથી મન બગડતું નથી, સંસાર સુખનું ચિંતન કરવાથી મન બગડે છે.

- મનમાં અનેક પ્રકારની વાસનાઓ ભરેલી છે. જીવ ઇશ્વરથી વિમુખ રહે એવો જ પ્રયત્ન મન કરે છે. મન ખોટી સલાહ આપે છે.


- સંસાર છોડીને કયાં જશો ? સંસારને મનમાંથી કાઢવાનો પ્રયત્ન કરો. બહારનો સંસાર તમને ત્રાસ આપતો નથી. સંસાર જે મનમાં છે તે રડાવે છે.

"GARUD" Phone : P. P. 351024

ગરૂડ

એન્જીનીયરીંગ કોર્પોરેશન

૧૫/૧ F નીરોદ બીહારી મલીક રોડ, કલકત્તા—૭૦૦૦૦૬



આથી અમો સૉ મીલ તેમજ પ્લાયવુડ ધરાવતા ઉદ્યોગપતિઓને વિનંતિ કરીએ છીએ કે અમોએ ચેઈન સો મશીન બનાવવાનું શરૂ કરેલ છે. જે આધુનિક યંત્ર યુગમાં લેબર પ્રોબ્લેમમાં સહાયરૂપ થશે.


ચાલવામાં સરળ, ચાલુ એમરીમાં ચેઈન ધાર કરી શકાશે, પાર્ટની પ્રચુરતા માટે ઓર્ડર નોંધાવવા આથી વિનંતી કરીએ છીએ.

સો મશીનના પાર્ટ્સ, ટ્રોલીના પાર્ટ્સ તેમજ બેરીંગ વગેરેની માહિતી આપને મેળવી આપીશું. આપની વધારે માહિતિની જરૂરીયાત માટે નજીકના એજન્ટ સાથે સંપર્ક સાધવા વિનંતી.

ગરૂડ એન્જીનીયરીંગ કોર્પોરેશન તરફથી નિયુક્ત થયેલા એજન્ટો

એજન્ટ	રાજ્ય
૧ જીવાજી લાલજી પટેલ સરદાર પટેલ ટીમ્બર માર્કેટ નાગપુર–૩	મહારાષ્ટ્ર
૨ ગીતા ઈલેક્ટ્રીકલ્સ મુ. પો. ધનસુરા જિ. સાબરકાંઠા	ગુજરાત
૩ નાકરાણી સો મીલ નાગપુર રોડ, જબલપુર	મ. પ્ર. સાગર, ઈન્દોર, જબલપુર વિસ્તાર
૪ ચાંદબાલી ટીમ્બર ટ્રેડર્સ મુ. પો. ચાંદબાલી જિ. બાલાસોર	ઓરીસ્સા
૫ પ્રકાશ ટીમ્બર કોર્પોરેશન ૧૫/૧ F નીરોદ બીહારી મલીકરોડ કલકત્તા–૭૦૦૦૦૬	આસામ
૬ પ્રગતિ ટીમ્બર કું. ૧૭૬A જેસોર રોડ કલકત્તા-૭૦૦૦૫૫	વેસ્ટ બેંગાલ
૭ પ્રભાત હાર્ડવેર સ્ટોર્સ ધારવાર રોડ, મુ. પો. બેલગામ	મહારાષ્ટ્ર અને કર્ણાટક
૮ ભગવતી સો મીલ ફાફાડીહ, રાયપુર (મ. પ્ર.)	મ. પ્ર. ના બસ્તર અને રાયપુર જિલ્લા

લી. ગરૂડ એન્જીનીયરીંગ કોર્પોરેશન વતી, વિશ્રામ હંસરાજ પટેલ



Shree
LAXMI ENGINEERING WORKS

શ્રી લક્ષ્મી એન્જીનીયરીંગ વર્કસ
ગંગા સિમેન્ટ પાઈપ ફેક્ટરીની બાજુમાં,
નરોડા રોડ, **અમદાવાદ-૩૮૨૩૪૦**

ટે. નં. ૮૨૫૫૧, ૮૨૫૫૨, ૮૨૪૪૭, ૩૭૪૪૭

બેન્ડ સો એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઈપણ જાતના
સ્પેર પાર્ટસ માટે અમારો સંપર્ક સાધો.

॥ શ્રી ગણેશાય નમ : ॥

વાલાણી ટાયર્સ

સાયરા રોડ, **મોડાસા** જિ. સાબરકાંઠા. ફોન: ૬૭૮

આથી મોડાસા તેમજ આજુબાજુના અમારા સ્નેહીમિત્રો, વહેપારી ભાઈઓ તેમજ ગ્રાહકમિત્રોને જણાવતાં આનંદ થાય છે કે આપની જરૂરિયાત મુજબ



- ડનલોપ
- ફાયર સ્ટોન
- ગુડઇયર
- સીયેટ વગેરે
- કંપનીનાં બનાવેલ

ટાયર – ટયુબ,

દરેક સાઈઝમાં જેમકે ટ્રક, ટ્રેકટર, મોટરકાર, મોટર સાયકલ તથા

● બેલ ગાડાના કમ્પલીટ ટાયર સેટ ●

દરેક સાઇઝની **બેરીંગો ★ એકસલ ★ હબ ★ વીલપ્લેટ**

તેમજ તેને લગતો તમામ સામાન વ્યાજબી ભાવે મેળવવા અમારી ધનસુરા તેમજ મોડાસાની દુકાનોની મુલાકાત લેવા વિનંતી છે.

★ ઓથોરાઇઝડ ડીલર્સ ઇન :—

- ડનલોપ ઇન્ડિયા લિ. કલકત્તા, ગુડઈયર ઇન્ડિયા મુંબઈ લિ.
- ફાયર સ્ટોન ટાયર એન્ડ રબ્બર કું. ઇન્ડિયા પ્રા. લિ. મુંબઇ.
- સીયેટ ટાયર્સ ઓફ ઇન્ડિયા લિ. મુંબઈ.
- મદ્રાસ રબ્બર ફેકટરી લિ. મદ્રાસ.
- ઈન ચેક ટાયર્સ લિ. કલકત્તા.
- નેશનલ રબ્બર મેન્યુફેકચર્સ લિ. કલકત્તા.

અમારી મુખ્ય દુકાન : **નેશનલ ટાયર્સ**

નં. ૨૧૯

-: સો મીલ માલીકો માટે ખુશ ખબર :-

sharpex®



"શાર્પેક્ષ" બ્રાન્ડ ચેઈન સો મશીન

ચેઈન સો મશીન જે પાવરથી ચાલતા આડિયા તરીકે સર્વ માન્ય છે. જે બે માણસોની સહાયથી આડા થાઢ કાપવા માટે ઘણું અનુકુળ છે. જે સંપૂર્ણ વિદેશી ટેકનીકલ જાણકારી અને વર્ષોના અનુભવ પછી તૈયાર થયેલ છે. જેમાં કાંઈ બગડવાનું કે રીપેર કરવાનું રહેતું નથી.

આપ એક વખત "શાર્પેક્ષ બ્રાન્ડ ચેઈન સો મશીન" વસાવો અને રોકાણથી અનેક ઘણું વળતર મેળવો.


બનાવનાર :

શાર્પેક્ષ એન્જીનીયરીંગ વર્કસ
એસ. ૧૨૯/૧૩૦ જી. આઈ. ડી. સી. એસ્ટેટ,
ઓઢવ (અમદાવાદ) ૩૮૨૪૧૫

વધુ પુછ પરછ અને માહિતી માટે
મળો યા લખો:
શ્રી ભારત સો મીલ
વિભાગ જાળી સામે, ગીતામંદિર,
લાટી બજાર, અમદાવાદ-૨૨
ફોન નં. ૫૨૨૫૭ અને ૮૨૨૪૩

- શ્રી ભારત સો મીલ ગીતામંદિર, અમદાવાદ-૨૨
- શકિત એન્જીનીયરીંગ વર્કસ દરિયાપુર ટાવર સામે, અમદાવાદ-૧
- ભારત ટીમ્બર માર્ટ નરોડા રોડ, અમદાવાદ.
- ભારત વુડ વર્કસ ગીતામંદિર, અમદાવાદ-૨૨ નો એન્જીનીયરીંગ વિભાગ

સમય અને મહેનત બચાવો *



"પોકારનું"

ઇલેકટ્રીક પાવરથી ચાલતું

છાસ

બનાવવા માટેનું


વલોણા યંત્ર

—તદ્દન આધુનિક તેમજ આકર્ષક મોડેલોમાં વસાવી ઘરની શાન વધારો.

વિક્રેતા :—

વિક્રેતાઓ :–
(૧) આશા ઓટોમોબાઇલ્સ — ભુજ
(૨) ગીતા ઇલેકટ્રીકલ્સ — માન્સુરા
(૩) મહાલક્ષ્મી વાઇન્ડીંગ વર્કસ — ડેમાઇ
(૪) અબિકા ફર્ટિલાઇઝર્સ — ખેડબ્રહ્મા
(૫) શ્રેયસ એજન્સી — રાજકોટ
(૬) હસમુખ એન્જીનીયરીંગ કું. — વિસાવદર
(૭) ઉતમ ઓટોમોબાઇલ્સ — નાગપુર
(૮) શંકર વિજય ટીમ્બર કું. — ગંજ બાસોદા

ઉત્પાદક : **મે. પોકાર એન્જીનીયરીંગ કોર્પોરેશન**
૮, લલીતા ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ
નાગરવેલ હનુમાન રોડ
રખીઆલ



સ્ટોકીસ્ટ :—

★ મે. ઘનશ્યામ ફર્ટીલાઈઝર, ગાબટ રોડ, બાયડ.
★ મે. કિશાન ટ્રેડર્સ., એસ. ટી. ડેપો પાસે, મોડાસા.
★ મે. પટેલ ફર્ટીલાઈઝર ટ્રે કું. સ્ટેશન રોડ, હિંમતનગર.
★ મે. અમર ફર્ટીલાઈઝર, સહકારી સંઘ સામે, ઈડર.

JAGRUTI MARCH-'80 Reg. No GHMR/5

પ્રા. નં.

Boook – Post

To,

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદરોડ,
ધનસુરા. જિ.સાબરકાંઠા
પીન. ૩૮૩૩૧૦

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

★

★

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

કચ્છ કડવા પાટીદાર સનાતન
સમાજ યુવક મંડળ તરફથી

★ ★ ★

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ
આદર્શ રજુ કરતુ પ્રાણવાન માસિક

જાગૃતિ

શ્રી ઉમીયાય નમઃ



તંત્રી : કાન્તિલાલ કે. પટેલ બી. એ.

વર્ષ : ૨૨ અંક : ૪ એપ્રીલ–૧૯૮૦

卐 卐

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૦/-, પરદેશમાં શિલિંગ ૨૦ અને છૂટક નકલ કિંમત ૧ રૂ. આજીવન સભ્ય ફી દેશમાં રૂ. ૨૦૧/- પરદેશમાં રૂ. ૨૫૧/- નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઈ એન. પટેલ –પ્રકાશક

શ્રી. નાનજીભાઈ કે. પટેલ –આદ્યતંત્રી.

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી.
બી. એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed.
સહતંત્રી : જાગૃતિ

: સંપાદકો :

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. Sc.
તલોદ.

શ્રી શામજીભાઈ એસ. પટેલ
વડાગામ

ડૉ. ધનજીભાઈ કે. પટેલ
જી એફ. એ. એમ., એલ. એમ. પી

ડૉ. હંસરાજ એમ. પટેલ M.B.B.S.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ M. Sc.

શ્રી અરજણભાઈ વી. પટેલ, એદલપુરાકંપા

શ્રી પ્રેમજીભાઈ એ. પટેલ, ધનસુરા.

શ્રી. રતિલાલ એમ. પટેલ



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી-કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭ આસો વદ ચૌદસ

અનુક્રમણિકા

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજવાડી

ગીતામંદિર, અમદાવાદ

ગત તારીખ ૨૫–૨૬ માર્ચ–૮૦ના રોજ સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજના ભારતભરમાં રહેતા અગ્રગણ્ય કાર્યકરોની હાજરીમાં સમાજવાડીનું મકાન ખુલ્લું મૂકવામાં આવ્યું.

ભારતભરના મોટા ભાગના પ્રાંતોમાંથી માદરે વતન કચ્છમાં જતાં આવતાં કચ્છ કડવા પાટીદાર સમાજનાં આબાલવૃદ્ધ ભાઇ–બહેનો તેમજ ગુજરાતમાં વસતાં સમાજનાં ભાઇ–બહેનો માટે ઉતરવાની (એસ. ટી. બસ સ્ટેન્ડની નજીકની) સુવિધા પુરી પાડતી વાડી સમાજના અગ્રણીયોની હાજરીમાં ખૂલ્લી મૂકવામાં આવી.

સદીમાં અસાધારણ વિકાસ સાધ્યો છે. પણ અતિ મહત્વના માનવને સમજવામાં તેઓ નિષ્ફળ ગયા છે. માનવની જંગલી અવસ્થાની એ વૃત્તિ બદલવા માટે માનવ મનમાં ફેરફાર કરવો જરૂરી છે જે ભકિત ધ્વારા જ શક્ય છે. ભકિત શાસ્ત્રકારોના સુચન મુજબ જ થવી જોઇએ, તોજ માનવનું મન વિશાળ થશે, તેની સ્વાર્થ સંતોષવાની વૃત્તિ ધીમે ધીમે ક્ષીણ થતી જશે.

ભકિત માર્ગમાં માનવ મનના વિકારોનો પૂર્ણ વિચાર છે. આજે વિજ્ઞાનની પ્રગતિની મીઠાશ સાથે મનની મીઠાશ તાલ મેળવતી નથી, સાક્ષર માનવનું મન રાક્ષસ મનનું હરિફ થવા કટિબદ્ધ થયું છે. પોતાની સ્વાર્થી વૃત્તિઓને પોષવા ધર્મશાસ્ત્રનો તે આશ્રય લે છે; પોતાને ધાર્મિક મનાવે છે! અરે! આપણે વિચારવું જોઈએ કે દુનિયાની પ્રગતિ સાથે આપણું મન કેટલી પ્રગતિ કરે છે? પોતાની મોટરનું 'મોડેલ' દર વર્ષે બદલાવીને છેલ્લામાં છેલ્લી ઢબનું મોડેલ વાપરનાર શ્રીમંત કદી પોતાના મનના 'મોડેલ' નો વિચાર કરે છે? તેને બદલવા પ્રયત્નશીલ થાય છે? પ્રાથમિક દશાના માનવમનનું અને આધુનિક માનવી મનનાં મોડેલ એક સરખાં જ છે. અપવાદ રૂપે રામરાજ્ય સમયે સમદ્રષ્ટિનો ઝોક મનના વિકાસ તરફ સવિશેષ હતો. ત્યાર પછી આજ સુધી કોઇપણ કાળે સમાજ ધર્મના યોગ્ય પાલન ધ્વારા સમાજ પુરૂષના મનના વિકાસ માટે સમષ્ટિનો પ્રયત્ન સક્રિય રહ્યો નથી. તેથી જ આજે સમાજમાં વૈષમ્યની વૃત્તિ પ્રવર્તમાન છે, વ્યકિતના વ્યકિતધર્મ માટે પ્રયત્નો સદાકાળ ચાલુ રહેલા હતા. અને હજી પણ થાય છે જે સુકા અફાટ રણમાં એકાદ મીઠા જળની વીરડી સમા છે.

ભકિતનો પ્રભાવ :

ભકિતનો પ્રભાવ સમજવા માટે ઋષિ વાલ્મિકિનું જીવન ચરિત્ર જોવું આવશ્યક બની રહે છે. પુરાણ કથા પ્રમાણે અણઘડ વાલ્યા કોળી કુટુંબના નિભાવ માટે ઘાતકી બની શિકાર કરનાર, લોકોને ડરાવનાર, ભક્ત નારદની એક મુલાકાતે સાચી સમજ આવવાથી, હૃદય પરિવર્તન થવાથી ઇશ્વરભક્ત બની રહે છે! કરેલા પાપોના પ્રાયશ્ચિત માટે મનને પ્રભુ તરફ વાળે છે, પ્રભુના ચરણોમાં મનને સ્થિર બનાવે છે. પ્રભુપ્રેમ સંપાદન કરે છે. પરિશ્રમનું સ્વસ્થ જીવન સ્વીકારે છે. વાલ્યા કોળીનું કઠોર જીવન અતિ મૃદુ બની ક્રૌંચવધ સમયે શોકને શ્લોકમાં પરિણત કરી ઋષિ વાલ્મીકી બને છે! તેથી વ્યકિત અને સમાજની વૃત્તિ બદલવા માટે ભકિત એકમેવ સાધન છે.

—સંકલન : દર્શનીય પાથેયમાંથી સાભાર

તંત્રીસ્થાનેથી

તંત્રી : કાન્તિભાઇ કે. પટેલ

નવધા ભકિત * ભકિત અને તેના પ્રકારો

ભકિતની આવશ્યકતા :

માનવીની સર્વાંગીણ ઉન્નતિ કરવા ભકિતની આવશ્યકતા છે. માનવની સહજ પ્રવૃતિ બહિર્મુખ છે, જે માનવને ઇન્દ્રિય સુખ તરફ ખેંચે છે. વિકસિત વિજ્ઞાનની સુવિધાઓ દ્વારા તે પોતાની સત્તા અને વિલાસિતતાની ભાવનાઓને અન્યના સુખદુ:ખની પરવા કર્યા વિના, પરિપુષ્ટ કરી રહ્યો છે, જે આજે આપણે પ્રત્યક્ષ અનુભવી રહ્યા છીએ, છતાંય માનવ માને છે કે, 'વીસમી સદીના યુગમાં જીવતા રહેલા અમે ઘણા પ્રગતિશીલ છીએ ! અમારા વિચારો અઢારમી સદીના જેવા સંકુચિત, રૂઢીચુસ્ત કે વહેમી નથી. અમે સભ્ય અને સુસંસ્કૃત છીએ. અમારા પૂર્વજોની જેમ જંગલી અવસ્થામાં જીવતા નથી' પરંતુ આ બધી વાતો વજુદ વગરની લાગે છે. જરા ઝીણવટપૂર્વક વિચારીશું તો લાગશે કે સૃષ્ટિના આદિકાળે જે જંગલી દશામાં માનવ હતો તેની ને આજના માનવની મનઃ સ્થિતિમાં કંઇ ફેરફાર થયો નથી. પોતાના સ્વાર્થ માટે બીજાને મારવાની તેની જે વૃત્તિ હતી તેજ વૃત્તિ આજે જોવા મળે છે ! હા મારવાનો પ્રકાર કદાચ બદલાયો હોય ! પણ તેથી કંઇ તેનામાં જંગલીપણું નથી એમ તો નહીં જ કહી શકાય. આજે માનવ પ્રાચીનોની જેમ સામે મોંએ શસ્ત્રાસ્ત્રોથી નથી લડતો પણ તે વિજ્ઞાનની અવનવી શોધોથી ય લડે છે તો ખરો જ. તેથી જ કહેવાય છે કે વૈજ્ઞાનિકોએ વીસમી

ભાવ નિર્ઝર — અમદાવાદ

સંકલન : જે. બી. દ્વિવેદી, સ્વાધ્યાય કેન્દ્ર તલોદ, તા. ૧૫-૪-૭૯

પ્રાતઃ સ્મરણીય પૂ. દદાએ આજે અમદાવાદમાં એકત્ર થયેલા સ્વાધ્યાયીઓની પ્રેમ પૂર્વકની વિનંતીને માન્ય કરી પોતાનો વર્ષો જૂનો વિક્રમ તોડયો કઇ રીતે ? દર રવિવારે માધવબાગ મુંબઇને બદલે ભાવનિર્ઝર જોધપુરના ટેકરે તેમણે સાંજના ૬-૦૦ કલાકે પ્રવચન રાખ્યું. બરોબર ૬-૪૦ કલાકે પૂ. દાદા 'જયશ્રી' સંગ અન્ય મહાનુ ભાવો સાથે આવ્યા.

વસુદેવ સુતં... સ્મરીને ફરીથી તેમણે જયઘોષ કર્યો. પાંચજન્ય ફુકયો અને કહ્યું મૂર્તિપૂજા પુર્ણ વૈજ્ઞાનિક છે. ભકિતએ પૂર્ણતાને પામવાનો એક માત્ર રસ્તો છે. 'હરિ નામ કેવલમ' ગઇ કાલે જ તેમણે જણાવ્યું કે હે અર્જુન તું યોગી થા યોગી એટલે જોગી નહિ, બાવો નહિ પણ યુજ To Join જોડવું, સ્નેહ સંબંધથી જોડવું પછી તે સંબંધ માંગણનો, સેવકનો, મિત્રનો, પ્રિય અને પ્રિયતમનો, શેઠ, નોકરનો કે પછી ગમે તે હોય. દ્વૈતમાં સર્વશ્રેષ્ઠ સંબંધ પ્રિય અને પ્રિયતમાનો છે. મધુરા ભકિતનું શ્રેષ્ઠ પ્રદાન છે. વિશ્વમાં ભારત પાસે આપવા લાયક કોઇ ચીજ હોય તો તે મૂર્તિપૂજા છે. સર્વવ્યાપક પ્રભુ આકારમાં પ્રતિષ્ઠીત થાય છે. હજારો આકાર નિર્માણ કરનારને પોતાનો આકાર હોવો જ જોઇએ. પત્થરમાં અણું છે અણુંમાં ચૈતન્ય છે તેથી તે સજીવ સગુણ છે તેમાં કોઇ શંકા નથી.

જીવ અને શિવ વચ્ચે એક બારીક ઝીણી ચદરીયા છે, પડદો છે તે પડદો છે વિકારનો પડદો, વિકારનો પડદો ખસે એટલે હરિદર્શન થાય. હરિ અને હર બન્ને શબ્દનો અર્થ થાય છે, હરનાર, હરણ કરનાર, પ્રભુ શું હરી લે છે. દુઃખ ભય, પાપ અને વિકાર, વિકાર એ પ્રકૃતિની કૃતિ છે ગમે તેટલો પ્રયત્ન કરીએ તો પણ વિકાર ના જાય. વિકારએ મોટા ઘરની દીકરી છે. તેને ગમે તેમ હાંકી ના કઢાય તો વિકાર કેવી રીતે દુર થાય ? ભકિત એ પણ સાત્વિક વિકાર જ છે. તે વિકારને પણ સર્વોચ્ચ સ્થિતિમાં સ્થાન નથી પૂર્ણ શુદ્ધ કૈવલ્ય અદ્વૈતમાં કશું જ રહેતું નથી. નિરાકાર, નિર્વિકલ્પ સ્થિતિમાં કશું જ સ્થિત રહી શકતું નથી. વિકારને Face to Face જોવાથી વિકારો દૂર થાય. વિકારને કદી દબાવાય નહિ તેનો ન્યાયપૂર્વક સ્વીકાર કરાય નહિ તેનો વિકલ્પ શોધાય નહિ, તેને તિરસ્કૃત કરાય નહિ કારણ ચિત્તમાં ગત જન્મના સંસ્કાર અનુસાર વિકાર જન્મવાના જ

ગીતામાં ભગવાને કહ્યું છે કે હે અર્જુન મારી પ્રકૃતિથી તારે લડવું જ પડશે કારણ તું ક્ષાત્ર છે. તારો એ સ્વભાવગત વિકાર છે માટે તારાથી એ સંયમ રખાશે નહિ. સ્પ્રીંગને જેટલી દબાવીએ તેટલી બમણા જોરથી ઉછળે માટે વિકારને દબાવાય નહિ. વિકારનો સ્વીકાર કરાય નહિ કારણ તેનો મનપૂર્વક સ્વીકાર કરીએ એટલે તે સ્થાન નિશ્ચિત કરે તેને પ્રતિષ્ઠા ન અપાય. ક્રોધ ગમે તેટલો સકારણ હોય પણ તે વિકાર છે માટે ત્યાગ કરવા લાયક છે. વિકારનો વિકલ્પ શોધીએ તે પણ બરોબર નથી. વિકારનો વિકલ્પ મનને વધુ વિકૃત બનાવે તેવી સંભાવના છે. ક્રોધનો વિકલ્પ શું ? ક્રોધ કરવાની જગ્યાએ આપણે બીજું સ્વરૂપ આપીએ તે ન ચાલે કામેચ્છાનો વિકલ્પ કેટલીકવાર સૌંદર્ય શોધમાં કે કામુક ચિત્રસર્જનમાં ઉદાત્તીકરણના નામે કરવામાં આવે છે પણ તે નિર્લેપ કામ કરતાં પણ વધું કામુક બને છે. વિકારનો વિકલ્પ ના હોય. વિકરને તિરસ્કૃત કરવાનો નહિ કારણ તેને તિરસ્કૃત કરીશું, ધિક્કારીશું તો સામો સવાલ પૂછશે કે કેમ મને ધિક્કારો છો ? તો કરવું શું વિકારને આવકાર નહિ, સ્વીકાર નહિ વથાર્થતા નહિ, તિરસ્કાર નહિ પરંતુ તે તરફથી નિશ્ચલ મને ઉપેક્ષા સેવવાથી વિકાર ભાગી જાય છે. વિકાર ક્યારે ભાગે જયારે હાથમાં માળા લઇ 'હરિ નામ કેવલં ભગવાનનું નામ જપ કરીએ ત્યારે વિકાર ભાગે વિકાર પણ ડાહ્યા હોય છે. કોઇ મોટો માણસ આપણી પાસે આવે ત્યારે તેના તરફ ઉપેક્ષા વૃત્તિ રાખીશું તો ડાહ્યો હશે, સમજુ હશે તો તરત જ પાછો વળશે. જો તેને આવકાર આપીશું, તો ચોક્કસ મનમાં સ્થાન ગ્રહણ કરશે. વિકાર એ પણ ભગવાનની માયા પ્રકૃતિનું સર્જન હોવાથી તેને તિરસ્કારી શકાય નહિ. ધિક્કારાય નહિ માટે ઉપેક્ષા વૃત્તિથી Face to Face સામનો કરવાથી ચિતના વિકારો શમે વિકારો આવવાનાં જ તેને રોકી શકાય નહિ.

ભગવાનનું સ્મરણ, નામ સંકીર્તન એકલું જ ના ચાલે નામની સાથે ભગવાનનું કામ કરવું જોઇએ. ભગવાનનું શું કામ છે? "સર્વે જનાઃ સુખનો ભવન્તુ" માટે તે કામ કેવી રીતે કરવું જોઇએ? ગરીબોને ફાટેલાં વસ્ત્ર આપીને પૈસાદારોના વધેલા, તુચ્છ, તિરસ્કૃત અન્નને આજ કાલ ગરીબોમાં આપવાની સેવા ચાલે છે. તે સેવા નથી. તે કાર્યથી હું સમર્થ એક એક બીજા અસમર્થને મદદ કરું છું તે ભાવ જાગૃત થાય છે. માનવીને દિન બનાવતી દયા, તેના ગૌરવથી ચ્યુત કરતી આ સેવા એ સેવા નથી. પરંતુ માનવીને વધુ લાચાર બનાવે છે, વધુ ગૌરવહીન કરે છે. સમાજમાં અસ્પૃશ્યતા, અસમાનતા, આર્થિક વિષમતા કદી જવાની નથી કારણ Expert અને None Expert નો ભેદ રહેવાનો લોકોને હજારો ઘર બાંધી આપવાથી, અન્નવસ્ત્ર આપવાથી કદી સુખી થવાના નથી. લોકો આ

પ્રાથમિક સગવડથી જ સુખી ગણાતા હોત તો અમેરિકામાં દુઃખ ના હોવું જોઇએ આજે તો every body is unhappy છે એકેએક બંગલો દુઃખી છે. કરોડપતિ શેઠ દુઃખી છે જ્યારે ઝુંપડામાં એક થાળીમાં રોટલો અને ડુંગળી ખાતા મજુર દંપતિ પ્રેમથી જીવન જીવે છે. તેઓએ કદી ભૌતિક અછતોને લક્ષ્યમાં રાખી નથી કેટલીક વાર તો જેની પાસે છે તે બીજાને તેની પાસે તે નથી. જે એની પાસે છે તે વાતનું ભાન કરાવી તે માણસમાં દુઃખનું નિર્માણ કરે છે. સમાજવાદની સમાનતાની વાતો કરનારા સમજી લે કે ભક્તિ એ Social Force છે. સામાજિક બળ છે, તેને યોગ્ય રીતે ઉપાડવાથી, ગીતાના શબ્દોને, ઉચ્ચવિચારોને ઉપાડવાથી બધા જ સમસ્યાઓનો અંત આવશે. પણ આપણને ગીતામાં, યોગેશ્વરમાં શ્રધ્ધા નથી તે વાતનું દુઃખ છે. પશ્ચિમના નામાંકીત વિદ્વાનો, વૈજ્ઞાનિકો જે વાતને પુષ્ટિ આપે છે તે વાતને પણ આપણે જૂનવાણી પછાત ગણાઇ જઇએ તે બીકે સ્વીકારતા નથી. અસ્પૃશ્યતા અંગે પૂ દાદાએ જણાવ્યું કે એક ડોકટર, વેપારી ઉદ્યોગપતિ શા માટે ભંગીના ગળામાં હાથ નાંખી બેસે? તેનો મને Rational જવાબ આપો? શા માટે મારે હરિજન સાથે શ્રમ કાર્ય કરી, ફોટા પડાવવો? જવાબ આપો. હું તેમને તિરસ્કારતો નથી ધિક્કારતો નથી, પરંતુ શા માટે મારે તેના ઘેર જવું તેનો જવાબ આપો જે લોકોને દર પાંચ વર્ષે ચોકડી જોઇએ. તે લોકો ભલે અસ્પૃશ્યતા નિવારણ માટે શ્રમ દાન કરી, ફોટો પડાવી સાથે બેસી (પછી ભલે ઘેર જઇ સ્નાન કરી લેતા હોય) મનના સ્વાર્થથી કાર્ય કરે પણ મારે કેમ કરવું? શા માટે કરવું? તો જવાબ ગીતા આપે છે. મને જે હૃદય આપ્યુ, તે હૃદય ભગવાને ભંગીને પણ આપ્યું છે. જે કુશળતાથી આ ઢીંગલીને હાલતી ચાલતી કરી છે તે જ પ્રભુને ભંગીને પણ તેવો જ માનવદેહ આપ્યો છે માટે મારે ભંગી પ્રેમથી બોલાવે તો જવું. 'સર્વસ્ય ચાહં હૃદિ સંન્નિવિષ્ટ' દરેકના હૃદયમાં પ્રભુ છે માટે તે અછૂત નથી. ભગવાને બધાને સરખું આપ્યું છે હવા પાણી, જમીન, માનવદેહ પણ કયાંક બે ટકા ફેર રાખ્યો છે ભૌતિક સંપત્તિની બાબતમાં એટલે કે એકની પાસે ખમીસ છે બીજાની પાસે ચાર ખમીસ છે અમીર ગરીબના આ તફાવતને રાજકારણીઓએ મોટું સ્વરૂપ આપ્યું છે અને તેનો ઉકેલ તેમની પાસે નથી. સામ્યવાદી દેશોમાં, મુડીવાદી દેશોમાં કે લોકશાહી પધ્ધતિવાળા દેશોમાં લોકોમાં રહેલી યોગ્યતા દક્ષતાના વિવિધ પ્રમાણોથી જ સંપત્તિની વધ-ઘટ દેખાય છે. ગીતામાં રસ્તો બતાવ્યો છે "યોગ કર્મસુ કૌશલમ્' યોગ્યતા પ્રાપ્ત કર્યા સિવાય આપણે આજે દરેકને ૫ હજાર, ૧૦ હજાર આપીશું લાખોપતિને લૂંટીને તો પણ પાંચ હજાર મેળવનાર કાલોતરે ભિક્ષા જ માંગશે અને લાખોપતિ

પુનઃ કરોડપતિની જગા હાંસલ કરશે. કેટલીક વાર તો દુઃખો અનિવાર્ય છે. જયાં સુધી દુઃખનો અનુભવ ન થાય ત્યાં સુધી સુખની કિંમત ખબર પડતી નથી કેટલીકવાર દુઃખો આપણે જ ઉભાં કરીએ છીએ. મોટા ભાગનાં દુઃખો આપણી જ રચના છે, આપણા વિકારોમાંથી પેદા થયેલાં છે. માટે આપણે જો જાતને ઓળખીએ, દુઃખોને ઓળખીએ, રડવાને બદલે **Face to Face** સામનો કરીએ તો દુઃખ રહેશે નહિ. આપણે આગળ જોઇ ગયા છીએ કે કોઇ કોઇને સુખી કે દુઃખી કરી શકતું નથી. કોઇ મને અવરોધે છે એ ભ્રમણા છે તે કયારે જાય જયારે આપણે ભગવાન જેવા નહિ પણ ભગવાનના બનીએ ત્યારે જાય ભગવાનનું નામ-નામમાં ઘણી તાકાત છે. નામજપ ધ્યેય નિષ્ઠ જોઇએ. ધ્યેય વગરનો નામ જપ વ્યર્થ છે દા. ત. આપણે કોઇને બોલાવીએ તો તરતજ પૂછશે શું કામ છે? તો ભગવાનનો જપ કરીએ તેને બોલાવીએ તો તરતજ પૂછશે શું કામ છે ? તો શું જવાબ આપશો ? હે ભગવાન મને તારો પુત્ર ગણ, તારો સેવક ગણ, તારો પ્રિય ગણ, મારી સાથે તું જોડાઇ જા, મારે નિત્ય સંબંધ જોઇએ, તારો સંગ નહિ પણ સદૈવ, શાશ્વત સબંધ જોઇએ તારા કહ્યા મુજબ મારે યોગી થવું છે. તારામાં જોડાઇ જવું છે. મધુરા ભકિતના આશ્લેશ માટે મને યોગ્ય ગણ મારે તારી સાથે ભેટવું છે. આવો (પત્ર) આવી માગણી, પ્રભુને નામ જપ દ્વારા અક્ષર વગર પણ સાર્થ હેતુ વાળો લખવો જોઇએ. આવો ધ્યેય નિષ્ઠ જપ ચાલે ત્યારે વિકારો ચાલ્યા જાય. અર્જુન ભગવાનને પુછે છે કે અનિચ્છા છતાં માણસ પાપ કેમ કરે છે ? અથવા તમે તેને પાપમાં (કિંનિયોજયસિ)કેમ પ્રેરો છો ? ત્યારે ભગવાન કહે છે કામ અને ક્રોધ એ પાપનાં મૂળ છે. લોભ પણ તેથી 'તરમ ૧ એતત ગતં વિજેત' કેવી રીતે ? અભ્યાસ અને વૈરાગ્યથી. અભ્યાસ એટલે ગીતા સ્વાધ્યાય અને તેથી જ સ્વાધ્યાયાત મા પ્રમદિતવ્યં. સ્વાધ્યાય આજે કર્યો, એ વર્ષ ભકિત ફેરી કરી એટલે હવે ચાલશે, કંટાળો આવ્યો છે તે ના ચાલે. સ્વાધ્યાય સતત પ્રકિયા છે. તેનાથી ચિત્ત શુદ્ધ થય વિકાર રહિત થાય વાસના ક્ષય થાય. પુર્વ જન્મના મલિન સંસ્કારો નાશ પામે આવો ચોખ્ખો થાય ત્યારે ભગવાન મળવા આવે, દર્શન આપે. ગમે તેમ ના આવે. સંસારમાં પણ વર કન્યાને પીઠી ચોળી, સ્વચ્છ જળથી સ્નાન કરાવવામાં આવે છે. શુધ્ધ કરાવવામાં આવે છે પછી અગ્નિ આગળ હસ્ત મેળાપ થાય છે. ઉપવાસનું વ્રત રાખવામાં આવે છે. ઇન્દ્રિયો નો સંયમ કેળવાય છે. જો એક વ્યકિત માટે આમ કરવામાં આવે તો ભગવાનને મળવા જનાર જીવ શું પરમ પવિત્ર ન હોવો જોઇએ.

સમજુ માણસ કોને કહેવાય ! ડાહ્યો માણસ એ કહેવાય જે ગાંડા માણસનો

 [illegible] ડહ્યું ગણે ગણાવે. ભોજરાજાના દરબારમાં પ્રતિષ્ઠાનપુરનો પંડિત તામ્રપત્ર લેવા ગયો. ધારાનગરીમાં કાલિદાસ ન હતા. તીર્થયાત્રાએ ગયા હતા. તીર્થયાત્રા પ્રાચીન સમયમાં કઠિન હતી. માણસ પાછો આવશે કે કેમ તે શંકા હતી માટે ગંગપુજન વગેરે હતું. આજે તો તીર્થયાત્રા સરળ થઇ છે. માટે સંદર્ભ બદલાયો છે. તીર્થયાત્રા કરીને આવેલ માણસ બદલાયેલો જોઇએ. વાસના રહિત જોઇએ, જો તેવો ના હોય તો વૃદ્ધાશ્રમ ભકિતથી પણ માણસ બદલાવવો જ જોઇએ, જો તે ન બદલાય તો ભકિત સાત્વિક, રાજસિક કે તામસિક વિકાર ગણાય. આજે તો ભકત કહેતાં માણસને કલ્પના આવે કે ભકત રડતો, થાકેલો, હારેલો, દુઃખી આ સંસાર મિથ્યા છે, અસાર છે. હે ભગવાન જન્મ મરણમાંથી મને ઉગારો આમ બોલતો હોય તેમ લાગે પણ તે ખોટું છે, ભકત તો હરિનામની મસ્તીમાં બાદશાહનો પણ બાદશાહ હોય તે રડતો ના હોય કારણ તે એકલો નથી તેની સાથે પ્રભુ બેઠેલો છે. પ્રભુની સાથે રહેલો માણસ ભકત લાચાર હોઇ શકે ખરો ! પૂ. દાદાએ ઉદાહરણ આપ્યું કે ઇરાનના બાદશાહ નસખાનને મળવા ગરીબ આરબ આવ્યો. દરવાને નસખાનને કહ્યું એક ગરીબ આરબ મળવા માગે છે. રાજાએ અનુમતિ આપી. રાજા પાસે આરબ ગયો એટલે રાજાએ પૂછ્યું તું કોણ છે ત્યારે આરબે કહ્યું કે હું આ દેશનો મહાન આરબ છું. પ્રથમ કોટિનો આરબ છું. રાજાએ પુછ્યું જ્યારે પ્રવેશ લેવો હતો ત્યારે ગરીબ અને અત્યારે મહાન આરબ, પ્રથમ કક્ષાનો આરબ આમ જવાબ કેમ આપે છે ત્યારે તેણે કહ્યું જે આરબ ઇરાનના બાદશાહ નસખાન પાસે બેઠો હોય તે સામાન્ય ના હોય મહાન જ હોય. તો જો આ જીવ ભગવાન યોગેશ્વરનું સામીપ્ય, સાહચર્ય અને સાફલ્ય અનુભવે તો કેવી રીતે લાચાર, સ્વાર્થી હીન હોઇ શકે !? મહાકવિ કાલિદાસની ગેરહાજરીનો લાભ લઇ આ પંડિત તામ્રપત્ર લેવા ઇચ્છતો હતો. રાજા માટે સમસ્યા થઇ. રાજાને ગાંગુતેલી મળ્યો, કેટલીક વાર નાના માણસો પણ ખ્યાલમાં ન આવે તેટલા ઉપયોગી થઇ પડતા હોય છે, ગાંગુતેલીએ રાજાને પ્રણામ કરી ઉદાસીનતાનું કારણ પુછ્યું. રાજાએ પ્રતિષ્ઠાનપુરના પંડિતની શાસ્ત્રાર્થ માટેની માંગણી અને કોઇ ના કહી શકે તો તામ્રપત્રની માંગણી જણાવી. ગાંગુતેલીએ આ પંડિત કેવા હોય તે અંગે પુછ્યું. રાજાએ તેના અજ્ઞાન ઉપર દયા લાવી હસી કાઢ્યો. અચાનક ગાંગુતેલીએ રાજાને કહ્યું 'હું પંડિતને હરાવીશ' રાજાએ કહ્યું ભાઇ તારા ગાંડપણ પર મારાથી ભરોસો ના મુકાય આ તો ધારાનગરીની આબરૂનો સવાલ છે, ગાંગુતેલીએ હઠ પકડી એટલે રાજાએ ગામમાં જાહેર કરાવ્યું કે કાલિદાસના મહાન ગુરૂ પધાર્યા છે હિમાલયથી. ૧૨૫ વર્ષની ઉંમર અને પ્રતિષ્ઠાનપુરના

પંડિત સાથે શાસ્ત્રાર્થ કરશે. ગાંગુતેલીએ તો પંડિતનો મેકપ કર્યો. દરેકને મેકપ કરવો પડે. ભકતને, પંડિતને, અધિકારીને વગેરે. ગાંગુતેલી તો પંડિત રાજનો મેકપ કરી સભામાં આવ્યો. રાજાએ તેને માન આપી આસન આપ્યું. સભા ખીચોખીચ ભરાયેલી હતી. ગાંગુએ હવે ગભરાટ અનુભવ્યો મેકપ કર્યો છે પણ જોઇએ હવે શું થાય છે. પંડિતે ગાંગુતેલીને ૧ આંગળી બતાવી પ્રશ્ન પુછ્યો, ઉત્તરમાં ગાંગુએ ૨ આંગળી બતાવી. પંડિતે પાંચ આંગળી બતાવી એટલે ગાંગુએ મુકકો ઉગામ્યો. શાસ્ત્રાર્થ સંગાથી ચાલ્યો. પંડિતરાજ ગાંગુતેલીના પગમાં પડયો, હાર કબુલી જવા તૈયાર થયો. સભા વિષ્મરાઇ એટલે રાજાએ પંડિત રાજને બેલાવી શું પ્રશ્નોત્તરી થઇ તે જણાવો ત્યારે પંડિતે કહ્યું ૧ આંગળી બતાવી મેં અદ્વૈત એક બ્રહ્મની વાત કરી ત્યારે ગામૂખે દ્વૈત–જીવ અને શિવ શિવ અને શકિત પ્રકૃત્તિ અને પુરૂષ એમ બે આંગળીથી જવાબ આવ્યો દ્વૈતમાંથી અદ્વૈત સધાય એમ મને સચોટ જવાબ આપ્યો પછી મેં પાંચ આંગળી બતાવી પંચ ઇન્દ્રિયોના વ્યાપારથી પ્રભુને પામી શકાય તેમ પૂછ્યું ત્યારે કાલિદાસના ગુરૂએ જવાબ આવ્યો, સચોટ જવાબ આપ્યો પાંચ ઇન્દ્રિયોના સંયમથી ચિત્ત વૃત્તિનિરોધથી શમ દમથી મૃત્યુ પમાય અને તે બતાવવા મુકકો બતાવ્યો પંડિતે હાર કબૂલી, ધારાનગરીના પંડિતને પ્રસંશા આપી તામ્રપત્ર વગર રસ્તો પકડયો રાજાએ ગાંગુ તેલીને બોલાવ્યો ત્યારે તેણે કહ્યું ૧ આંગળી બતાવી મારી એક સાજી આંખ ફોડવા માંગતો હતો તેથી મેં ૨ આંગળી બતાવી કહ્યું મારી ૧ ફોડીશ તો તારી ૨ ફોડીશ પછી મને પાંચ આંગળીઓ બતાવી તમાચો મારવા કોશિશ કરી તો મુકકો બતાવી વળતો જવાબ આવ્યો. ખરેખર ગાંગુ તેલીને અધ્યાત્મની ખબર ન હતી. તેની ચેષ્ટા ગાંડપણ વાળી હતી પણ સમજુ પંડિતે તેનો સાચો અર્થ કાઢયો એમ આપણે પણ અન્યની બાલિશ પ્રવૃત્તિમાંથી પણ સાર ગ્રહણ કરવો જોઇએ. પ્રભુના નામથી દુઃખ જાય, ભય જાય, વિકાર જાય, ત્રિવિધ તાપ જાય માટે હરિનામ વિવેક નિષ્ઠ, જ્ઞાનનિષ્ઠ ભકિત દ્વારા લેવા આ મંદિરનું નિર્માણ સ્વાધ્યાયીઓએ કર્યું છે. ૫૦૦ મંદિરમાં ૧ નો ઉમેરો નથી, પરંતુ ૫૦૦માં જે નથી તે વિશેષતા અહીં છે. મંદિરમાં દાન દક્ષિણા નહિ, પૈસા ફેંકવાનો નહિ. ભગવાન લક્ષ્મીનારાયણ છે. લક્ષ્મીપતિ છે તેને ૫ કે ૧૦ પૈસા નાંખી અપમાનીત થાય નહિ મંદિર ધ્યાન માટે છે, ગપ્પાં મારવા નહિ. ચિત્તવૃત્તિ નિરોધ માટે ભગવાનના આંગણામાં બેસી, ધ્યાન કરવા માટે છે. પિકનીક યોજવા માટે નહિ. દુઃખ તો આવશે જ, વિકારો આવશે પણ તેને જ્ઞાનથી ઓળખી, સામનો કરી દૂર કરવાનાં છે. માણસને ભય મરણ ના છે, તેનો ઉલ્લેખ કરતાં પૂ. દાદાએ જણાવ્યું મરણ

અનિવાર્ય છે. તેથી 'ન શોચિતું અર્હસિ' મરણએ નવજીવન માટે છે. જૂનું શર્ટ બદલાવી પરમ કૃપાળુ મરણ દ્વારા નવું ઝભલું પહેરાવે છે 'જિર્ણાનિ વસ્ત્રાની વિહાય નવાનિ ગૃહણાતિ' છતાંયે મરવું કોઇને ગમતું નથી શા માટે મરવું શા માટે ફિકર કરવી, શા માટે ભયભીત થવું ! જ્યારે આવે ત્યારે ચાલ્યા જવાનું ભગવાનનો ભકત સ્થૂળ દેહ ત્યજશે પણ તે વખતે ડરશે નહિ કારણ 'ન મે ભકત પ્રણશ્યતિ' પાપાચરણ કામ, ક્રોધ અને લોભથી થાય છે તો તેમાંથી માણસે નિવૃત્ત થવું જોઇએ. વિકારોને સમજીને અવગણવા જોઇશે. આ કેવી રીતે થાય ? સ્વાધ્યાયથી, સતત ભકતથી મય્યાવેશય મનો યે માં થવાથી, 'મન્મના ભવ' થવાથી, અને તે માટે સ્વાધ્યાયમાં આળસ ના કરવી હરિનામ્ કેવલમ્ નામ જપથી સઘળા વિકારો જાય.

આપણા સ્વાધ્યાયી આખા દેશમાં છે. હિમાલયના ઝૂંપડે ઝુંપડે ફરી યોગેશ્વરે ગીતાજ્ઞાન દ્વારા જે યોગશાસ્ત્ર બતાવ્યું છે તેનો પ્રચાર કરી, તેને યોગી થવા જણાવે છે. પ્રભુ દ્વારા અનન્ય નિત્યસંબંધ બાંધવા જણાવે છે. મૂર્તિપૂજામાં અતુલ શ્રધ્ધા રાખી પ્રભુનું કામ કરવા પૂ. શાસ્ત્રીજીએ અનુરોધ કર્યો ભકિત એ સામાજિક બળ છે તે વાત દોહરાવી કારણ તેનાથી જે વિષમતાઓ દેખાય છે. તે દૂર થઇ શકે છે. ગીતા માણસની માણસાઇને જગાડશે તેને જીવવાનું ગમે તેટલો વિશ્વાસ પેદા કરી આપે છે માટે ગીતા જીવનગ્રંથ છે મહાન પવિત્ર ગીતા વંચાય તે ભલે વંચાય પણ તે જીવનોપયોગી ગ્રથ છે તે ના ભૂલાય સ્વાધ્યાયથી હું પ્રભુનો છું તે ભાન થતાં અજબની ખુમારી આવશે પ્રભુના સ્પર્શને અનુભવી શકાશે પણ ક્યારે મનને લાગેલો એનેસ્થેશીયા જાય ત્યારે અંતમાં ફરીથી 'હરિનામ કેવલમ્ સાથે ભગવાન યોગેશ્વરના મંદિરની ત્રિમૂર્તિઓનો ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા સમારંભ પછીના રવિવારનું પ્રવચન વાર્તા મધુર સંભાષણ પૂરું કર્યું.

પૂ. દાદાએ આજે રવિવાર છે થોડું મોડું થાય તો વાંધો નહિ પરંતુ એક ભાવગીત માટે રોકાવા જણાવ્યું છે મંચ પરથી એક સ્વાધ્યાયી ભાઇએ 'અભિમાન છે, હરિ હૈયામાં છે તેનું અભિમાન છે' ગીત ગવરાવ્યું. પૂ. દાદા પણ મસ્તીથી ઝૂમતાં ઝૂમતાં તદ્રુપ થઇ ગાતા હતા તો પછી શ્રોતાઓ કેમ ના ઝીલે ભાવમસ્તીના આ ગીત પછી બધાં ભગવાન યોગેશ્વરની આરતી માટે ગયાં. દુ:ખહરક, ભયહરણ, પાપહરણ અને વિકારહરણ ભગવાન યોગેશ્વરની આરતી પછી એક અપૂર્વ સ્મરણ સાથે મહોત્સવ પુરો થયો.

—શરદ

"સ્નેહલ સખી દત્તા ને પત્ર"

રમાબેન એન. પટેલ, (શરડીકંપા) ધનસુરા કન્યા છાત્રાલય.

પ્રિય બહેન, :—

મારા પત્રની ખૂબ રાહ જોઇ **હશે** પણ હું પત્ર લખવામાં મોડી પડી ખરૂને ? હા, થોડું કામ વધ્યું છે. વર્ષ પુરું થાય છે. તેથી હોસ્ટેલના **હિસાબો**, વર્ષનું સરવૈયું વગેરે હોય ને **સાથે** લગ્ન ગાળો શરૂ થઇ ગયો છે **સંસારમાં** છીએ તેથી લગ્નમાં પણ જવું પડે છે.

દત્તા, જીવન પળ પળ વહી રહ્યું છે. એક એક દિવસ બનીને વર્ષ, વર્ષો બનીને જીવન હા, આપણે આ રીતેજ જીવનને માપીએ છીએ માનવ હમેશાં પોતાની ફુટપટ્ટીથી જ અન્યને (અને પોતાને) માપે છે. આપણું જીવન એ વર્ષોમાં હોય છે. પણ આ જીવન આપણે જો જીવનને વર્ષોમાં (આટલાં વર્ષની ઉંમર) લઇ જવાને બદલે જીવનમાં વર્ષો લઇ જઇએ તો ? જેટલું જીવીએ, ધબકતું જીવીએ, ઉત્તમ જીવીએ, ચેતનામય જીવીએ, નિરાશાને દૂર કરીને જીવીએ તો જીવન ઉત્તમ બને જીવવા જેવું બને પણ...અહીં માનવ અટકી જાય છે. તે પળે પળને જીવી નથી શકતો. હા, હું, તું, આપણે બધાંજ મહોરાં પહેરીને ફરીએ છીએ આ મોહરૂ ઉતારી લેતાં માનવ **સાચો** માનવ આપણને દેખાય છે. હા, જે વ્યકિત વધારે બોલે છે. પોતાના મનની વાતોને વ્યકત કરે છે કશુંજ છુપાવવા પ્રયત્ન નથી કરતી તે વ્યક્તિ વધારે ઉત્તમ છે. તે મોહરાં સાથે જીવે છે. છતાં તેને દૂર કરવાની તાકાત તેની પાસે છે. જયારે આપણે વાત–વાતમાં સુરક્ષા માટેના રસ્તા ઢૂંઢનાર બનીએ છીએ.

આજનો માનવ સૌથી પહેલાં માનવ બનવા પ્રયત્ન કરે તો ? તો આજના અનેક પ્રશ્નો હલ કરી શકાય. પણ માનવમાંથી માનવતાની સુગંધ ઊડી ગઇ છે. રહી છે માત્ર શોભા, દેખાવ. મને લાભ થાય બીજાનું ગમે તે થાય એવી ચિંતા મારે શા માટે કરવાની ? આવી વણીજયવૃત્તિ આજે સર્વત્ર જોવા મળે છે. હા, કયારેક કોઇક કોઇક વિરલ વ્યકિત મળે છે. પણ એ વેદીયામાં ખપે છે. આ છે આજનો સમાજ.

આજ સમાજની મૂળ ચાર સંસ્થાઓ જે બાળકને સંસ્કાર આપે, જીવન જીવવાની સાચી દ્રષ્ટિ આપે તે સંસ્થાઓ જ પોતાનાં મૂલ્યો ગુમાવી બેઠી છે.

કુટુંબ :—

કુટુંબ સંસ્થા પરજ અન્ય ત્રણ સંસ્થાનું ભાવી છે પણ અહિં જોવા મળે છે. વિસંવાદીતા, બાપ–દિકરાને બોલ્યે બનતું નથી, ભાઇ–ભાઇ વચ્ચે મેળ નથી. કુટુંબ સંસ્થાનો પાયો છે. ત્યાગ, સહનશીલતા, ભાવ અને પરસ્પર પ્રેમ આજે કયાંય શોધ્યો જડતો નથી. વડીલોને યુવાન વર્ગ સ્વીકારતો નથી આજે વ્યકિત પોતાના માટેજ જીવે છે. યુવાન પેઢીને વૃધ્ધોની સાથે બેસવાનો સમય નથી હા, એમની પાસે કલબોમાં જવાનો, ફરવાનો, મિત્ર સાથે ગપ્પાં મારવાનો સમય રહે છે. પણ સમય નથી મા–બાપ માટે કહેવાય છે કે પૈસાથી બધુંજ ખરીદી શકાય છે. નથી મળતો મા, બાપનો પ્રેમ પણ આજના વૃધ્ધાશ્રમો આપણી હાંસી ઉડાવતા ઊભા છે. જાણે પૂછી રહયા છે કે "માનવ તેં કેટલી પ્રગતિ કરી? કયા અર્થમાં? આ છે આજનું કુટુંબ જીવન, છિન્ન ભિન્ન થતી આ સંસ્થાને ટકાવવાનું અને વડીલોને પણ પ્યારથી નીભાવવાની ફરજ યુવાનોની છે. પણ એમને આ વાત સમજાવશે કોણ ?

શિક્ષણ :—

શિક્ષણ જગત આજે કામ ચોર બન્યું છે. કલાસમાં શિખવાડીશ તો મારી પાસે ટયુશનમાં નહિ આવે તો ? આમ કમાવવાની ભાવના પ્રાધાન્ય રૂપ છે. શિક્ષણ નિસ્તેજ બન્યું માટે જ આજનો યુવાન માયકાંગલો છે. નિસ્તેજ વિચારોને કારણે જ જીવનમાં થોડી ઘણી મુશ્કેલી ઉભી થતાં જ આત્મહત્યાનો માર્ગ તે લે છે. આમ યુવાનો વિષાદ ગ્રસ્ત બન્યા છે. તેથી ઘણીવાર અસામાજીક પ્રવૃત્તિ વિકસે છે.

કયાં છે આપણી ભારતીય સંસ્કૃતિના પ્રણેતાઓ આજની વિષમ સ્થિતિમાંથી જો કોઇ ઉગારી શકે એમ હોય તો તે આપણી સંસ્કૃતિની શકિત, અસ્મિતા, અને આ અસ્મિતા જગાડે છે. ધર્મ માટે જ જૈન તત્વજ્ઞાન મહાન ગણાયું છે. સંસ્કાર આપ્યા છે તે અમીટ છે. હિન્દુ ધર્મ અને અન્ય ધર્મ તેના સંસ્કાર અને સંસ્કૃતિ સાથે ઉદાત્ત જીવન પ્રત્યે આપણને પ્રેરે છે.

સમાજે આજે સામાજિકતા ગુમાવી છે. વ્યકિતઓનો સમાજ બને છે. પણ વ્યકિત વ્યકિતથી દૂર છે. કયાંય ભાવના નથી. વિત્ત પ્રાપ્તિની દોડ છે. મા, બાપ પુત્રને ભણાવે છે કારણ મોટો થઈ ભણી ગણી તે અર્થ પ્રાપ્તિ કરી મા, બાપને

સંતોષ આપે ભાઈ-ભાઈ વચ્ચે પણ નિર્મળ પ્રેમની ભાવના અદૃશ્ય થતી જોય છે રહ્યો છે સ્વાર્થનો સંબંધ આ સબંધો આજના સમયે મહત્વના બન્યા છે.

મને જો મિત્ર પાસે કામ કઢાવવું હોયતો હું તેની સાથેના સંબંધો વધારીશ. નહિં તો ટુંકાવી દઇશ. આવા સ્વાર્થી સંબંધો આજ સમાજમાં સઘળે જોવા મળે છે. સંઘર્ષ, સ્વાર્થાંધતા, માનવી માનવ મટી યંત્ર બનતો ચાલ્યો છે. સવારથી રાત સુધી કામકરતા વેપારીને પુછો કે તેણે પોતાના કુટુંબ સાથે કેટલી પળો વિતાવી. કેટલો સમય બાળકો સાથે ગાળ્યો તો જવાબ મળે છે. અમોને નવરાશ નથી માનવી નવરાશ નથી એમ કહીને આત્મવંચના સિવાય કરે છે શું ? આ તો છે ફક્ત વિત્ત પાછળની જ દોડ...

રાજ્ય :—

ચોથી સંસ્થા રાજ્ય, સરકાર, હા, આજે સરકારી પણ વિશ્વાસ પાત્રતા જોવા મળતી નથી. પક્ષ પલટો અને જ્યાં લાભ ત્યાં લૂંટવાની નીતિવાળા રાજ્યકર્તાઓ આપણી ભાવી પેઢીને સોદા કરવાની વૃત્તિ સિવાય કશું જ આપી શકશે નહિ. આમાં થોડી ઘણી આશા આપે છે. કુટુંબ સંસ્થા, અને શિક્ષણ જગત, જો આ બે પલટાય તો આપણા ભાવ-જીવન પર ઊભેલ સંસ્કૃતિ મોહરી ઉઠે, મ્હેંકી ઉઠે.

દત્તા તું કહીશ કે આ બધું લખવાની શી જરૂર પણ બહેન આ પ્રશ્નનો જવાબ તું જાતે જ મેળવી લઇશ. નિરાશા નહિ જોઇએ હતાશાને દૂર કરી હું ઉન્નત મસ્તકે જીવીશ. આવો નિર્ણય લઇશું આપણે ભારતીય સંસ્કૃતિ, પરંપરાને આદર્શ બનાવીને જીવશું માનવને શોભે એવું જીવન જીવવાનો સંકલ્પ આજે જ કરીએ.

દત્તા જવાબ આપજે લખવા બેઠી પત્રને લખી નાખ્યો નિબંધ ખેર આવજે બા-બાપુજીને વંદન, અતુલભાઇને યાદ.

આવજે જય યોગેશ્વર,
તારી મોટીબેનના આશિર્વાદ

卐 卐 卐

જીવનનાં ચાર પગથિયાં

લેખક : ભારતીબેન રમણલાલ પટેલ (તખતગઢ સરતાનપુર)

મનુષ્યનું જીવન ગ્રીષ્મના એક સુંદર દિવસ જેવું છે દિવસના ચાર વિભાગ હોય છે. પહેલું પ્રભાત, પછી મધ્યાહ્ન પછી સંધ્યા અને છેલ્લે લય એટલે રાત્રિ.

પ્રભાતે જુઓ તો સૂર્ય હજી ઉગતો હોય છે એ બાલસૂર્ય સુંદર સોહામણો! અને ભવ્ય લાગે છે. મધ્યાહ્ને એની સામે નજર માંડો તો અંજાઇ જાય છે, સાંજે સૂર્ય શાન્ત થયેલો હોવાથી આપણને ગમે છે અને સંધ્યા થઈ ગયા પછી ચોમેર અંધારું ફેલાઇ જાય છે. સૂર્યના દર્શન ક્યાંય નથી થતાં માનવજીવનમાં પણ આવું જ છે !

પહેલું છે શૈશવ કેટલું સુંદર હોય છે એ !
જેમ બાળસૂર્ય સૌને ગમે છે. તેમ નાનું બચ્ચું પણ સૌને ગમે છે. અંતઃપુરમાં જાયતો પણ એને કોઇ રોકે નહિ. કોઇ રાજાના ખોળામાં જઇને બેસી જાય તોય રાજા ખિજાય નહિ કે તું ગરીબનું છોકરું છે ને મારા ખોળામાં કેમ બેસી ગયું બાલ્યાવસ્થા જ એવી છે જે સૌ કોઇને ગમે છે.

પછી યુવાન બની જગતમાં ઝંપલાવે છે ત્યારે એને રમાડવા કોઇ તૈયાર નથી થતું કારણકે, એ મોટો અને ડાહ્યો થયો, એટલે એને હવે રમાડવાનો હોય નહિ.

પછી યુવાન બની જગતમાં ઝંપલાવે છે ત્યારે એને રમાડવા કોઇ તૈયાર નથી થતું. કારણકે, એ મોટો અને ડાહ્યો થયો, એટલે એને હવે રમાડવાનો હોય નહિ.

પછી લોકો કહે છે, કેમ દાદા, ક્યાં ચાલ્યાં ? તો કહેશે. ભાઇ જરા દોરી આવને ? એ સમય પૂરો થયા પછી દિવસ પછી રાત્રિ આવે છે તેમ જીવન પછી મૃત્યુ આવે છે.

આપણા જીવનમાં આજે ચાર સુખદ અવસરો છે તે પ્રત્યેકની પોતાની એક મૌલિકતા છે. પોતાનું એક સુનિશ્ચિતકાર્ય છે. એક અવસ્થાનું કાર્ય બીજી અવસ્થામાં, બીજીનું ત્રીજીમાં, ત્રીજીનું ચોથીમાં ને ચોથીનું પહેલીમાં થતું નથી, જે જે

અવસ્થામાં કરવાનું હોય તે તે સમયે નહિ કરો તો પછી પશ્ચાતાપનો પાર નહિ રહે.

પહેલા વિભાગ (શૈશવ) માં શું કરવાનું ?
શૈશવ શેનાથી સુંદર બને ? વિદ્યા અભ્યાસથી.

બાલ્યકાળમાં જેમણે વિદ્યા નથી મેળવી હોતી, જીવન નથી કેળવ્યું હોતું અને રમવામાં, તોફાન કરવામાં, મોજમજા કરવામાં દિવસ વિતાવ્યા હોય છે એ જયારે તરૂણ બનીને જીવન ક્ષેત્રમાં પ્રવેશે છે ત્યારે આંખમાં આંસુ આવે છે. બાલ્યકાળને વિદ્યાના શણગારથી સરસ ન બનાવે એના નસીબમાં પસ્તાવા સિવાય શું રહે ?

અહિં એક બીજો પેટા પ્રશ્ન જાગે છે. સાચી વિદ્યા કોને કહેવાય ? જે વિદ્યાથી વાણી, વિચાર અને વર્તન સુધરે એજ સાચી વિદ્યા આપણને સુંદર મોઢું મળ્યું છે એ મોઢું શેનાથી દીપે છે ? મીઠી વાણીથી ? સાચું ઘરેણુ તો વાણીની સુંદરતા છે.

જેની પાસે આવી વાણી નથી એવો માણસ બોલશે ત્યાં જ ખબર પડશે કે બહાર અલંકાર છે. કપડાં છે. પણ અંદર મોઢું મીંડુ છે ? બાહ્ય વસ્તુ કરતાં આંતરિક વસ્તુથી માનવી વધારે શોભે છે. પહેલી વાતતો એ કે વાણીને ઘડો.

વાણી સુંદર બને તો વર્તન સુંદર થાયજ કોઇને દુ:ખ થાય એવું થયું હોયતો તરતજ કહેશો માફ કરજો, મારી ભૂલ થઇ ગઇ. બોલવા માટે નહિ વિચારમાં લાવીને આચારમાં મુકવા માટે બોલજો કે આખા જગતનું કલ્યાણ થાવ સર્વનું મંગળ થાવ. આપણને સુખ ગમે છે તો બીજાને દુ:ખ કેમ ગમે ? આપણને સારૂં ગમે છે તો બીજાને ખરાબ કેમ ગમે ? મન જો આ રીતે ઘડયું હશે તો, તમારા મોઢામાંથી કોઇ દિવસ અયોગ્ય શબ્દ નહિ નીકળે અને કોઇને એમ કહેવાનો અવસર નહિ મળે કે ફલાણી બહેન તમારી પાછળ આમ કહેતાં હતાં.

તમે શું તમારાં બાળકોને એકલા પૈસાનો કે ઇંટચૂનાની ઇમારતનો વારસો આપીને જ જશો ? યાદ રાખજો કે, ઇંટ અને ચુનાની કે પૈસાની વચ્ચે બેઠેલો એક આત્મા નહિ હોય એક માનવ નહિ હોય તો એ બધું નકામું છે. માટે શૈશવ-કાળમાં છોકરાંઓને વિદ્યાનું અધ્યયન કરાવો.

શૈશવ પછી આવે છે યૌવન, બાલસૂર્ય મધ્યાહ્નમાં આવે છે ...

ખાઇને બેસી રહેવાય જ નહિ. એણે પસીનો પાડવો જોઇએ દુનિયા કેવી રીતે જીવે છે એવું જ્ઞાન મેળવવું જોઇએ.

"જેને વીતી જગતમાં તે પરપીડા જાણુ.

સાકરના શોખીનને નહિ ભૂખ્યાનું ભાન''

એકલા ઘી–દૂધ પર રહેનારને સુકો રોટલો ખાનાર માનવીની દશાની કલ્પના કયાંથી આવે.

યૌવન આવે એટલે માણસને પુરુષાર્થ કરવાનો છે આ પુરુષાર્થ શેના માટે કરવાનો છે ? શૈશવકાળમાં જે વિદ્યા મેળવી છે તે વિદ્યાને અમલમાં મુકવવા માટે

સૂર્યોદય પછી મધ્યાહ્ન તરફ જતો સુર્ય ચોતરફ પ્રકાશ પાથરે છે અને માણસોને કામમાં જોડે છે. તે રીતે બાલ્યકાળમાં મેળવેલી વિદ્યાને જીવનમાં અમલી બનાવી ? એનો પ્રકાશ પાથરવાનો અવસર યૌવનકાળમાં આવે છે વિષયો તમારી સામે આવે ત્યારે આટલો વિચાર કરજો. આ વિષયોને ઇન્દ્રિયોએ જોયા છે તો ભલે જોયા, આપણને શું ?

તમારું મન જો કેળવાયેલું નહિ હોયતો, તમે મંદિરમાં બેઠા હશો તો પણ પેલા વિષયોમાં ખેંચાઇ જશો. મનની કેળવણી આજે તુટી ગઇ છે પરિણામે માણસોનાં મન આજ પારા જેવા ચલિત, ચપળ, ક્ષણિક છે કે હાથમાં જન રહે ઉપવાસ કરનારી બહેનોએ મનને કેવું કેળવ્યુ હોય છે તેનો વિચાર કરીએ તો ? એ ઉપવાસ કરનારી બહેનો ઘરનાં માણસોને દૂધપાક કે બાસુદી કરીને જમાડે છતાં એના મોઢામાંથી પાણી ન છૂટે. વિષયો તો જગતમાં ચારે બાજુ પથરાયેલા પડયા છે. પણ પોતે તેનો વ્રતપૂર્વક ત્યાગ કરે મનને સ્થિર રાખે તો કેવું સારું.

આજની કેળવણી આજનો યૌવનકાળ અને વાતાવરણ મનને વધારેને વધારે બહેકાવીને નષ્ટભ્રષ્ટ કરવાની દિશામાં દોડી રહ્યો છે આજની હવા તો એટલી બધી માદક છે કે સાઠ સિત્તેર વરસના ડોસાઓ પણ સિનેમાની લાઇનમાં ઉભેલા દેખાય છે ? ધોમ તડકો હોય. ધોળાં આવી ગયાં હોય તો પણ લાઇનમાં ઉભા રહી ટીકોટ મેળવી સિનેમા જોશે.

આજનો જમાનો તો લાભ લેવાની પાછળ પડયો. છે છોકરો જો દુકાને

ને નિતિથી વર્તીને આવે તો આજના જમાનાનો બાપ ઉકળી ઉઠે છે તે વખતે દીકરો નીતિની તરફેણુ કરી બચાવ કરે તો બાપ ગર્જી ઉઠે છે. બહુ આદર્શ કુટયાના કરીશ નહિતો દેવાળું ફૂંકવું પડશે ?

કાળા બજારમાં જે લોકો રળ્યા નથી એ લોકો આજે પશ્ચાતાપ કરે છે. અરે ઘોડાપુર જેવો કમાણીનો મોકો મળ્યો તોય અમે તો સાવ લુખ્ખાજ રહી ગયા. એટલા માટે જ મહાપુરુષો આપણને યૌવન સમયે પુરુષાર્થ કરવાનુ સુચવે છે. વિષયો ઇન્દ્રિયોને ખેંચી ન જાય ઇન્દ્રિયો મનને બાંધીન લે મન આત્માને તાણીના જાય તે માટે પુરુષાર્થ કરી જ્ઞાન મેળવો.

અજ્ઞાન મેળવવાનું કામ યૌવનમાં જ થઇ શકશે. ઘરડા થઇ ગયા પછી મન ઢીલું થઇ જશે. મગજ પરનો કાબુ ચાલ્યો જશે. ઘણા માણસો કહે છે કે ઘડપણમાં ગોવિંદ ગાઇશું પણ ઘડપણમાં તો મન મડદા જેવું થઇ જશે. ચીંથરા જેવા થઇ ગયેલા મનની ગડી કેવી રીતે વાળશો ? આજે યૌવનમાં મન કડક છે. એટલે ગડીવાળી શકાય તેમ છે.

હવે આવે છે સંધ્યા, સંધ્યા આવે એટલે પ્રભાતના જેવું જ વાતાવરણ હોય સુર્યોદય વખતે હોય તેવોજ સમય સંધ્યા વખતે પણ હોય. બાળકની જેમ ઘરડાને પણ દાંત ન હોય બાળકને જેમ ગળ્યું ભાવે તેમ ઘડપણમાં પણ લસલસતો શીરો ભાવે. આ રીતે બાળક ને વૃદ્ધ એક રીતે સરખાં છે. છતાં ખુબીની વાત એ છે કે બાળકને રમાડનાર ઘણાં મળે છે ડોસાને રમાડનાર કોઇ નથી. એમને બધા કહે છે. છાનામાના પડયા રહો ટકટક કર્યા વગર !

ઘડપણની તો બાળક કરતાંય બદતર દશા હોય છે ઘડપણ આવે એટલે મૂનિનું મત લેવાનું હોય છે. ઘડપણ આવે એટલે મનને કહો કે હવે તો ઘણું કર્યું છે. હવે ક્યાં સુધી બોજો ઉપાડીને ફરીશું ? ઘડપણ વખતે શાંત બેસીને પોતાના મનમાં જે ચાલી રહેલાં ચક્રો છે. રહેલા ભાવો છે. ચાલી રહેલાં વતુળો છે તેનું બેઠાંબેઠાં નિરીક્ષણ કરવાનું છે અને જે જે ખરાબ દેખાય તેને ધીમે ધીમે કાઢતા જવાનું છે.

આટલું થઇ શકે તો માનવીનું જીવન પરિવર્તન થાય. માનવી સદાયને માટે પ્રસન્ન બની જાય. શાંત અને સુખી રહી શકે અને એનુ જીવન સુંદર ફુલવાડી સમું મઘમઘી ઉઠે.

માણસના દેહને જેમ પાણી પ્રકાશ અને પવનની આવશ્યકતા છે તેમ આપણા આત્માને પ્રેમ સેવા અને સદાચારની જરૂર છે.

ઘડપણ આવે ત્યારે સૌની સાથે પ્રેમ હોવો જોઇએ યાદ કરી કરીને વેરઝેર ઓછાં કરવાનાં હોય જરાક મનની સાથે પતાવટ કરી લો તો બીજુ કંઇ નથી.

હવે વાત આગળ ચાલે છે. સંધ્યા પછી મહારાત્રિ આવે છે. જીવન પછી મહામૃત્યુ આવે છે. રાત્રિ આવે તે પહેલા દિવસનું બધુંય કામ પુરું કરી લેવું એ ડહાપણનું કામ છે. દિવસનો હિસાબ ચોખ્ખો હોય તો આપણને સારી ઉંઘ આવે છે. તો મહામૃત્યુમાં સુઇ જવાની ઘડી આવે ત્યારે આપણી પૂર્વ તૈયારી આવીજ હોવી જોઇએ. મન વચન અને કાયા આ ત્રણેના યોગની સમાધિમાં હોઇએ અને મૃત્યુ પામીએ તો જીવ્યું પણ સાર્થક અને મર્યું પણ સાર્થક.

દુનિયા પણ અંતરમાં અહોભાવ લાવીને કહેશે. આ માણસે દુનિયામાં આવીને પોતાના બાળપણને વિદ્યાથી વિભૂષિત બનાવ્યો. યૌવનને પુરુષાર્થથી મહેકાવ્યું. ઘડપણને મુનિવ્રતથી દીપાવ્યું અને મૃત્યુને યોગથી શોભાવ્યું ખરેખર એના જીવનમાં આ ચારે વાત સુંદર રીતે સચવાઇ હતી.

આજે તો એનાથી તદન અવળી જ વાત છે.

બાળપણમાં મોરખધંધા કરીને યૌવનમાં રખડેલ બનીને, ઘડપણમાં કજિયા કંકાસને હાય હાય કરીને માણસ મરી જાય છે.

આતો જીવનનું સ્પષ્ટ માર્ગદર્શન આપનારાં ચાર પગથિયાં છે.

આ ચાર વાતો આપણે વિચારીશું અને તે પ્રમાણે વર્તીશું તો આપણા જીવનમાં વિદ્યાનો પ્રકાશ આવશે, ઇન્દ્રિયોને જીતવાનો પુરુષાર્થ આવશે મુનિઓ જેવી શક્તિ આવશે અને મન, વચન અને કાયાનો યોગ સાધીને પરમપદ એવા મોક્ષને મેળવવાની લાયકાત પણ આવશે.

શ્રી નાના અંગીઆ પાટીદાર યુવક મંડળ, કલકત્તા

શ્રી નાના અંગીઆ પાટીદાર યુવક મંડળ (કલકત્તા વિભાગ) ની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૪–૨–૮૦ને રવિવારે બપોરના ૩–૦૦ વાગે મે. કે. એમ. ચોપડા એન્ડ કું. નીમતલ્લા મધ્યે શ્રી અખેરામ વાલજી પારસીઆના પ્રમુખ પદે મળી હતી.

મંત્રીશ્રી તરફથી નાના અંગીઆ (કચ્છ) મુકામે સક્રિય પણે ચાલતી યુવા પ્રવૃત્તિ તેમ જ વાંચનાલયનો આછો ખ્યાલ આપવામાં આવેલ.

મંડળમાં નવી જાગૃતિ આણવા માટે મંડળના કલકત્તા વિભાગ ખાતેના સભ્યોમાંથી ૧૬ સક્રિય કાર્યકરો અને ૫ સલાહકારોને ચુંટીને મંડળની કાર્ય–વાહક સમિતિ તેમજ હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ તેમજ નાગપુર અને રાયપુરમાંથી એક એક જણને પણ સમિતિમાં સભ્ય તરીકે નોંધવામાં આવેલ.

જે નીચે મુજબ છે.

૧	પ્રમુખ	શ્રી અખેરામ વાલજી પારસીઆ	(કલકત્તા વિભાગ)
૨	ઉપપ્રમુખ	શ્રી પ્રેમજીભાઇ જેઠાભાઇ લીંબાણી	”
૩	મંત્રી	શ્રી શીવજી ડાહ્યા પારસીઆ	”
૪	સહમંત્રી	શ્રી રતનશી માવજી લીંબાણી	”
૫	ખજાનચી	શ્રી હીરજી પુંજા ચોપડા	”
૬	સહ–ખજાનચી	શ્રી ધનજી માવજી લીંબાણી	”

સલાહકાર સમિતિ :—

૧	મેગજી નથુ પારસીઆ	(સલાહકાર કલકત્તા અને કચ્છ વિભાગ)
૨	કરસન જેઠા લીંબાણી	” ” ” ”
૩	રામજી પ્રેમજી મેઘાણી	” ” ” ”
૪	કરમસી પ્રેમજી ચોપડા	” ” ” ”
૫	માવજી દાના ચોપડા	” ” ” ”

ત્યારબાદ નવા ચુંટાયેલા મંત્રીશ્રી તરફથી સૌ સભ્યોને સમાજ તથા ગામ પ્રત્યેના મંડળના કાર્યમાં સાથ સહકાર આપવાની ફરજ બાબતનો ખ્યાલ આપવામાં આવેલ.

અને અંતે મે. કે. એમ. ચોપડા એન્ડ કું. નો સભા માટે કરેલ વ્યવસ્થા બદલ—કાર્યકર ભાઇઓનો આભાર માની પ્રમુખશ્રીની પરવાનગીથી સભા બરખાસ્ત કરવામાં આવી.

મંત્રી : શીવજી ડાહ્યા પારસીઆ
શ્રી નાના અંગીઆ પાટીદાર યુવક મંડળ, કલકત્તા

" તખતગઢ ગ્રામ પંચાયત જિલ્લા શ્રેષ્ઠ "

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં તખતગઢ (હડમતીયાકંપા) ગ્રામ પંચાયત, પંચાયત સ્પર્ધામાં તાલુકા કક્ષાએ પ્રથમ આવતાં જિલ્લાની સ્પર્ધામાં ભાગ લીધો હતો. અને સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં પણ શ્રેષ્ઠ ગ્રામ પંચાયત તરીકે પ્રથમ આવી છે. તે બદલ જિલ્લા પંચાયત તરફથી રૂ. ૫૦૦૦–૦૦ તથા તાલુકા પંચાયત તરફથી રૂ. ૧૦૦૦–૦૦ પ્રથમ ઇનામને પાત્ર બને છે આ બદલ તખતગઢ ગામ લોકોએ એક મેળાવડો યોજીને પંચાયતના સરપંચશ્રી ખીમજીભાઇ એચ. મુખી, ડેપ્યુટી સરપંચશ્રી રતીલાલ જે. પટેલ, તલાટીકમ–મંત્રી તખતગઢ તથા પંચાયતના સદસ્યશ્રીઓને અભિનંદન આપી આભાર વ્યકત કર્યો હતો. અને રાજ્ય કક્ષાની તૈયારીઓમાં લાગી જવા માટે સાથ અને સહકાર આપવાની ખાત્રી આપી હતી.

ખીમજીભાઇ હીરજીભાઇ પટેલ–સરપંચ, તખતગઢ ગ્રામ પંચાયત

" તખતગઢ હાઇસ્કુલના વાલી સંમેલન સાથે એસ. એસ. સી. વિદાય સભારંભ "


સાબરકાંઠા જિલ્લાના તખતગઢ (હડમતીયાકંપા) માં શ્રી આર. એન. પટેલ હાઇસ્કૂલના વાલી સંમેલન સાથે એસ. એસ. સી. કલાસના વિદ્યાર્થીભાઈ બહેનોને વિદાયમાન સમારંભ રામપુરાકંપાના પ્રગતીશીલ ખેડુત શ્રી મનજીભાઈ દેવજીભાઈના પ્રમુખ સ્થાને યોજાયો હતો. મુખ્ય મહેમાન પદેથી ઇડર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના પ્રિન્સીપાલ શ્રી હરિહર શુકલ સાહેબે વિદાય લઇ રહેલા વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ કેળવવા માટે દૃષ્ટાંત સહીત ભારપુર્વક અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે કેળવણી મંડળના મંત્રી શ્રી ડાહ્યાભાઈ કે. પટેલ, તખતગઢના એડવોકેટશ્રી ગણપતલાલ વી. પટેલ, સ્કૂલના આચાર્યશ્રી રામાભાઈ પટેલ કેળવણી મંડળના માજીપ્રમુખ શ્રી વેલજીભાઈ પ્રે પટેલ, યુવકમંડળના મંત્રીશ્રી વિઠ્ઠલભાઈ કે. પટેલ, તખતગઢ ગીતા અધ્યયન કેન્દ્રના મુખ્ય સંચાલકશ્રી ખીમજીભાઇ પોકાર વગેરે મહાનુભવોએ વિદ્યાર્થીભાઇ બહેનોને વિદાય શુભેચ્છા પાઠવી હતી અને વાલી સંમેલનાં ઉપસ્થિત વાલીઓને વાલી તરીકેના હકકો અને ફરજો તરફ ધ્યાન દોર્યું હતું.

કેળવણી મંડળના પ્રમુખશ્રી ખીમજીભાઇ મુખી તથા વાલીમંડળના પ્રમુખશ્રી કાન્તીલાલ એ. પટેલે વિદ્યાર્થીઓને શીખ આપી હતી.

વિદાય લઇ રહેલા વિદ્યાર્થી–ભાઇ–બહેનોએ પોતાની ફરજોનું પાલન કરવાની ખાત્રી સાથે વિદાયનો કરૂણ સંદેશે વિદાય ગીતમાં રજુ કર્યો હતો.

અંતે શિક્ષક મિત્રશ્રી જે એમ. ચૌહાણે આભાર વિધી કરી હતી.


LAXMI
LAXMI

|| શ્રી યોગેશ્વર કૃપા ||

અમદાવાદમાં

એક નવું સાહસ–કાપડનો અદ્યતન શો રૂમ

સ્ટેપલ એમ્પોરિયમ

શુટીંગ — શર્ટીંગ સ્પેશ્યાલીસ્ટ

ગ્વાલીયર—જીયાજી

રેમન્ડ—દીનેશ—દીગ્જામ

અંબીકા—અર્બુદા

મીલના

ટેરીન—ટેરીકોટન—ટેરીવુલ—પોલીસ્ટરની

અનેકવિધ વેરાઈટી માટે અમારા શો–રૂમની અવશ્ય મુલાકાત લો.

શો રૂમનું સ્થળ :—
સ્ટેપલ એમ્પોરિયમ
લાલભુવન કેલીકોડોમ નજીક
રીલીફ રોડ, અમદાવાદ-૧


પ્રો. :—
★ મણીલાલ એમ. પટેલ
ભગવાનદાસ એમ. પટેલ
★ સહયોગ ફાર્મ :—
શીવપુરાકંપા કસનપુરમોટી
તા. જિ. ગાંધીનગર

ગરૂડ એન્જીનીયરીંગ કોર્પોરેશન તરફથી નિયુકત થયેલા એજન્ટો

એજન્ટ	રાજ્ય
૧ જીવાજી લાલજી પટેલ સરદાર પટેલ ટીમ્બર માર્કેટ નાગપુર–૩	મહારાષ્ટ્ર
૨ ગીતા ઈલેકટ્રીકલ્સ મુ. પો. ધનસુરા જિ. સાબરકાંઠા	ગુજરાત
૩ નાકરાણી સો મીલ નાગપુર રોડ, જબલપુર	મ. પ્ર. સાગર, ઈન્દોર, જબલપુર વિસ્તાર
૪ ચાંદબાલી ટીમ્બર ટ્રેડર્સ મુ. પો. ચાંદબાલી જિ. બાલાસોર	ઓરીસ્સા
૫ પ્રકાશ ટીમ્બર કોર્પોરેશન ૧૫/૧ F નીરોદ બીહારી મલીકરોડ કલકત્તા–૭૦૦૦૦૬	આસામ
૬ પ્રગતિ ટીમ્બર કું. ૧૭૬A જેસોર રોડ કલકત્તા-૭૦૦૦૫૫	વેસ્ટ બેંગાલ
૭ પ્રભાત હાર્ડવેર સ્ટોર્સ ધારવાર રોડ, મુ. પો. બેલગામ	મહારાષ્ટ્ર અને કર્ણાટક
૮ ભગવતી સો મીલ ફાફાડીહ, રાયપુર (મ. પ્ર.)	મ. પ્ર. ના બસ્તર અને રાયપુર જિલ્લા

લી. ગરૂડ એન્જીનીયરીંગ કોર્પોરેશન વતી, **વિશ્રામ હંસરાજ પટેલ**

સમય અને મહેનત બચાવો *



"પોકારનું"

ઇલેકટ્રીક પાવરથી ચાલતું

છાસ

બનાવવા માટેનું

વલોણા યંત્ર

—તદ્દન આધુનિક તેમજ આકર્ષક મોડેલોમાં વસાવી ઘરની શાન વધારો.

વિક્રેતા :—

વિક્રેતાઓ :–	(૧) આશા ઓટોમોબાઇલ્સ	ભુજ
	(૨) ગીતા ઇલેકટ્રીકલ્સ	ધનસુરા
	(૩) મહાલક્ષ્મી વાઇન્ડીંગ વર્કસ	ડેમાઇ
	(૪) અંબિકા ફર્ટિલાઇઝર્સ	ખેડબ્રહ્મા
	(૫) શ્રેયસ એજન્સી	રાજકોટ
	(૬) હસમુખ એન્જીનીયરીંગ કું.	વિસાવદર
	(૭) ઉત્તમ ઓટોમોબાઈલ્સ	નાગપુર
	(૮) શંકર વિજય ટીમ્બર કું.	ગંજ બસોડા

● ઉત્પાદક : **મે. પોકાર એન્જીનીયરીંગ કોર્પોરેશન**

૮, લલીતા ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ
નાગરવેલ હનુમાન રોડ
રખીઆલ
અમદાવાદ-૩૮૦ ૦૨૩

જંતુઓનો વિનાશ
પાકનો વિકાસ ..

કીલેક્સ કાર્બારીલ

(બહોળી કાર્યશીલતા+વધુ સલામતી)

* પાકને નુકસાન કર્યા વિના લાંબા સમય સુધી અસરકારક * ૧૦૦ કરતાં પણ વધુ જાતની જીવાતથી પાકનું રક્ષણ કરે છતાં મનુષ્યો અને પ્રાણીઓ માટે પ્રમાણમાં સલામત.





કપાસ, ડાંગર, શેરડી, શાકભાજી, ફળફળાદી વિગેરે પાકમાં આવતી જીંડવાંની ઈયળો, મશી (મોલો), ફળમાખી, તડતડિયાં, કુદકિયાં વિગેરે જીવાતના અસરકારક અંકુશ માટે

Paushak **પૌષક લિમિટેડ**
એલેમ્બિક રોડ, વડોદરા-૩૯૦૦૦૩.

સ્ટોકીસ્ટ :—

* મે. ઘનશ્યામ ફર્ટીલાઈઝર, ગાબટ રોડ, બાયડ.
* મે. કિશાન ટ્રેડર્સ, એસ. ટી. ડેપો પાસે, મોડાસા.
* મે. પટેલ ફર્ટીલાઈઝર ટ્રે. કું. સ્ટેશન રોડ, હિંમતનગર.
* મે. અમર ફર્ટીલાઈઝર, સહકારી સંઘ સામે, ઈડર.

ગ્રા. નં.

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા
પીન. ૩૮૩૩૧૦

Boook – Post

To,

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા

કચ્છ કડવા પાટીદાર સનાતન
સમાજ યુવક મંડળ તરફથી

★ ★ ★

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ
આદર્શ રજુ કરતુ પ્રાણવાન માસિક

જાગૃતિ

શ્રી ઉમીયાય નમઃ



તંત્રી : કાન્તિલાલ કે. પટેલ બી. એ.

વર્ષ : ૨૨ અંક : ૫ મે —૧૯૮૦

* માસિકના નિયમો *

- હર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૦/, પરદેશમાં શિલિંગ ૨૦ અને છૂટક નકલ કિંમત ૧ રૂા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૨૦૧/ પરદેશમાં રૂા. ૨૫૧/ નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છિતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઇ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ –પ્રકાશક

શ્રી. નાનજીભાઈ કે. પટેલ –આદ્યતંત્રી.

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી.
બી. એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed.
સહતંત્રી : જાગૃતિ

: સંપાદકો :

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. Sc.
તલોદ.

શ્રી શામજીભાઇ એસ. પટેલ
વડાગામ

ડૉ. ધનજીભાઈ કે. પટેલ
જી એફ. એ. એમ., એલ. એમ. પી

ડૉ. હંસરાજ એમ. પટેલ M.B.B.S.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ M. Sc.

શ્રી અરજણભાઇ વી. પટેલ, એદલપુરાકંપ:

શ્રી પ્રેમજીભાઇ એ. પટેલ, ધનસુરા.

શ્રી. રતિલાલ એમ. પટેલ

શ્રી. વિઠ્ઠલભાઈ કે. પટેલ

શ્રી ચંદુલાલ વી પટેલ



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી-કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૮ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ
સંવત ૧૯૯૭ આસો વદ [illegible]

* અનુક્રમણિકા *

શ્રી ક. ક. પા. સનાતન સમાજ યુવક મંડળ (ગુજરાત) ધનસુરા.

કારોબારી સમિતિ ૧૯૮૦-૮૧

ઉપરોક્ત મંડળની વાર્ષિક સામાન્ય સભા ગત તા. ૧૩-૪-૧૯૮૦ ના રોજ મળી હતી જેમાં નવા વર્ષ માટે નીચે મુજબના કારોબારીના સભ્યોની વરણી કરવામાં આવી છે.

પ્રમુખ	:	શ્રી રતિભાઇ એલ. પટેલ (પ્રિન્સિપાલ તલોદ સાયન્સ કોલેજ)	તલોદ.
ઉપ-પ્રમુખ	:	શ્રી ચંદુલાલ વી. પટેલ M.Sc.	તખતગઢકંપા
મંત્રી	:	શ્રી અરજણભાઇ વી. પટેલ	એદલપુરાકંપા
સહમંત્રી	:	શ્રી ડાહ્યાભાઇ બી. પટેલ	દેલપુરકંપા
,,	:	શ્રી ગંગારામ આર. પટેલ	રાજપુરકંપા
,,	:	શ્રી હીરાલાલ એમ. પટેલ	ધનસુરા (એદલપુરાકંપા)
ખજાનચી	:	શ્રી રતિભાઇ વી. પટેલ	ધનસુરા (મોતીવેણી)
સહ ખજાનચી	:	શ્રી કાન્તિલાલ એન. પટેલ	,, ,,

* નિવૃતો માટે અનુકૂળ કાર્ય *

આજના નિવૃત્ત થયેલા લોકો દરેક ગામમાં જઇ માણસોને ભેગા કરીને ભણાવતા હોત તો શિક્ષણનો પ્રશ્ન જ ન રહેત. ધર્મ ટકાવત તો શિક્ષણનો પ્રશ્ન આપોઆપ ઉકલી જાત. વાસ્તવમાં આ કાર્ય યુવાનોનું નથી, પરંતુ ઘરડાઓ આ કાર્ય ન કરે તો આપદ્કાળ સમજી યુવાનોએ આ કાર્ય કરવું જ જોઇએ. વાનપ્રસ્થ શિક્ષક હોય તો પ્રભુના બારામાં પણ તે નિઃશંક થયો છે આજે શિક્ષણમાંથી ઇશ્વરને કાઢી નાખ્યો છે. તેથી જ સેતાનનાં કારખાનાં થયાં છે, અને સંસ્કૃતિ, નીતિ, ધર્મ વગેરેનો આ સેતાનોએ સત્યાનાશ નોતર્યો છે. જે ઠેકાણે બધા જ દાંભિકો હોય ત્યાં પ્રભુનું કાર્ય કરવાની વાત તો આઘી રહી. પણ માણસનું કાર્ય પણ નહીં થાય. કોઇ શાળા કે કોલેજમાં ઇશ્વરનું નામ નથી. કોઇને ધર્મ કે ઈશ્વર પર શ્રદ્ધા નથી, નિષ્ઠા નથી. કેવળ અર્થનો જ વિચાર પ્રધાન છે. નીતિનાં મૂલ્યો કોણે ઉડાવ્યાં ? અભણ લોકોએ ? ના, ભણેલાઓએ જ ઉડાવ્યાં છે.

આજે દરેક ગામડામાં શિક્ષણ નો પ્રશ્ન છે. આપણે ત્યાં દરેક છોકરાને તપોવનમાં મોકલવામાં આવતો અને વાનપ્રસ્થીઓ ઘરનું ખાઇને શિક્ષણ આપતા. આજે પૈસા લીધા વિના કોઇ કામ કરે છે એ કલ્પના જ લોકોને આવતી નથી. વાનપ્રસ્થીઓને લીધે તપોવનોને આર્થિક પ્રશ્ન નડતો જ નહિ, અને છતાંયે ઉત્તમ ભણતર મળતું. મગજમાં ખુમારી રાખી ને, 'ઇશ્વર શકિત મારી પાછળ ઊભી છે' તે વિશ્વાસથી આવી વિચારક્રાંતિ લાવવી જોઇએ.

આજે પણ Residential hostels નીકળી છે. પરંતુ તેમાં રહેનારો છોકરો બાપા જોડે રહેવા તૈયાર થતો નથી.

તપોવન શિક્ષણ પ્રણાલી એવી હતી કે તેમાં વધારે ખર્ચ ન હતો. હમણાં દિલ્હીમાં Administrative college ખોલવામાં આવી છે. તેના મકાન માટે ત્રીસ લાખ રૂપિયા ખર્ચાયા છે અને તેમાં એકસો વિદ્યાર્થીઓને રહેવાની સગવડ છે. હમણાં ત્યાં પચીસ વિદ્યાર્થીઓ રહે છે. વળી ભણાવવાવાળા અનુભવી નથી અને સરેરાશ ખર્ચનો હિસાબ મૂકો તો તે કોલેજમાં દરેક છોકરા પાછળ રૂપિયા ત્રીસ હજારનો ખર્ચ થયો ગણાય.

આજે વાનપ્રસ્થીને પૂછીએ કે તમે શિક્ષણ માટે આવશો ? તો તે તરત પૂછશે, 'શું આપશો ? તમે કંઇ આપવાના ન હો તો અમે નિવૃત થઇને પૌત્રને રમાડતા બેસીએ એમાં શું ખોટું છે ?, માનવ શકિતનો આ કેવો અક્ષમ્ય વ્યય છે ?

પ્રાચીન કાળનાં તપોવનોને પુનઃ નિર્માણ કરવાં કે નહીં તેનો આધાર યુવાનો ઉપર છે. તેના માટે બળવું પડશે, પાયાના પથ્થર બનીને દટાવું પડશે.

આત્રેય કેરા આંગણે રે *

[આનંદથી આજે રે] રાગ

આત્રેય કેરા આંગણે રે આનંદે સહુ આવી મળ્યા.
થઈ હોંશે ભેળા (૨) ભાવથકી રે પ્રભુ કેરા કામે વળ્યા.

કરુ હુને કર્યું મેં છેરે જગતમાં સહુ કહેતા ફરે.
તારી શક્તિથી (૨) કાર્ય કરું રે સમજણથી અહીં કાર્ય સરે,
આત્રેય કેરા આંગણે રે...

લેવું રામનામ કહે બધારે, નાકામ તણી વાતો કહે.
પિતાપુત્ર કેરા (૨) સંબંધો રે વિના કાર્ય કયાંથી રહે,
આત્રેય કેરા આંગણે રે...

કોઇ કયાંથી, કોઇ કયાંથી રે આવી મૈત્રી કાજે મળ્યા
ભુલી અહં અને (૨) પ્રેમ થકીરે પ્રભુ પૂજન કરવા વળ્યા,
આત્રેય કેરા આંગણે રે...

ઇશ વ્યાપક છે વિશ્વમહી રે ગીતામાં યોગેશ્વર કહે.
તેથી કરવા પૂજા (૨) વૃક્ષ તણીરે ઠંડીગરમી પ્રેમે સહે,
આત્રેય કેરા આંગણે રે...

યજ્ઞીય કાર્ય કેરી રે ઋષિઓ દ્વારા નિષ્ઠા મળી.
કૃતિ ભક્તિની (૨) જીવનમાં રે " દાદા " દ્વારા દ્રષ્ટિ મળી,
આત્રેય કેરા આંગણે રે... આનંદે સહુ આવી મળ્યા.

પરમ પૂ. પાંડુરંગ શાસ્ત્રીજીની પ્રેરણાથી

સ્થળ : આત્રેય ફાર્મ—તા. ૨૬-૪-૧૯૮૦ રોઝડ ટેકરા

✱ ઉઘાડું મન

સંકલન : શામજીભાઈ એસ. પટેલ (વડોદરા)

ઉઘાડું મન એટલે મોકળું મન, ખુલ્લું મન જેમાં વિરોધાભાસી વિચારો પણ દાખલ થઇ શકે. જે અણગમતો અભિપ્રાય સાંભળતાં લોહી ગરમ થઇ જાય તે અભિપ્રાય પણ બરાબર વ્યકત થાય તેની કાળજી રાખે તે માણસના મનની બારી ઉઘાડી, ઉઘાડા મનવાળાં માણસ હમેશાં સત્યની શોધમાંજ હોય છે. તે રૂઢિચુસ્ત નથી હોતો તેમ પ્રગતિશીલ પણ નથી. તેને કોઇ સંપ્રદાયજ નથી કોઇ મુકામ નથી. એના કપાળે તો સતત વિચારયાત્રાજ લખાયેલી હોય છે. જયાં સુધી ચેતના ધબકતી હોય ત્યાં સુધી એવા માણસની પોતાની જાત સાથે અને દુનિયા સાથે ચર્ચા ચાલ્યાજ કરે છે તે અતિશયોકિત જેવા બધા પ્રસંગો એક કોરે મુકે છે. ઉઘાડા મનવાળા માણસનું ચાલક બળ લાગણી નથી પણ બુધ્ધિ છે. એન સંપત્તિ કરતાં પોતાના વિચારો પ્રત્યેની આસકિત વધારે હોય છે,

વિચારની આશકિતએ જેટલાં લોહી વહાવ્યાં છે તેનો વિચાર કરીએ છીએ. જયારે ઉઘાડા મનવાળો માણસ સંત જેવો લાગે છે. કહેવાતા ચુસ્ત ધાર્મિક માણસોની બીક વધારે રાખવા જેવી હોય છે. કારણ કે તેમાં ધર્મની ઝનૂનતા હોય છે ધર્મના નામે જે વિનાશી ઝનૂન વારંવાર જોવા મળે છે તે ઉપરથી એમ તારણ થઇ શકે છે કે ઉઘાડા મન જેવો બીજો કોઇ પાળવા જેવો ધર્મ નથી.

ધર્મ એટલે સત્યની તાલાવેલી અને વિવેકી સ્વભાવ, અને એ બે તત્વોની દોરવણી નીચે ઘડાતો જીવન વ્યવહાર ધર્મનું બીજુ અંગ છે ઉદારતા.

મનુષ્યને જેમ બ્રાહ્ય દેહ અને આત્મા છે તેમ ધર્મને પણ બાહ્ય દેહ અને આત્મા છે. શાસ્ત્રો, પંડીતો, ગુરૂઓ, તીર્થો, મંદિરો, ક્રિયાકાંડો, ઉપાસના, વગેરેને બાહ્ય દેહ કહ્યો છે જયારે સત્ય, પ્રેમ, નિઃસ્વાર્થપણું, વિવેક, વિનય અને ઉદારતા વગેરે સદ્‌ગુણોને ધર્મનો આત્મા કહયો છે.

દુનિયાના બધા ધર્મોએ ભયના પાયા પર પોતાનું વર્ચસ્વ જમાવ્યું છે. ઉઘાડા મનવાળો માણસ આવા ભય સાથે તર્કની શકિતથી બાથ ભીડે છે હિંસા અને ભયથી માનવ સંસ્કૃતિ ટકી શકેજ નહીં તેમ અસત્યથી પણ સંસ્કૃતિ ટકતી નથી હવે મુશ્કેલી એ ઊભી થાય છે કે થોડું ઘણું જુઠાણું કોઇપણ ચળવળને નિભાવવું

પડે છે ત્યારે ઉઘાડા મનવાળા માણસને અસત્યનો પડછાયો પણ નથી જોઈતો.

પોતાની દલિલમાં કોઇ ભૂલ જણાય અને એ ભૂલ બીજા કોઇએ પકડી ન હોય અને તેણે પોતેજ પકડી હોય તો પણ તે ભૂલની કબુલાત કરવી તે ડહાપણ અને નિખાલસતાનું કામ છે, પોતાની ભૂલ જાહેર રીતે સુધારવી ને પોતાનું મન બદલવું તે અનન્ય વિર્યવાનને તત્વજ્ઞાનીને શોભે તેવો ગુણ છે.

ઉઘાડુ મન અને સંકલ્પ શકિત એકી સાથે રહેવાં જોઇએ મન ઉઘાડું હોય તોજ આપણે વિરોધી વિચારો જાણી શકીએ ઉઘાડું મન એ કંઇ નિર્બળ વિચાર નથી. ઉઘાડું મન મુકત છે એટલે એ પોલાદી મન છે આપણે મનને ઉઘાડું એટલા માટે રાખીએ કે ચિત્ત અનાસકત કર્મમાં સદા રમતુ રહે. આમ જે કરી શકે તેના ખોળામાં બધા ધર્મો બેસી જાય છે.

બૂરા વિચાર જ મોટા શત્રુ છે.

સ્વામી શિવાનંદજી

ભગવાન ઇચ્છે છે કે એ આપણા હૃદયમાં આવીને વસે.

એટલે જ, આપણું હૃદય જો ભગવાનના નિવાસ માટે સમર્પિત કરવું હોય તો, એને ખુબ જ શુદ્ધ રાખવું જોઇએ ને એકેય બૂરો વિચાર એમાં પેસી ન જાય એની સાવધાની રાખવી જોઇએ.

બૂરા વિચાર જ આપણા મોટા શત્રુ છે. એ જ આપણને પાપની તરફ ખેંચી જાય છે ને મનની સ્વચ્છતાને બગાડે છે.

હૃદયની શુદ્ધિ માટે, આપણે જો પ્રભુની સાચા દિલની પ્રાર્થના કરીશું તો એ આપણને પૂરી મદદ કરશે ને આપણને પાપ ભણી ખેંચી જનારા બૂરા વિચારોથી બચાવશે.

મનની અસ્થિરતાને અંચળતા આપણાં દુશ્મન છે. આપણું અહિત કરનારાં છે. મનના જ્યાં-ત્યાં ભટકવાને લીધે જ આપણાં દુઃખ પેદા થાય છે.

મનમાં ફોગટના વિચારો આવે કે તુરત જ સમજી લેજો કે આ વિચાર આપણા માટે નકામા છે. આપણા ઉદ્દેશ્ય સાથે એમને કશો સંબંધ નથી.

આવા વિચારો મુકિત માટે મદદ કરનાર નથી પણ અવરોધ કરનાર છે.

આવા વ્યર્થ વિચારોને મનમાંથી ભગાડી દઈને મનને પ્રભુ સાથે જોડી દેવું જોઈએ.

ભગવાન સાથેનો મનનો સંબંધ જ આપણને પાર લઇ જશે. પ્રભુને છોડીને બીજા વિચાર કશાય કામના નથી હોતા.

'સ્ત્રીની શકિત" .....?

ભારતીબેન રમણલાલ પટેલ
તખતગઢ–સરતાનપુર

દિવાળીના દિવસોમાં લક્ષ્મી, કાળી અને સરસ્વતી એમ ત્રણ શકિતઓનું પૂજન ગોઠવવામાં આવ્યું છે. તેરશ, ચૌદશ અને અમાસ, એક પછી એક આ ત્રણ દિવસોમાં આપણી ભારતીય સંસ્કૃતિ મુજબ આપણે ત્રણે શકિતઓની પૂજા કરીએ છીએ

તમે જોશો કે, કયાંય પુરુષની પૂજા થતી નથી, પણ એક શકિતની પૂજા થય છે. આ શકિત દરેક સ્ત્રીની અંદર વિલસી રહેલી છે. એનું પૂજન માનવી એટલા માટે કરે છે કે, તે શકિતનું અવતરણ દરેક માનવીમાં થાય. માનવીમાં આ શકિતનું અવતરણ ન હોય તો માનવ માટીનો માનવ બની જાય છે.

આજના યંત્રયુગમાં માનવીઓ પણ બનાવી શકાય છે. એ રીતે બનાવેલો યંત્ર–માનવી તમને વેલકમ કહે, 'ગુડમોર્નિંગ કહે', 'ગુડઈવનિંગ' કહે', 'સ્વાગતમ' કહે, 'ભલે પધાર્યા', આવો. કહે, આમ આવા શિષ્ટાચારના શબ્દો સર્જવા એતો યંત્રવાદની દુનિયામાં બહુ સહેલી વાત છે. યંત્રવાદ વાળા શબ્દો ભલે ગોઠવી શકે. પંરતુ માનવ જીવનના નિર્માણ માટેની એક શકિત પેદા કરવાની કળા એમની પાસે નથી. આ શકિતનું આપણે નિર્માણ કરવાનું છે. અને એ શકિત જાગતી રહે, સુષુપ્ત ન બની રહે, પ્રમાદમાં ન પડી જાય એટલા માટે જ આ ત્રણ દિવસની પૂજા રાખી છે.

તેરશને દિવસે આપણે 'લક્ષ્મી'ની પૂજા કરીએ છીએ ધનની નહિ, ધનની પૂજા તો કંજૂસ કરે. આર્ય માનવીતો લક્ષ્મીની પૂજા કરે.

લક્ષ્મીમાં અને ધનમાં ફેર છે. ધનતો નાચનારી બાઈ પણ એક વખતનો નાચ કરીને દશ હજાર સુધીનું મેળવી શકે છે. પણ એની પાસે લક્ષ્મી નથી હોતી. લક્ષ્મી જયાં હોય છે ત્યાં સૌભાગ્ય અને શાન્તિ હોય છે. સુખ અને સમૃદ્ધિ હોય છે. પ્રસન્નતા અને કલ્યાણ હોય છે. કારણકે એ લક્ષ્મી છે.

ધનવાન માણસનાં મોઢાં તમે જોજો એની પાસે જો સાચી લક્ષ્મી નહિ હોય, તો લક્ષ્મીનો આનંદ નહિ હોય, એ ધનવાન ભલે હોય, છતાં એના મોં પર દરિદ્રતાની છાયાઓ છવાયેલી હશે. કોઈ વેદનાનો આતશ જાણે એમના હૈયામાં સળગી રહ્યો

હોય એવા ભાવો મુખ પર તરવરતા હશે. કારણ માત્ર એટલું જ કે, ત્યાં ધન છે. પણ લક્ષ્મી નથી.

ધન તો આજે અમેરિકામાં અઢળક છે. પરંતુ આજે ત્યાં જેટલા ગાંડાની હોસ્પિટલો છે. એટલી દુનિયામાં બીજે ક્યાંય નથી એટલે લક્ષ્મીની પૂજા લક્ષ્મી મેળવવા માટે હોય છે.

આજે જ્યારે ધનની પૂજા વધી રહી છે ત્યારે લક્ષ્મીની પુજા અનિવાર્ય બની રહી છે. એ અનિવાર્યતાને આપણે પિછાણવાની છે અને સમજવાનું છે કે, લક્ષ્મી એ શું ચીજ છે.

"સંતોષથી જીવન ગુજારે એટલું પ્રભુ આપજે. ઘરઘર ગરીબી છે. છતાં દિલ અમીરી રાખજે." આનો ભાવાર્થ એજ કે મારે પૈસા નહિ જોઈએ ધન નહિ જોઈએ લક્ષ્મી જોઈએ જેના વડે સંતોષથી જીવન ગુજરે એનું જ નામ લક્ષ્મ

લોકોએ આજે પૈસા જેવી જડ વસ્તુને લક્ષ્મીનું નામ અને લક્ષ્મી જેટલું માન આપીને એને પોતાના સ્થાન પરથી આજે નીચે ઉતારી છે. આપણે લક્ષ્મીને અસલી સ્થાન પર પાછી બેસાડવાની છે. આ કાર્ય બહેનોએ કરવાનું છે. એ કામ ત્યારે જ કરી શકાશે જ્યારે લક્ષ્મી શું ચીજ છે એ બતાવી શકાશે આ લક્ષ્મીનું પ્રત્યક્ષ સ્વરૂપ એટલે નારી

આજે તો ઘેર ઘેર ગરીબી છે. શ્રીમંતો જેવા ગરીબ દુનિયામાં બીજા કોઇ નથી. પૈસા આવે એટલે ગરીબી વધારે વધે છે. કારણકે વધારે સંગ્રહ કરવાની લાલસા જાગે છે ગરીબી ભલે આવે દિલની અમીરાત તજશો નહિ.

પહેલાં ભારતમાં એવી નારી હતી. જે એક ટંક ભૂખ વેઠીને એક ટાણું કરીને, એકાદશી કરીને પણ મોઢું હસતું રાખી શકતી હતી ગમે તેવી હાલતમાં પણ એના મોઢા પર દીનતા દરિદ્રતા કે કંગાલિયત વરતાતી જ નહિ. એટલે જ મૃતવત અને હતાશ પુરુષને પણ પ્રેરણા આપીને ઊભો કરી શકતી હતી. આવી લક્ષ્મી આવી નારી જેના ઘરમાં હોય એના ઘરમાં હોંતાઇ સ્વર્ગ હાજર હોય જ એમાં શો નવાઇ ?

તેરશ પછી ચૌદશ આવે છે. એ ચૌદશ કાળી છાતી ફાટી જાય એવી અંધારી રાતમાં એની પૂજા થાય છે. એ મહાકાળીની પૂજા છે. સ્ત્રીમાં લક્ષ્મીની સૌમ્યતા

પણ છે. અને મહાકાળીની રૂદ્રતા પણ છે સ્ત્રીની એક આંખમાં લક્ષ્મીની સૌમ્યતા પણ જોઇએ, બીજી આંખમાં મહાકાળીની રૂદ્રતા પણ જોઇશે. પૂજે એના પર એ પ્રસન્ન હોય આશીર્વાદ આપે પણ અડપલાં કરે એને તો બાળી નાખે.

જયાં માન સન્માન પ્રતિષ્ઠા ગૌરવ અને શિયળ જળવાય છે ત્યાં સ્ત્રીની આંખમાંથી લક્ષ્મી વરસે પરંતુ જયાં અપમાન યા કુદ્રષ્ટિ થાય છે અનેહીન નજરે જોવાય છે. ત્યાં એની આંખમાંથી જવાળાઓ પ્રગટે છે. બહેનોને ખંજર કે તલવારની કશી જરૂર નથી. એમની

આપણે ત્યાં અંબાજીનાં મહાકાળીનાં એવા એવાં શકિતનાં પ્રતિકો ઉભાં કરવામાં આવેલાં છે. જેનાં ચરણોમાં મોટામોટા દેવતાઓ પડેલા છે. એશું બતાવે છે ? એમ બતાવે છે. કે સ્ત્રીમાં મહાકાળીની શકિત ઊભી થાય છે. ત્યારે તેની સન્મુખ કોઇ ઉભું રહી શકતું નથી. એટલે બહેનોએ તો આ શકિત પ્રગટાવવાની છે. તમે તમારા ગૌરવને તમારા પ્રાણ સમજો. તમારું શિયળ એજ તમારું જીવન છે. એમ માનો તમારું ચારિત્ર્ય એ તમારા જીવન મંદિરનું શિખર છે એમ ગણો. જીવનમાં જો આ તત્વ નથી તો જીવન કંઇ નથી. શરીરને શણગારવામાં, ટાપટીપ કરવામાં અને બહાર હરવા ફરવામાં જ સમજે એતો બધી ઢીંગલીઓ છે. આપણે ઢીંગલી નથી બનવાનું; શકિત કેળવવાની છે અને મહાશકિત બનવાનુ છે.

આપણે સૌ જાણીએ છીએ, કે ભ રતની એકજ સ્ત્રીએ રામાયણ ઉભું કર્યું હતું. રાવણ જેવો સમર્થ પુરૂષ, જેની આગળ નવ નવ ગ્રહો પડયા રહેતા, જેની આગળ ઇન્દ્ર ચામર ઢોળતો હતો, એ વીર હતો, તપસ્વી હતો. જ્ઞાની હતો, વેદોની એની મીમાંસા પણ અદ્દભુત હતી. એ રાવણે બધેજ વિજય પતાકા ફરકાવી હતી. પરંતુ સીતાજી સમક્ષ એ પામર બન્યો હતો.

રાવણ આવીને કહે છે, રામ એટલે જંગલમાં ફરનારો. રામ એટલે વનમાં ભટકનારો રામ એટલે વલ્કલ પહેરનારો અને હું એટલે ત્રણ ભુવનનો સ્વામી તું મારા પર પ્રસન્ન થાય તો તારો બનવા હું તૈયાર છું.

તે વખતે સિતાજી કહે છે. જે માણસો સ્ત્રીના દાસ બને એવા વામણા માણસોની સામે તો હું નજર નાખવામાં પણ પાપ સમજુ છું. કારણકે જે વાસનાનો ગુલામ છે. તે આખી દુનિયાનો ગુલામ છે. આજ સ્ત્રીની શકિત, સ્ત્રીમાં અખૂટ વહાલનું ઝરણું પણ છે. સ્ત્રીમાં કુદ્રષ્ટિ કરનાર પર સામાને બાળી મુકવાની

પણ છે. અને તેનામાં સારી આદર્શ ગૃહિણી બની સરા કુંટુબને અને બાળકોને સદ્વિચારો સારી ભાવનાઓ સંસ્કારો આપવાની પૂર્વ તૈયારીઓ પણ છે.

આ શકિત પ્રગટ કરવા સૌથી પહેલો વાત લક્ષ્મીની વિચારી બીજી વાત કાળી મહાકાળીની પણ વિચારી એની સાથે સાથે એક ત્રીજી શકિતની પણ જરૂર છે. એક બાજુ પ્રસન્નતા હોય, બીજી બાજુ રૂદ્રતા પણ હોય.

એ પ્રસન્નતા અને રૂદ્રતાની વચ્ચે કોઈક બ્રિજ તો હોવો જ જોઇએ સેતુ તો હોવો જોઇએ. એ બંન્નેને જોડનારો પુલ સેતુ એટલે આ સરસ્વતી બસ એટલા જ માટે અમાસના દિવસે સરસ્વતીની પૂજા થાય છે. ચોપડાની પૂજા થાય છે. આ ત્રણેને જુદી જુદી રીતે ગોઠવામાં આવેલ છે. પરંતુ જો મૂળમાં જોવા જઇએ તો કેન્દ્રમાં એક શકિત પડેલી છે. લક્ષ્મીની શકિત જુઓ. કાળીની શકિત જુઓ. સરસ્વતીની શકત જુઓ. એક ઠેકાણે સૌમ્યતા છે. બીજે ઠેકાણે રૂદ્રતા છે. અને ત્રીજે ઠેકાણે જ્ઞાન તેમજ વિવેક છે.

આપણે તો આ ત્રણેનું પૂજન કરવાનું છે. સરસ્વતી ન હોય તો રૂદ્રતાને ડારે કોણ અને પ્રસન્નતાને રાખે કોણ ? એટલા માટે જ જ્ઞાન નામની એક વહી રહી છે. આ ત્રણ શકિતની પૂજા દ્વારા આપણે એ ત્રણેની પાછળ રહેલી શકિત સમજવાની છે.

હીરો જયારે ખાણમાંથી બહાર આવે છે. ત્યારે તેમાં કોઇ તેજ કિરણ દેખાતું નથી. માત્ર એક ચમકતો પથ્થર જ હોય છે. પરંતુ કુશળ કારીગર એના પાસા પાડે છે. પછી એની કિંમત પાંચ હજાર દશ હજાર લાખ બે લાખ એમ વધતી જ જાય છે. કારણ કે એનાં કિરણો બહાર આવતાં જાય છે.

એજ રીતે પ્રારંભમાં તો બધાય સામાન્ય કક્ષામાંજ પડેલા હોય છે. પરંતુ જેમ જેમ એની ઉપર કેળવણીના સંસ્કારના પાસા પડતા જાય છે. તેમ તેમ તેજ બહાર આવતું જાય છે.

આપણી આજના સમાજની બહેનોમાં પણ અખૂટ શકિત છે. તે અબલા નહિ પણ સબલા છે. તે સબલાઓ જો લક્ષ્મીના જેમ સૌમ્યતા, કાળીની જેમ રૂદ્રતા અને સરસ્વતીની જેમ જ્ઞાન વિવેકનું મેલવણ કરી પોતાના સંસારમાં ઉતારી આચારમાં મુકે તો તે નારી નહિ પણ નારાયણીની જેણે આજે પણ પુજય. અને પૂજાવીજ જોઇએ. કારણકે દુનિયાના નિયંતાએ સ્ત્રીમાં સૌમ્યતા. રૂદ્રતા અને વિવેક મૂકયા જ છે. પછી તેનો સદ્ઉપયોગ આજના નારી સમાજે કરવો જ રહ્યો. તોજ સ્ત્રીમાં શકિત છે. તેમ સાર્થક કર્યું ગણાય.... અસ્તુ......

ભાવનિર્ઝર યોગેશ્વર મંદિરના પ્રથમ

પાટોત્સવ પ્રસંગે

પ. પૂ. પાંડુરંગ શાસ્ત્રીજીનું પ્રવચન

સંકલન : જયોતિન્દ્ર બી. ત્રિવેદી
તલોદ સ્વાધ્યાય કેન્દ્ર

ગુજરાતના પાટનગર અમદાવાદના જોધપુર ટેકરે ભગવાન યોગેશ્વરના મંદિરના આંગણામાં ગુજરાતભરમાંથી સ્વાધ્યાયી ભાઈ-બહેનો પ્રથમ પાટોત્સવના પ્રસંગે પધારેલ પ. પૂ. દાદાની અમૃતવાણી સાંભળવા માટે આવ્યાં હતાં. આ પ્રસંગે મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું સ્મરણ પુનઃ મન, બુધ્ધિને પુલકીત કરતું હતુ.

સાયંકાળ સમયે આદિત્યનારાયણ વિશ્રામ અર્થે ઢળી રહ્યાં હતા ત્યારે ગગનમાં લાલિમા પ્રસરી રહેલી હતી. તે જ ભારતીય સંસ્કૃતિના પ્રતાપી સૂર્ય સમ પૂ. દાદા વ્યાસ પીઠ પર બિરાજ્યા હતા. વસુદેવ સૂતં દેવંના શ્લોક ગાન સાથે હજારોની મેદની નિઃસ્તબ્ધ બની ગઇ. પ્રત્યેકના કાન સરવા બન્યા હતા. પ્રત્યેકની નજર વ્યાસપીઠ પર શુકદેવ સમાન શોભતા પૂ. દાદા પર ચોંટી ગઇ હતી.

પૂ. દાદાએ તેમની પવિત્ર વાણીનો પ્રવાહ શરૂ કર્યો. ભારતીય સંસ્કૃતિએ વિશ્વને અમૂલ્ય ભેટ આપી છે 'મૂર્તિપૂજાની' મૂર્તપૂજા, બિલકુલ વૈજ્ઞાનિક છે તે નિઃશંક છે. વિજ્ઞાને પ્રત્યેક અણુમાં ચેતના છે. તેમ સાબિત કરેલ છે. માટે પાષાણ કે કાષ્ઠની મૂર્તિ ચૈતન્યયુકત છે નિર્ગુણ નિરાકાર અને સગુણ સાકાર એ પ્રભુ માટેની પ્રાચીન ઋષિ-મુનિઓ એ કરેલી કલ્પના છે. તે માત્ર કલ્પના નથી; પરંતુ સ્વપ્ન-દ્રષ્ટાઓએ પ્રભુને ધ્યાનસ્થ દશામાં જેવા જોયા તેનું આબેહુબ ચિત્રાંકન છે. પ્રભુની મૂર્તિની કલ્પના એ શેખચલ્લીનો તુકકો કે તરંગ નથી પરંતુ શાસ્ત્રીય, વિધાયક અને પુનઃસર્જેલી કલ્પના છે. મૂર્તિપૂજા શા માટે કરવી જોઇએ ? જીવનમાં ભાવ-દ્રષ્ટિ આવે, સદ્‌ગુણોની સંપત્તિ વધે અને જેની પૂજા કરવામાં આવે છે, તેના ગુણો જીવન લક્ષ્મીને સુશોભિત કરે તે માટે મુર્તિપુજા કરવાની. પૂજાએ માત્ર બાહ્ય ઉપચાર નથી પરંતુ અંતરંગ સાધન છે. પૂજા એ માત્ર વિધિ-વિધાન કે કર્મકાડી ક્રિયા નથી પરંતુ ભકિતનું ક્રિયાશીલ સ્વરૂપ છે. પૂજા એ સમય પસાર કરવા કે નવરાશને યોગ્ય રીતે હલ કરવાનો ઉપચાર નથી પરંતુ ચોવીસ કલાક જે મારા જીવનને ચલાવે છે તેના તરફ કૃતજ્ઞતા વ્યકત કરવા માટેની ભાવ પુષ્પાંજલિ છે.

પૂજાની ગુણ વત્તા સાધન પર નહિ. પરંતુ સાધકની ભાવના ઉપર આધારીત છે.

માનવજીવનમાં કયા ગુણો જોઇએ ? ભૌતિક સાધનોની માંગ માટેની યાદી કદી ખૂટે તેમ નથી પણ જીવનપુષ્પ વિકસીત કરવું હોય, હૃદયની પ્રત્યેક કળીને વિકસાવવાની હોયતો સદ્‌ગુણો જોઇશે. દૈવી સંપત્તિનો વિકાસ કરવો જ પડશે.

ભગવાનના ભક્તમાં નીચે જણાવેલ ગુણ સંપત્તિ સ્વાભાવિક રીતે પ્રગટ થતી હોય છે. (૧) પૌરુષઃ– પૌરુષ માત્ર પુરુષમાં જ હોય તેમ નથી જો તેમજ હોય તો બહેનો નિરાશ થાય. પૌરુષ શબ્દ ઉભયલિંગી છે. સ્ત્રીમાં પણ પૌરુષ હોય છે. જેમ લક્ષ્મીબાઇ, રાણી, વિક્ટોરીયા, અને મીરાંબાઇ પૌરુષ શબ્દ બોલતાં જ આક્રમકતા, નિર્ભયતા, પ્રતિકાર શક્તિ જેવા અર્થો નજર સમક્ષ આવી જાય છે. વિષયો-પંચવિષયો–વિકારો આદિ આક્રમણ કરે ત્યારે ભક્ત પાસે પ્રતિકાર શક્તિ હોવી જોઇએ, ભક્ત પાસે માત્ર રક્ષણાત્મક વૃત્ત હોય તે ના ચાલે. સમય, દેશ કાળ પ્રમાણે કયારેક અનિષ્ટ વૃત્તિઓ સામે આક્રમક થવું પડે પ્રભુના શરણે ગયેલો જીવ નિર્ભયતા અનુભવે છે, કારણ સંસારમાં ત્રિવિધ તાપથી ડરી ગયેલો જીવ, જ્યારે શિવના શરણે જાય ત્યારે નિર્ભય બને છે ડરવાનું મારે હવે શું કામ છે? મારું જીવન સુકાન તો હરિને હાથ છે ? ગીતામાં પણ દૈવી સંપત્તિની શરૂઆતમાં "અભય" ગુણ કેળવવાની વાત યોગેશ્વર કૃષ્ણે કરી છે ભક્ત ડરપોક ના હોય. તે નિર્ભય હોય કારણ પ્રભુનો તેના મસ્તક પર અભય, વરદ હસ્ત છે ' ન મે ભક્ત પ્રણશ્યતિ', આ દુનિયામાં અનિષ્ટને નકારી કઢાય નહિ. અનિષ્ટના અસ્તિત્વની નોંધ લેવી જ પડે અને તેની સામે પ્રતિકારશક્તિ કેળવવી જ પડે. વિકારોને દબાવાય નહિ, શમાવવા પડે વિવેકથી, જ્ઞાનથી, સમજથી માટે સ્વાધ્યાય અનિવાર્ય છે. (૨) પ્રસન્નતા–ભક્તનું ચિત્ત અહર્નિશ પ્રસન્ન હોય છે. અનુકૂળ પ્રસંગ હોય કે પ્રતિકૂળ પ્રસંગ હોય તેમનું ચિત્ત વિક્ષિપ્ત થતું નથી. ભક્તના ચિત્તમાં આ જગતનાં સુખ દુઃખ આંદોલન જન્માવતાં નથી. સ્થિત પ્રજ્ઞ, ત્રિગુણાતીત, અને સદ્‌ભક્તને કામ ક્રોધ આદિ ષિપુકારો, કે હર્ષ શોક, લાભ–હાનિ જેવાં દ્વંદ્વ માનસિક પરિતાપ આપી શકતાં નથી. ભક્તનું ચિત્ત હરહંમેશ પ્રસન્ન, તુષ્ટ અને પુષ્ટ હોય છે. તે નિરપેક્ષ હોવાથી નિર્વાસનિક બની જાય છે. જીવન અંગે વિધાયક દ્રષ્ટિ કેળવેલી હોય છે. માટે પ્રતિકૂળ પ્રસંગે પણ અદ્‌ભુત શાંતિ ભક્ત રાખી શકે છે. પૂ. દાદાએ તુકારામના જીવનમાંથી પ્રસંગ ટાંકતાં કહ્યું કે તુકારામની પત્ની જ્યારે જાણે છે કે તેમના પતિએ શેરડીનો ભારો બાળકોને વહેંચી આપ્યો છે અને માત્ર એક જ સાંઠો આપે છે. ત્યારે તે સાંઠાનો ભક્ત તુકારામના

બરડા પર પ્રહાર કર્યો શેરીના બધાં માણસો હાજર હતાં. કોઇ પણ પતિ આ પ્રકારનું
અપમાન સહન ના કરી લે પરંતુ તુકારામ મહારાજ હસતાં હસતાં કહેવા લાગ્યા 'તારો
મારા પર કેટલો બધો પ્રેમ છે.' એક સાંઠાના હવે બે ભાગ થયા છે લે એક તારો
અને એક મારો મને ખબર જ હતી કે મને મારો ભાગ આવ્યા સિવાય તું કદાપિ
ખાઇશ જ નહિ.' પત્ની ક્ષોભ પામ્યાં અને ઉદાર ચરિત્ર ક્ષમાવાન પતિદેવની માફી
માગવાં લાગ્યા ત્યારે કહ્યું કે પતિ-પત્ની વચ્ચે માફી માંગવાની હોય નહિ.
ભગવાન પણ કેટલીકવાર ભકતનો વૈરાગ્ય દ્રઢ થય તેટલા માટે દાંપત્ય જીવનમાં
કજોડાં કહી શકાય તેવાં જીવન નિર્માણ કરે છે. યુગ્પનો જ નહિ પણ વિશ્વનો
મહાન ચિંતક, તત્વજ્ઞ સોક્રેટીસ પણ જીવનના કોયડા અન્યને સમજાવવા સમય
પસાર કરતા હતા પત્ની રસોઇ તૈયાર કરી, ગરમ રાખે પણ આ ફિલસૂફને ગરમ
ભોજન જમવામાં રસ જ નથી તેને તો શિષ્યોનું જીવન જ્ઞાન, ભાવ અને ક્રિયાથી
કેવી રીતે બધુ શોભે તેમાં રસ છે. એક દિવસ પત્નીએ રસોડામાં વાસણો ખખડાવવા
માંડયાં, અવાજ કરવા માંડયો જેથી ફિલસૂફને યાદ આવે કે પત્ની ભૂખી થઇ છે.
અને પતિને ભોજન માટેનો સંકેત કર્યે છે. સોક્રેટિસ સમજતા નથી, પત્નીની
વ્યવહારિક પીડાને તેથી પત્ની ગુસ્સે થઇ પાણીનું માટલું તેમના પર ઢોળે છે ત્યારે
ધ્યાન ભંગ થયેલા સોક્રેટિસ શિષ્યાને કહે છે વાદળની ગર્જના પછી વરસાદના પડે
તો વિજ્ઞાન ખોટું કહેવાય. કુદરતના ક્રમનો ભંગ થાય માટે આ તેનું પ્રત્યક્ષ ઉદા-
હરણ છે. પત્ની ઝંખવાઇ ગઇ. ઉદાર ચરિત મહાત્મા સોક્રેટિસ પત્નીને ક્ષમા આપે
છે. નરસિંહ મહેતાને પણ પ્રતિકૂળતા આવી, શોકમય પ્રસંગો આવ્યા ત્યારે ગાયેલું
'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ' ભકતનું ચિત્ત-હૃદય પારસ
મણી જેવા છે. પ્રતિકૂળતાનું લોખંડ, વિષાદની લોહકણીકાઓ તેમના સ્પર્શે સ્ફટીકસૂમ
શુદ્ધ, રત્ન સમ તેજસ્વી અને સુવર્ણ સમ અમૂલ્ય બની જાય છે. (૩) ભકિત
તીવ્ર હોવી જોઇએ. સામાન્ય નહી. સંગીતના તાર સત્કાર પર જયારે ગાયક રાગ
છેડે છે. ત્યારે વાતાવરણમાં એક પ્રકારની લયબદ્ધતા આવી જાય છે. વાતાવરણમાં
ચોપાસ સૂરનું સામ્રાજય છવાઈ જાય છે. કારણ સંગીતકારની સંગીત સાધના તીવ્ર
છે. હૃદયના ઊંડાણમાંથી તે આવે છે. માટે સાંભળનારના કાનમાંથી હૃદયના ખૂણે
ખૂણામાં સૂર અને શબ્દ પ્રભુત્વ જમાવે છે. આજકાલ ભકિત કાંઇક પ્રદર્શન
જેવી બની રહી છે. તે ગતાનુંગતીકતાને પોષે છે, દેખાવે તેનાથી શ્રેય થતું નથી.
ભકિન મીરાંબાઈની જેમ 'મેરે તો ગિરિધર ગોપાળ દૂસરા ન કોઇ' અનન્ય બને,
તીવ્ર બને ત્યારે ભકિતએ માત્ર વૃત્તિ રહેતી નથી પરંતુ વિશ્વમાં પ્રસરી જાય તેવી
ચમત્કારિક શકિત બની જાય છે. અસાધ્ય અને અશકય બાબતોને સાધ્ય અને

શક્ય બનાવે છે. જેમ રાણાજીએ ઝેરનો પ્યાલો મોકલ્યો અને મીરાં પ્રભુનું ચરણામૃત સમજી પી ગયાં અને જીવ્યાં. જ્યારે રાણાજીએ ભૂલ કબૂલી અને મેવાડની રાણી મીરાંને દ્વારિકાથી મેવાડ પાછા ફરવા જણાવ્યું ત્યારે મીરાંબાઇ કહે કે હું સ્વતંત્ર નથી, મારા ગોપાલને પૂછી જોઉં. મીરાં આજ્ઞા લેવા ગયાં, પ્રભુના ચરણોમાં ઝૂકયાં અને મીરાંબાઇને પ્રભુએ સ્વ હસ્તે ઉપાડી લીધાં અને પોતાનામાં સમાવી લીધાં. આ છે તીવ્ર ભક્તિનો ચમત્કાર ભક્ત નરસિંહનો હાર પ્રભુએ હાથો-હાથ લીધો હતો. વિવાહ પ્રસંગે શામળા ગિરધારીએ વાણોતરનો વેષ લઇ હુંડી સ્વીકારી હતી. આમ ભક્તોના જીવનમાં પ્રભુએ અનાયાસે ચમત્કારો સર્જ્યા છે. ભક્તમાં કોઇ ચમત્કાર હોતો નથી. ભક્ત પણ આપણા જેવો જ માણસ છે. માત્ર વિશેષતા છે. તેની અસામાન્ય દ્રઢ વિશ્વાસ ભક્તિ રામાયણમાં નવધા ભક્તિનું વર્ણન તુલસીદાસજી કરે છે. પૂજન, અર્ચન, શ્રવણ, કીર્તન અને અંતે 'આત્મનિવેદનમ' જ્યાં સુધી ભક્ત આત્મ સમાર્પણના કરે ત્યાં સુધી ભક્તિની ટોચ આવતી નથી (૪) માણસે જીવનમાં સમન્વય સાધવો જોઇએ. સત અને અસત શિવ અને જીવ, માયા અને મોહન પ્રકૃતિ અને પુરુષ, શ્રેય અને પ્રેય, ભક્તિ અને વ્યવહાર આમ જીવનના અને જગતનાં બન્ને પાસાં જોતાં શુભ-અશુભનો વિધાયક સમન્વય માણસે કરવો જોઇએ. વિકારો ખરાબ છે માટે વિકારોથી ડરી જઇએ તો વિકારો વધુ ડરાવે. વિકટ પણ ભગવાનનું સર્જન છે. માટે તેનો સ્વીકાર કરવો જોઇએ પણ તે સ્વીકાર વિવેકથી કરવાનો છે. શરીર રક્તમાસનું છે, અશુદ્ધ છે, તિરસ્કૃત કરવા જેવું છે. તેમ વિચારીશું તો પ્રભુની સર્વ શ્રેષ્ઠ વૈજ્ઞાનિક કૃતિને અન્યાય કરી બેસીશું. તેથી શરીરની રચનાને પ્રેમથી સ્વીકારવી પડે, ઇન્દ્રિયોના આવેગને સમજવા પડે દેહને પ્રભુ મંદિર સમજી, સ્વીકારી બને તેટલું આંતર બાહ્ય પવિત્ર રાખવાની દૃષ્ટિ કેળવવી પડે. ઇન્દ્રિયો જો ના હોત તો પ્રભુની 'મધુરા સૃષ્ટિ'નું માણસ કેવી રીતે આકંઠ પાન કરી શક્યો હોત ? ગુલાબની સુંગધ માણવા, પૃથ્વીની પુણ્યગંધને માણવા નાસિકા જોઇએ. ષટરસને માણવા જિહ્વા જોઇએ અને પ્રભુની સૃષ્ટિને ટકાવવા સર્જન માટેની ઇન્દ્રિયો જોઇએ. સ્વાધ્યાય શીખવાડે છે કે ઇન્દ્રિયો આપણી ગુલામ છે. જો આપણે તેની પાસેથી યોગ્ય રીતે, વીધી પૂર્વક, શાસ્ત્રની મર્યાદા પ્રમાણે કામ લઈશું તો ઇન્દ્રિયો પ્રભુ પાસે જવા માટે સોપાન રૂપ બનશે. પરંતુ ઇન્દ્રિયો માલિક બની જાય તો આ જીવનરથને અવળી દિશામા લઇ જાય અને રથમાં બેસવા જીવાત્માને પતનની દિશા તરફ લઈ જાય માટે ઇન્દ્રિયોને નિહાળો, જાણો અને વિવેકથી સમન્વય વૃત્તિ સાધી ઉદ્દવગતિમાં પ્રેરો. અનિષ્ટોને નકારવાથી દૂર થતાં નથી, અનિષ્ટ સાથે સમાધાન પણ શક્ય નથી તો પછી અનિષ્ટને તાર્કિક રીતે જાણી લઇને વૈજ્ઞાનિક ઢબે સમાર્જન કરવું પડે અનિષ્ટ પ્રત્યે ઉપેક્ષા

સેવવાથી, તિરસ્કાર કરવાથી અનિષ્ટ નષ્ટ રાખે નહિ. અનિષ્ટો દૂર કરવા સમન્વય વૃત્તિ સાધવી પડે. વિધાયક જીવન દ્રષ્ટિ કેળવવી પડે અને તેઓ શુદ્ધ, સંસ્કૃત બને તે માટે તેમને સાથે રાખવાં પડે. મનુષ્યના જીવનમાં સમન્વયવાદી દ્રષ્ટિ આવે છે ત્યારે સારાં-નરસાંના, શિક્ષીત-અશિક્ષિતના, ગરીબ-તવંગરના, પાપી-પૂણ્યશાળીના ભેદો ઓસરી જાય છે. માણસને માણસથી અલગ કરનારી દિવાલો તૂટી જાય છે અને પ્રેમના સામ્રાજ્યમાં માનવ માનવ એક સમાનની ભાવના જાગૃત થાય છે. (૫) અંહકારનો નાશ અહંકાર, અભિમાન એ માનવીના પતન માટેનો સીધો રસ્તો છે. અભિમાન છોડવું પડશે, 'હું કરું છું,' 'આ મેં કર્યું છે' આ બધુ મેં પ્રાપ્ત કર્યું છે. આ મેં મે બંધ કરવુ પડશે. 'અમે કર્યું છે' તેમ કહેવામાં 'હું' કાર, ચાલ્યો જાય છે. અહંકાર વગર માણસને ચાલે નહિ તેથી પતન ગામી અંહકારને કાઢી સાત્વિક અહંકાર ગ્રહણ કરવાનો. 'હું પ્રભુનો છું.' એ અભિમાન રાખવાનું 'હું પ્રભુનો લાડકો દિકરો છું.' એ ગર્વ રાખવાનો માનવ સહજ નબળાઇઓમાંથી પેદા થતી લઘુતાગ્રંથીનો ત્યાગ કરી 'હું યોગેશ્વરનો દીકરો છું' દીન, હીન નથી પરંતુ વિશ્વંભરનું સંતાન છું. એવું અભિમાન રાખવાનો. દુન્યવી પદાર્થનું અભિમાનછોડી દેવાનું અને સ્વર્ગીય શક્તિઓનું અનુસંધાન કરી અભિમાન કેળવવાનું. પ્રભુનું કાર્ય કાર્ય કરવા નીકળ્યો છું. માટે વળી ડર કેવો ? શા માટે ડરું છું. ? આમ નિર્ભયતા જીવનમાં આવે ત્યારે તેજસ્વીતા આવી જાય. ભગવાન યોગેશ્વરનો સમાજ કર્તૃત્વશાળી છે, ભાવનાશાળી છે, માયકાંગલો નથી, હતવીર્ય નથી, આવો સાત્વિક હુંકાર, સિંહની ગર્જના જેવો કરવાનો છે. અભિમાનનો નાશ સર્વોત્કૃષ્ટ અભિમાનથી કરવાનો છે. હું નિત્ય, શુદ્ધ, બુદ્ધ પ્રજ્ઞાનંબ્રહ્મ છું. ચિદાનંદ રૂપ શિવ સ્વરૂપ છું. આ પ્રકારનો અભિમાન રાખવાનો. અહંકારનો નાશ થતાં જ માનવ મનની સ્થળી કર્મગ્રંથિઓનો નાશ થાય છે, નવાં કર્મો થતાં નથી. જૂનાં ખત્મ થાય છે. મનનો મોક્ષ થાય છે,

આ બધાં ગુણો ભાષાણ સાંભળવાથી ના આવે, માત્ર દર્શન કરવાથી ના આવે, આ ગુણો પ્રાપ્ત કરવા મૂર્તિપૂજાની સાથે માણસે સ્વાધ્યાય કરવા જોઇએ, સ્વાધ્યાય ચિંતન અને મનનમાં આળસ ના કરવુ જોઇએ. 'સ્વાધ્યાય પ્રવચનાભ્યાં મા પ્રમદિતવ્યં' સ્વાધ્યાય એ માણસને જીવન પ્રત્યે ઉધ્ધચારવંત બનાવે છે. વિધાયક દ્રષ્ટિ આપે છે. સ્વાધ્યાયની બેઠક ભક્તિની છે. ગીતામાતાની છે. બાળક જેમ માતા પાસેથી પુષ્ટિદાયક દૂધ મેળવે છે. તેમ સ્વાધ્યાય દ્વારા સ્વાધ્યાયી ગીતામાતા પાસેથી પુષ્ટિદાયક અમૃત સમાન શીતલ જીવન દ્રષ્ટિ સમ દૂધ મેળવે છે. ગીતા એ મહાન ગ્રંથ છે. જીવન માટેનો ગ્રંથ છે. મરણ પછી વંચાવવા માટે નહિ. ગીતા એ વિશ્વમાનવને દિશા ચીંધતો અમરગ્રંથ છે. ભૂલેલાં, ભટકેલાં માટે દીવાદાંડી જેવો

તારક ગ્રંથ છે. ગીતા એટલે વિષણ્ણતા અને પ્રસન્નતાનો સંવાદ છે. પ્રસન્નતાનું પ્રતિક પ્રભુ યોગેશ્વર શ્રી કૃષ્ણ પરમાત્મા છે, જ્યારે વિષાદ, ખિન્નતા, દૈન્યનું પ્રતિક છે. અર્જુન ભગવાન જ્ઞાન, કર્મ અને ભકિતના શિક્ષણથી અર્જુનનું દૈન્ય મિટાવી દે છે. નરવીર, ગુડાકેશ પોતાના ક્ષત્રિધર્મને અનુસરી ' કરિષ્યે વચને તવ ' લલકારી મા સંસ્કૃતિની સેવા અર્થે કુટુંબનાં વહાલાં-દવલાંની આહૂતિ આપવા તૈયાર થઇ જાય છે. ધન્ય છે અર્જુનના ત્યાગને, બલિદાનને અને સર્વોત્કૃષ્ટ સંખ્ય ભાવને ભગવાન યોગેશ્વરની આરતી બાદ સર્વે આ પ્રસંગને યાદ રાખી, ભગવાન યોગેશ્વરના ચરણોમાં શીશ ઝુકાવી, સંસ્કૃતિ ઉદ્ધારક યજ્ઞમાં યથાશકિત-મતિ અનુસાર આહુતિ આપવાનો સંકલ્પ કરી વિખરાયો પુ. દાદાની પ્રતિભા, અને પવિત્ર વાણી ગુંજન સ્મૃતિમાં કાયમ કરતાં કરતાં સ્વાધ્યાયી પરિવાર ધીમે ધીમે ' ધર્મક્ષેત્ર અને કાર્ય ક્ષેત્ર ' પ્રવૃત્ત જવા ઉત્સુક બન્યો. ભગવાન યોગેશ્વરની જય છે. પૂ. દાદાના દર્શન માટે લોકોમાં પડાપડી થઇ તે પણ સાહજિક અને ભાવુકતા પ્રગટ કરનારી બાબત છે, સૌને પૂ. દાદાના કાર્યમાં સહભાગી થવાનીપ્રેરણા મળે તેવી શુભ અપેક્ષા સાથે. -અસ્તુ

દુઃખી બાળકો *

સંપાદક : સુરેશચંદ્ર જી. પટેલ HSC.
નેશનલ ટીમ્બર માર્ટ, નરોડા

જગતમાં ૧ થી ૧૫ વર્ષથી નીચેનાં ૧ અબજ ૪૩ કરોડ ૯૦ લાખ બાળકો છે.

તેમાંથી ૬૯૩૦ લાખ બાળકોની તથા તેમના માબાપની સ્થિતિ જોતાં ૬૦ વર્ષથી વધારે જીવી શકે તેમ નથી.

૫૦ લાખ બાળકો દર વર્ષ ચેપી રોગથી મરી જાય છે.

૨૩૦૦ લાખ બાળકો દર વર્ષે ભૂખમરાનો ભોગ બને છે

૫૯૦૦ લાખ બાળકોને પિવા માટે ચોખ્ખું પાણી અશકય છે.

૪૧૭૦ લાખ બાળકો ફુટપાથ તથા ઝુંપડામાં રહે છે.

૬૦૪૦ લાખ બાળકો ડૉકટરી સારવાર પામી શકે તેમ નથી,

૨૫૦૦ લાખ બાળકો ૧ થી ૧૪ વર્ષના હોવાથાં ભણવા લાયક છે પણ મોટા ભાગના ભણવા જતા નથી.

૭૨૦ લાખ બાળકો ગંભીર ખોડખાંપણ વાળાં છે

૧૭૩૦ લાખ બાળકોને શિક્ષણ માટે વિશિષ્ટ્ર પ્રવાસની જરૂર છે

૩૯૬૦ લાખ બાળકો એવા ગરીબ દેશમાં રહે છે. કે જ્યાં માથાદીઠ આવક વાર્ષિક માત્ર રૂા ૨૦૦ છે.

૧૦૦ લાખ બાળકો ભટકતી જાતીનાં છે. જેમને સ્થિર જીવન અશકય છે.

૧૫૬૦ લાખ બાળકો ગદામાં ગંદી ચાલીઓમાં રહે છે.

૬ લાખ બાળકોનાં મા-બાપ કોઇ પણ દેશનાં નાગરિક નથી.

ભારતમાં ૨ કરોડ બાળકો માબાપના સુખથી વંચિત છે.

સંતોને સત્કારતું સાબરકાંઠા

પ્રા. જ્યોતિન્દ્ર બી. દ્વિવેદી (તલોદ)

સાબરકાંઠાના પવિત્ર યાત્રાધામ શામળાજીમાં તા ૧૭/૧૮/૧૯ એપ્રિલ ૮૦ ના રોજ ત્રિદિવસીય મહોત્સવ ઉજવાયો. પ. પૂ. શ્રી રામશર્મા ગાયત્રી શક્તિપીઠના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના માંગલિક ઉદ્‌ઘાટન માટે પધાર્યા હતા, સાબરકાંઠા ગાયત્રી પરિવારના પરિજનોએ સંઘ, સહકાર અને પરિશ્રમનાં સુંદર પરિણામો બતાવ્યાં હતાં. અસહ્ય ગરમીના દિવસોમાં ઠંડા પાણીની સગવડતા સરસ રીતે પૂરી પાડી હતી. વિશાળ માનવ મહેરામણ મા ગાયત્રીના ખોળે ખેલતો, રમતો અને જમતો હતો. ભોજનાલય એ સાક્ષાત અન્નપૂર્ણાનું મંદિર બની ગયું હતું વિશાળ જન-સંખ્યાને સ્વયંસેવકો પ્રેમથી જમાડતા હતા. પ પૂ. શ્રી રામશર્માજીનો સભામંડપ દેવરાજ ઇન્દ્રના દરબાર જેવો શોભતો હતો. ગુરૂજીના શબ્દોમાં કહીએ તો સમાજનો ઉન્નત અને શ્રેષ્ઠ (cream) સમુહ ત્યાં એકઠો થયો હતો.

પ. પૂ. ગુરૂદેવે ત્રણે દિવસ પ્રાત: કાળે ૫–૦૦ કલાકે ધ્યાન શિબિરમાં ગાયત્રી પરિજનોને પ્રાણ. જ્યોતિ અને રસની ક્રમશ: ધ્યાન પદ્ધતિ બતાવી ૧૫ મિનીટ શાંતચિત્તે મા ગાયત્રીની ઉપાસના કરાવી હતી. આ વિશાળ સમાજ અસત્યમાંથી સત્ય તરફ, અજ્ઞાનના અંધકારમાંથી પ્રકાશ તરફ અને મૃત્યુમાંથી અમરત્વ તરફ ઉર્ધ્વ પ્રયાણ કરે તે માટે આ ધ્યાનોપાસના બતાવી હતી. પ્રણવ સાથે ભુ: ભુવ: અને સ્વ: ક્રમશ: કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયુગનાં સોપાનો છે જે સાધકે ધ્યાન રાખી સવિતાનારાયણના પવિત્ર તેજને ભ્રુ મધ્યમાં નિષ્ઠાથી પ્રસ્થાપિત કરવાનું હોય છે. ગુરૂદેવે તેમના પ્રવચનમાં ભગવતી ગાયત્રી માતાના ત્રણ સ્વરૂપો (૧) દેવમાતા (૨) વેદમાતા અને વિશ્વમાતા સમજાવ્યાં મત્સ્યાવતારની માછલી જેમ બ્રહ્માજીના કમંડલમાંથી તળાવમાં અને તળાવમાંથી સાગરમાં મુકવામાં આવી હતી તેજ પ્રમાણે મા ગાયત્રી હવે દેવમાતા અને વેદમાતાના તબક્કામાંથી પસાર થઇ વિશાળ જગતની માતા બનવા જઇ રહ્યાં છે. ગાયત્રી મંત્ર એ માત્ર બ્રાહ્મણોનો ઇજારો નથી. વેદ, આકાશ, ધરતી, સૂર્ય, હવા અને પાણી સમસ્ત વિશ્વનાં છે. પ્રત્યેક વર્ગ તેનો ઉપભોગ કરે છે તો શા માટે ગાયત્રી દેવીનો જપ સ્ત્રી, બાળકો અને બ્રાહ્મણેત્તર વર્ગ ના કરી શકે ? માતા બધાં બાળકોને સરખા પ્રેમથી ચાહે છે અને પોતાના સત્યથી પુષ્ટ કરે છે તે પ્રમાણે મા ગાયત્રી પણ દરેક બાળકને જે તેના શરણમાં જાય તેને બે હાથથી પ્રેમપૂર્વક આવકારે છે. ગાય માતા પાસેથી દૂધ મેળવવું હોય તો ઘાસ પાણી આપવું પડે તે પ્રમાણે ગાયત્રી માતા પાસેથી મેધા, પ્રજ્ઞારૂપી દૂધ પ્રાપ્ત કરવું હોય તો નૈષ્ટિક ઉપાસના

જપ, વ્રત અને ભક્તિનું ઘાસ, પાણી આપવું પડે કુદરત મફત કયારેય નથી આપતી. ધરતીમાતા પાછળ ખેડુત તેનું લોહી પાણી એક કરે છે ત્યારે અનાજ આપે છે. વરસાદ અકસ્માત કે ચમત્કારથી વરસતો નથી, પરંતુ સૂર્યના પ્રખર કિરણોથી જળને શોષાવું પડે છે. આગમાં શેકાઈ પ્રવાહી રૂપમાંથી વાયુરૂપ બનવું પડે છે ત્યારે વાદળ બંધાય છે. પ. પૂ. ગુરુદેવે કુરાન, બાઈબલ, જ્યોતિષશાસ્ત્ર, રાજકારણ અને સમાજશાસ્ત્રીય પ્રમાણો આપી જણાવ્યું કે ઈ. સ. ૧૯૮૦ થી ૨૦૦૦ સુધીનાં ૨૦ વર્ષો જગત માટે, માનવજાત માટે ખતરનાક છે, અણધારેલી કુદરતી આફતો આવશે, વાયુ, જળ અને ધરતી વધુ દૂષિત થશે. આંતરરાષ્ટ્રિય રાજકારણમાં પણ ઉગ્રતા અને અસહિષ્ણુતા આવશે. આવા અમંગળ સમયનો પડકાર ગાયત્રી પરિવારના પરિજનોએ ઝીલવો પડશે. માણસે વિપત્તિથી ડરવાની જરૂર નથી પરંતુ વિવેકથી, જ્ઞાનથી સર્વજન સુલભ રસ્તો શોધવાની જરૂર છે, ગુરુદેવે આ ૨૦ વર્ષની પરિસ્થિતિને પડકારવા 'યુગસંધિ મહાપુરશ્ચરણ' ની યોજના સમજાવી. દરેક નૈષ્ઠિક ઉપાસકે દરરોજ ગાયત્રીની પાંચ માળા અને ૧૦ પૈસાનું દાન કરવા જણાવ્યું. દર ગુરુવારે મીઠા વગરનું ભોજન એકજ ટઈમ માટે, બ્રહ્મચર્ય અને ૨ કલાક મૌન રાખવા અનુરોધ કર્યો હતો. ગાયત્રી શક્તિપીઠ એ સાધકમાં રહેલી શક્તિઓને રીચાર્જ કરવાની જગ્યા છે. શક્તિ પ્રાપ્ત કરવા અને દ્વિગુણિત કરવાનું કેન્દ્ર છે યુગનિર્માણ કરવા માટેનો સંકલ્પ દૃઢ કરવાનું તીર્થ છે 'હમ બદલેંગે તો યુગ બદલેગા' સુચનને સાર્થક કરવા સનિષ્ઠ પ્રયત્નો કરવા જ પડશે. આજનો માણસ ભૌતિક લાલસાઓથી પીડાય છે માટે ધર્મ, અધ્યાત્મ અને પ્રભુની ઉપાસનાને પોતાની વાસના, ઈચ્છા અને તૃષ્ણાને સંતોષવાનું સાધન ગણે છે. તે જરાય યોગ્ય નથી. આજે માણસ દરેક પાસેથી માંગતો ફરે છે. ભિખારીની જેમ, શરમ આવતી નથી. અને માંગેલું જયારે મળે ત્યારે સંતોષ થતો નથી પરિણામે અસુરની જેમ ધરાતો નથી અને બને તેટલુ વિશેષ સંગ્રહ કરવાની ઈચ્છા રાખે છે.

આ પ્રકારની વૃત્તિઓ વધવાથી અસુરત્વ પાંગરે છે. માણસે થોડામાંથી પણ થોડુ અન્યને આપવું જોઈએ પતિએ પત્નીને સ્નેહ આપવો જોઈએ. સ્નેહશૂન્ય, ભાવશૂન્ય જીવન એ નિષ્પ્રાણ જીવન કહેવાય. માટે બે હાથથી જેટલુ આપી શકાય તેટલું વિવેકથી આપો તો હજાર હાથ વાળો વ્યાજ સહિત પાછું આપશે. અંતમાં ગાયત્રી શક્તિપીઠ ભારતમાં સૌથી પ્રથમ શામળાજી સ્થળે થયું છે તેનો સંતોષ અને પ્રસન્નતા ગુરૂજીના મુખ પર અને વકતવ્યમાં જણાતી હતી. આપણા સહુને માટે આ ગૌરવનો પ્રસંગ બન્યો છે. કવિશ્રી પથિકનું ગાન–સમૂહગાન યોગ્ય રીતે બની ગયુ 'અસુરોં સે યે લડાઈ હૈ ઈન્સાનકી, યે કહાની હૈ હમારે યુગ નિર્માણ કી'

ગાયત્રી મતા આ ધર્મ યુદ્ધમાં તેના પરિજનોને વધુ શકિત આપે અને નૂતનયુગને આપણે બધા માણીએ તેવો પ. પુ. ગુરૂદેવે આશીર્વાદ આપ્યો. વિદાયનું દૃશ્ય પણ મનોહારી બની ગયું. ગુજરાત અને સૌરાષ્ટ્રની પરંપરા પ્રમાણે કવિશ્રી પથિકના કાવ્ય અનુસાર પ. પૂ. શ્રી રામશર્માને 'રામ રામ' અમારા અંતરના આરામને શ્રી રામ. રામ રામ પાઠવી સમારંભ પુરો થયો. વેદમાતા ગાયત્રી માત કી જય......

તીર્થસ્વરૂપ પ. પૂ પાંડુરંગ આઠવલે શાસ્ત્રીજી

પ્રેરીત

સ્વાધ્યાય પ્રવૃત્તિ કેન્દ્ર અને આત્રેય ટ્રસ્ટ ફાર્મની પવિત્ર ભૂમિ પર

સાબરકાંઠા જીલ્લાના પ્રાંતિજ તાલુકાના રોજડ ગામની નજીક 'આત્રેય ટ્રસ્ટ ફાર્મ' તા. ૨૬ એપ્રીલ ૧૯૮૦ના રોજ પ. પૂ. પાંડુરંગ શાસ્ત્રીજીનાં પુનીત પગલાં થી મંગળ આશીર્વચનથી અસ્તિત્વમાં આવ્યું. સાબરકાંઠા જીલ્લાના સ્વાધ્યયી પરિવારની પ્રવૃતિઓનું મુખ્ય કેન્દ્ર હવે આત્રેય ફાર્મ બનશે. ભારતની સંસ્કૃતિના ઉદ્દગાતા મહર્ષિ અત્રિના નામ પરથી આત્રેય ટ્રસ્ટ નામકરણ થયું. પ. પૂ. પાંડુરંગ શાસ્ત્રીજીની પ્રેરણા અને આશીર્વાદથી આ ફાર્મ હવે ક્રમશઃ ઋષિ-કૃષિ સંસ્થામાં ફેરવાઇ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ભારતીય સંસ્કૃતિના જીવનસૂત્રો સમજાવશે. આ વિગત આચાર્યશ્રી રતિભાઈ પટેલે અને આત્રેય ટ્રસ્ટના મુખ્ય શિલ્પી મુ. શ્રી મુળશંકરભાઇ સુથારે તેમના પ્રાસંગિક પ્રવચનોમા ઉપસ્થિત રહેલ સ્વાધ્યાયી પરિવારના ભાઇ-બહેનોને આપી. આત્રેય ટ્રસ્ટ ફાર્મના ભવિષ્યમાં વિકાસ ગાથા સત્ય, શીલ ઉપાસના ત્યાગ અને સમર્પણથી સુવાસીત રહે તે માટે ભગવાન શ્રી સત્યનારાયણની પૂજા પણ ચાલતી હતી. ભગવાન સત્યનારાયણની પૂજા કરવા તલોદના યુવાન, ઉત્સાહી અને ભાવનાશીલ સ્વાધ્યાયી ભાઇ શ્રી મુળજીભાઇ અને તેઓશ્રીનાં ધર્મપત્ની બેઠાં હતાં પ. પૂ. પાંડુરંગ શાસ્ત્રીજીને અમદાવાદથી આવતાં થોડો વિલંબ થયો હતો એટલે સ્વાધ્યાયી ભાઇ-બહેનોએ સ્વાધ્યાય ગીતમાલા અને ગીત સુધામાંથી સુંદર ભાવગીતો રજૂ કર્યા. જે જનમેદનીએ સ્વસ્થ ચિતે ઝીલ્યાં અને પ્રતિક્ષા કરી પૂ. દાદાના આગમનની ધન્ય ઘડી આવી પહોંચી બરોબર ૯-૦૦ કલાકે પૂ દાદા આવી પહોંચ્યા તેમણે સર્વ પ્રથમ ફાર્મની જમીન, કૂવો, તૈયાર થયેલ મકાન વગેરેની

શ્રી મુળશંકરભાઇ સુથાર અને અન્ય ટ્રસ્ટીઓ પાસેથી મેળવો. ભગવાન સત્યનારાયણને પુષ્પથી ભાવાંજલિ આપી હતી. આ દરમ્યાન શ્રી ધીરૂભાઇ સામાણીએ પ્રસંગને અનુરૂપ ' આજ મારે આંગણે અનેરી ઘડી, અંતરની આશ મારી આજે ફળી ' શાસ્ત્રીય હલકથી મન બહેલાવી દે તેવા મંજુલ સ્વરથી ભાવગીત ગાયું અને ગવડાવ્યું.

૫. પૂ. પાંડુરંગ શાસ્ત્રીજીએ આશીર્વચન આપતાં જણાવ્યું કે આ યજ્ઞીય ભૂમિ છે. સાબરકાંઠાની યજ્ઞીય ભૂમિનાં દર્શન કરવા આવ્યો છું. તેની પવિત્ર ચરણ રજ લેવા આવ્યો છું. તમને બધાંને મળવા આવ્યો છું પ્રવચન કરવા, ભ પણ કરવા આવ્યો નથી. ચંદન અને ચોખા ચડાવીએ એટલે ભકિત પૂર્ણ થઇ તેમ ના ગણાય. ચંદન અને અક્ષત સાધનો છે, સમગ્ર નથી. ભકિતમાં વૃત્તિ હોવી જોઇએ. કૃતિશીલતા હોવી જોઇએ, માત્ર શાબ્દિક નહિ. ભકતની વાત કરતાં પૂ. દ દાએ કહ્યું ભકતમાં બે બાબતો હોવી જોઈએ, (૧) હું સમજતો નથી અને (૨) હું કરતો નથી, આ બે લક્ષણો દઢ થ.ય એટલે ભકત ભૂતકાળ અને ભવિષ્ય કાળની બાબતો માં અટવાતો નથી પરંતુ સમય, દેશ અને કાળ અનુસાર જો યોગ્ય કાર્ય, ફરજ બાવી પડે તેને ધર્મ સમજી કર્મફળની અપેક્ષાનો ત્યાગ કરી શકે તો તે સાચો ભકત અને કર્મયોગી ગણાય. ભગવાન જે મોકલશે તે સ્વીકારીશ. મારે આ જોઈએ l જોઇએ એમ માંગવાનું નહિ પણ પ્રભુ જે મોકલશે તે સ્વીકારીશ. જો આપણે ગવાન પાસે માંગીએ તો એનો અર્થ એ થાય કે આપણુને સુખના રસ્તાની બર છે તે ઉચિત નથી.

લે શું થશે તે આપણુને ખબર નથી તો પછી આ વસ્તુ મળશે એટલે સુખની પ્તિ થશે તે કલ્પના બરોબર નથી. આપણે કામ કરતાં હોઇએ, ખેતરમાં જતાં ઇએ, ધંધો વેપાર કરતાં હોઈએ અને બોલીએ કે 'હું કરતો નથી' તો તે ગ ગણાય, કુંભ કહેવાય, 'હું કહું છું' એમ બોલવામાં અહંકાર આવે છે, ટે સ્વાધ્યાયી ભાઈઓ અમે કહીએ છીએ એમ બોલે છે. આ મેં કર્યું માં અહંકારનો ધ્વનિ સંભળાય પણ 'આપણે બધાંએ કર્યું' એમ બોલવામાં હકારનો નાશ થાય છે. સહકારી મંડળીમાં 'અમે' 'આપણે' જેવા શબ્દો લાય છે. પણ ત્યાં સ્વાર્થ અને સ્થાન માટેની ઇચ્છાઓ જણાઇ વે છે માટે તે શબ્દો ત્યાં પોલા જણાય છે. આ આત્રેય ટ્રસ્ટની ભૂમિ યજ્ઞીય ભકિતથી ભરપૂર છે, સેવા અને સહકારની સુગંધ યુકત છે માટે ભગવાને પણુને જો શકિત આપી હોય તો તે માત્ર મારા પોતાના માટે નહિ પણ 'આપણા માટે' ના માટે' જેટલી શકય હોય તેટલી પ્રભુ કાર્ય માટે વાપરીએ તો ભકિત અને

કર્મયોગનું મિલન થશે. પૂ. દાદાએ 'તેન ત્વં' અસિ' વેદવાક્યને સમજાવ્યું કે તારા માટે અમે કરીએ છીએ. ભક્તના અંતઃકરણમાં ભક્તિ વિશેષ ફુલે અને વિકસે તે માટે પૂ. દાદાએ માનસ પૂજા અર્થે દેવી ક્ષમાપન સ્તોત્રનું સમુહગાન કરાવ્યું. ભાઇશ્રી ધીરૂભાઇ અને પરમાનંદભાઇ ગાંધીએ ઝીલી સ્વાધ્યાયી પરિવાર પાસે બોલાવડાવ્યું કે ' કુપુત્રો જાયેત કવચિદપિ કુમાતા ન ભવતિ ' હે માતા તમે મારો ત્યાગ કરશો નહિ આ દુનિયાના વિષય વિકારો મને 'કુપુત્ર' ની દશામાં લાવી દે તો પણ આધાર વગરના આ તરલ પુત્રને તરછોડશો નહિ

મુ. શ્રી મુળશંકરભાઇ સુથારે પુનઃ પૂ દાદા જે થોડો સમય પણ આત્રેય ફાર્મ પર પધાર્યા અને આશીર્વચનો આપ્યાં અને પુનિત પગલાંથી આ જમીનને તીર્થધામ સમ બનાવી તે બદલ અંતઃકરણ પૂર્વકનો આભાર માન્યો. સ્વાધ્યાયી પરિવારનો આભાર માનવાનો ના હોય પરંતુ ઔપચારિક રીતે તેમણે સ્વાધ્યાયી પરિવાર વહેલી સવારે સારી એવી સંખ્યામાં આવ્યા તે બદલ આભાર વ્યકત કર્યો હતો. અમદાવાદથી પધારેલ ભાઇશ્રી નાનજીભાઇએ શીઘ્ર કવિત્વને રજુ કરતું ગીત રજૂ કર્યું, આત્રેય કેરા આંગણે રે આનંદે સૌ આવી મળ્યા.' આ ભાવ ગીતમાં યજ્ઞનિષ્ઠા અને સાચા સ્વાધ્યાયીની ભૂમિકા સમજાવી હતી. પછી પૂ. દાદાએ આત્રેય ટ્રસ્ટના કાર્યકરોને મુલાકાત આપી હતી. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા વ્યકિત વિશેષોનો પરિચય મુ. શ્રી મૂળશંકરભાઇ સુથારે અને આચાર્યશ્રી રતિભાઇ પટેલે કરાવ્યો હતો. પૂ. દાદાના આશીર્વાદ લઇ કૃતકૃત્ય થયેલા સ્વાધ્યાયી ભાઇ–બહેનો ભગવાન શ્રી સત્યનારાયણનો પ્રસાદ લઈ પ્રભુ કાર્યમાં વિશેષ યોગદાન આપવાનો મનોમન સંકલ્પ કરી વિખરાયાં હતાં. ભગવાન યોગેશ્વર સહુને ધર્મ કાર્યમાં જોડે એ જ અંતરની અપેક્ષા.........અસ્તુ

અમૃતસાર

મનુષ્યનો અવતાર પ્રભુને પ્રાપ્ત કરવા માટે છે.

દર્શનના ત્રણ પ્રકારો છે.

૧ સ્વપ્નમાં પ્રભુની ઝાંખી—સામાન્ય દર્શન.

૨ મંદિર અને મૂર્તિમાં પ્રભુનાં દર્શન—મધ્યમ દર્શન

૩ ઇશ્વરનું પ્રત્યક્ષ દર્શન—ઉત્તમ દર્શન

ઘરમાંથી બહાર નીકળો ત્યારે ઠાકોરજીને વંદન કરીને બહાર નીકળજો.

અંતઃ કાળે મનુષ્યને જે ગભરામણ થાય છે તે કાળની નહીં પણ પોતે કરેલાં પાપોની યાદથી તેને ગભરામણ થાય છે. પાપ કરતી વખતે મનુષ્ય ડરતો નથી. પાપની સજાનો વખત આવે ત્યારે તે ડરે છે. મનુષ્ય સર્વ કાર્ય માટે મરવાની તૈયારી તે કરતો નથી.

સમાચાર દર્શન *

બીજો સમુહ લગ્નોત્સવ

શ્રી ચુંવાળ કડવા પાટીદાર સમાજ સુધારક મંડળ યોજીત બીજો લગ્ન મહોત્સવ સં. ૨૦૩૬ ના વૈશાખ સુદી ૧૩ ને રવિવાર તા. ૨૭–૪–૮૦ ના રોજ યોજવામાં આવ્યો હતો. જે નો સર્વે સમાજ પ્રેમી ભાઇઓએ હાજર રહી પ્રસંગને શોભાવી અમૂલ્ય સહકાર આપ્યો હતો.

નોંધ :— સમૂહ લગ્નમાં ૨૧ વરઘડિયાએ ભાગ લીધો હતો.

પ્રહલાદભાઈ કા. પટેલ — પ્રમુખ

પ્રહલાદભાઇ ના. પટેલ — મંત્રી

— સમૂહ લગ્નના દાતાઓ —

સમુહ લગ્નને પહોંચી વળવા માટે અને સમાજને ઉપયોગી થવા નીચેનું દાન મળ્યું છે, જેનો સમાજ આભાર માને છે.

(૧) સમૂહ લગ્ન રસોડા ખર્ચ **શ્રી માવજીભાઈ મણીલાલ પટેલ** તરફથી...બાલસાસણ.

(૨) પુરત ખર્ચ પાંચ સ્ટીલના થાળી–વાડકા, લોટા, પ્યાલો **શ્રી વિઠ્ઠલભાઈ બી. પટેલ**...રાન્તઇ અને **શ્રી રણછોડભાઇ બોડીદાસ પટેલ** તરફથી ....ભાસરિયા

(૩) દરેક કન્યાને પાનેતર **શ્રી બાબુભાઇ નરસિંહદાસ પટેલ** તરફથી...ખાન્ટઇ.

દુઃખદ અવસાન

કચ્છ રવાપરના વતની સ્વાધ્યાયપ્રેમી **પટેલ ખીમજીભાઇ કચરાભાઇ ગૈયાતનું** નાશિક મુકામે ગત તા. ૨૯–૪–૮૦ ના રોજ સાંજના ૪–૦૦ કલાકે વિશાળ પરિવારજનોની હાજરીમાં કુટુંબીજનોને ત્યાં લગ્ન પ્રસંગની પુર્ણાહુતિ બાદ તરત જ દુઃખદ અવસાન થયું છે.

એક વખતના જે પી. તેમજ મુંબઇ ખાતેના સંસ્થા કોંગ્રેસના પીઢ આગેવાન કાર્યકર, છેલ્લાં ચાર પાંચ વર્ષથી ભારતભરના અનેક પ્રાંતોમાં સ્વાધ્યાય પ્રવૃત્તિનો સંદેશો પહોંચાડવામાં સતત પ્રવૃત્તિ થયેલા વડીલનું એકાએક હૃદયરોગનો હુમલો થતાં દુઃખદ અવસાન થવાને પરિવારજનોને તેમજ સ્વાધ્યાય પરિવારને પડેલી ખોટ સહન કરવાની યોગેશ્વર શકિત આપે તેમજ સદ્દગતના આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના.

॥ ૐ શ્રી ગણેશાય નમઃ

આમંત્રણ શ્રી શંકર મંદીર પ્રતિષ્ઠા ઉત્સવ

શ્રી કચ્છી લાલરામેશ્વર આશ્રમ હરિદ્વારમાં પૂ. ડોંગરેજી મહારાજ શ્રીની પ્રેરણાથી શ્રી શંકર ભગવાનનું નવું મંદીર થયું છે તેનો પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧૫-૬-૮૦ સંવત ૨૦૩૬ બીજા જેઠ સુદ ૩ ને રવિવારના થશે.

પૂજન. હવન વગેરે તા. ૧૩-૬-૮૦ થી તા. ૧૫-૬-૮૦ સુધીમાં થશે. સૌને પધારવા હાર્દિક આમંત્રણ છે.

તા. ૩૦-૪-૮૦ થી શ્રી બદ્રીનાથની યાત્રા શરૂ થશે.

તા. ૧૫-૫-૮૦ થી પ્રથમ જેઠ અધીક (પુરૂષોતમ) માસ શરૂ થશે.

તા. ૧૯-૫-૮૦ થી ૨૬-૫-૮૦ સુધીમાં આશ્રમમાં બહેન કસ્તુરબેન મઉ, કચ્છ વાળા તરફથી શ્રીમદ્ ભાગવત સપ્તાહ કથા થશે. સૌને લાભ લેવાનું આમંત્રણ છે.

તા. ૫-૬-૮૦ થી તા. ૧૨-૬-૮૦ સુધીમાં શ્રી બદ્રિનાથમાં પૂ. શ્રી ડોંગરેજી મહારાજની શ્રી ભાગવત કથા થશે.

લી. ટ્રસ્ટી કમીટી વતી:—શ્રી કચ્છી આશ્રમ સપ્ત સરોવર હરિદ્વાર (યુ. પી.)
દા. વાલદાસ ગુરૂ શ્રી ઓધવરામજી

અગત્યની જાહેરાત ચેતતા રહેજો.

પહેલાં મોડાસા વિભાગના એક કંપાના રહીશ હાલ બિલાસીયા લાટમાં રહેનાર ઘોળી કુટુંબના એક ભાઇ ગોરખધંધા કરતા રહ્યા છે. દર વર્ષે બે ચાર ભાઇઓને ખોટા ચેકો બતાવીને પૈસા પડાવવાનો ધંધો કરે છે.

હાલમાં પણ જાણીતી બેંકનો ચેક લઇ કોઇકને બાટલામાં ઉતારવાની પેરવીમાં ફરે છે.

અત્યાર સુધીમાં કોઇને દસ હજાર તો કોઇને બે થી પાંચ સાત હજારમાં એમ અનેક વ્યકિતઓ સાથે ઠગબાજી કરી છે.

અમો પણ એની ઠગબાજીનો ભોગ બન્યા છીએ તેથી ભવિષ્યમાં સમાજમાં કોઈ ભાઇ-બહેનો ઠગબાજીનો ભોગ ન બને તેવી શુભ ભાવનાથી આપ સૌનું ધ્યાન દોરીએ છીએ.

શારદા વિજય સો મીલ
કાલુપુર વતી

પટેલ મણીલાલ હંસરાજભાઈના
વંદન

અવસાન નોંધ

હાલ મે. ડી. એમ. ચોપડા એન્ડ કંપની નાંદેડના ભાગીદાર તેમજ કચ્છમાં ગામ શ્રી **દેશલપુર. (ગુંતલી)** ના કડવા પાટીદાર શ્રી મેઘજીભાઇ માવજીભાઇ ચોપડાના પુત્ર ભાઇ શ્રી **વેલજીભાઇ**નું ટુંક સમયની બીમારીમાં તા. ૧૭–૪–૮૦ ના રોજ અવસાન થતાં માતા–પિતાશ્રીએ એક યુવાન પુત્ર તથા નાના બન્ને ભાઇઓ અને બહેનોએ વડીલ ભાઇ ગુમાવ્યો છે. ૩૫ વર્ષની ઉંમરના આશાવાદી, ઉત્સાહી અને નીડર યુવાનના જવાથી તેમનાં કુટુંબીજનોએ જ નહિ. પરંતુ સમાજે પણ એક યુવાન પુત્ર ગુમાવ્યા. નો આંચકો અનુભવ્યો છે. તેઓ શ્રી પોતાની પાછળ વિધવા પત્નિ અને ૪ નાનાં બાળકોને વિલાપ કરતાં મુકી ગયા છે.

તેઓ શ્રી નાંદેડ ડીસ્ટ્રીક્ટ ટીમ્બર મર્ચંન્ટ એશોસીએશનના કોષાધ્યક્ષપદ ઉપર ચાલુ હતા. અને ટિમ્બર માર્કેટમાં તેઓશ્રીની સારી એવી સેવા મળેલી છે.

એક તેજસ્વી શક્તિશાળી યુવાન પુત્રના જવાથી તેમનાં કુટુંબીજનો પર આવી પડેલ આફત સહન કરવાની ઇશ્વર શકિત આપે અને સદ્‌ગતના આત્માને શાંતિ આપે તેવી પ્રભુને પ્રાર્થના.

શ્રી પાટીદાર સમાજ, પુના

ઉપરોકત સમાજના નીચે મુજબના કારોબારી સભ્યોને સર્વાનુમતે ચૂંટવામાં આવ્યા હતા.

પ્રમુખશ્રી	:	નાનજીભાઈ દેવજીભાઇ રામાણી
મુ. ટ્રસ્ટી	:	શીવજીભાઇ કરસનભાઇ લીબાંણી
ઉપ–પ્રમુખ	:	લાલજીભાઇ રામજીભાઇ દીવાંણી
મંત્રી	:	જીવરાજભાઈ પ્રેમજીભાઇ પોકાર
સહમંત્રી	:	કરમસીભાઈ ડાહ્યાભાઈ પોકાર
ખજાનચી	:	પરબતભાઇ કરસનભાઇ પોકાર
સભાસદ	:	હીરજીભાઇ સીવદાસભાઇ દીવાંણી
,,		દેવરામભાઇ અરજણભાઇ રૂડાંણી
,,		મેઘજીભાઈ નારણભાઇ રૂડાંણી
,,		કરસનભાઇ ડાહ્યાભાઇ છાભૈયા
,,		કાન્તિલાલ કરમસીભાઇ રામાણી
,,		કરમસીભાઇ વેલજીભાઇ રામાણી

ફોર શ્રી પાટીદાર સમાજ પૂના.
મંત્રી : **જીવરાજભાઇ પી. પટેલ**

શ્રી ગણેશાય નમઃ

શ્રી ધનસુરા વિદ્યાર્થી ભવન તથા કન્યા છાત્રાલયમાં દાન માં આવેલ — અનાજ —

ઘઉં કીલો	નામ	ગામ
૨૦૦	શ્રી પટેલ ભીમજીભાઇ જેઠાભાઇ	દોલપુરકંપા.
૧૦૦	,, ,, જશુબેન ભીમજીભાઇ	,,
૧૦૦	,, ,, કરમસીભાઇ વાલજીભાઇ	,,
૧૦૦	,, ,, પ્રેમજીભાઇ સાંમજીભાઇ	,,
૫૦	,, ,, દેવજીભાઇ નાનજીભાઇ	,,
૬૦	,, ,, કાંનજીભાઇ રાંમજીભાઇ	,,
૪૦	,, ,, પેથાભાઇ હીરજીભાઇ	,,
૨૫	,, ,, વિઠ્ઠલભાઇ પ્રેમજીભાઇ	,,
૧૦૦	,, ,, સાંમજીભાઇ પેથાભાઇ	,,
૪૦	,, ,, મણીભાઇ પુંજાભાઇ	,,
૪૦	,, ,, બાબુભાઇ ખેતાભાઇ	,,
૧૦	,, ,, નરસિંહભાઇ દેવજીભાઇ	,,
૧૫	,, ,, મોહનભાઇ ડાહયાભાઇ	,,
૨૫	,, ,, જેઠાભાઇ ભાણજીભાઇ	,,
૧૨	,, ,, કેસરાભાઇ લધ્ધાભાઇ	,,
૧૫	,, ,, રાજાભાઇ ગોપાલભાઇ	બાંણીકંપા.
૧૫	,, ,, ગોવિંદભાઇ ગોપાલભાઇ	,,
૨૦	,, ,, પ્રેમજીભાઇ ગોપાળભાઇ	,,
૨૦	,, ,, હરીભાઇ ગોપાળભાઇ	,,
૧૫	,, ,, બાબુભાઇ ગોપાળભાઇ	,,
૧૦૦	,, ,, રતનસીભાઇ માવજીભાઇ	રાજપુરકંપા
૧૦૦	,, ,, ધનજીભાઇ દેવજીભાઇ	,,
૫૦	,, ,, બાબુભાઇ જશાભાઇ	,,
૨૦	,, ,, કરસનભાઇ નારણભાઇ	,,
૧૦૦	,, ,, હરીભાઇ રતનાભાઈ	ઓરીયાટીંબા.

૨૦	,,	,,	અંબાલાલ રતનાભાઇ	બોરીયાટીંબા
૨૦	,,	,,	મણીલાલ રતનાભાઇ	
૨૦	,,	,,	સવજીભાઇ રાંમજીભાઇ	,,
૨૦	,,	,,	અરજણભાઇ વસરાંમભાઇ	,,
૨૦	,,	,,	કાંનજીભાઇ હંસરાજભાઇ	,,
૨૦	,,	,,	હરદાસભાઇ માવજીભાઇ	,,
				,,

૧૪૯૨ કીલો

ધ્યાન અને મન

ધ્યાન કરતી વખતે રૂકાવટ આવે તો ભલે આવે.

એ કોઇ નવી વાત નથી. દરેકને એવો અનુભવ થાય છે.

મન સ્વભાવથી જ અસ્થિર હોય છે. એટલે આમતેમ નાસભાગ કરવાનો યત્ન કરે છે.

પરંતુ, મન પર વિજય મેળવી શકાય છે. એ ચંચળ થતું દેખાય કે તુરત જ એને દ્રઢતાપૂર્વક રોકો, દબડાવો ને કહો, "અરે, તારું લક્ષ્ય તો ભગવાન છે. બહાર કયાં ભટકે છે ?"


પણ મનની આદત જબરી હોય છે. એને એક ઠેકાણે સ્થિર કરવું મહેનતનું કામ છે. પ્રાર્થના વખતે જ એ અનેક વિચારો કરવા લાગી જાય છે. એનો એક જ ઇલાજ છે. પ્રભુ પાસે ભૂલોનો સ્વીકાર કરો અને દીન બનીને એના ચરણમાં પહોંચી જાઓ.

દુઃખદ અવસાન

તખતગઢ (હડમતીયા) કંપાના રહીશ પટેલ વાલજીભાઇ અરજણભાઇનું ૪૫ વર્ષની ભરયુવાન વયે ટૂંકી બિમાંદગી બાદ દુઃખદ અવસાન થયું છે. સદ્દગત શ્રી તેમની પાછળ વિધવા પત્ની, બાળકો અને ભાઇ–બહેનોના વિશાળ પરિવારને વિલાપ કરતાં મૂકી ગયા છે તેમના અવસાનથી કુટુંબીજનોને પડેલી ખોટ સહન કરવાની શકિત અને સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ અભ્યર્થના.


realpatidar.com
અમદાવાદમાં કાપડનો
—અદ્યતન શો રૂમ
STAPLE
EMPORIUM
સ્ટેપલ
એમ્પોરિયમ
શુટીંગ * શર્ટીંગ
ગ્વાલીયર—જીયાજી
રેમન્ડ—દીનેશ—દીગ્જામ
તેમજ પ્રખ્યાત મીલોની
નવીનતમ વેરાઈટીઝ માટે
અમારા શો રૂમની અવશ્ય
મુલાકાત લો.
શો રૂમનું સ્થળ :—
સ્ટેપલ એમ્પોરિયમ
કેલીકોડામ નજીક
રીલીફ રોડ, અમદાવાદ-૧
પ્રોપ્રાયટર
મણીલાલ એમ. પટેલ
ભગવાનદાસ એમ. પટેલ
એન્ડ બ્રધર્સ
સહયોગ ફાર્મ, શીવપુરાકંપા,
હસનપુરમોટા તા. જિ. ગાંધીનગર
realpatidar.com

સમય અને મહેનત બચાવો *



"પોકારનું"

ઇલેકટ્રીક પાવરથી ચાલતું

છાસ

બનાવવા માટેનું

વલોણા યંત્ર

—તદ્દન આધુનિક તેમજ આકર્ષક મોડેલોમાં વસાવી ઘરની શાન વધારો.


વિક્રેતા :—

વિક્રેતાઓ :—

(૧)	આશા ઓટોમોબાઇલ્સ	ભુજ
(૨)	ગીતા ઇલેકટ્રીકલ્સ	ધનસુરા
(૩)	મહાલક્ષ્મી વાઇન્ડીંગ વર્કસ	ડેમાઇ
(૪)	અંબિકા ફર્ટિલાઇઝર્સ	ખેડબ્રહ્મા
(૫)	શ્રેયસ એજન્સી	રાજકોટ
(૬)	હસમુખ એન્જીનીયરીંગ કું.	વિસાવદર
(૭)	ઉત્તમ ઓટોમોબાઇલ્સ	નાગપુર
(૮)	શંકર વિજય ટીમ્બર કું.	ગંજ બસોડા

● ઉત્પાદક : **મે. પોકાર એન્જીનીયરીંગ કોર્પોરેશન**

૯, લલીતા ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ
નાગરવેલ હનુમાન રોડ
રખીઆલ
અમદાવાદ—૩૮૦ ૦૨૩



-: સો મીલ માલીકો માટે ખુશ ખબર :-

sharpex®



" શાર્પેક્ષ " બ્રાન્ડ ચેઈન સો મશીન

ચેઈન સો મશીન જે પાવરથી ચાલતા આડિયા તરીકે સર્વ માન્ય છે. જે બે માણસોની સહાયથી આડા વાઢ કાપવા માટે ઘણું અનુકુળ છે. જે સંપૂર્ણ વિદેશી ટેકનીકલ જાણકારી અને વર્ષોના અનુભવ પછી તૈયાર થયેલ છે. જેમાં કાંઈ બગડવાનું કે રીપેર કરવાનું રહેતું નથી.

આપ એક વખત " શાર્પેક્ષ બ્રાન્ડ ચેઈન સો મશીન " વસાવો અને રોકાણથી અનેક ઘણું વળતર મેળવો.

બનાવનાર :

શાર્પેક્ષ એન્જીનીયરીંગ વકર્સ

એલ. ૧૨૯/૧૩૦ જી. આઈ. ડી. સી. એસ્ટેટ,
ઓઢવ (અમદાવાદ) ૩૮૨૪૧૫

* શ્રી ભારત સો મીલ ગીતામંદિર, અમદાવાદ-૨૨
* શકિત એન્જીનીયરીંગ વકર્સ દરિયાપુર ટાવર સામે, અમદાવાદ-૧
* ભારત ટીમ્બર માર્ટ નરોડા રોડ. અમદાવાદ.
* ભારત વુડ વકર્સ ગીતામંદિર, અમદાવાદ-૨૨
  એન્જીનીયરીંગ વિભાગ


વધુ પુછ પરછ અને માહિતી માટે
મળો યા લખો:
શ્રી ભારત સો મીલ
વિભાગ ત્રણની સામે, ગીતામંદિર,
લાટી બજાર, અમદાવાદ-૨૨
ફોન નં. ૫૨૨૫૭ અને ૮૨૨૪૩

"GARUD" Phone : P. P. 351024

ગરૂડ

એન્જીનીયરીંગ કોર્પોરેશન

૧૫/૧ F નીરોદ બીહારી મલીક રોડ, **કલકત્તા**—૭૦૦૦૦૬



આથી અમો **સૉ મીલ તેમજ** પ્લાયવુડ ધરાવતા ઉદ્યોગપતિઓને વિનંતિ કરીએ છીએ કે અમોએ ચેઈન સો મશીનરી નાવવાનું શરૂ કરેલ છે. જે આધુનિક યંત્ર યુગમાં લેટર પ્રોબ્લેમમાં સહાયરૂપ થશે.

ચાલવામાં સરળ, ચાલુ એમરીમાં ચેઈન ધાર કરી શકાશે, પાર્ટની પ્રચુરતા માટે ઓર્ડર નોંધાવવા આથી વિનંતી કરીએ છીએ.

સો મશીનના પાર્ટસ, ટ્રોલીના પાર્ટસ તેમજ બેરીંગ વગેરેની માહિતી આપને મેળવી આપીશું. આપની વધારે માહિતિની જરૂરીયાત માટે નજીકના એજન્ટ સાથે સંપર્ક સાધવા વિનંતી.

ગરૂડ એન્જીનીયરીંગ કોર્પોરેશન તરફથી નિયુક્ત થયેલા એજન્ટો

એજન્ટ	રાજ્ય
૧ જીવાજી લાલજી પટેલ સરદાર પટેલ ટીમ્બર માર્કેટ નાગપુર-૩	મહારાષ્ટ્ર
૨ ગીતા ઈલેકટ્રીકલ્સ મુ. પો. ધનસુરા જિ. સાબરકાંઠા	ગુજરાત
૩ નાકરાણી સો મીલ નાગપુર રોડ, જબલપુર	મ. પ્ર. સાગર, ઈન્દોર, જબલપુર વિસ્તાર
૪ ચાંદબાલી ટીમ્બર ટ્રેડર્સ મુ. પો. ચાંદબાલી જિ. બાલાસોર	ઓરીસ્સા
૫ પ્રકાશ ટીમ્બર કોર્પોરેશન ૧૫/૧ F નીરોદ બીહારી મલીકરોડ કલકત્તા-૭૦૦૦૦૬	આસામ
૬ પ્રગતિ ટીમ્બર કું. ૧૭૬A જેસોર રોડ કલકત્તા-૭૦૦૦૫૫	વેસ્ટ બેંગાલ
૭ પ્રભાત હાર્ડવેર સ્ટોર્સ ધારવાર રોડ, મુ. પો. બેલગામ	મહારાષ્ટ્ર અને કર્ણાટક
૮ ભગવતી સો મીલ ફાફાડીહ, રાયપુર (મ. પ્ર.)	મ. પ્ર. ના બસ્તર અને રાયપુર જિલ્લા

લી. ગરૂડ એન્જીનીયરીંગ કોર્પોરેશન વતી, વિશ્રામ હંસરાજ પટેલ

JAGRUTI
MAY - 80
Reg. No. GHMR/5

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદરોડ,
ધનસુરા, જિ.સાબરકાંઠા.
પીન. ૩૮૩૩૧૦

શ્રી. ન.

To,

Boook - Post

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન
સમાજ યુવક મંડળ તરફથી

★ ★ ★

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ
આદર્શ રજુ કરતુ પ્રાણવાન માસિક

જાગૃતિ

॥ શ્રી ઉમીયાય નમઃ ॥



તંત્રી : કાન્તિલાલ કે. પટેલ બી એ.

વર્ષ : ૨૨ અંક : ૬ જુન–૧૯૮૦

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૦], પરદેશમાં શિલિંગ ૨૦ અને છૂટક નકલ કિંમત ૧ રૂા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૨૦૧] પરદેશમાં રૂા. ૨૫૧] નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઇ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી ... તંત્રી નમ્ર વિનંતી છે



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી-કચ્છ]

જન્મ :	સ્વર્ગવાસ :
સંવત ૧૯૩૮ વૈશાખ પૂર્ણિમા	સંવત ૧૯૯૭ આસો વદ ચોદસ



અનુક્રમણિકા

તંત્રી સ્થાનેથી....

જ્ઞાન અને ભક્તિ

રામચંદ્ર ડોંગરેજી શાસ્ત્રી

ઉદ્ધવજી માને છે જ્ઞાન શ્રેષ્ઠ છે. ગોપીઓની નિષ્ઠા છે કે સગુણ પ્રેમ શ્રેષ્ઠ છે. ઉદ્ધવાગમનમાં જ્ઞાન અને ભક્તિનો મધુર કલહ છે. ઉદ્ધવાગમનમાં જ્ઞાન ભક્તિનો સમન્વય છે. ઉદ્ધવનું નિર્ગુણ જ્ઞાન અને ગોપીઓની શુદ્ધ પ્રેમ લક્ષણા સગુણ ભક્તિ. ભક્તિમાં અને જ્ઞાનમાં કંઇ અંતર નથી, ભક્તિ જ જ્ઞાન રૂપે પરિણમે છે.

જ્ઞાન ભક્તિ વગર લંગડું છે અને ભક્તિ જ્ઞાન વગર આંધળી છે. ભક્તિને જ્ઞાન અને વૈરાગ્ય બંનેની જરૂર છે. જ્ઞાન વૈરાગ્ય વગરની ભક્તિ વાંઝણી છે.

કેટલાક ભક્તિ કરે છે પણ જયારે દુઃખ આવે છે ત્યારે ભક્તિ કરે છે, સંપત્તિમાં તેઓ ભક્તિ કરતા નથી. જો તેનું જ્ઞાન પરિપૂર્ણ હશે તો તે સુખમાં પણ ભક્તિ કરશે, જ્ઞાન અને ભક્તિ આ બે હોય તો પરમાત્માના ચરણ સુધી જઇ શકે છે.

આરંભમાં દાસોહમ, હું સેવક છું એવી ભાવના દૃઢ કરી ઇશ્વરની આરાધના કરતાં કરતાં સાધકને થાય છે કે હવે ભગવાન મારા છે. પહેલાં હું ભગવાનનો અને ભક્તિ વધે ત્યારે ભગવાન મારા. તે પછી અનુભૂતિ વધે છે, દેહભાન ભુલાય છે ત્યારે હું રહેતું નથી, ત્યારે એક ભગવાન જ રહે છે. તે પછી થાય છે કે હું ભગવાન છું, દાસોહમમાંથી સોહમ્ થાય છે. ભક્તિ એ જ્ઞાન અને જ્ઞાન એ ભક્તિ છે,

કેટલાક જ્ઞાનીઓ માને છે એમને ભક્તિની જરૂર નથી. તેઓ ભક્તિનો તિરસ્કાર કરે છે, કેટલાક ભક્તો માને છે અમને જ્ઞાન વૈરાગ્યની જરુર નથી. આ બંને વિચારો યોગ્ય નથી. ભક્તિ જ્ઞાન વૈરાગ્ય વગર રડે છે. વૃંદાવનમાં ભક્તિ મહારાણી પુષ્ટ બની પણ જ્ઞાન વૈરાગ્ય પુષ્ટ થયા નહીં. ભક્તિ જ્ઞાન વૈરાગ્ય સાથે આવે તો દૃઢ બને છે.

જ્ઞાન વૈરાગ્ય વગરની ભક્તિ કાચી છે ભક્તિને જ્ઞાનની અપેક્ષા છે અને જ્ઞાનને ભક્તિની અપેક્ષા છે. જ્ઞાનને ભક્તિનો સાથ ન હોય તો તે લંગડું છે. લંગડું જ્ઞાન શા કામનું ? તે ઉધ્ધાર ન કરે. ભક્તિને જ્ઞાન વૈરાગ્યનો સાથ ન હોય તો ભક્તિ ટકશે નહિ. તે દુઃખમાં ભક્તિ કરશે પણ બહુ દુઃખમાં ભક્તિ કરશે નહિ. જ્ઞાન વિનાની ભક્તિ આંધળી છે. આંધળી ભક્તિ શું કામની ? તે

દેવના દર્શન ન કરાવે. સંસારનું સુખ એ સાચું નથી તેની ખાત્રી જ્ઞાનથી થાય છે. જ્ઞાનનો સાથ ન હોય તો અખંડ ભક્તિ થતી નથી.

ઉદ્ધવ જ્ઞાની છે, પણ ઉધ્ધવના જ્ઞાનને ભક્તિનો સાથ નથી. જ્ઞાન એ ભક્તિ વિનાનું હોય તો તેમાં અભિમાન આવે છે. જ્ઞાનમાં એક દોષ છે, ઘણે ભાગે જ્ઞાન અભિમાન લઇને આવે છે, જ્ઞાન ભક્તિ સાથે આવે છે તો તે નમ્ર બને છે, જો જ્ઞાનને ભક્તિનો સાથ ન હોય તો અભિમાન આવે છે અને પરિણામે જ્ઞાનીનું પતન થાય છે. બ્રહ્મજ્ઞાન થયું પણ સ્વરૂપમાં પ્રીતિ ન થાય ત્યાં સુધી બ્રહ્માનુભવ થતો નથી જ્ઞાન એકલુ હોય અને પરમાત્મા સાથે પ્રીતિ થઇ ન થઇ ન હોય તો પરમાત્માનો અનુભવ થતો નથી. કેટલાક જ્ઞાની થઇને પૈસા પાછળ પડે છે. કેટલાક જ્ઞાની કીર્તિ પાછળ પડે છે. બધું મિથ્યા છે તો તારો આશ્રમ શું કાયમ રહેવાનો ? સાચો જ્ઞાની એ છે કે જે પરમાત્મા સાથે પ્રેમ કરે છે. જ્ઞાની થયા પછી પૈસા, પ્રતિષ્ઠા, મઠ કે આશ્રમ સાથે પ્રેમ કરે તો તેવા જ્ઞાનીનું જ્ઞાન નકામુ છે. જ્ઞાનીને પણ ભક્તિની જરૂર છે. જ્ઞાન એ ભક્તિથી પરિપૂર્ણ થાય છે.

—સુવિચારમાંથી સાભાર

ભગવાનશ્રી લક્ષ્મીનારાણ, શ્રી રામચંદ્રજી

તેમજ

શ્રી કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયામાતાજીનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ દેવપુર (યક્ષ) કચ્છ

દેવપુર (યક્ષ) કચ્છ મધ્યે નવિન દેવાલયમાં

ઉપરોક્ત પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું શુભ મુહૂર્ત સં. ૨૦૩૬ ના બીજા જેઠ સુદ ૧૫ ને શનિવાર તા. ૨૮–૬–૮૦ ના શુભ દિને નિર્ધારિત છે.

સદર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં નારાયણ સરોવરના ધર્માધ્યક્ષ પ પૂ. બ્રહ્મચારી શ્રી મધુસુદનદાસજી મહારાજ તેમજ હરદ્વાર વાસી પ. પૂ શ્રી વાલદાસજી મહારાજ ઉપસ્થિત રહી આશીર્વાદ આપશે.

આચાર્યપદે ભુજના કર્મકાંડ વિશારદ રાજજ્યોતિષી પં. ગુલાબશંકર લાલજી શર્મા બિરાજશે.

તો શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજનાં સૌ ધર્મપ્રેમી ભાઇ-બહેનોને પધારવા વિનંતી.

લિ. શ્રી દેવપુર કડવા પાટીદાર સનાતન સમાજના જયશ્રી લક્ષ્મીનારાયણ

પટેલ નટવરલાલ કે.

ફરજની કીંમત *

કોઇક વાર એવી કોઇ ઘટના બનાવ પામે છે કે જે અવિસ્મરણીય બની રહે છે. આવી એક ઘટના આજથી લગભગ સાતેક વર્ષ પહેલાં રાજસ્થાનમાં આવેલા બાંસવાડા ગામે બનવા પામી હતી.

આ ગામમાં એક પ્રાથમિક શાળા છે. એમાં બાળકોને પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે. આ શાળામાં એક વિદ્યાર્થી અભ્યાસ કરતો હતો. તેનું નામ હતું વિવેક વિવેકની ઉંમર માંડ સાત થી આઠ વર્ષની હશે વિવેકમાં ફરજ ભાન ઘણું મોટું હતું પોતાની જે કંઇ ફરજ હોય તે પૂરેપૂરી બજાવવા તે પોતાનું બલિદાન આપવા પણ તૈયાર રહેતો.

એક દિવસ ની વાત છે. તે દિવસે વિવેક એક બીજા બાળકને લઇને વર્ગમાં આવ્યો. શિક્ષકા બેને તેને પૂછ્યું આ બાળક કોણ છે ? વિવેક બોલ્યો : મારો માસીનો દીકરો છે. મારી માસીએ મને આનું ધ્યાન રાખવા કહ્યું છે તેને કયાંય એકલો છોડવો નહીં એવી મારી માસીએ મને આજ્ઞા કરી છે.

નિશાળ છૂટવાનો સમય થયો અને વિદ્યાર્થીઓ બધા પોત પોતાના ઘર તરફ નિશાળમાંથી રવાના થયા. વિવેક પણ તેના માસીના દીકરા સાથે ઘર તરફ રવાના થયો.

પણ રસ્તામાં એક અકસ્માત નડયો. તેઓ રસ્તો ઓળંગવા જતા હતા. તેવામાં ભારે ઝડપથી એક બસ ત્યાં આવી અને વિવેક પર ફરી વળી.

વિવેક બૂરી રીતે ઘવાયો હતો. તેથી તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. દાકતરોએ તેને તપાસ્યો અને કહયું. વિવેક બે દિવસથી વધુ જીવી શકશે નહીં.

વિવેક ઘવાયો છે તે જાણીને તેની વર્ગ શિક્ષકાબેન તેને જોવા હોસ્પિટલમાં આવ્યાં.

શિક્ષકાએ વિવેક સાથે આડી અવળી વાતો કરી ત્યારબાદ તેમણે પૂછ્યું વિવેક અકસ્માત કઇ રીતે થયો ?

વિવેક કહયું બહેનજી હું અને મારી માસીનો દીકરો રસ્તા પર ચાલતા હતા, તે આગળ અને હું પાછળ હતો. એવામાં પૂર ઝડપે એક બસ તેના તરફ ધસતી આવતી મેં જોઈ મને થયું કે જો મારા ભાઈને પાછો ખેંચી નહિ. લઉં તો બસ તેના ફરી વળશે મારી ફરજ હતી કે મારે તેનું ધ્યાન રાખવું. આથી મારી ફરજ બજાવવા મેં તેનો હાથ પકડીને રસ્તાની એકબાજુ ફેંકયો પણ એમ કરવા જતા હું જ બસ નીચે આવી ગયો પણ મને હવે મરણનો કશો જ ભય નથી કારણ કે મેં મારી ફરજ અદા કરી તેનો મને પુરેપુરો સંતોષ છે.

નવી વ્યાખ્યાઓ *

કુ. જસવંતીબહેન ખીમજીભાઈ
મુ. એદલપુગકંપા

સદાચાર – "દો ઔર દો પાંચ"
મૂછનો વળ – કાયરતા ઢાંકવ ની તરકીબ
મૃત્યુ – યમનો ટ્રંકકૉલ
પગાર – પત્નીનું ટૉનિક
નસીબ – નુકસાની માલ
ચેક્બુક – પ્રેમનું થર્મોમીટર
નિરાશા – ધાતકી પ્રાણી
ખુશામત – સબસલામત
કંકોત્રી – ચાંલ્લાનું વૉરંટ
સરકારી નોકરી – કોના બાપની દિવાળી
પુરૂષ – સ્ત્રીના હાથનું રમકડું
બાળક – માતા પિતાને જોડતી કડી
કોલેજ – વાંદરાંઓનું વૃંદાવન
ગુજરાતીચિત્રવટ – ખરતું ભાડુંને સિદ્ધપુરની જાત્રા
ટપાલી – પ્રેમીઓનો મેઘદૂત
નેતા – ખુરશી ભગત
નવોદિતલેખક – "સાભાર પરત"
મોંઘવારી – સોંઘવારીની ઓરમાન બહેન
પરીક્ષા – ઉજાગરા સપ્તાહ

"રંગતરંગ" – સ્વાદિષ્ટ છપ્પન મસાલો
શિક્ષણ – શિરદર્દ
ચિંતા – ચિતાની નાની બહેન
ચીન – સીંદરી બળે પણ વળ ન મૂકે
ઝઘડો – મફતિયું મનોરંજન
જન્મ – મૃત્યુનો પડછાયો
છાપાવાળો – જીવતું એલાર્મ ઘડિયાળ
થિયેટર – પ્રેમીઓની પ્રયોગશાળા
યુવાની – પ્રેમની વસંત ઋતુ
સંજોગ – પુરુષાર્થમાંથી પીછેહઠ કરવા શોધાયેલી તરકીબ
શંકા – મનના ખંડિયેરમાં વસતી ડાકણ
સગાઇ – "યેલો સિગ્નલ"
સોંઘવારી – મૃગજળ
ધણિયાણી – ધણીનીયે ધણી
ફિલ્મી દુનિયા – ફુટપાથ પરથી મહેલમાં અને મહેલમાંથી ફુટપાથ પર

વિશ્વભરમાં મોખરાનું સ્થાન લેવા નવોજ આકાર ધારણ કરતી

ભારતીય ક્રિકેટ ટીમ *

પટેલ દિનકરભાઇ ડી.
નવાનગરકંપા

ભારત બેટીંગ, બોલીંગ સરેરાશ : સને ૧૯૭૯

— બેટીંગ —

ખેલાડીનું નામ	ટેસ્ટ	દાવ	નો. આ.	હાઇ. સ્કોર	કુલરન	સદી	અર્ધી સદી	કેચ
૧ સુનિલ ગાવસ્કર	૬	૧૧	૧	૧૬૬	૫૨૯	૧	૨	૪
૨ દિલીપ વેંગસરકર	૫	૮	૨	૧૪૬	૩૧૬	૧	૧	૭
૩ યશપાલ શર્મા	૬	૯	૧	૬૨	૩૧૪	–	૨	–
૪ સંદીપ પાટીલ	૨	૩	–	૬૨	૧૦૮	–	૧	૧
૫ કપિલદેવ	૬	૯	–	૮૪	૨૭૮	–	૨	૩
૬ વિશ્વનાથ	૬	૧૦	૧	૭૩	૨૨૮	–	૧	૫
૭ કરસન ઘાવરી	૬	૮	૨	૪૫	૧૩૮	–	–	–
૮ ચેતન ચૌહાણ	૬	૧૧	૧	૬૧	૨૨૬	–	૧	૪
૯ શિવલાલ યાદવ	૫	૭	૩	૨૯	૮૧	–	–	૧
૧૦ સૈયદ કિરમાણી	૬	૯	૧	૪૧	૧૪૮	–	–	૧૭+૨.૨૨
૧૧ રોજર બિન્ની	૬	૯	૧	૪૬	૧૪૩	–	–	૩
૧૨ દિલીપ દોશી	૬	૮	૧	૨૦	૫૮	–	–	૩

—: બોલીંગ :—

બોલરનુ નામ	ઓવર્સ	મેઇડન	રન	વિકેટો	સર્વશ્રેષ્ઠ	સરેરાશ
૧ કપિલ દેવ	૨૧૧.૫	૫૩	૫૬૬	૩૨	૫૬/૭	૧૭.૬૮
૨ દિલીપ દોશી	૨૫૦.૩	૭૮	૫૦૪	૧૮	૪૨/૩	૨૮.૦૦
૩ રોજર બિન્ની	૧૨૧.૫	૧૮	૩૯૯	૧૧	૫૩/૩	૩૬.૨૭
૪ કરસન ઘાવરી	૧૮૦.૫	૩૩	૬૧૭	૧૫	૬૪/૪	૪૧.૧૩
૫ શિવલાલ યાદવ	૧૧૮.૪	૧૭	૩૪૨	૮	૧૧/૩	૪૨.૭૫
૬ વિશ્વનાથ	૩	૧	૬	૦	—	—
૭ ગાવસ્કર	૧	૦	૮	૦	—	—

મૈત્રીભાવના ❋

સમાજને : પટેલ નરેન્દ્રકુમાર એમ.
મડાસણાકંપા

માનવતનુ કુટયું છે. ઝરણું.
ઝરણે તરતું મૈત્રીનું તરણું;
તન, મન ધનથી પકડો તરણું,
બની જશે આજીવન શરણું.

ધર્મ ખંડનની કરીએ વાતું,
કુદરત થકી જવ ખાસુ લાતું;
માનવ ધર્મ જો ભુલી જાશું,
જનમ જનમની મળશે યાતું

નવો જૂનોને આર્ય સમાજી,
ભેદો રહયા છે મનમાં ગાજી;
ઉઠો જાગો હવે કરો મન રાજી,
ડોલી ઉઠે જયાં દિલ વનરાજી.

તારલાઓથી નહીં પ્રકાશી,
રવિ થકીજ સર્વે અજવાળુ;
રવિ બનીને રહેશું બંધા,
મનમાં રાખો શુભ ઉમંગો.

જાગો ઉઠો થયું અંધારૂ,
દિલના પ્રેમથી હવે પ્રકાશો;
મંનમંદિરથી દ્વેષને ડામો,
પ્રેમળતાની ભરજો છોળો.

જુથભાવના મનમાં રાખી,
સૂર્ય બનીને હવે પ્રકાશી;
(જાણે) સમાજપુડાની હું છું માખી.
અને પ્રભુ પર શ્રદ્ધા રાખી.

—સમાજને

સ્ત્રી—કેળવણી *

કુ. લીલાબહેન શામજીભાઇ
એદલપુરાકંપા

પુત્રને પરણાવવો અને પુત્ર વધુને ઘરનો કારભાર સોંપાવો એ દરેક માતા–પિતાને મન સંસારનો એક પ્રકારનો લ્હાવો ગણાય છે. પુત્ર કમાતો થાય યા ન થાય. પણ વહુ સાસુ–સસરાનો અને સંગા–સંબધીઓનો કારભાર ઉપાડી લેતા એમને ઘણો સંતોષ થાય અને નિશ્ચિતપણે ધર્મકરણી કરી શકે એ દેખીતી વાત છે. ઘરમાં વહુ આવે એટલે માતા–પિતા પોતાને કૃતકૃત્ય માને છે. એની ખાતર પોતાની વ્હાલામાં વ્હાલી સંપત્તિનો પણ ભારે ભોગ આપે છે. પુત્રને પરણાવવા ખાતર જ મા–બાપ જીવે છે- એમ કહીએ તો પણ કંઇ ખોટું નથી. એ જોકે એક સાંસારિક વાસના છે. તો પણ માતા–પિતાના અંતરમાં ઊંડા ઉતરીને તપાસીએ તો સંસ્કારી ગણાતા મા–બાપના દિલમાં પણ એ પ્રકારનો આશા દીપક જરૂર પ્રકાશતો હશે.

પુત્ર–વધુનું આગમન પુત્રનાં લગ્ન એ આપણા સંસારગ્રંથમાં એક નવું જ પ્રકરણ ઉઘાડે છે એ પ્રકરણ પણ કેટલા ઉલ્લાસ અને આનંદ સાથે શરૂ થાય છે? મા–બાપ પોતાની પાસેની છેલ્લી પાઇ સુધી પણ ખરચી નાંખે છે. શક્તિનું છેલ્લું રહ્યુ સહ્યું ટીપું પણ નીચોવે છે. લગ્નનાં ગીતો અને વાજીંત્રોના મંગલસુરમાં સંસારમાં આજ સુધીના સંતાપ જાણે કે સમાઇ જતા હોય એમ એમને લાગે છે.

મા–બાપના મનોરથ એ વખતે સફળ બને છે. વૃદ્ધ અવસ્થામાં પુત્ર અને પુત્રવધૂ સો સો પ્રકારની સેવા–શુશ્રુષા કરશે અને પાછલી જીંદગી સુધરી જશે એવી આશાથી એમના હ્રદય પ્રફુલ્લ બને છે. સાસુ સસરાની જેમ નણદ, દીયર, જેઠ, જેઠાણીના અંતરમાં પણ એ વખતે આનંદની લ્હેરો છૂટે છે.

થોડા દિવસમાં જ એ સ્વપ્ન સૃષ્ટિ ઉડી જાય છે. કોઇ મોટી મહેલાત તૂટી પડી હોય અને ખંડિયેરમાં જીવતા માણસો દબાઇ ગયા હોય એવું કરૂણ દશ્ય ખડુ થાય છે. અનેક સ્થળે લગ્નની પછી જે કકાસ–કલેશની હોળી સળગે છે તેના જવાળા નિકટનાં સંગાં સંબંધીઓને પણ સ્પર્શે છે.

આશાનો પ્રકાશ આથમે છે. અને એને સ્થાને અંધકાર છવાય છે. વીજળીના ક્ષણિક ચમકારની જેમ લગ્નના લ્હાવાનો બધો આનંદ ઉડી જાય છે. કલ્પનાએ સર્જાવેલું સુંદર ચિત્ર એકાએક માટીમાં મળી જાય છે. આર્ય–સંસારના માનવીએ એવાં તે શાં પાપ કર્યાં હશે કે આવા શ્રાપ ઉતરતા હશે.

પુત્રમાં માતા-પિતાએ પુત્રના લગ્ન વખતે રાખેલી આશા ઉડી જાય છે. હવે ઘરનો બધો કારભાર પુત્ર અને પુત્રવધુ ઉપાડી લેશે અને આપણો વખત દેવ-ગુરૂની ભક્તિમાં વીતશે. હવે સુખેથી સામાયિક પ્રતિક્રમણ તીર્થયાત્રા કરશુ એ પ્રકારના એમના મનોરથ બળીને રાખ થઈ જાય છે. એને બદલે સાસુ અને વહુ માતા અને પુત્ર પિતા અને પુત્ર વચ્ચે એક અણધાર્યો અને જેનો અંવજ ન આવે એવો ઝઘડો ઊભો થાય છે. એ ઝઘડો એમનાં લોહી અને માંસ ચૂસે છે. એટલું જ નહીં પણ કહેવતમાં કહ્યું છે. તેમ ગોળાનાં પાણી પણ સુકાય છે.

આ દુર્દશાના મૂળ કારણની તપાસ કરીએ તો કેવળ કેળવણીનો જ અભાવ એ સિવાય બીજું કોઇ કારણ નહીં કળાય. કન્યાને એના માત-પિતાને ત્યાં ગૃહ વ્યવહાર સંબંધી પૂરતી કેળવણી મળતી હોય અથવા તો પતિના ઘેર આવ્યા પછી એવા પ્રકારના સંસ્કારો મળતા હોય તો 'આજના જેવી દુ:ખમય કલેશમય સ્થિતિ ઊભી થવા ન પામે.

કોઇ પૂછશે કે હવે તો કન્યાઓને કેળવવાના ખૂબ ખૂબ પ્રયત્નો થાય છે છતાં એવી દુર્દશા કેમ જોવામાં આવે છે ? કેળવાયેલી કન્યાઓ પણ પોતાના સાસરે સૌથી જુદી પડી ગયેલી હોય એમ કેમ દેખાય છે ?

આ પ્રશ્નોનો સંતોષકારક નીકાલ આણવો હોય તો સ્ત્રીઓની કેળવણી એટલે શુ ? એ આપણે વિચારવું પડશે. લખતાં-વાંચતાં આવડયું એટલે કેળવણી પૂરી થઇ એમ આપણામાંના કેટલાકો માની લે છે. કાગળ-પત્ર લખવામાં બે-ચાર પુસ્તકો ગોખવામાં કે એક-બે પરીક્ષાઓ પસાર કરવામાં જ બધી કેળવણી સમાઈ જતી નથી. સ્ત્રી-કેળવણીનો અર્થ તો એ છે કે જેનાથી સ્ત્રીઓને પોતાના કર્તવ્યનું ભાન થાય પોતાનો ધર્મ સમજાય અને એને અનુસરીને પોતાના આચરણમાં પણ એ સંસ્કારનો પ્રકાશ સૌને બતાવી શકાય.

પરીક્ષાઓ પાસ કરવાથી કે થોડા ગ્રંથોના પઠન-પાઠન થી એ કન્યા ભલે પોતાને સુશિક્ષિતા કહેવડાવી શકે પણ આર્ય-સન્નારીને જે ગૃહલક્ષ્મીના નામથી ઓળખાવવામાં આવે છે એ પદ તો ભાગ્યે જ મેળવી શકે. કેટલીકવાર એ પ્રકારની કેળવણી જ ગૃહ-સંસારના માંર્ગમાં કંટક પાથરે છે. પોતાને કેળવાયેલી માનતી કન્યા જયારે અભિમાની બને છે. ત્યારે તે આપણા સમાજમાં કણાની જેમ ખૂંચે છે. આપણો સમાજ આદર્શ-વાંચ્છે છે. એને બદલે જયારે તે પશ્ચિમના કારખાનાનાં તૈયાર થયેલી પશ્ચિમના જ રીતરિવાજનું આંધળું અનુકરણ કરનારી નારી જુએ છે.

ત્યારે તેમને અનહદ દુઃખ થાય છે. કેળવણીના અભિમાનવાળી પોતાના સિવાય બીજા બધાંને મૂર્ખ માનનારી તે કન્યા સાસરામાં જેવો જોઇએ તેવો સત્કાર મેળવી શકતી નથી ઘરના માણસોને મન એ એક ન સમજાય તેવી ઉપાધિરૂપ બની રહે છે.

કેળવણી પોતે ખરાબ નથી પણ એનો દુરૂપયોગ બહુ માઠાં પરિણામ નીપજાવે છે. કેળવણી જ્યારે સ્વચ્છંદને પોષે, નીતિના નિયમોને પણ તિલાંજલી આપે ત્યારે એ કેળવણી સખત નિંદાને પાત્ર બને. આપણામાં કહેવત છે કે જ્યારે આમ્રવૃક્ષ ફળધારણ કરે છે ત્યારે તે ઉંચે જવાને બદલે ઉલટું નીચે નમે છે. સાચી કેળવણી માણસને નમ્ર બનાવે છે. વિનય નમ્રતા સંયમ સેવાભાવ એ સાચી કેળવણીના સૂચક ચિન્હો છે. અભિમાન મદ, નિર્લજ્જતા એ બધાં અભણતાના લક્ષણો છે. માણસને સંપૂર્ણ બનાવે તો જ કેળવણીની સાર્થકતા થઇ ગણાય.

તુલસી પંખી કે પીએ ઘટે ન સરિતા નીર,
ધર્મ કીયે ધન ના ઘટે કહ ગયે દાસ કબીર.

શ્રી તખતગઢ આરોગ્ય મંડળ, તખતગઢ

(હડમતીયાકંપા)

શતેષુ જાયતે શૂર: સહસ્ત્રેષુ ચ પંડીત: ।
વક્તા દશસહસ્ત્રેષુ દાતા ભવતિ વા ન વા ॥

આથી જાહેર જનતાને જણાવતાં આનંદ થાય છે કે ઘણા લાંબા સમયથી તખતગઢ તથા આજુબાજુના ગામોની જાહેર જનતા માટે એક જનરલ હોસ્પિટલની જરૂરીયાત જણાતી હતી. નજીકના અંતરે તાત્કાલિક સારવાર મળી શકે તેવું કોઇ દવાખાનું ન હતું. ફતેપુર નિવાસી દાનવીર શેઠશ્રી છોટાલાલ ભાયચંદ મહેતા તરફથી જનરલ હોસ્પિટલ બનાવવાનું પ્રોત્સાહન વારંવાર મળ્યા કરતું. આના અનુસંધાનમાં તા. ૧૩-૪-૮૦ને રવિવારના રોજ તખતગઢ મુકામે શ્રી લક્ષ્મીનારાયણ મંદિરમાં ગ્રામજનો તેમજ આજુબાજુના ગ્રામજનોની એક સામાન્ય સભા શેઠશ્રી છોટાલાલ ભાયચંદ મહેતાના પ્રમુખસ્થાને મળી, ચર્ચા વિચારણાને અંતે સર્વાનુમતે રૂા. ૧૫,૦૦,૦૦૦ અંકે રૂપિયા લાખના ખર્ચે તમામ પ્રકારની સુવિધાઓ સાથે અને પ્રસૂતિગૃહની તમામ સગવડો ધરાવતી અદ્યતન જનરલ હોસ્પિટલ બનાવવી એવું નક્કી થયું.

સભાના પ્રમુખ શ્રી છોટાકાકા કેળવણી, ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે લાખો રૂપિયાના દાન આપી ચૂકયા છે. સમગ્ર સાબરકાંઠામાં દાનવીર શેઠ તરીકેનું બિરૂદ

પામી શક્યા છે. ભારતભરના જૈન સમાજમાં પણ તેઓશ્રીનું સ્થાન મોખરે છે. આવા દાનવીર શેઠ જેની પાસે હોય તેના માટે કોઈ ઉણપ રહે જ નહિ. ગ્રામજનોનો આગ્રહ થતાં શેઠશ્રીએ પોતાની ઉદાર સખાવત દાખવી તખતગઢમા બનનાર જનરલ હોસ્પિટલ માટે **રૂા. ૨,૨૧,૦૦૧/- અંકે રૂપિયા બે લાખ એકવીસ હજાર એકનું** માતબર રકમનું દાન જાહેર કર્યું. સમગ્ર સભાએ આનંદથી દાનની જાહેરાતને વધાવી લીધી.

બનનાર જનરલ હોસ્પિટલનું નામ **"શેઠશ્રી છોટાલાલ ભાયચંદ મહેતા જનરલ હોસ્પિટલ અને શ્રી નાલીબેન છોટાલાલ મહેતા પ્રસુતિગૃહ-તખતગઢ"** રહેશે.

હોસ્પિટલમાં બીજી અનેક સુવિધાઓ અને ઓરડાઓની જરૂરિયાત રહેશે. દાન આપનાર દાતાઓની તક્તિઓ જે તે યોગ્ય સ્થાને મૂકવામાં આવશે. આપ અમારા આ ભગીરથ કાર્યમાં યથાશક્તિ દાન આપી લોકસેવાના આ અમૂલ્ય અવસરને પાર પાડવા અમને પ્રોત્સાહિત કરશો.

ઊગતા સૂર્યાકારે પંદર ઓરડાઓ ધરાવતી બે માળની હોસ્પિટલમાં તમામ પ્રકારની અદ્યતન સુવિધાઓ પ્રાપ્ત કરી શકાશે. માટે નીચે દર્શાવેલ રૂમોના દાનની અમારું આરોગ્ય મંડળ જાહેર જનતા પાસે અપેક્ષા રાખે છે.

ક્રમ	વિગત	ઓરડાઓની સંખ્યા	દાનની રકમ	ક્રમ	વિગત	ઓરડાઓની સંખ્યા	દાનની રકમ
૧	જનરલ વોર્ડ	૫	૩૧,૦૦૧/-	૯	ડ્રેસીંગ રૂમ	૧	૧૫,૦૦૧/-
૨	ઓપરેશન રૂમ	૧	૫૧,૦૦૧/-	૧૦	ડીસ્પેન્સરી રૂમ	૧	૧૫,૦૦૧/-
૩	ડૉક્ટર્સ રૂમ	૧	૩૧,૦૦૧/-	૧૧	ઓફિસ રૂમ	૧	૧૧,૦૦૧/-
૪	વેઇટીંગ રૂમ	૧	૩૧,૦૦૧/-	૧૨	ડયુટી રૂમ	૬	૫,૦૦૧/-
૫	કોમન હોલ	૧	૩૧,૦૦૧/-	૧૩	પાણીની ટાંકી		૨૧,૦૦૧/-
૬	સ્પેશીયલ	૬	૧૫,૦૦૧/-	૧૪	બોર તથા ઇલે. મોટર		૨૧,૦૦૧/-
૭	મેટરનીટી હોલ	૧	૧૫,૦૦૧/-				
૮	લેબોરેટરી રૂમ	૧	૧૫,૦૦૧/-	૧૫	દરવાજો		૧૦૦૦૧,/-

જે દાતા તરફથી રૂા ૧૫,૦૦૧/- કે તેથી વધુ દાન મળ્યું હોય તેવા દાતા સભાખંડમાં પોતાનો રંગીન ફોટો મૂકવા માટેની ઇચ્છા ધરાવતા હોય તો તેમની પાસેથી રૂા. ૨,૦૦૧/- અલગ લેવામાં આવશે, અને ફક્ત સભાખંડમાં પોતાનો રંગીન ફોટો રાખવા ઇચ્છનારે રૂા. ૫,૦૦૧/- આપવાના રહેશે.

રૂા. ૫૦૧/- કે તેથી વધુ રકમનું દાન આપનાર દાતાનું નામ જનરલ તક્તિ ઉપર લખવામાં આવશે. જે વ્યક્તિએ રૂા. ૫,૦૦૧/-નું દાન આપ્યું હોય તે વ્યક્તિ "દાતા સભ્ય" બની શકશે, અને જે વ્યક્તિએ રૂા. ૧૦,૦૦૧/-નું દાન આપ્યું હોય તે વ્યક્તિ "આશ્રય દાતા" સભ્ય ગણાશે.

કોઇ પણ વ્યકિત રૂા ૧૧/- આપી મંડળનો "વાર્ષિક સભ્ય" બની શકશે, અને રૂા. ૨૫૧/- આપી આરોગ્ય મંડળનો આજીવન સભ્ય બની શકશે.

આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ તખતગઢ મુકામે એક હોસ્પિટલ તથા પ્રસૂતિગૃહ ચલાવી તખતગઢ તેમજ આસપાસની જનતાને નાત, જાત કે ધર્મના કોઇપણ પ્રકારના ભેદભાવ વગર માનવ જાતની આરોગ્ય વિષયક શક્ય તેટલી સસ્તી સારવાર આપવાનો છે.

દાન આપનાર દાતા પોતાના દાનની રકમ શ્રી તખતગઢ આરોગ્ય મંડળના કાર્યકારી મંત્રી શ્રી વિઠ્ઠલભાઇ કે પટેલ પાસે નોંધાવી શકશે. જનરલ હોસ્પિટલ તથા તે અંગેના દાન માટેનો તમામ પત્રવ્યવહાર આરોગ્ય મંડળના મંત્રીશ્રીના નામે કરવા વિનંતી.

ઉપરોકત હોસ્પિટલ માટે આપશ્રી યથાશકિત દાન આપી અમારા આ ભગીરથ કાર્યમાં સહકાર આપી યશભાગી બનશો એવી આપ સૌ પાસે અપેક્ષા રાખતાં ગૌરવ અનુભવીએ છીએ.

પત્રવ્યવહારનું સરનામું :---

મંત્રીશ્રી.
શ્રી તખતગઢ આરોગ્ય મંડળ
તખતગઢ, તા. પ્રાંતિજ
જિ. સાબરકાંઠા પીન કોડ નં. ૩૮૩૨૧૦
ગુજરાત.

લિ.
પટેલ અરજણભાઇ દેવજીભાઇ
પ્રમુખશ્રી
શ્રી તખતગઢ આરોગ્ય મંડળ તખતગઢ

શ્રી કચ્છ કડવા પાટીદાર સ્વાધ્યાયી મિલન
ધનસુરા

પ. પૂ પાંડુરંગ શાસ્ત્રીજી દાદાની પ્રેરણાથી ધનસુરા. વિભાગના કચ્છ કડવા પાટીદાર સ્વાધ્યાયીઓનું સંમેલન ૨૪ મે ૧૯૮૦ના રોજ ધનસુરા મુકામે કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજવાડીમાં મળ્યું હતું. આ સંમેલનમાં ૭૫૦ જેટલી સંખ્યામાં શિબિરાથી ભાઇ-બહેનો ઉપસ્થિત રહયાં હતાં.

બરાબર ૯-૩૦ કલાકે કૃષ્ણં વદે જગદગુરુનું સ્મરણ કરી સમૂહમાં પ્રાત: પ્રાર્થના કરવામાં આવી હતી. ત્યારબાદ નાનજીભાઇ (અમદવાદ) એ સ્વાધ્યાય એટલે શું ? સ્વાધ્યાય શા માટે ? અને સ્વાધ્યાયથી શું પ્રાપ્ત થાય ? તે પ્રશ્નોની સુંદર છણાવટ કરતાં જણાવ્યું કે સ્વાધ્યાય એટલે સમજદારી પ્રત્યેકને સમજદારી

જોઇએ છે. પતિ–પત્ની વચ્ચે ભાઇ ભાઈ વચ્ચે ગુરુ શિષ્ય વચ્ચે સમજદારી જરૂરી છે. સમાજમાં સમજદારીથી પ્રશ્નોનું નિરાકરણ થાય સ્વાધ્યાયથી ઇશ શકિત પ્રત્યે માણસ આભાર વ્યકત કરી શકે. આપણને કોઇ માણસ થોડી મદદ કરેતો પણ Thank you આપનો આભાર એવા શબ્દો આપણે વાપરીએ છીએ. વિશ્વના બધા દેશોમાં આભાર અને માફકરજો એ શબ્દ પ્રથા સહજિક અને સરળ છે. તો જે પ્રભુએ આપણને માનવ દેહ આપ્યો જગતના પરમ ઐશ્વર્ય જેવી બુદ્ધિ આપી ન માંગેલું એવું ઘણું આપ્યું તો પછી સ્વાધ્યાય દ્વારા પરમ ઇશ શકિત પ્રત્યે કૃતજ્ઞતા વ્યકતના કરી શકાય ? ચોકકસ કરવી જ રહી. સ્વાધ્યાયથી આપણને શકિત મળે છે. વિધાયક દ્રષ્ટિ મળે છે. જીવનમાં ગતિ મળે છે. ગતિ. પ્રગતિ અને અધોગતિ એમ ત્રણમાંથી આપણે સત્ય તરફ પ્રકાશ તરફ અને અમૃત તરફ ગતિ પ્રગતિ કરવી જ રહી. સ્વાધ્યાયથી નિષ્ઠા, નિર્માણ થાય છે. સમાજમાં બુદ્ધિવાદી, બુદ્ધિજીવી, અને બુદ્ધિ નિષ્ઠ માણસો હોય છે. બુદ્ધિવાદી માણસને બુદ્ધિનું અભિમાન હોય છે. મદારી જેમ રીંછ દ્વારા ખેલ કરાવી પેટ ભરે તેમ બુદ્ધિવાદી વાદ વિવાદ કરી જીવન પસાર કરે જયારે બુદ્ધિ નિષ્ઠ આત્મવિશ્વાસ અને શ્રદ્ધા ભકિતથી પ્રભુએ આપેલા જીવનને પૂર્ણ વિકસિત કમલ પુષ્પની જેમ ખિલવી વિશ્વને સુવાસ આપી કૃત કૃત્ય થાય છે. પોતાનામાં અને અન્ય વ્યકિતઓમાં તેજ સ્થિતા આસ્થિતા અને ભાવના પ્રગટાવે છે. જયારે ઇશ્વરને મૃત્યના દ્વારેથી પસાર થઇ પોતાનો જવાબ આપે ત્યારે ભગવાન પણ લાડકા દીકરાની કૃતિ ભકિતથી ખુશ થઇ જાય. મનની વાસઓનુ ગુપ્તચિત્ર તેજ ચિત્રગુપ્તનો ચોપડો જેવી ભાવના તેવો દેહ સુખી શેઠાણી પ્રસન્નચિત મજુર યુગલને જોઇ તેમના જેવા સુખની માગણી કરેતો પ્રભુ તે નોંધી લે છે. અને પછીના જન્મમાં તેમને મજુરનો જન્મ આપે છે. શ્રમિકને ગરીબાઇનું દુ:ખ લાળે છે. દરેક માણસ બીજાના સુખના મુદ્દા ધ્યાનમાં રાખે છે. તેથી જે ગરબડ થાય છે. ઇશ્વરમાં શ્રદ્ધા રાખનાર વ્યકિત આપત્તિને પણ ઇશ્વરની ભેટ સમજી તેનો સ્વીકાર કરે છે. દુ:ખથી ડરતો નથી, ગભરાતો નથી, રડતો નથી તે અવસ્થામાં પણ તેની અનોખી અદા હોય છે.

કચ્છ કડવા પાટીદારનો સમુહ જયાં પણ વસતો હોય ત્યાં ઓછામાં ઓછું ત્રિકાળ સંધ્યા થવી જોઇએ એ મકકમ નિરધાર છે.

ચિંતનિકા બાદ શિબિરાર્થી ભાઇ-બહેનો અલગ અલગ વર્ગોમાં ગયા હતા. વર્ગ કાર્ય બાદ ભોજન અને વિરામ. બપોરના ૨–૩૦ અમૃતપાન કરી ૩–૦૫ કલાકે બીજી બેઠક શરૂ થઇ.

વાડીભાઇ કે. પટેલ ગૃહપતિ વિદ્યાર્થી ભુવન એ દાદાની સ્વાધ્યાય પ્રવૃત્તિ,

પ્રકાશનો અને હરિભાઇ કોઠારીની ઓળખ આંથી હતી. ત્યારબાદ હરિભાઇ કોઠારી ની ચિંતનિકાઃ

સ્વાધ્યાયી કાર્યકર પાસે જ્ઞાન અને કૃતિ શીલતા જોઇએ. કેટલાક લોકો જાણે છે. પણ કરતા નથી. જે લોકો કરી શકે છે. જાણતા નથી. પરંતુ તત્વને જાણનાર અને કર્તવ્ય માટે સંપન્ન હોયતે વિરલ વ્યકિત ગણાય છે. જાણવું એટલે સ્વનો વિકાસ અને કરવું એટલે સમાજનો વિકાસ સાધના અને કર્મયોગ ભાવભકિત અને કૃતિ ભકિત બંન્ને હલેસાં જેવાં છે જે જીવન નૌકાને આગળ ધપાવે છે. સ્વાધ્યાયી એટલે સાધક અને સમાજ સેવક બંન્ને છે. માત્ર સાધક અને માત્ર સમાજ સેવક અંધૂરાં છે. સાધક પાસે માત્ર આંખ છે. સમાજ સેવક પાસે માત્ર પાંખ છે. યુવાન પાસે પાંખ છે. વૃદ્ધા પાસે આંખ છે. યુવા પાસે શકિત છે. દ્રષ્ટિ નથી. વૃધ્ધા આવે છે ત્યારે અશકિત આવી જાય છે. માટે યુવાનને જયારે શકિત હોય ત્યારે જ દ્રષ્ટિ આપવી જરૂરી છે. યુવાન ક્રાંતિ કરે નહિ પણ સંક્રાંતિ કરે **Divine Brain Trust** યુવા શકિતને વાધંકય એટલે અનુભવ આપે છે. સ્વાધ્યાય એટલે યુવા શકિત અને અનુભવનું સંમિશ્રણ. જન સેવા એજ પ્રભુ સેવા છે એ ૧૦ એ ૧૦૦ રૂ. જેવું છે. જેને સેવાએ પ્રભુ સેવાનો ભળા હોઇ શકે જન–જેનયતિ ઇતિ જન પોતાના જેવાં માણસોને જન્માવે તે જન જન્મેલાં-નાં અસ્તિત્વ માટે રોટી, કપડાં અને મકાન આવે. હિરણ્ય કશીપુ, દુર્યોધન જેવાના રાજ્યોમાં પણ અસ્તિત્વના સવાલો હલ થયેલા હતા. રક્ષયામિ ઇતિ રાક્ષસ માત્ર રક્ષણ કરે, યક્ષામી ઇતિ યક્ષ–યજ્ઞ કરે તે યક્ષ અને ભગવાન મારું રક્ષણ કરે છે. તે ભકત કાર્ય જયારે વેગ પકડે ત્યારે સતત જાગૃતિની જરૂર જણાય. વિચારોનું સ્પષ્ટીકરણ અનિવાર્ય છે. માણસને અસ્તિત્વની સાથે દ્રષ્ટિ પણ આપવી પડે. લોકસેવા લોક એટલે પ્રકાશ, જ્ઞાન અથવા દ્રષ્ટિ માટે લોકસેવા જનસેવા કરતાં ચડિયાતી છે. માણસ માત્ર રોટલાથી જીવીના શકે. હૃદય કરતાં બુદ્ધિ મહત્વની છે કહે છે કે "ઇશ્વર પ્રત્યેનો પ્રેમ બૌદ્ધિક હોવો જોઇએ" ભગવાન પાસે પહોંચવા બુદ્ધિ સાધન છે. ભાવનાઓ હોવી જોઇએ. પણ સંયમીત હોવી જોઇએ. ભૂખ સંતોષાવી જોઇએ. પરંતુ માત્ર ઉદર ભરવા જ જીવે નહિ તે પછી જાતીય વૃત્તિ.

મનુષ્ય સેવા એ લોકસેવાથી શ્રેષ્ઠ ગણાય. મનન કરે તે મનુષ્ય. મને વિચારો સ્ફુરશે. વસિષ્ઠ મુનીએ કહ્યું છે વૃક્ષો અને પશુઓ પણ જીવે છે પરંતુ જે મનન તેજ માણસ સાચું જીવ્યો. મનુષ્ય જીવન દુર્લભ છે. મનુષ્ય જીવનનું મહત્વ સમજી લેવું તે અત્યંત જરૂરી છે. વિષયોમાં ન રમે તે નર. અર્જુન નર અને કૃષ્ણ નારાયણ છે. ઉર્વશી આવે છે પણ અર્જુન અટલ રહે છે. સ્થિર રહે છે, તેને મા

કહી નમસ્કાર કરે છે તે નર વિવેકાનંદને પણ અમેરિકામાં મહિલા મળી. તેમની પ્રતિભા જોઇ સ્ત્રી સંતાન માટે પ્રેમ માંગે છે ત્યારે સ્વામીવિવેકાનંદે જવાબ આપ્યો, "મારા જેવો પુત્ર શા માટે" હું જ તમારો પુત્ર છું' કહી નમસ્કાર કર્યા તત્વજ્ઞાન વિદ્યાપીઠનો વિદ્યાર્થી જિલ્લાનો કલેકટર બની સંસ્કૃતિના આદર્શ પ્રમાણે લોકસેવા કરે છે, તે નરસેવા. નરસેવાથી ચઢીયાતી સેવા પુરૂષ સેવા છે, જેનામાં પૌરૂષ તે પુરૂષ. (૧) પાત્ર જોઇ, ત્યાગ કરે, સુપાત્રે દાન થાય તો માણસ ધનાઢ્ય બને જયારે કુપાત્ર દાન આપ્યું હોય તો તો માણસ દરિદ્ર બને, પાપી થાય, નરકમાં જાય અને પુનઃ દરિદ્ર થાય. ભારતીય સંસ્કૃતિ દાનને સ્વીકારે છે, ભીખને નહિ ત્યાગ કઇ વસ્તુનો કરવો તે પણ મહત્વનું છે. રાજા અને સંન્યાસીનું ઉદાહરણ આપતાં કહ્યું કે સંસાર ત્યાગે એ ત્યાગી, સંન્યાસી, સંસાર ભગવાને બનાવ્યો પરંતુ ભગવાનને ત્યાગનાર રાજાને સન્યાસીએ મહાત્યાગી કહ્યું. યોગેશ્વરને છોડી દઇ કોઇ વસ્તુ ના જોઇએ. યોગેશ્વર ના હોય તો જીવનમાં ભડકો થાય. જીવનરથનો સારથિ છે. (૨) ગુણે રાગિ– જેનામાં ગુણ નથી તે. બીજાના ગુણ ન જાણી ના શકે વિદ્યા હોય તો અન્યની વિદ્વતા જાણવા મળે. ગુણ જોયા પછી મત્સર ન થવો જોઇએ. તેજો દ્વેષ કરનાર વ્યકિતને ભગવાન નિસ્તેજ બનાવે છે. (૩) સમવિભાગી બંધુશ્ચ. ભાઇઓમાં વહેંચીને ખાવું જોઇએ. સરસ્વતી વેચવી ના જોઇએ. વિચારો અમુલ્ય છે અન્યને વિચાર આપ્યા પછી આપનારનો વિચાર દૃઢ થાય છે જ્યારે એક રૂપિયો ખર્ચવાથી બે રૂપિયા થતા નથી. બધીજ સંપતિ ઇશ્વરની છે. (૪) શાસ્ત્રે બોધા– બુદ્ધ એટલે **A man of wisdom** સમજદારી જેની સ્પષ્ટ છે. જીવનમાં દેખાવો જોઇએ તે બુધ છે. રવિવાર એટલે પ્રકાશ, ઉર્મી પછી સોમવાર સોમ એટલે ચંદ્ર શીતળતા, સ્થિતપ્રજ્ઞતા. મંગળ દ્રષ્ટિ હોય તે મંગળ જે થાય તે સારા માટે આવો વિશ્વાસ થવો જોઇએ, જયારે સુર્ય ચંદ્ર અને મંગળનાં લક્ષણો ગણો ત્યારે બુધ ડાહ્યો ગણાય. ગુરુ કોને કરાય કે જેનામાં શાસ્ત્રે બોધ્યાં તો જ શુક્રવાર વળે જીવનમાં જયારે ક્રિયાન્વયી થઇ એ ત્યારે સમજણ પાકી થાય સત્ય શબ્દોમાં નથી પરંતુ અર્થમાં હોય છે. તૂટે એજ કહે છે. સત્યનું મોં ઢંકાયેલુ છે રણે યોધ્યા જીવન એ યુધ્ય છે. સંગ્રામ છે. બહાર જગત કારણો છે. જયારે અંદર વિકાર સતાવે. યુધ્ધ નીતિમાં સામાપક્ષની કમજોરીએ આપણી તાકાત છે. પરનિંદા કરે કે સ્મૃતિ કરે પરેલ મારો માર્ગ સાચો છે તે નહિ છોડું ભલે મૃત્યુ આવે ઉત્તર પ્રદેશમાં બનેલી ઘટના છે. સ્વાધ્યાયી કુટુંબમાં મરણ થવા યોગ્ય ચાર ઘેર બન્યુ હવે વડના નીચે સ્વાધ્યાય કરવો તેમ ગામ લોકોએ નક્કી કર્યું ત્યારે પ્રથમ મરણ થયેલ ઘરની બાઇએ કહ્યું મારે ઘેર સ્વાધ્યાય કરો સ્વાધ્યાય

મરેલા જેવાં જીવતા માણસોને માણસ કહે છે. સ્વાધ્યાય માટેની નિષ્ઠા એ સ્ત્રીને જોતાં નમસ્કાર કરવા જોઇએ. સ્વાધ્યાયના માર્ગે મન દુઃખ થાય તો પણ સ્વાધ્યાય છોડવો જોઇએ નહિ. તે મારા જીવન વિકાસ માટે છે. સ્વાધ્યાય એ વેદ કાળનો છે. ઋષિનો છે. ધીરે ધીરે રણે યોધ્ધા થવાય. આ પાંચ લક્ષણો ધરાવે તે પુરુષ ભાવ ભક્તિ જોઇએ. તેથી સાવધાન રહેવું પડશે. અભ્યાસ દ્વારા ડાયરેક્ટ સબંધ યોગેશ્વર સાથે થવો જોઇએ. જો તેમ નહિ થાય તો સ્વાધ્યાયી પોતેજ નુકશાન પહોંચાડશે તેમાં સંકુચિતતા નથી. વાડો નથી. જાગૃત સમાજ થવો જોઇએ.

શ્રદ્ધા અને શંકા *

શામજીભાઇ એસ. પટેલ
વડોદરા

માણસના મનમાં બે પ્રવાહો ઉગ્ર રીતે વહે છે. એક શ્રદ્ધા અને બીજું શંકા શ્રદ્ધામાં અતિરેક થાય તો તે અંધશ્રદ્ધા બની જાય છે. અને શંકામાં અતિરેક થાય તો વહેમી બની જાય છે.

શ્રદ્ધા અને શંકા પરસ્પર વિરોધી લાગતા હોવા છતાં સાચી શ્રદ્ધાનો પાયો શંકા ઉપર અને તેના નિવારણ ઉપર મંડાએલો હોય છે. અને સાચી શંકા દ્રઢ શ્રદ્ધામાંથી જન્મે છે. આ એક વિચિત્રતા છે.

શ્રદ્ધા માણસને તેના પૂર્વજો પાસેથી મળે છે. અને શંકા તેના પોતાનામાંથી સ્ફૂરે છે. એટલે જ જેવો માણસ તેવી તેની શંકા હોય છે. માણસ નાનો હોય કે મોટો, દરેક વાત માની લેવા તે તૈયાર થશે નહીં, એવી જ રીતે દરેક વાતનો તે ઇન્કાર પણ કરશે નહીં, એટલે તેની શંકા અને શ્રદ્ધા કેવી છે તેના ઉપરથી તે કેવો વ્યક્તિ છે તેનો ખ્યાલ આવી શકશે.

ધર્મનો જન્મ માણસની શ્રદ્ધામાંથી થયો છે. એમજ રીતે વિજ્ઞાનનો જન્મ તેની શંકામાંથી થયો છે પરંતુ એ શંકા તર્કયુક્ત હોવી જોઇએ. હજારો વર્ષ પહેલાં માનવીએ સૂર્યગ્રહણ કે ચંદ્રગ્રહણ જોયું હશે ત્યારે સ્વાભાવિક રીતેજ ભયભીત થઇ ગયો હશે. પોતાનો ભય મટાડવા માટે તેણે અનેક પ્રયત્નો કર્યા હશે. કોઇ એક કાળે જ્યારે તે પ્રાર્થના કરતો થયો ત્યારે તેણે પ્રાર્થના કરવાનું મંત્રો

બોલવાનું જપ કરવાનું, ધૂન કરવાનું શરૂ કર્યું હશે અને ગ્રહણ પુરૂં થયું હશે. ત્યારે તેને લાગ્યું હશે કે તેની પ્રાર્થના ઇશ્વરે સાંભળી લીધી, તેના મંત્રોની અસર થઇ ગઇ. પરિણામે ગૃહણ દૂર થઇ ગયું અને શ્રદ્ધા બેઠી.

આજે માણસ જુદા જ સમયમાં જીવે છે. તે જાણે છે કે સૂર્ય ગ્રહણ કે ચંદ્રગ્રહણ અચાનક થતું નથી. ચોકકસ સમયે અને ચોકકસ કારણે થાય છે. છતાં તેના જપ પ્રાર્થના, ધુન તો ચાલુ જ રહ્યા તે શા માટે છે તેની કોઇ શંકા થતી નથી. માણસ ઘણું છોડી શકે છે. પરંતુ તેની માન્યતાઓ છોડી શકતો નથી. એટલે જ તે શંકા કરતાં ડરે છે.

માણસ વાજબી શંકા ભાગ્યે જ કરે છે. વર્તાવમાં તે એક અથવા બીજી તરફ ઝૂકે છે. કાંતો તે અંધ શ્રદ્ધાળુ બની જાય છે અને કાંતો વહેમી બની જાય છે. પરંતુ સત્ય બન્નેની વચ્ચે હોય છે તે શોધવાનો પ્રયત્ન માણસ ભાગ્યે જ કરે છે. સામાન્ય ગણાતા માણસો જ આવી રીતે વર્તે છે તેમ નથી. વિચારક, વિદ્વાન કે મહાન ગણાતા માણસો પણ એ રીતે વર્તે છે કોઇ સામાન્ય માણસ જો અંધ શ્રદ્ધાળુ હોયતો તો તેની અંધશ્રદ્ધા તેના પોતાના સુધી જ સીમિતિ હોય છે. પરંતુ આગેવાન ગણાતા માણસોની અંધશ્રદ્ધા આખા સમાજને અસર કરે છે.

આજે તર્કયુકત શંકા કરનારની સામે મોટા ભાગના લોકો તાકી રહેવાના, કારણ કે સાચી વાત કરતાં ગહન ગૂઢ, ચમત્કારિક વાતમાં માણસને વધુ રસ હોય છે. તે સત્ય શોધતાં ડરે છે. જે કોઈ શંકા કરે તેનો તે વિરોધ કરે છે. અને જયારે પોતાની પાસે કોઈ દલીલ ન રહે ત્યારે તે શાસ્ત્રનો આધાર લે છે.

તર્કયુકત શંકાજ જ્ઞાન વિજ્ઞાનનો પાયો છે. એક પુખ્ત માનવી માટે જેટલી શ્રદ્ધાની જરૂર હોય છે એટલી જ શંકા પણ જરૂરી છે. શંકા વિના તેનો સાચો રસ્તો મળી શકતો નથી, એજ રીતે શ્રદ્ધા વિના તે રસ્તા ઉપર તે ચાલી પણ શકતો નથી, જેમ શંકાનો અભાવ માણસને જડ બનાવી દે છે. તેમ તેનો અતિરેક તેને પાગલ બનાવે છે. શ્રધ્ધા અને શંકા બન્ને એક સાથે રહે તેજ જરૂરી છે.







શ્રીમતી એમ. એસ. એલ. માવાણી એન્ડ આર. ડી. વેલાણી કન્યાછાત્રાલય ધનસુરા

માર્ચ-એપ્રીલ ૧૯૮૦ માં લેવાયેલ પરીક્ષાનું પરિણામ

ધોરણ	કુલ સંખ્યા	પાસ સંખ્યા	ધોરણ	કુલ સંખ્યા	પાસ સંખ્યા
૫	૧૯	૧૯	૯	૨૧	૨૧
૬	૨૪	૨૩	૧૦	૧૮	૧૭
૭	૩૮	૩૭	૧૧	૯	૯
૮	૪૭	૪૪			

જે બહેનોએ સારા ગુણ મેળવ્યા છે. તેમનાં નામ આ પ્રમાણે છે.

ધોરણ	ક્રમ		નામ		ગામ
૬	૧	પટેલ	મધુબેન મગનભાઇ		અમીનપુર
	૨	,,	પ્રજ્ઞાબેન છગનભાઇ		વિઠ્ઠલપુરા
	૩	,,	ચંદ્રિકાબેન કરશનભાઇ		દામાવાસ
	૪	,,	કોકિલાબેન મણીભાઈ		હરીપુરા
૭	૧	પટેલ	સાવિત્રીબેન શામજીભાઈ		કલોલ
	૨	,,	ઉર્મિલાબેન દેવજીભાઇ		દોલપુર
	૩	,,	ગીતાબેન સવદાસભાઇ		દોલપુર
	૪	,,	ભારતીબેન ડાહ્યાભાઇ		ભાથરા
	૫	,,	રેખાબેન અંબાલાલ		અમીનપુરા
૮	૧	પટેલ	ગીતાબેન ગોવિંદભાઇ		માળકંપા
	૨	,,	ગીતાબેન માવજીભાઇ		નવાનગર
	૩	,,	ચંદ્રિકાબેન છગનભાઈ		લક્ષ્મણપુરા
	૪	,,	વિદ્યાબેન ભાણજીભાઇ		માળકંપા
	૫	,,	ઉર્મિલાબેન રવજીભાઇ		ધરેલકંપા
૯	૧	પટેલ	ભગવતીબેન રવજીભાઇ		હરીપુરા
	૨	,,	વનિતાબેન હરીભાઇ		વજેપુરા
	૩	,,	ઉર્મિલાબેન મીઠુભાઇ		વજેપુરા
૧૦	૧	પટેલ	ગંગાબેન કાનજીભાઇ	(રવીપુરા)	નવામેઘ
(ન્યુ.એસ.	૨	,,	મીનાબેન ધનજીભાઇ		સુખપુરા
એસ.સી.)	૩	,,	ઇન્દિરાબેન તુલસીભાઇ		ધનપુરા
(સાયન્સ)	૪	,,	ચંદ્રિકાબેન ખીમજીભાઇ		બદામ
૧૧	૧	પટેલ	સવિતાબેન માધાભાઈ	(આર્ટસ)	ગઢકંપા
	૨	,,	જયાબેન જેઠાભાઇ	,,	વિષ્ણુપુરા
	૩	,,	કમળાબેન પુંજાભાઈ	,,	ધરેલકંપા
	૪	,,	શકુન્તલાબેન નારણભાઇ	(સાયન્સ)	ગઢકંપા
	૫	,,	શારદાબેન વસરામભાઇ	(કોમર્સ)	રામાપીરકંપા

— આભાર —

સહર્ષ જણાવવાનું કે અમારી "અંબિકા કલા નિકેતન નાટક
કંપની સ્થાપિત સ્વર્ગવાસી શિરોમણી કવિશ્રી મણીરામ
પુરુસોત્તમદાસના નામથી સાબરકાંઠા તથા ખેડા
જીલ્લામાં વસતા શ્રી કચ્છ કડવા પાટીદારોના
દરેક નાના મોટા કંપાઓમાં રામાયણ
ભજવીએ છીએ અમારી કંપનીને ધર્મ
પ્રેમી ભાઇઓએ જે સંપૂર્ણ
સહકાર આપ્યો છે એવોજ
સહકાર મળતો રહે
તે બદલ અમે
શ્રી ઉમીયા
માતાજી તથા પિંપળેશ્વરી માતાજી પાસે પ્રાર્થના
કરીએ છીએ જીવનભર ધર્માર્થ કાર્યમાં શુભ
ભાવના રહે એવી પ્રાર્થના સહ.

લિ.
સમસ્ત કડવા પાટીદારના ભવાયા

: વ્યવસ્થાપક :
કવિશ્રી દશરથલાલ વિઠ્ઠલદાસ (હાલ બિલીમોરા)

: મેનેજર :
પિંપળેશ્વરી ભકત કવિશ્રી મનસુખલાલ (હાલ) કુણઘેર


અંબિકા કલા નિકેતન

"GARUD" Phone : P. P. 351024

ગરૂડ

એન્જીનીયરીંગ કોર્પોરેશન

૧૫/૧ F નીરોદ બીહારી મલીક રોડ, કલકત્તા—૭૦૦૦૦૬



આથી અમો સૉ મીલ તેમજ પ્લાયવુડ ધરાવતા ઉદ્યોગપતિઓને વિનંતિ કરીએ છીએ કે અમોએ ચેઈન સો મશીનની નાવવાનું શરૂ કરેલ છે. જે આધુનિક યંત્ર યુગમાં લેટર પ્રોબ્લેમમાં સહયરૂપ થશે.


ચાલવામાં સરળ, ચાલુ એમરીમાં ચેઈન ધાર કરી શકાશે, પાર્ટની પ્રચુરતા માટે ઓર્ડર નોંધાવવા આથી વિનંતી કરીએ છીએ.

સો મશીનના પાર્ટ્સ, ટ્રોલીના પાર્ટ્સ તેમજ બેરીંગ વગેરેની માહિતી આપને મેળવી આપીશું. આપની વધારે માહિતની જરૂરીયાત માટે નજીકના એજન્ટ સાથે સંપર્ક સાધવા વિનંતી

ગરૂડ એન્જીનીયરીંગ કોર્પોરેશન તરફથી નિયુક્ત થયેલા એજન્ટો

	એજન્ટ	રાજ્ય
૧	જીવાજી લાલજી પટેલ સરદાર પટેલ ટીમ્બર માર્કેટ નાગપુર-૩	મહારાષ્ટ્ર
૨	ગીતા ઈલેક્ટ્રીકલ્સ મુ. પો. ધનસુરા જિ. સાબરકાંઠા	ગુજરાત
૩	નાકરાણી સો મીલ નાગપુર રોડ, જબલપુર	મ. પ્ર. સાગર, ઈન્દોર, જબલપુર વિસ્તાર
૪	ચાંદબાલી ટીમ્બર ટ્રેડર્સ મુ. પો. ચાંદબાલી જિ. બાલાસોર	ઓરીસ્સા
૫	પ્રકાશ ટીમ્બર કોર્પોરેશન ૧૫/૧ F નીરોદ બીહારી મલીક રોડ કલકત્તા-૭૦૦૦૦૬	આસામ
૬	પ્રગતિ ટીમ્બર કું. ૧૭૬A જેસોર રોડ કલકત્તા-૭૦૦૦૫૫	વેસ્ટ બેંગાલ
૭	પ્રભાત હાર્ડવેર સ્ટોર્સ ધારવાર રોડ, મુ. પો. બેલગામ	મહારાષ્ટ્ર અને કર્ણાટક
૮	ભગવતી સો મીલ ફાફાડીહ, રાયપુર (મ. પ્ર.)	મ. પ્ર. ના બસ્તર અને રાયપુર જિલ્લા

લી. ગરૂડ એન્જીનીયરીંગ કોર્પોરેશન વતી, વિશ્રામ હંસરાજ પટેલ



Shree

LAXMI ENGINEERING WORKS

શ્રી લક્ષ્મી એન્જીનીયરીંગ વર્ક્સ


ટે. નં. ૮૨૫૫૧ ૮૨૫૫૨ ૮૨૬૪૭ ૩૬૪૪૭

ગંગા સિમેન્ટ પાઈપ ફેક્ટરીની બાજુમાં,
નરોડા રોડ, અમદાવાદ-૩૮૨૩૪૦

બેન્ડ સો એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઈપણ જાતના
સ્પેર પાર્ટસ માટે અમારો સંપર્ક સાધો.


અમદાવાદમાં કાપડનો
—અદ્યતન શો રૂમ
STAPLE
EMPORIUM
સ્ટેપલ
એમ્પોરિયમ
શુટીંગ ✱ શર્ટીંગ
ગ્વાલીયર—જીયાજી
રેમન્ડ—દીનેશ—દીગ્જામ
તેમજ પ્રખ્યાત મીલોની
નવીનતમ વેરાઈટીઝ માટે
અમારા શો રૂમની અવશ્ય
મુલાકાત લો.
પ્રોપ્રાયટર
મણીલાલ એમ. પટેલ
ભગવાનદાસ એમ. પટેલ
એન્ડ બ્રધર્સ
સહયોગ ફાર્મ, શીવપુરાકંપા,
હસનપુરમોટા તા. જિ. ગાંધીનગર
શો રૂમનું સ્થળ :—
સ્ટેપલ એમ્પોરિયમ
કેલીકો ડોમ નજીક
રીલીફ રોડ, અમદાવાદ-૧

તમારા પાક ને બચાવવો એ તમારા હાથનીજ વાતછે



ઓછું ખર્ચાળ
સીસ્ટેમીક જંતુનાશક

ઝડપી અને અસરકારક રીતે જીવાતને અંકુશમાં લાવી લાંબો સમય રક્ષણ આપનાર આ જંતુનાશક વાપરી ગાભમારાની ઇયળ, મશી, ચુસિયાં, પાનકથીરી, કુદકિયાં ફળમાખી, થ્રીપ્સ વિગેરેથી ડાંગર, મગફળી, તમાકુ, કપાસ શેરડી, શાકભાજી તથા ચા, કોફી જેવા પાકનું રક્ષણ કરો.

Paushak પૌષક લિમિટેડ એલેમ્બિક રોડ, વડોદરા–૩૯૦ ૦૦૩

સ્ટોકીસ્ટ —

- ★ મે. ઘનશ્યામ ફર્ટીલાઈઝર, ગાબટ રોડ, બાયડ
- ★ મે. કિશાન ટ્રેડર્સ., એસ. ટી. ડેપો પાસે, મોડાસા.
- ★ મે. પટેલ ફર્ટીલાઈઝર ટ્રે કું સ્ટેશન રોડ, હિંમતનગર.
- ★ મે અમર ફર્ટીલાઈઝર, સહકારી સંઘ સામે, ઈડર.

JAGRUTI JUN–'80 Reg. No GHMR/5

ગ્રા. નં.

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદરોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા
પીન ૩૮૩૩૧૦

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા. જિ. સાબરકાંઠા.

★

To.

Book – Post

Dahya Karsan Patel
MOMBASA KENYA
P. B. No. 3095

★

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

જાગૃતિ

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન
સમાજ યુવક મંડળ તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ
આદર્શ રજુ કરતુ પ્રાણવાન માસિક

॥ શ્રી ઉમીયાય નમઃ ॥



તંત્રી : કાન્તિલાલ કે. પટેલ બી એ.

વર્ષ : ૨૨ અંક : ૭ જુલાઈ—૧૯૮૦

卐 જાગૃતિ 卐

*** માસિકના નિયમો ***

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૦), પરદેશમાં શિલિંગ ૨૦ અને છૂટક નકલ કિંમત ૧ રૂા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૨૦૧) પરદેશમાં રૂા. ૨૫૧) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરૂં સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઇ પણ સૂચન હોય તો કાર્યાલય પર ...

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ -પ્રકાશક

શ્રી. નાનજીભાઈ કે. પટેલ -આદ્યતંત્રી.

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ -તંત્રી.
બી એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed.
સહતંત્રી : જાગૃતિ

: સંપાદકો :

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. Sc.
તલોદ.

શ્રી શામજીભાઇ એસ. પટેલ
વડાગામ

ડૉ. ધનજીભાઈ કે. પટેલ
જી એફ. એ. એમ., એલ. એમ. પી

ડૉ. હંસરાજ એમ. પટેલ M.B.B.S.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ M. Sc.

શ્રી અરજણભાઇ વી. પટેલ, એદલપુરાકંપ

શ્રી પ્રેમજીભાઇ એ. પટેલ, ધનસુરા.

શ્રી. રતિલાલ એમ. પટેલ

શ્રી ...



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી-કચ્છ]

જન્મ : સંવત ૧૯૩૮ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ : સંવત ૧૯૯૭ આસો વદ ૨

અનુક્રમણિકા

અ.નં.	લેખ	લેખક કે સંપાદક	પૃષ્ઠ
૧	તંત્રી સ્થાનેથી	કાન્તિલાલ કે. પટેલ	૧
૨	આપણી જ્ઞાતિ 'કાલ આજ અને કાલ'	ચંદુભાઇ આર. પટેલ	૩
૩	ક્યાં કેટલા વાગે છે ?	ભગવાનદાસ કે. પટેલ	૮
૪	જીંદગી શું છે ?	રૂક્ષ્મણીબેન એલ. પટેલ	૯
૫	તમે જે છો તેજ રહો.	શામજીભાઇ એસ. પટેલ	૧૦
૬	સ્વાધ્યાય પરિવાર મિલન મોઢાસા	પ્રા. જ્યોતિન્દ્ર બી. દ્વિવેદી	૧૧
૭	સમાચાર દર્શન		૧૯ થી

જય યોગેશ્વર

તંત્રીસ્થાનેથી

રાજમાન્ય શિક્ષણનું પરિણામ

★

આજે તો શિક્ષણ રાજમાન્ય થયું છે. તે લીધું હોય તો જ તમને રોટલો મળશે. બીજા શિક્ષણની કિંમત નથી. તપોવન પદ્ધતિમાં શિક્ષણ ઋષિમાન્ય હતું. આજે તો કોઈએ રાજમાન્ય શિક્ષણ ન લીધું હોય પણ શાસ્ત્રીય જ્ઞાન લીધું હોય તો તેને અભણ જ ગણવામાં આવે છે. બલિરાજાએ પણ તેના રાજ્યમાં રાજમાન્ય શિક્ષણ રાખ્યું હતું, તેથી વામન પાસે જવા કોઈ તૈયાર ન થતું. પછી વામને બધા યુવાનોને સાંજના સમયે ફરવા લઈ જઈ સહજ શિક્ષણ આપવાની શરૂઆત કરી. તેણે કહ્યું 'આ રાજમાન્ય શિક્ષણ પદ્ધતિથી તો શિયાળો જ પેદા થાય, સિંહ નહીં, કારણ રાજાને શિયાળ જ ગમે, સિંહ નહીં' હિરણ્યકશ્યપુએ પણ આ જ માર્ગ અપનાવ્યો હતો. વામનને આ ગમ્યું નહિ. તેથી યુવાનોને ફરવા લઈ જઈને ત્યાં ભારતીય જીવનનો દૃષ્ટિકોણ સમજાવ્યો. શુક્રાચાર્યે બલિરાજાને ચેતવ્યો, પણ બાલિરાજાએ કહ્યું કે એ તો વામન છે. આપણને તે શું કરી શકવાનો છે? વામને યુવાનોમાં જીવંત ચૈતન્ય પૂર્યું અને બળવાન યુવાનો તૈયાર કર્યા. પરિણામે બલિ જેવા શક્તિશાળી રાજાને પણ તેની સામે નમવું પડયું.

રાજ્યાશ્રિત તપોવનોમાં રાજસત્તાને અનુકૂળ જ શિક્ષણ મળતું, ભારતમાં પણ બ્રિટિશરોના સમયમાં કાળા લોકોને **I. C. S.** થવાની મનાઈ હતી. ત્યાર બાદ થોડો વિરોધ થયો, એટલે જેમણે વિરોધ કર્યો તેમને **I. C. S.** થવાની છૂટ મળી. શાળા કે કોલેજમાં આજે **Inspector** કે રાજપુરુષ આવે એટલે રજા મળે, કારણ કે રાજ્ય પાસેથી ગ્રાન્ટ મેળવવાની હોય છે. રાજસત્તાના હાથમાં શિક્ષણસંસ્થા આવ્યા પછી પાઠયપુસ્તક પણ રાજા કે સરકાર તૈયાર કરે. દા. ત. કોંગ્રેસ એક કાળે કેરળમાં બહુમતીથી સત્તા પર આવી. પરંતુ

ત્યાર પછી કેરલમાં સામ્યવાદીઓ સત્તા પર આવ્યા. તેમણે શિક્ષણ બદલાવ્યું અને શાળામાં ચીન અને રશિયાના ક્રાંતિવીરોનાં ચરિત્રો ભણાવવામાં આવ્યાં. પછી કેન્દ્રીય સરકારમાં બૂમાબૂમ થઇ અને કેરળમાં આવુ થતાં જ તેમની આંખો ઉઘડી ગઇ. આમ રાજસત્તાના હાથમાં શિક્ષણ-સંસ્થા સોંપાયા પછી શિક્ષણ સ્થિર ન રહેતું, રાજસત્તા બદલાય એટલે શિક્ષણ પણ બદલાય. તેથી જ પ્રાચીન કાળમાં શિક્ષણ રાજસત્તાના હાથમાં સોંપાતું નહીં.

શિક્ષણનું પરિણામ :—

રાજમાન્ય શિક્ષણમાં સિંહો નિર્માણ કરવાની હિંમત નથી. તેથી આવું શિક્ષણ લીધેલા કોઇનામાં એ કહેવાની હિંમત નથી કે, સુકો, રોટલો ખાઇશ પણ કોઇની કૃપાથી નહિ જીવું. આવો મિજાજ થવો જોઇએ. પાંજરાનો પોપટ શું કરે ? ઘણી પાંખો ફફડાવે, પણ તે શા કામની ? તેજસ્વી યુવાનો તૈયાર કરવા હોય તો રાજમાન્ય નહિ, પણ ઋષિમાન્ય શિક્ષણ અપાવું જોઇએ. રાજમાન્ય શિક્ષણ લીધા પછી રાજસત્તાની વિરુદ્ધ કહેવાની કોઇની હિંમત રહેતી નથી.

તપોવન ઉપર રાજસત્તાનું વર્ચસ્વ ન હતું. ત્યાં ઋષિસત્તા જ ટોચની ગણાતી આજે તો શાળા એટલે સરકારી ધર્મશાળા જેવું થયું છે સભા ભરવાની હોય કે District Magistrate આવવાના હોય ને તેને માટે રહેવા જગ્યા જોઇતી હોય, તો શાળાના વિદ્યાર્થીઓને રજા આપવામાં આવે છે, ગામમાં કોઇ વાતનો પ્રચાર કરવાનો હોય, કોઇ સરકારી અધિકારીનું સન્માન કરવાનું હોય, બહારથી લોકો આવવાના હોય તો નાના ગામડાની શાળાનું મકાન ઉતારા તરીકે અપાય. આમ શાળા ધર્મશાળા બની જાય છે. આવા કામ માટે શાળાના વિદ્યાર્થીઓનો અને શિક્ષકનો પણ ઉપયોગ કરવામાં આવે છે તેથી આપણાં શાસ્ત્રો કહે છે કે શિક્ષણ રાજયમાન્ય નહીં, પણ ઋષિમાન્ય જ હોવું જોઇએ.

(સંસ્કૃતિ ચિંતનમાંથી સાભાર)

પાણી અને વાણી

તનનો મેલ ધોવો સહેલો છે, મનનો મેલ ધોવો સહેલો નથી. કારણ તનનો મેલ બહારનો મેલ છે. એને બહારના સાધન વડે ધોઇ શકાય છે, જ્યારે મનનો મેલ તો ભીતરને ધોનારું સાધન જાઇએ.

આ ભીતરના મેલને ધોનારું ભીંતરનું સાધન એટલે રામકથા.

પાણી ઉપરના મેલને ધૂએ છે. રામકથાની વાણી ભીતરના મેલને ધૂએ છે. ઉપરના મેલને—તનના મેલને ધોવા માટે જો પાણીનું સ્નાન કરતા હો, તો ભીતરના મેલને—મનના મેલને ધોવા માટે રોજ રોજ રામકથાની વાણીનું સ્નાન—પાન પણ કરવું જ જોઇએ.

શ્રી ઉમીયાય નમઃ

આપણી જ્ઞાતિ ' કાલ આજ અને કાલ '

પટેલ ચંદુભાઈ રવજીભાઈ (બી એસ. સી.) તલાટી કમ મંત્રી
મુ. દેસાઇપુરાકંપા, (બાયડ)

કાશ્મીરથી કન્યાકુમારી અને કંડલાથી કટક સુધીના વિશાળ હિન્દુસ્તાનમાં તથા દુનિયાના અનેક દેશોમાં આપણા ભાઈઓ વસેલા છે. મારવાડી જેમ કરકસર માટે ભારતભરમાં પ્રખ્યાત છે. તેમ કચ્છ કડવા પાટીદારો તેમના સાહસ, શ્રમ અને નિષ્ઠા માટે પંકાયેલા છે. આપણા કુળદેવી ઉમીયા માતાનું વરદાન છે કે, ' કડવા પાટીદાર ભલા, ભોળા, મહેનતુ અને સાહસિક તરીકે પંકાશે, તેઓ સુખી અને સમૃદ્ધ થશે.

આપણી જ્ઞાતિનો વિશાળ જન–સમુદાય વર્ષો પહેલાં કચ્છમાં પથરાયેલો હતો. કચ્છનું માનવજીવન, મુસીબતો અને સંકટોથી ભરેલું હતું. કચ્છની સુકી ધરતી, પાણીની અછત, કુદરતી આફતો અને રજવાડાંઓની દખલગીરી વચ્ચે આપણા વડીલોને પોતાનો જીવન નિર્વાહ ચલાવવો પડતો. સમય અને સંજોગ પ્રમાણે આપણા વડીલોએ દુઃખ અને મુસીબતોનો સામનો કર્યો. મુસીબતો તેમના જીવન સાથે વણાઈ ગઈ હતી. પરંતુ સખત પરિશ્રમ અને સાહસ વડે તેમણે મુસીબતો ઉપર વિજય મેળવ્યો. કચ્છમાં ખેતી લાયક જમીનોમાં કુવા ખોદી, વાડીઓનું નિર્માણ કર્યું. સુકી, રેતાળ, અને પડતર જમીનોને તેમણે પરિશ્રમના પારસમણી વડે રસાળ અને હરીયાળી બનાવી ખેતી-ક્ષેત્રે તેમણે હરિયાળી ક્રાંતિ સર્જી આ ઉપરાંત તેમણે લાકડાંના વ્યવસાયમાં ઝંપલાવ્યું. હાથ વડે કરવત ખેંચીને તેમણે આ ઉદ્યોગમાં પગ પેસારો કર્યો. ધીરે ધીરે યુગ બદલાયો, મશીન માણસની મદદે આવ્યું, તેથી તેમણે લાકડું કાપવા માટે યાંત્રિક મશીનરી ગોઠવી ' સૉ મીલ ' શરૂ કરી. ખેતી, લાકડા ઉદ્યોગ ઉપરાંત મકાન બાંધકામ પ્રવૃત્તિમાં પણ આપણા વડીલો જોડાયા. મજુર અને કડીયાથી તેમણે તેમના જીવનની શરૂઆત કરી, ધીમે ધીમે ખંત, ઉત્સાહ, મહેનત અને નિષ્ઠાથી બીલ્ડીંગ કોન્ટ્રાક્ટર તરીકે પણ નામના મેળવી.

આમ આપણા વડીલોએ શારીરિક શ્રમ વાળાં કામોને પ્રથમ પસંદગી આપી. સખત મહેનત એજ એમનું જીવન બની ગયું. કામને તેમણે ધર્મ માન્યો. નિષ્ઠા અને નીતિને તેમણે

જીવન મંત્ર બનાવ્યો. કુળદેવી ઉમીયા માતાના આશીર્વાદથી તેમનામાં ધાર્મિક વિચારો અને ધર્મ પ્રત્યેની શ્રદ્ધા મજબુત બની. ધર્મને દ્રષ્ટી સમક્ષ રાખી તેમના જીવનમાં ચોરી, દગો, વ્યભિચાર, ખરાબ ટેવો અને દુર્ગુણો ન પ્રવેશે તે માટે તેઓ પ્રયત્નશીલ રહેતા

આપણા વડીલો નિરક્ષર અને અજ્ઞાન હતા. તેઓ માનસિક રીતે નિર્બળ, અબુધ, ભોળા અને અણુસમજુ હતા. કેળવણી તેમને મન સમય અને ધન વેડફવાનું સાધન હતું. કન્યા-કેળવણી તે સમયે ટીકાસ્પદ બાબત હતી. તેમને ખ્યાલ નહોતો કે નિરક્ષરતાએ માનવીના વિકાસનું સૌથી મોટું અવરોધક બળ છે. નિરક્ષરતાએ માત્ર આર્થિક પ્રગતિને જ નહીં પરંતુ વૈચારિક શક્તિને પણ કુંઠીત કરી નાખે છે. આ કારણે આપણો ગઇકાલનો સમાજ, પ્રણાલિકાનું પાંજરૂ, રિવાજોનો રાફડો અને કુરીવાજોની કાળી કોટડી જેવો હતો. તેમાં રૂઢીઓ અને દુષણોનું સામ્રાજ્ય હતું. આમ સામાજીક સંકુચિતતા, રૂઢીચુસ્તતા અને જડતાએ ઘણાં અનિષ્ટોને જન્મ આપ્યો હતો. આને કારણે વેપારીઓ અને અમલદારો પુરેપુરો ગેરલાભ ઉઠાવતા હતા. હવે આપણને સાચું ભાન થાય છે કે સમાજનું શોષણ અટકાવવા માટે શિક્ષણ એ અમોઘ શસ્ત્ર છે.

ગઇકાલના આપણા સમાજમાં સંયુક્ત કુટુંબ પધ્ધતિ હતી. કુટુંબના વડાની સલાહ, સૂચન અને માર્ગદર્શન હોય દરેક સભ્યો કર્તવ્ય નિભાવતા. સ્ત્રીઓની દશા મહદ અંશે ગુલામ જેવી હતી લાજના ઘુંઘટામાં આખો દિવસ ગુંગળાઇ રહેવું પડતું, વડીલોની જોહુકમી સહન કરવી પડતી. ઘરના વડીલોની હાજરીમાં હસવું, મોટેથી બોલવું, મજાક કરવી વિગેરે બાબતો પ્રત્યે જાણે પ્રતિબંધ ન હોય ! મોજ-શોખ, નાટક સિનેમા, વિગેરે બાબતો ટીકાસ્પદ લેખાતી હતી. તે બાબતે સમાજને ભારે સુગ હતી. વડીલોનો ખોરાક સાદો અને પૌષ્ટિક હતો, પોશાક પણ સાદો પહેરતા.

આપણા વડીલોની રહેણી-કરણી, પોશાક, આહાર, વાણી અને વર્તનમાં ફેશનનો અંશ માત્ર નહોતો. ખોટો આડંબર અને બનાવટ કરતાં તેઓ શીખ્યા નહોતા. આજના યુવાનોની સરખામણીમાં તેઓ સીધા, સાદા, ભલા અને ભોળા હતા.

માનવજીવન પરિવર્તનશીલ છે. આપણા સમાજમાં પણ ધીરે ધીરે પરિવર્તન આવ્યું. સમયના વહેણ સાથે જૂના રિવાજો અને ખરાબ રૂઢિઓ ખરી જાય એ હિતાવહ છે. પૂજ્ય ગાંધી બાપુએ કહ્યું છે કે, રિવાજ, વ્યક્તિ અને સમાજના ભલા માટે,

હોઇ શકે, માટે રિવાજના કુવામાં તરવું સારૂ છે પણ તેમાં ડૂબવું કે ડૂબાડવું એ હત્યા કરવા બરાબર છે" આમ ક્ષણે ક્ષણે પરિવર્તન પામતા આપણા સમાજમાં અનિષ્ઠ રિવાજોને તિલાંજલી આપવામાં આવી રહી છે.

માસુમ બાલીકા જવાનીમાં પ્રવેશતાં તેની વાણી, વર્તન, વ્યવહાર, શરીર અને માનસમાં જેમ ધીરેધીરે વ્યાપક ફેરફારો થાય છે તેમ આપણા સમાજમાં પણ રીતરિવાજો, આહાર-વિહાર વાણી અને વ્યવહારમાં ફેરફાર થવા માંડયા છે. ગઇ કાલનો ખેત મજુરી કરતો કણબી આજનો જમીનદાર છે કરવત સાથે કસરત કરનારો, લાકડા જેવું શુષ્ક જીવન જીવનારો કાલનો કરવતીઓ આજે 'સૉ મીલ' નો શેઠ બની બેઠો છે. ગઇ કાલનો મજુર, કડીઓ આજે મોટો કોન્ટ્રાકટર બની બેઠો છે.

આપણો આજનો સમાજ, ગઇ કાલ ની સરખામણીમાં, સુખ, સાહ્યબી અને સંપત્તિમાં આળોટી રહ્યો છે, એમ કહેવું એ જરાપણ અતિશયોકિત નથી. ગઇ કાલે ગરીબીની એરણ ઉપર ઘસાઇ ચૂકેલા વડીલોના નબીરાઓને ગરીબી કઇ બલાનું નામ છે તેનો ખ્યાલ પણ નથી. ગઇ કાલે છાશ અને રાબનું ખેતરમાં શીરામણ કરનારાના પુત્રો અને પુત્રીઓ આજે એરકન્ડીશન્ડ બંગલામાં ટેબલ ખુરશી ઉપર દાળ, ભાત રોટલી શાક અને પકવાનો પણ આરોગે છે.

આપણા વડીલોએ ખુન અને પસીના-નાં ટીપાં વડે ઉછેરેલ સમૃદ્ધિના વૃક્ષનાં આજની પેઢી મીઠાંફળ આરોગી રહી છે. આ સમૃદ્ધિના વૃક્ષને આપણે જતન કરી તેને વિસ્તારવાનું છે. જેથી ભાવિ પેઢીને મુસીબતો અને દુઃખો સહન ન કરવાં પડે. આમ આજનો સમાજ આર્થિક ક્ષેત્રે પ્રગતિશીલ છે, સાથેસાથે સામાજીક ક્ષેત્રે પણ આપણે પ્રગતિ કરી છે. સમાજમાં જાગૃતિ લાવવા સારૂ 'જાગૃતિ' 'આઝાદ કલમ' અને 'ધરતી' જેવાં માસિકો પ્રકાશિત થાય છે જે આપણા સમાજના વિકાસ પ્રગતિ અને સમૃદ્ધિ નિહાળવાના અરીસા સમાન છે. સમાજનાં દૂષણો દૂર કરનાર દવા સમાન છે. આજે શિક્ષણના વિકાસ સાથે યુવક મંડળો, સંમેલનો સ્થપાય છે. કેળવણીના વિકાસ માટે છાત્રાલયો, કન્યાઓ માટે કન્યા છાત્રાલય વિગેરેનો વિકાસ એ સમાજની પ્રગતિનું સોપાન છે. ઠેરઠેર સમાજ વાડીઓ ઊભી કરી, ભાવિ પેઢી માટે સંપ, સહકાર અને સમૃદ્ધિનો એક એક આદર્શ રચાય છે. સમાજમાં એકતા વગર આ બાબતો અશકય છે.

આજે આપણા સમાજમાં જે કંઇ પ્રગતિ, પરિવર્તન અને ફેરફાર જણાય છે તે શિક્ષણને આભારી છે. શિક્ષણને કારણે આજે આપણામાંથી ડૉકટરો, એન્જીનીયરો, વકીલો, શિક્ષકો, સમાજ સેવકો અને રાજકારણીઓ વિગેરે પદ પામ્યા છે. કન્યા કેળવણીને કારણે

આપણી ભાવિ પેઢી પણ પ્રગતિશીલ હશે એ નિર્વિવાદ હકીકત છે. કોઈપણ સમાજના વિકાસમાં સ્ત્રીઓનો ફાળો મુખ્ય હોય છે, આમ શિક્ષણ વગરની સમૃદ્ધિ પાંગળી છે. આજે વહેમ, અંધશ્રધ્ધા, બાળલગ્નો, સામાજીક કુરિવાજો વિગેરેનુ પ્રમાણ ખુબજ ઘટી ગયેલ જણાય છે. આ માટે આપણે શિક્ષણના ઋણી છીએ. સંસ્કૃતમાં સાચુ જ કહ્યું છે કે, ' વિદ્યા વગરનો માણસ પશુ સમાન છે. '

દરેક સિક્કાની બે બાજુઓ હોય છે. તેવી જ રીતે આપણા સમાજમાં પણ આજે સુખ, સમૃદ્ધિ, શિક્ષણ અને સંપત્તિની સાથે સાથે દુષણોએ પગ પેસારો કર્યો છે. આજે આપણામાં કુટુંબ પ્રેમ અને સમાજપ્રેમની ભાવના લુપ્ત થતી જાય છે. પરસેવો પાડીને ભેગી કરેલ સંપત્તિ આજના યુવાનો મોજ શોખ અને અમન–ચમન કરવામાં વેડફી નાખે છે. વડીલોનો આદર કરવાને બદલે ઉપેક્ષા કરતા જોવા મળે છે. આજના યુવાનો વડીલોએ આપેલ ભોગ અને ત્યાગ તથા બલીદાન ને વિસરી ગયા છે. વડીલો તેમને અજ્ઞાન અને જુનવાણી લાગે છે. આમ આજના સમાજમાં યુવાનો અને વડીલો વચ્ચે પ્રેમ અને નિખાલસતાનું વાતાવરણ રહ્યું નથી. એક બીજાને સમજવાને બદલે એક બીજામાં દોષારોપણ કરવામાં આવી રહ્યું છે. ભાઈ–ભાઈના ઝગડા સામાન્ય બની ગયા છે સમાજમાં પણ આપણા ભાઈઓ પ્રત્યે વિશ્વસનીય વાતાવરણ ન રહેતાં કુસુંપ અને વિખવાદ નજરે પડે છે. એકતાની ભાવના મરી પરવારી છે. આપણે પશ્ચિમના દેશોની વાનર નકલ કરી રહ્યા હોઈએ તેવું જણાય છે. ચાલુ જમાનાની ચલચિત્રોની બુરી અસરને કારણે આજની પેઢી અવિવેકી, અસંસ્કારી, સ્વચ્છંદી બની ગઈ છે. તેનામાં ચારિત્ર્યની શિથીલતા અને ફેશનની ઘેલછાએ પ્રવેશ કર્યો છે.

સાદાઈ અને સંયમ માટે આપણા વડીલોને એક જમાનામાં આકર્ષણ હતું. તેને બદલે આજનો આપણો સમાજ નાટક, સિનેમા, કલબ, રેસ્ટોરાં, ફેશનેબલ કપડાં અને પશ્ચિમની રહેણી કરણી તરફ દોટ મૂકી રહ્યો છે. કયાં ગઈ પેઢીના આદર્શો અને કયાં આ પેઢીની ફેશન તરફી આંધળી દોટ, આપણા ગઈ કાલના સમાજમાં માન–મર્યાદા, વિવેક–વિનય, દયા, ધર્મપ્રિયતા વિગેરે સદ્‌ગુણો હતા તેના બદલે આજની પેઢીમાં અવિવેક, અહમ, સ્વચ્છંદતા મનસ્વી પણું ઉદ્ધતાઈ, અસંસ્કારીતા દેખાય છે. માન--મર્યાદા લોપાય છે.

આપણા સમાજમાં ધાર્મિક મતભેદોએ મોટું સ્વરૂપ ધારણ કર્યું છે જુના અને નવા ધર્મની બાબતમાં સમાજ છિન્ન-ભિન્ન થઈ જવાની અણી ઉપર છે.

આપણા સમાજમાં કુસંપ, વેરઝેર

અને ઝગડા કરાવવામાં આ બાબતે મુખ્ય ફાળો આપ્યો છે. ઘણાખરા (સમાજમાંના) આગેવાનોએ આ વિખવાદને પોતાનો જીવન મંત્ર બનાવ્યો છે. સામા પક્ષની નીંદા અને કુથલી કરવામાં સામા પક્ષના ધર્મની ખોડ ખાંપણોને પ્રકાશમાં લાવી, પોતે કંઈક ધાર્મિક કામ કર્યાનો આનંદ માણે છે. આમ ધર્મના વાદવિવાદે આપણા સમાજમાં ગંભીર અને ભયાનક સમસ્યા ઊભી કરી છે. ધર્મને કારણે એક બીજાના ઘરે આવવા માટેનો પ્રતિબંધ, છુટાછેડા, ઝઘડા, વિવાદ અને ટીકા ટીપ્પણનો વાવંટોળ ફુંકાયો છે.

આજની યુવાન પેઢી ધર્મના વિવાદને મીટાવવા અંગેની પોતાની ફરજ પ્રત્યે જાગૃત નહીં બને અને તે દિશામાં સક્રિય નહીં બને તો ધર્મ વિવાદ બાબતના ઝઘડા ચાલુ જ રહેવાના એટલું જ નહીં, પણ ધર્મના અંગેનો આ વાદ–વિવાદ રૂપી દાવાનળ ઉત્તરોત્તર પ્રબળ બનતો જશે. અને એક દિવસ આપણુ સૌ ને ભરખી જાય તોયે નવાઇ નહીં. ઇતિહાસના અરીસામાં જોઇશું તો આ બાબત સ્પષ્ટ જણાઇ આવશે.

ગઇ કાલની પેઢીએ આપેલ વારસો આજે આપણે ભોગવી રહ્યા છીએ. આપણે ભવિષ્યની પેઢી માટે કેવી ઇમારત બનાવીએ છીએ તેના ઉપર ભાવી પેઢીનું જીવન અવલંબીત છે. આપણે આપણી ભાવી પેઢીને સંસ્કાર, વિવેક, વિનય અને માનવતાના પાઠો ભણાવીશું તો ભાવિ પેઢી જરૂર મહેંકી ઉઠશે તેઓ તેમના કાર્યોથી પૂર્વજોના સમૃદ્ધિ અને સંસ્કારના વારસામાં ઉત્તરો–ત્તર પ્રગતિ કરે તેવું દરેક જાગૃત યુવાન ભાવી પેઢી પાસે અપેક્ષા રાખે તો તે અસ્થાને નથી.—

દારૂ પીધેલો ઉંદર, દારૂના નશામાં મસ્ત બની ડોલવા લાગે છે ત્યારે તેને બિલાડીનુ ભાન રહેતું નથી. તેમ આપણી જ્ઞાતિનો આવતી કાલનો સમાજ સુખ, સમૃદ્ધિના અતિરેક માં દુષણોનો ભોગ બની જાય તેવી શંકા ઉદ્‌ભવે છે. ભવિષ્યમાં આપણો સમાજ ફેશનના ખોટા મોહમાં ખેંચાઇ જશે તેવી ભીતિ છે. બાહ્ય આડંબર, અભીમાન અને ધાર્મિક ઝનૂનએ ભાવિ પેઢીના મહત્વનાં ભય સ્થાનો છે. લક્ષ્મીની પ્રાપ્તી માટે આંધળી દોટ મૂકી, જીવનને કડવું ઝેર બનાવી મુકશે. કુટુંબપ્રેમ, વડીલોની માન મર્યાદા અને સમાજમાં એકતા શુષ્ક બની જશે. આળસ અને કુટેવો જન્મ લેશે, શ્રમ તરફનો ભાવિ પેઢીનો ઝોક નહીં જણાય. તેમનામાં શ્રમવિમુખતા ઘર કરી જશે. ઓછું કામ વધુ દામની નીતિને કારણે ભાવિ પેઢીમાં સ્વાર્થ લોલુપતા વધુ દેખાશે. શિક્ષણને કારણે નાસ્તિક પેઢી અસ્તિત્વમાં આવશે

'ભગવાન નથી' એવા વિચારવાદી જુથ પોતાનો પ્રચાર કરશે. પોતાના વડીલોની ઉપેક્ષા અને અપમાન કરતાં ભાવિ સમાજ અચકાશે નહીં. આવતી કાલની પેઢી, પોતાને કચ્છના વતની કહેવડાવવામાં નાનમ અનુભવશે. પોતાના વડીલોના માદરે વતન પ્રત્યે પ્રેમ અને ભાવનાનું બીજ ભાવિ પેઢીમાં મરી પરવારશે. જે સ્થળે પોતાના ઉદ્યોગધંધા વિકાસ પામ્યા છે ત્યાં જ પોતાની દુનિયા બનાવશે. વતન સાથેના સબંધો સમયાંતરે તૂટી જશે. ભાઇચારાની ભાવના મરી પરવારશે.

દરિયાની માફક સમાજમાં પણ ભરતી અને ઓટનાં મોજાંઓ આવતાં હોય છે. તેથી નિરાશ થવાની આપણે જરૂર નથી. ભવિષ્યમાં આવનારી ઓટને હટાવી ભરતી લાવવી હોય તો, તે માટે પોતાનું જીવન કાર્ય બનાવી તેની પાછળ પડનારા થોડા મરજીવા નીકળવા જોઇએ !

ક્યાં કેટલા વાગે છે.

જયારે ભારતમાં સાંજના ૫–૩૦ વાગે છે. ત્યારે અન્ય દેશોમાં :—

દેશ	સમય
પાકિસ્તાન	સાંજના ૫ વાગે છે.
વર્મા	સાંજના ૬–૩૦ વાગે છે.
સિંગાપુર	સાંજના ૭–૩૦ વાગે છે.
સ્પેન	સાંજના (પછાડ)ના ૧ વાગે છે.
લંડન	બપોરના ૧૨ વાગે છે.
ચીન	સાંજના ૮ વાગે છે.
કનાડા	સવારના ૬ વાગે છે.
પેરિસ	રાતના ૧ વાગે છે.
ન્યુઝીલેન્ડ	રાતના ૧૨ વાગે છે.
અમેરિકા	સવારના ૭ વાગે છે.
આસ્ટ્રેલિયા	સાંજના ૮–૩૦ વાગે છે.
જાપાન	સાંજના ૮ વાગે છે.

ભગવાનદાસ કરશન પટેલ
ઘોરસા (દુગલી)

જીંદગી શું છે ? ❋

રૂક્ષ્મણીબેન એલ. પટેલ
તલોદ, પટેલ સો. મીલ

પૃથ્વી પરના માનવી–માનવી વચ્ચેનો મેળાપ થોડા વખત માટે જ હોય છે. માનવી કાળરૂપી પંજામાં ક્યારે ઝડપાઇ જશે તેની કોઇને ખબર નથી હૃદયના હેતને રેલાવતી અને આશાના મહેલો બાંધતી આપણી જીંદગી નાશવંત છે. આપણી જીંદગી હીરા માણેક અને મોતી કરતાં પણ અમૂલ્ય છે. અરે ? જીંદગી દેવોને પણ દુર્લભ એવું માનવ જીવન એક અમુલ્ય ચીજ છે. જો આપણે તેને નહીં કેળવીએ તો અમુલ્ય જીવન એમને એમ વેડફાઇ જશે. આપણું જીવન ગુલાબ જેવુ છે. જેમ સવારના પહોરમાં ગુલાબનું ફુલ સુંદર રીતે ખીલે છે. તેમ આપણી જીંદગી યુવારથામાં ગુલાબની જેમ ખીલે છે. જીવન પુષ્પ ક્ષણ ભંગુર છે. ક્યારે ખીલીને કરમાઇ જશે તેની માણુસને ખબર નથી અરે ! રામ જેવા ભગવાનને પણ ખબર નહતી કે આવતીકાલે શું થવાનું છે. અને તેમને ચૌદ વર્ષ વનમાં જવું પડ્યું હતું. આપણી જીંદગી ટૂંકી છે. અને કર્તવ્યો કરવાનાં ઘણાં છે. આપણે આ દુઃખ રૂપી દરિયાની અંદર ભેગા થયા છીએ આ પ્રાણ પંખીનું ક્યારે ઉડી જશે તેની કોઇને ખબર નથી.

અરે ભાઇ આ જીંદગી પવિત્ર છે. હૃદય વનમાં જલતો દાવાનળ ભયંકર તોફાની છે. તેમાં અપાર વેદના માણુસને અનુભવવા મળશે તેમાં સંસારના ઉજળા અને કાળા અનુભગો થશે આપણી જીંદગી કાચ જેવી છે. ક્યારે એ તુટી જશે તેની કોઇને ખબર નથી જીંદગીની અંદર દુઃખ પ્રધાન રૂપ અને સુખ અલ્પ છે. જીવન પાણીના રેલાની માફક ખળખળ કરતું આવ્યું જશે જીવન ખરેખર પવિત્ર છે. સંસારના સારા નરસા અનુભવો વચ્ચે જીવન ક્યારેક આપણુને નિરસ લાગે છે. દરેક મનુષ્યના જીવનમાં કોઇવાર સુખની પુનમ ઉગે છે. અને વૈભવનો પ્રકાશ ફેલાય છે. તો કોઇવાર દુઃખની અમાસ પણ આવે છે. મનુષ્યના જીવનમાં એક બાજુ વસંત છે. બીજી બાજુ પાન ખર છે. એક આંખમાં આંસુ છે. બીજી આંખમાં સ્મિત છે એક બાજુ હર્ષની હરિયાળી છવાય છે. તો બીજી બાજુ શોકની સરિતા વહે છે. ખરેખર આ જીવન ગુલાબ જેવું છે. મનુષ્યના જીવનમાં એક બાજુ સુખની સૌરભ છે. અને બીજી બાજુ કષ્ટ રૂપી કાંટા છે ખરેખર આપણી જીંદગીમાં આવું જ બન્યા કરે છે. નં. ૧ માણુસ નાનપણુથી જ સુખના વૈભવ ભોગવતો આનંદ કરતો મોટો થાય છે. અને આ સંસાર રૂપી પાંજરામાં પોપટનાં માફક પુરાઇ જાય છે. ત્યારે માનવીને આ જીવન કડવા લીંમડા જેવું લાગે છે.

"તમે જે છો તેજ રહો"

*શામજીભાઇ એસ. પટેલ
વડોદરા

આપણી જીંદગીમાં ઘણાં ખરાં દુઃખો ઇશ્વરે આપેલાં નથી પણ આપણે પોતે જ ઉભાં કરેલાં હોય છે. માણસ પોતે જે હોતો નથી તે બનવાનો પ્રયત્ન કરે અને તે અશક્ય બને ત્યારે તેમાંથી દુઃખ જન્મે છે. આ વાત થોડી વિચિત્ર લાગશે સત્ય હંમેશાં વિચિત્ર જ હોય છે.

ઘણા ખરા માણસો પોતે જ કરવા ઇચ્છતા હોય તેના બદલે બીજું જ કંઇક કરે છે. જેથી પરિણામે દુઃખી થાય છે. મોટી ઉપરના માણસને ઘણાં વર્ષો વૈતરું કર્યા પછી આરામ જોઇએ છે. પરંતુ સંતાનો તૈયાર થયા નથી અને કુટુંબનો બોજો ખેંચવા વિના ચાલે તેમ નથી તેથી તે દુઃખી છે. નવી પરણીને આવેલી વહુ સાસરિયામાં પોતાની ઇચ્છા મુજબ જીવવા ઇચ્છે છે. પણ તે શક્ય ન હોય તો તે પણ દુઃખી થાય છે. એવા લોકો પોતે દુઃખી છે એટલું નહી તે બીજાઓ માટે પણ દુઃખનું કારણ બને છે.

દરેક વ્યકિત દરેક ક્ષણે બદલતી રહે છે. પ્રવૃત્તિનો તે અફર નિયમ છે. પરંતુ જે કોઇ પોતે જે હોય તે રસ્તે જ બદલે તો પીડા ઓછી થાય છે. પાયા ઉપર ચણેલું મકાન જ મજબૂત હોય છે. એટલે દરેકે પોતાના પાયાની શોધ કરવી જોઇએ, જેટલી ઉંડી શોધ તેટલો ઉંડો પાયો.

આજે મોટા ભાગના લોકો ટેન્શન નીચે જીવતા હોય છે અને તેનું મોટા ભાગનું ટેન્શન આ એકજ વાતમાથી પેદા થતું હોય છે. 'પોતે જે નથી તે બનવું પડે છે' માણસ પૈસાદાર દેખાવા માટે દેવું કરીને ભપકો કરે છે. વિધ્વાન દેખાવા દંભ કરે છે. ડાહ્યો દેખાવા ગંભીરતા ધારણ કરે છે. પણ અણીના સમયે કાગડાનાં પીછાં ખરી પડે છે. અને પ છળ માત્ર દુઃખજ રહે છે. પછી તે ગુરૂઓ, બાવા, ફકીરો પાસે ચમત્કારો માટે ઝંખે છે. મનો ચિકિત્સકો પાસે જાય છે. મેળેલું પાણી પીએ માદળીઆ બાંધે વગેરે ધતીનો પાછળ ખૂબ શકિત વેડફે છે પરંતુ પહેરેલાં વેશ ઉતારવાનું તેના માટે શક્ય હોતું નથી જેથી તે દુઃખી થાય છે.

અબુદ્ધ અને અંધ શ્રદ્ધાથી સભર એવા આપણા દેશમાં પાખંડીઓનો તોટો નથી. અને તેના દ્વારા ચલાવાતા આવા ધતીંગો તો લોકપ્રિય બની રહે છે. નકલી સાધુ, બાવા, ગુરૂ, ફકિર, પાદરી દ્વારા મંત્રબળથી મનો કામના પૂર્ણ થાય છે. તેવી ઘેલી મનો દશાથી પ્રેરાઇને મૂર્ખ લોકો તેની શ્વાસ પાસ ટોળે વળે છે, અને મફતમાં અથવા મામુલી ખર્ચમાં પોતાના દુઃખ આ દર્દ દુર કરવા ઇચ્છતા સ્વાર્થી લોકો આવા પાખંડીઓના પંજામાં જલ્દી ફસાય છે અને સમય તેવા પૈસાનો દુર્વ્યય કરે છે. પરિણામે વધુને વધુ દુઃખી થાય છે. સુખી થવાનો રસ્તો એકજ છે કે "તમે જે છો તેજ રહો."

શ્રી કચ્છ ક. પાટીદાર સ્વાધ્યાય પરિવાર મિલન મોડાસા

પ્રા. જયોતિન્દ્ર બી. દ્વિવેદી સ્વાધ્યાય કેન્દ્ર, તલોદ.

સાબરકાંઠા જીલ્લાના ધનસુરા મુકામે તા. ૨૪ મે ૮૦ ના રોજ ધનસુરા વિસ્તારનું સ્વાધ્યાયી સંમેલન પૂરું થયું અને બીજે જ દિવસે સ્વાધ્યાયની જયોત મોડાસા મુકામે પહોંચી ગઇ. આ વિભાગમાંથી સારી એવી જન-સંખ્યા આ પ્રસંગે ઉપસ્થિત રહી હતી. દરેક વ્યકિતના હ્રદયમાં ભગવાન યોગેશ્વર મંદ મંદ સ્મિત કરતા હતા અને તેની ઝલક તેમના પળે પળના વ્યવહારમાં જણાતી હતી સત્કાર અને સ્નેહની સરવાણી ફુટેલી હતી, દરેકને આવકાર હતો પ્રત્યેક માટે ઉરની મોકળાશ હતી. બરોબર ૯-૩૦ કલાકે ૐ પૂર્ણમદ... થી સમુહમાં પ્રાતઃ પ્રાર્થના થઇ અને બધાંજ જીવ ભાવના પૂર્વક પૂ. શ્રી હરિભાઇ કોઠારીને સાંભળવા તૈયાર થયાં હતાં. શ્રી નાનજીભાઇએ સ્વાધ્યાય એટલે જીવન વિકાસ અને શા માટે તે કરવો જોઇએ ? સંમેલનનો હેતુ અને ત્રિકાળ સંધ્યાની અનિવાર્યતા સમજાવી, શ્રી હરિભાઇ કોઠારીનો સંક્ષિપ્તમાં પણ હૈયાની સુંવાળપથી મ્હેંકતો પરિચય આપ્યો. પુ શ્રી હરિભાઇ કોઠારીએ વસુદેવ સુતદેવ ને સ્મરીને પ્રાતઃ કાલીન ચિંતનીકા આપી. 'માત્ર ઇશ સ્મરણ નહિ પણ ભગવાનનું કાર્ય થવું જોઇએ કૃતિશીલ વ્યકિતની વાત ભગવાન સાંભળે હવે કયા પ્રકારનો માણસ ભગવાનની સેવા કરી શકે ? આમ તો દરેકને ઇશ્વરની સેવા કોઇને કોઇ પ્રકારે કરવી તો હોય છે પરંતુ કેવો માણસ સેવા કરે તો ભગવાનને ગમે ? તે પ્રશ્ન મહત્વનો છે ભગવાનનું કામ કરનાર મુકત સંગ હોવો જોઇએ. માણસ જયારે કર્મ કરે ત્યારે મનમાં આશકિત અને મમત્વ પેદા થાય છે. વાસનાની બદબૂ કામમાં હોય છે, માટે કર્મના ફળનો ત્યાગ કરવાનો છે. કર્મનો નહિ. ફળમાં જયારે મન જાય ત્યારે કામમાંથી અર્ધું ચિત્ત ઉઠી જાય પરિણામે કર્મ સંપૂર્ણ રીતે થાય નહિ શ્રી કોઠારીએ ચિત્રકારનું ઉદાહરણ આપી સમજાવ્યું કે કામ દિલની સાચી લગન થી થવું જોઇએ તેમાં હ્રદયની ભાવનાનો રંગ લાગવો જોઇએ. તેનાં ચિત્રો અજોડ હતા કારણ ચિત્રમાંનો લાલ રંગ બજારૂ ન હતો પરંતુ હ્રદયની બાજુ માંથી પોતનું રકત વહાવી રંગ પુરતો હતો. રકત રંગ તેના કર્મમાં બલિની આહૂતિ જેમ હતો. પોતાના ખૂન કરતાં વધુ સરૂ કયુ દુત દ્રવ્ય દેવતાને ગમે ?

પરિણામે ચિત્રકાર અને તેનાં ચિત્રો અમર બન્યાં. વાસના હોવાથી આપણાં કર્મ કર્મભોગ બન્યા અને જ્યારે નિર્વાસનિક રીતે કર્મ કરવામાં આવે ત્યારે કર્મયોગ બને છે. મહિમ્ન સ્તોત્રમાં શ્રી પુષ્પદંતે કહ્યું છે કે ભગવાનને તો કર્મનું ફળ આપવાનું વ્યસન છે, ટેવ છે. જો આમ હોય તો આપણે આ માટે જીભ હલાવવી જોઇએ. ન માગીએ તો પણ કર્મનું ફળ ચોક્કસ મળવાનું હોય છે જ. બદલો ભલા બૂરાનો અહીંયાં નક્કી મળે છે. આજનો માણસ વર્તમાનનો આનંદ માણી શકતો નથી આકાશના તારા મળે નહિ અને ધરતીની સોડમ માણી શકતો નથી. કારણ તેને કોઇક અગમ્ય ભય છે, ભાવિનો ભય છે તેથી જ ઇશ્વરના ચરણોમાં આ જીવન કુસુમ હૃદયના પ્રત્યેક ભાવથી સમર્પી દઇએ તો આ મન-જીવ ભયમાંથી મુક્ત બને. ભોગે રોગ ભયં ભોગ વધુ ભોગવવાથી રોગનો ભય રહે છે. 'કુલે ચ્યુતિ ભયં'' કુળવાન માણસને આબરૂ જવાનો, સ્થાનભ્રષ્ઠ થવાનો ડર લાગે છે. વિત્તે નૃપતિ ભયં જ્યારે માણસ વધુ સંપત્તિ ભેગી કરે તો રાજા અથવા શાસકનો ડર લાગે. માને દૈન્ય ભયં સમાજમાં વધુ માન મળવા લાગે ત્યારે આ માન, હાર–તોરા ક્યારેક બંધ તો નહિ થઇ જાય ને તેવો ડર લાગે. બલે રિપુ ભયં જ્યારે બળ વધે ત્યારે દુશ્મનનો ડર લાગે. રૂપે જરાયા ભયં રૂપવાન શ્રીમાન કે શ્રીમતીને જરા એટલે વૃદ્ધાવસ્થાનો ડર લાગે ' ઘડપણ કોણે મોકલ્યું રે 'શાસ્ત્રે વાદી ભય'' શાસ્ત્રાર્થ કરનાર પંડિતને પોતાનાથી ચઢિયાતા પંડિતનો ડર લાગે. મારાથી તે શ્રેષ્ઠ હશે તો મારૂ શું થશે? ગુણેખલ ભયં જ્યારે જીવનમાં ગુણ વિકાસ થાય ત્યાંરે ખલ દુષ્ટ લોકો વ્યક્તિને તેના ગુણ યુક્ત ઉર્ધ્વ રસ્તા પરથી હટાવવા આક્ષેપો કરે અને તે દ્વારા ડર ઉભો કરે કાર્ય કૃતાંત ભયં માણસ જ્યારે કર્મરત હોય ત્યારે કૃતાંત એટલે યમ રાજાનો ડર લાગે, તો પછી અભય સ્થાન કયું ? 'ઇશ્વરનાં ચરણ કમળ.' મરણનો ભય દરેકને હોય છે જ્યારે સંતો મરણને પણ કાબુમાં રાખે છે દા. ત. સંત મુળદાસનો દેહાંત થયો તેજ સમયે ગામમાંથી કોઈ કન્યાને વિદાય આપવાનો પ્રસંગ હતો. મૂળદાસના દેહ વિલયની વાત ગામમાં ફેલાઇ ગઇ. કન્યાના માતાપિતાએ આ શુભ પ્રસંગને મુલ્તવી રાખવાનું નક્કી કર્યું. કોડ ભરી કન્યા જે પિયુમિલન માટે આતુર હોય ત્યારે બન્ને યુવાન હૈયાને મળતાં અટકાવવાં તે યોગ્ય નથી તેમ સંત મૂળદાસના આત્માને જણાતાં પુનઃ પોતાના સ્થુળ શરીરમાં પ્રવેશ્યા અને સગાં–સબંધી દ્વારા કન્યાના પિતાને કન્યાને યોગ્ય રીતે વિદાય આપવા જણાવ્યું. તેમણે પોતે નવદંપતીને આશીર્વાદ આપ્યો, અને પ્રસંગ-

ની પૂર્ણાહિત સાથે તેમણે ફરીથી દેહનો ત્યાગ કર્યો. **વિકાર મુક્તઃ** માણસે વિકારમાંથી પણ મુક્તિ મેળવવી પડે વિકાર દ્વિધા નિર્માણ કરે દા.ત પુરૂરવા અને ઉર્વશી પ્રસંગમાં જાગૃત મન વિકારમાંથી દૂર જવાની વાત કરે જયારે વિકારગ્રસ્ત મન કામ તરફ ખેંચી જાય. જ્ઞાન વિકારોને સમાવવા માટે છે. વિકારોને બહેકાવવા માટે નહિ. સ્વાધ્યાય કરવાથી મન શકિતશાળી બને છે અને પ્રગતિવાદી બને છે. સ્વાધ્યાય-એ બુદ્ધિનું નિર્મળ સ્નાન છે. તેથી તેમાં પ્રમાદ ચાલે નહિ. મનની અંતરિયાળ પ્રવૃત્તિને સમજવા કાલિદાસનાં શંકુતલા અને 'દુષ્યંત પ્રથમ દ્રષ્ટિએ પ્રેમ' માં પડે છે ત્યારે દુષ્યંતનું મન મકકમતાથી કહે છે કે હું આર્ય પુત્ર છું. મારું મન ક્ષત્રિય કન્યા તરફ જ આકર્ષાય મારું મન ગમે તે જગ્યાએ વિકાર યુકત બને તે હું માનું જ નહિ અને તેના અતઃકરણની વાત સાચી ઠરી કારણ શકુંતલા એ વિશ્વામિત્ર અને મેનકાની પુત્રી હતી. સત્પુરૂષને સંદેહ થાય ત્યારે તેનું સાત્વિક અંતઃકરણ જે કહે તે પ્રમાણ ભલે જગતને જે કહેવું હોય તે કહે. વિકાર વિજયની વાર્તામાં શ્રેષ્ઠ ઉદાહરણ શુક-રંભાનું સરસ રહ્યું. શ્રી કોઠારીએ શુક-રંભાના સંવાદને શ્લોક બદ્ધ શ્રેણિમાં ગોઠવી ઉચ્ચ કક્ષાના સાહિત્યિક આસ્વાદ સાથે સભાને વિકાર ઉપર કેવી રીતે વિજય મેળવાય તે સમજાવ્યું ત્યારે ખરેખર રોમાંચ કારી ક્ષણો સર્જાઇ હતી. જીવન જીવાતું હોય, તેમ લાગ્યું. રંભા વસંત ઋતુના બધાજ વૈભવો જ્ઞાની શુકદેવ આગળ ખુલ્લા કરે છે ત્યારે આ બાલ-યોગી,-આ જન્મ બ્રહ્મચારી તેજ વસંત ઋતુને અને તેના વૈભવને જીવનવિકાસની શ્રેણીનાં ઉત્તમ પગથિયાં તરીકે બૌદ્ધિક પણ રસાળ રીતે મહાસુંદરી રંભાને તેના જ સુરમાં લયબદ્ધ રીતે સમજાવે છે. રંભા દેહ, યૌવન અને વિલાસના ગુણ ગાય છે ત્યારે શુકદેવજી દેહને સ્વાન સમાન,

યૌંવનને ચાર દિનના ચાંદરણા જેવો અને વિલાસને કામ તરંગો વર્ણવી ઉપેક્ષા કરે છે અને દેહને ભગવાનના મંદિર તરીકે, યૌવનને ભગવાનની શ્રેષ્ઠ શકિત તરીકે અને વિલાસ નહિ પણ પ્રભુ પ્રસાદ તરીકે વર્ણવે છે ત્યારે રંભા શુકદેવને કહે છે તમે પુરૂષ નથી. તમે તો બાયલા છો ત્યારે આ ઉપાલંભને હસી કાઢતાં કહે છે કે જે પુરૂષોત્તમને મેળવે તે જ સાચો પુરૂષ. મારું પૌરુષ તે માટે છે તારી સાથે કામલીલા માટે નહિ. આ સુંદર સંવાદ વિશ્વનું ઉત્તમ ઘરેણું છે. રોગ મુકત : આજનો માણસ વધુ ચિંતાગ્રસ્ત છે કેટલીકવાર માણસ કાલ્પનિક ચિંતાથી વધુ ડરતો થઇ જાય. પિંજારાનું દ્રષ્ટાંત આપ્યું 'કાંતશે કોણ અને પીંજશે કોણ' જયારે

રૂ ને આગ લાગી ત્યારે કાંતવાની અને પીંજવાની ચિંતા ચાલી ગઇ અને પિંજારો સ્વસ્થ બન્યો. તેમ આપણે પણ આંતર પરીક્ષા કરીએ તો શકટના શ્વાનની જેમ 'હુ કરુ હુ કરું એજ અજ્ઞાનતા' ને લીધે અગણિત ચિંતાના ચકકરમાં ફસાયેલા રહીએ છીએ. પ્રભુ-ના ચિંતનમાં અને સત્પુરૂષોની સંગ-તમાં રહેવાથી આ મહાન વ્યાધિમાંથી મુકત થવાય છે. માણુસને જેવો સંગ કરે તેવો રંગ ચડે. વિકારી મનુષ્યોની સોબત વિકાર તરફ લઈ જાય માટે આપણે 'કીધો છે પ્રેમ પ્રભુ તારી સંગાથે, હવે જે થવાનું હોય તે થાય' એજ ધ્રુવ સત્યને આધાર માનીએ તો ચિંતાના મહાન રોગમાંથી મુકત મળે અનહંવાદી : પ્રભુનો સેવક અહં-કાર વગરનો જોઇએ. નાનકડું મન અને મોટો અહંકાર કાર્યને તોડી નાખે છે. પ્રથમ તો એ જાણવું રહ્યું કે અનંત બ્રહ્માંડમાં વિશ્વ અને તેના પરિપ્રેક્ષ્યમાં આપણું સ્થાન તો તદ્દન તુચ્છ અને નગણ્ય લાગે તો પછી અહંકારને સ્થાન કયાં છે? ભગવાન કેટલીક વાર આપણી સાથે ધર ધર રમે છે. અહંકાર મુકિત માટે ફાનસનું ઉદાહરણ આપ્યું જયોતને અહંકાર થયો કે મારે લીધે ફાનસનો પ્રકાશ છે તો વાટ હસીને કહે જો હું ન હોત તો તું કેવી રીતે પ્રકાશત? વાટને અહંકાર થયો ત્યારે ગોળો પેટ ફૂલાવીને ઉજળું હસી પડયો અને કહેવા લાગ્યો કે પવનથી રક્ષા ન કરી હોત તો વાટ તમે કેવી રીતે સળગત? આ સંવાદ સાંભળી ફાનસ ખડખડાટ હસી પડયું તમે ખોટાં અંદરો અંદર લડો છો, જો ફાનસમાં તેલ ન હોત તો! બધાં જ ચુપ થઇ ગયાં. બહાર ન દેખાતું તેલ, અવ્યકત ચેતન શકિત, એ જ ફાનસના પ્રકાશ માટે જવાબદાર છે. તે જ પ્રમાણે આપણી સઘળી કર્તૃત્વ શકિતનો આધાર ભગવાન યોગેશ્વર છે. ભગવાન ચૂપચાપ અઢળક શકિત, માણુસને તેની લાયકાત હોય, કે ના હોય આપે છે જયારે મેળવનાર ભિક્ષુક મન અહંકારથી બકરાની જેમ મેં મેં (હું - જ હુ - જ) અવાજ કરે તો કપાઇ જાય અને પીંજણની જેમ તૂ તૂ (હે ભગવાન તુ જ સાચો છે.) બોલે તો તેનું રક્ષણ યોગેશ્વર કરે.

ધૃતિ – પ્રભુના સેવકમાં ધીરજ જોઇએ. ધૈર્ય વગરનો માણુસ પ્રભુ ભકિતમાં ચાલે નહિ. ઉત્તરપ્રદેશમાં એક ગામમાં જે ઘેર સ્વાધ્યાય ચાલતો ત્યાં ઘરના યુવાનનું મૃત્યુ થયું. કરૂણ પ્રસંગ બન્યો. તેથી સ્વાધ્યાય બીજા કુટુંબમાં શરૂ થયો. બનવા કાળે તે કુટુંબમાં પણ મૃત્યુ થયું ફરીથી સ્વાધ્યાય ત્રીજા ઘેર થવા લાગ્યો ત્યારે ત્યાં પણ આકસ્મિક મૃત્યુ થયું, ચોથા ઘેર પણ મરણનો બનાવ થયો ત્યારે ગામમાં વાત થવા લાગી કે સ્વાધ્યાય

કોઇના ઘેર નહિ કારણ કુટુંબમાં મૃત્યુ થાય છે તેથી સ્વાધ્યાય ગામ બહાર કોઇ વૃક્ષ નજીક થશે જ્યારે લોકો ત્યાં સ્વાધ્યાય માટે ભેગા થયા ત્યારે જે ઘરમાં યુવાનનો દેહાંત થયો હતો તે વિધવા ફાનસ લઈ આવી ને સ્વાધ્યાયી પરિવારને કહ્યું, 'તમે લોકો આવતા બંધ થયા છો. મેં તમને કયારેય સ્વાધ્યાય માટે ના પાડી નથી સ્વાધ્યાય અને કોઇ પણ વ્યકિતના અવસાનને સંબંધ નથી. તમો મારે ત્યાં સ્વાધ્યાય પ્રસન્ન ચિત્તે કરશો તો મને ગમશે' આ ધર્મના ધૃતિ અનન્ય અવિચલ શ્રદ્ધા ભકિતનું ઉત્તમ ઉદાહરણ છે

ઉત્સાહ :- પ્રભુ ભકતમાં ઉત્સાહ અવિરત ટપકવો જોઇએ. સ્વાધ્યાય હોય કે મિલન સમારંભ હોય, સ્વાધ્યાયીમાં ભરપૂર ઉત્સાહ હોવો જોઇએ. પરાણે પરાણે કામ થાય, સ્વાધ્યાય થાય, ગીતાપાઠ થાય તેમાં મઝા આવે નહિ. શ્રી હરિભાઇ કોઠારીએ 'પરાણે પરાણે જીવો છો' પરણવા માટે પણ પરાણે પરાણે ગયાં હતાં તેવાં મર્માળાં ગીતનો ઉલ્લેખ ટુંકમાં યોગ્ય રીતે કર્યો હતો.

સિદ્ધિ અને અસિદ્ધિમાં નિર્વિકાર

જીવનમાં કયારેક સફળતા અને કયારેક નિષ્ફળતા પણ સાંપડે હાર જીત, સુખ દુઃખ, હાનિ-ફાયદો, જીવન-મૃત્યુ વગેરે પ્રસંગોમાં જે ધીર માણસ સ્થિર રહે તો જ તે પ્રભુ ભકિત કરી શકે. માન અપમાન, જય-પરાજય, સુવર્ણ-લોખંડને સમાન ગણે તે જ સ્થિત પ્રજ્ઞ, ગુણાતીત અને તે જ ભગવાનનો સાચો ભકત જે ને પ્રભુ પોતાના હૃદયમાં સ્થાન આપે છે કેવું સરસ ચિત્ર ભકતના હૃદયમાં ભગવાન અને ભગવાનના હૃદયમાં ભકત, રામના હૃદયમાં હનુમાનજી અને ભકત હનુમાનના હૃદયમાં સિયારામની મૂર્તિ પ્રાતઃકાલીન ચિંતનીકા પૂરી થતી હતી ત્યારે મારા મનમાં આ શ્લોક આવતો 'લાભં સ્તેષાં, જય સ્તેષાં, કુત સ્તેષાં પરાજય. યેષા મિન્દીવર શ્યામો હૃદયસ્થો જનાર્દન...

ઉપર મુજબના લક્ષણો દરેક સ્વાધ્યાયીમાં આવે તે પ્રાર્થના સાથે શ્રી કોઠારીએ પ્રવચન પૂર્ણ કર્યું.

સ્વાધ્યાયી પરિવારના ભાઈ-બહેનો વિવિધ વર્ગોમાં તેમના માર્ગદર્શક સ્વાધ્યાયી મિત્ર સાથે **જૂથ** ચર્ચામાં એક કલાક માટે જોડાયા. વર્ગમાં પણ સ્વાધ્યાયી યુવાન મિત્રો આગળ મઝા આવી બપોરના ૧૨-૦૦ કલાકે યોગેશ્વરને સ્મરીને દરેક જણ ભોજન માટે પ્રવૃત્ત થયા. એકાદશી હોવાથી કેટલાક ફલાહાર માટે તો કેટલાક ભોજન માટે પ્રવૃત્ત થયાં, આરામ પછી બપોરના ૩-૩૦ કલાકે મુ શ્રી હરિભાઈ કોઠારી ચિંતનીકા માટે પધાર્યા

ભગવાન યોગેશ્વર વસુદેવને સ્મરીને અમૃતવાણીથી મોડાસા છાત્રાલયના વાતાવરણને મધમધતું કરી મૂકયું ઉપનિષદની પ્રાર્થના 'તમસો મા જ્યોતિર્ગમય, અસતો મા સદ્‌ગમય અને મૃત્યોર્માડમૃતં ગમય' ને કેન્દ્રમાં રાખી વિશાળ જનમેદનીને અમૃત અનવું જોઇએ તેમ કહ્યું મરેલાં જીવનાં રહેવામાં કે પછી મરણ નથી આવતું એટલે પરાણે પરાણે જીવવામાં મઝા આવે નહિ કળિયુગમાં પુરૂષો નિર્વીર્ય થયા છે. અન્નમાં રસકસ રહ્યું નથી સમાજમાં મહત્વના સ્થાન પર હલકી કક્ષાના માણસો શઠતાથી કે અન્યાયી માર્ગથી બેસી ગયેલા હોય છે. પૂજનીય વ્યકિતઓની ઉપેક્ષા થાય ત્યારે દુકાળ પડે છે રાજાઓ એટલે સમાજના ધૂરિણો પોતાના કતર્વ્યથી ભ્રષ્ટ થયેલા હોય છે. વિપ્ર બ્રહ્મતેજની ઉપાસના કરવાને બદલે દ્રવ્ય લાલસુ બની અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ બને છે. દાંપત્ય પ્રેમની વેલ પાંગરવાને બદલે દ્વેષ અને વેરથી સળગી જાય છે. પત્ની પરપુરૂષના ઝાંઝવા જેવા પ્રેમને પામવા પોતાના પતિને તરછોડી સ્વધર્મથી ભ્રષ્ટ થાય છે, છતાંયે શરમ અનુભવાતી નથી. પુત્ર પિતાની આજ્ઞા માને નહિ શિષ્ય ગુરૂનું અપમાન કરે અને તેમાં નાનમ ન અનુભવે ત્યારે કળિયુગનો પ્રતાપ પ્રસર્યો તેમ કહેવાય.

એક વખત રાજા ભોજની સભામાં અમૃત કયાં રહેલું છે. તેની ચર્ચા શરૂ થઇ. દરબારમાં બેઠેલા કવિઓએ જણાવ્યું કે અમૃત સમુદ્રમાં, ચંદ્રમાં પ્રિયતમાના અધરમાં, પાતાળમાં અને સ્વર્ગમાં રહેલું છે. કવિત્વથી પણ આ રાજા ભોજને સંતોષ ના થયો. રાજાએ કાલિદાસ સામે જોયું એટલે તેણે ચતુરાઇ પૂર્વક કવિઓના જવાબને ઉડાવી દીધા. સમુદ્રમાં અમૃત હોય તો ખારો કેમ ? ચંદ્રમાં અમૃત તત્વ હોય તો ક્ષીણ કેમ થાય છે ? પ્રિયાના અધરમાં અમૃત રહેલ હોય તો પતિ મરે કેમ ? પાતાળમાં તે હોય તો વિષધરમાં વિષ ના હોવુ જોઇએ ! સ્વર્ગમાં અમૃત હોય તો ક્ષીણે પૂણ્યે... ધરતી પર આગમન થવું ના જોઇએ માટે અમૃત ઉપર જણાવેલ જગાએ નહિ પરંતુ ભગવદીય માણસની વાણીમાં અમૃત રહેલ છે ભગવદ્ કથામાં, ભગવાનના ગુણાનુવાદમાં અમૃત રહેલું છે તેથી ગીતામૃતમ્ અને કથામૃતમ્ જેવા શબ્દો યોગ્ય રીતે સાહિત્યમાં પ્રચલિત થયા છે. વેદની વાણી અમર છે. 'ઉત્તિષ્ઠ જાગ્રત પ્રાપ્ય વરાન્નિબોધત' કૃષ્ણની વાણીથી ભ્રમિત અર્જુન ઉભો થાય છે તેની બધી શંકાઓનું નિરાકરણ થાય છે અને 'કરિષ્યે વચનં તવ' ના વાણીના ટંકાર સાથે દુષ્ટ કૌરવોના હનન માટે કટિબધ્ધ થાય છે. વાણીમાં કેવી તાકાત છે. તેનું ઉદાહરણ મહાભારતમાંથી આપતાં જણાવ્યું કે અર્જુનના સારથિ કૃષ્ણ હતા માટે કર્ણે હઠ પકડી કે શલ્ય મારો સારથિ થવો જોઇએ શલ્ય

પાંડવોનું હિત ઇચ્છતો હતો છતાં દુર્યોધનના સ્વાગત પ્રપંચમાં સપડાયો અને ના છૂટકે કર્ણનો સારથિ બન્યો પણ શરત મૂકી કે મારી વાણીને કર્ણ અટકાવી શકે નહિ. કર્ણે શરત મંજૂર રાખી હવે યુદ્ધમાં જ્યાં કર્ણ અર્જુનને મારવા શર સંધાન કરે એટલે શલ્ય બોલે 'અર્જુનને તમે મારવાના ? માર્યા માર્યા હવે કયાં અર્જુનનું ગાંડીવ અને કયાં તમારાં તુચ્છ બાણ ? વગેરે આમ કર્ણના જુસ્સાને ઉતારવાનું કામ સારથિ શલ્ય કરતો હતો અંતે કર્ણનો પરાજય થયો. માટે વાણીમા ગજબની તાકાત હોય છે. યુદ્ધ પર કૃષ્ણની વાણી દ્વારા અર્જુન 'નષ્ટો-મોહ' બન્યો ગૌરવાન્વીત બન્યો તે પણ વાણીનો જ મહત્તા, જ્યારે શલ્યની વાક્છટાથી કર્ણ નિરાશ થયો અને હતપ્રભ બન્યો અનુમાનનું જ્ઞાન જુદું અને અનુભવનુ જ્ઞાન જુદું વેદ, ઉપનિષદ અને ગીતા અનુભવનો નિચોડ છે. અનુભવી હોય તે કેડી પરના ચાલે, તે તો રસ્તો નિર્માણ કરે. જે દિશામાં સૂર્ય ઉગે તે પૂર્વ દિશાઓ સ્વતંત્ર છે. વિજ્ઞાનનો સાપેક્ષવાદ, વેદનો માયાવાદ, જૈનનો સ્યાદ્દવાદ એ ત્રણે સરખાં છે. કારણ વર્તમાન, ભૂત અને ભવિષ્ય માણસની સગવડતા માટેના ઉપજાવી કાઢેલા ભેદ છે અર્થાત્ સમય અને અવકાશ અનંત છે સંસારને પળે પળ જુએ તે ઋષિ, વિદ્વાન વાચસ્પતિ મંદિરે દર્શન માટે જાય. ભગવાન આરામ કરવા નિદ્રાધીન થયા છે તેમ પૂજારીએ જણાવ્યું ત્યારે વાચસ્પતિ ગુસ્સે થઇને બોલ્યા 'બૌધ્ધોએ જ્યારે મુર્તિપૂજા પર આક્રમણ કર્યું ત્યારે મેં તને ટકાવ્યો આજે તું મને મળવાની ના પાડે છે ? તે ન ચાલી શકે. ભગવાન તત્કાળ ભકત પાસે આવી ગયા અને દર્શન આપ્યું છે. ભકતકવિ જગન્નાથે પણ 'રસગંગાધર'ની રચના સમયે છંદ અને વ્યાકરણના અન્ય પ્રકારો માટે બીજા કોઇ કવિના શ્લોકો ઉદાહરણ માટે ન લીધા પણ પોતાની ખુમારી, અને તેજસ્વીતાને પ્રગટ કરતાં દ્રષ્ટાંતના શ્લોકો રચ્યા હતા. એક સમયે કવિ દંડી અને કવિ કુલગુરૂ કાલિદાસ વચ્ચે સ્પર્ધા થઇ કે બન્નેમાં શ્રેષ્ઠ કવિ કોણ ? કોઇ ન્યાય ન કરી શકયું. કારણ બન્ને ઉત્તમ કવિઓ, તેથી ન્યાય માટે મા શારદા પાસે ગયા. તેમણે આ બન્ને સારસ્વતોને પૂછ્યું 'વાણી અને પ્રાણ વચ્ચે ઝઘડો કયારે થાય ? દંડીએ શ્લોક રચી જવાબ આપ્યો, કે અયાચક વ્રત ધારીને જ્યારે કોઇની પાસે માંગવાનો પ્રસંગ આવે (જેમ સુદામાને કૃષ્ણ પાસે યાચના કરવાનો પ્રસંગ ઉપસ્થિત થયો હતો.) ત્યારે વાણી યાચના કરે, દૂબળી બની માંગણી કરવાની તૈયારી કરે ત્યારે વાણી અને પ્રાણ વચ્ચે ઝઘડો થાય. વાણી બોલવા માટે પ્રવૃત્ત થાય ત્યારે પ્રાણ દેહ ત્યાગ કરવા

તૈયાર થઇ જાય. દંડીના જવાબ પછી કાલિદાસે જવાબ આપ્યો. રસભરી બાનીમાં કવિએ કહ્યું પ્રિયતમાની પાસે 'જાઉં છું' એમ પ્રિયતમ રજા માંગે ત્યારે 'જાવ' એમ શબ્દો કહેતાં વાણી અને પ્રાણ વચ્ચે ઝઘડો થાય. પ્રિયતમને 'જાવ' એમ કહેવાતું નથી. અને પ્રિયતમ હવે રોકાઇ શકે તેમ નથી. માટે વાણી અને પ્રાણ વચ્ચે સંઘર્ષ થાય મા સરસ્વતીએ જવાબ આપ્યો 'કવિ દંડી,' કવિર્દંડી ન સંશય' ત્યારે કાલિદાસ ગુસ્સે થઇ ગયા સરસ્વતી માતાને પણ ગુસ્સામાંજ પૂછે છે તો હું કોણ છું.'! ત્યારે ભગવતી શારદાએ કહ્યું તું તો મારો પુત્ર છે. કવિ દંડીએ પૂછ્યું કવિઓમાં હું શ્રેષ્ઠ થતાં તમારા આત્મીય સંબંધથી શા માટે વંચીત ? ત્યારે દેવીએ કહ્યું કવિ દંડી તમે પરાપૂર્વથી ચાલી આવતી પરંપરાને અનુસરો તેમાં નાવીન્ય નથી જયારે કાલિદાસ પ્રાસંગિક બની, જીવનનો પુજારી બને છે, તેથી સ્વાધ્યાયી પરિવારે પણ જોડવાનું કામ કરવાનુ છે. તોડવાનું નહિ, દરજીની કાતર પણ કાપે છે માટે પગ પાસે અને સાંધનારી સોય કદમાં નાની પણ મહત્વનું કામ કરે છે માટે દરજીની ટોપીમાં ઉન્નત સ્થાન પર શોભે છે. ગીતામાં યોગ્ય રીતે કહ્યું છે કે વ્યકિતનો ઉદ્ધાર વ્યકિત જ કરી શકે, અને પોતાનો નાશ પણ પોતેજ કરે છે. અન્ય વ્યકિત દુઃખ આપે છે તેમ માનવું તે કુબુદ્ધિનું લક્ષણ છે. આમ અમરવાણીને અનુસરતાં આપણે 'અમૃતસ્ય પુત્રા' બની શકીએ. ભગવાન યોગેશ્વર આપણને વૈદિક વિચારો સમજવાની, અનુસરવાની શકિત આપો તે જ અભ્યર્થના સાથે.

પ્રવચન બાદ પ્રશ્નોત્તરી થઇ.

રસપ્રદ પ્રશ્નોના જવાબો અર્થપુર્ણ અને પથપ્રદર્શક હતો. મોડાસા મિલનમાં આશરે હજારેક સ્વાધ્યાયી પરિવારજનો સામેલ થયાં હતાં. અત્યંત પ્રસન્નતા પૂર્વક આ શિબિરનું સંચાલન સાબરકાંઠા જિલ્લા સ્વાધ્યાય પરિવારના મોટાભાઇ શ્રી મુળશંકરભાઇ સુથારની રાહબરી હેઠળ મોડાસા સ્વાધ્યાય પરિવારના શ્રી ડાહ્યાભાઇ એસ. પટેલ ડો. ગોવિંદભાઇ પટેલ, મોડાસા યુવક મંડળ અને અન્ય સ્વાધ્યાયી મિત્રોએ કર્યું હતું. પૂ. દાદાના વિચારોને જન સમુહમાં યોગ્ય રીતે ફેલાવવા માટે 'પુસ્તક વિભાગ'ની સમગ્ર જવાબદારી તલોદના સેવાભાવી સ્વાધ્યાયી શ્રી મુળજીભાઇ અને તેમના બંધુ વર્ગે ઉપાડી હતી. તલોદ સાયન્સ કોલેજના આચાર્ય શ્રી રતિભાઇ પટેલ અને ધનસુરાથી શ્રી કાંતિભાઇ પટેલ અને શ્રી વાડીભાઇ પટેલે પણ આ સંમેલનમાં ઉપસ્થિત રહી યથાયોગ્ય ફરજ બજાવી હતી અમદાવાદથી પધારેલા શ્રી નાનજીભાઈએ પણ આ સંમેલનને યોગ્ય દિશામા વાળવા માટે સ્તુત્ય પ્રયત્નો કર્યા હતા. સમેલન સફળ રહ્યું હતું અને તેના સંકેતો દરેકના મુખ પર જણાઇ આવતા હતા. ભગવાન યોગેશ્વર સહુને સન્મતિ આપે તેજ અંતરતમની પ્રાર્થના.

—અસ્તુ

ભુજ પાટીદાર વાડીના ઉપરના માળનું ઉદ્દઘાટન

(તા. ૨૨–૬–૮૦)

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજની ભુજ મધ્યે આવેલ વાડીના ઉપરના માળનું ઉદ્દઘાટન ખૂબ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સમાજના પ્રમુખ શ્રી ખીમજી નાગજી પટેલના શુભ હસ્તે કરવામાં આવ્યું. શરૂઆતમાં કુળદેવી ઉમિયા માતાજીની આરતી ઉતારવામાં આવેલ. વાડીના ચોગાનમાં બાંધેલ સરસ શમિયાણામાં ઉદ્દઘાટન સમારોહ નિમિત્તેની સભા સમાજના પ્રમુખ શ્રી ખીમજી માસ્તરના પ્રમુખ સ્થાને મળેલ. અતિથિ વિશેષ સ્થાને શ્રી મનજી વાલજીભાઈ ઉખેડાવાળા શ્રી મણીલાલ પુંજાભાઈ મુંબઈવાળા ડૉ. શ્રી વી. એચ. પટેલ ભુજવાળા તેમજ શ્રી લાલજીભાઈ ભાણજીભાઈ પુનાવાળાએ શોભાવેલ સૌ પ્રથમ સમાજના મંત્રી શ્રી પ્રેમજીભાઈ પુંજાભાઈએ સ્વાગત પ્રવચન કરેલ ત્યારબાદ સમાજના અન્ય પ્રદેશો તેમજ કચ્છમાંથી આવેલ આગેવાનોએ પ્રાસંગિક પ્રવચનો કરેલ સભાનું સંચાલન યુવકસંઘના પ્રમુખ શ્રી ખીમજીભાઈ લખમશીભાઈ કલકત્તાવાળાએ કરેલ આ સમારંભને સફળ બતાવવા ભુજ યુવકમંડળે ખૂબ ઉત્સાહ બતાવેલ.

બપોર બાદ ગામે ગામ અને બહારથી આવેલ પ્રતિનિધિઓની હાજરીમાં એક સભા થયેલ તેમાં સમાજને લગતા ઘણા પ્રશ્નોની ચર્ચાને અંતે નખત્રાણામાં કન્યા છાત્રાલય ઉભું કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. અને તેજ વખતે રૂપીયા એક લાખ શ્રી મનજીભાઈ વાલજીભાઈ ઉખેડાવાળા તરફથી, રૂપીયા પચાસ હજાર મણીલાલ પુંજાભાઈ મુંબઈ, રૂપીયા પચાસ હજાર લાલજીભાઈ ભાણજીભાઈ પુનાવાળાની ઉદાર સખાવતો મંત્રીશ્રીએ જાહેર કરેલ અને ભુજમાં વિદ્યાર્થીઓ માટે કોલેજ હોસ્ટેલની જ્યાં જમીન લીધી છે ત્યાં ઊભું કરવા માટે રૂા. પાંચ પાંચ હજાર એક રૂમના હિસાબે ફાળાની શરૂઆત કરતાં તેજ વખતે ૧૪ રૂમોની જાહેરાત થયેલ રાત્રે સામાન્ય સભા મળેલ તેમાં થયેલ ચર્ચાના અંતે નિર્ણય લેવામાં આવતાં બહાલી આપવામાં આવી છેલ્લે મંત્રીશ્રી પ્રેમજીભાઈએ દરેક દુકાનદારોને શિક્ષણ ફંડ મોકલાવવા આગ્રહભરી વિનંતી કરીને સભા બરખાસ્ત કરવામાં આવી.

શ્રી રણુજીતપુરા હાઈસ્કૂલ, રણુજીતપુરા

શ્રી રણજીતપુરા કેળવણી મંડળ સંચાલીત રણજીતપુરા હાઈસ્કુલ રણજીતપુરાનું માર્ચ–૮૦ નું ન્યુ એસ. એસ. સી. પરીક્ષાનું પરિણામ ૮૧% ટકા આવ્યું છે. સાયબાસિંહ એસ. પરમાર ૬૭% મેળવી શાળામાં પ્રથમ નંબર તથા વીજુ ડી. સોલંકી ૬૪% મેળવી શાળામાં બીજા નંબરે ઉત્તીર્ણ થાય છે.

શાળા સતત પાંચમા વર્ષે પણ બાલાસિનોર તાલુકામાં સૌથી વધુ પરિણામ મેળવીને જનસાથી શિલ્ડ મેળવવા ભાગ્યશાળી બને છે.

શ્રીમતી એમ. એસ. એલ. માવાણી એન્ડ આર. ડી વેલાણી કન્યા છાત્રાલય ધનસુરાનું ૧૯૮૦ ના વર્ષનું વાર્ષિક પરીક્ષાનું પરિણામ.

અમને જણાવતાં આનંદ થાય છે કે આપણી કંન્યા છાત્રાલયની બહેનોએ ૧૯૭૯-૮૦ ના વર્ષમાં શિક્ષણક્ષેત્રે જવલંત સફળતા મેળવી છે જેનું પરિણામ નીચે મુજબ છે.

ધોરણ	ક્રમ (હોસ્ટેલ નંબર)	નામ	હાઇસ્કૂલમાં મેળવેલ નંબર	ટકા	ગામ
કોલેજ (એસ. વાય)	૧	પટેલ વિમળાબેન નરોત્તમભાઇ		સેકન્ડ કલાસ	રામપુરા
એફ. વાય	૧	„ ઉર્મિલાબેન શામજીભાઇ		૫૯ ટકા	વડાગામ
	૨	„ મીનાબેન દેવશીભાઇ		૪૯ ટકા	રાયણનોમાળ
૧૨	૧	„ કંચનબેન પ્રેમજીભાઇ	૧	૬૪ ટકા	રામાપીર
	૧	„ રસીલાબેન વસંતભાઇ	૧	૬૪ ટકા	રામપુરા
	૧	„ કમળાબેન જીવરાજભાઇ	૧	૬૪ ટકા	ધરોલકંપા
	૨	„ સરલાબેન નારણભાઇ	૪	૫૯ ટકા	રાયણનામાળ
	૩	„ કંચનબેન મનજીભાઇ		૫૪ ટકા	રામાપીર
૧૧ આર્ટસ	૧	„ સવિતાબેન માધાભાઇ	૧	૬૫.૫ ટકા	ગઢકંપા
	૨	„ જયાબેન જેઠાભાઇ	૨	૬૫.૩ ટકા	વિષ્ણુપુરા
	૩	„ કમળાબેન પુંજાભાઇ	૪	૬૦ ટકા	ધરોલકંપા
સાયન્સ	૧	„ શકુન્તલાબેન નારણભાઇ	૨	૭૨ ટકા	ગઢકંપા
કોમર્સ	૧	„ શારદાબેન વસરામભાઇ	૮	૫૯ ટકા	રામાપીર
૧૦	૧	„ ગંગાબેન કાનજીભાઇ	૧	૬૭ ટકા	નવામેઘ (રવિપુરા)
ન્યુ.	૨	„ મીનાબેન ધનજીભાઇ	૫	૬૨.૬ ટકા	સુખપુરા
એસ.એસ.સી.	૩	„ ઇન્દિરાબેન તુલસીભાઇ	૬	૬૨ ટકા	ધનપુરા





અમદાવાદમાં કાપડનો
—અદ્યતન શો રૂમ

STAPLE EMPORIUM

સ્ટેપલ એમ્પોરિયમ

શુટીંગ * શર્ટીંગ


ગ્વાલીયર—જીયાજી
રેમન્ડ—દીનેશ—દીગ્જામ

તેમજ પ્રખ્યાત મીલોની નવીનતમ વેરાઇટીઝ માટે અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લો.

શો રૂમનું સ્થળ :—
સ્ટેપલ એમ્પોરિયમ
કેલીકોડોમ નજીક
રીલીફ રોડ, અમદાવાદ-૧

પ્રોપ્રાયટર
મણીલાલ એમ. પટેલ
ભગવાનદાસ એમ. પટેલ
એન્ડ બ્રધર્સ
સહયોગ ફાર્મ, શીવપુરાકંપા
હસનપુરમોટા તા. જિ. ગાંધીનગર

સમય અને હેનમત બચાવો *



"પોકારનું"

ઇલેકટ્રીક પાવરથી ચાલ

છાસ

બનાવવા માટેનું

વલોણા યંત્ર

—તદ્દન આધુનિક તેમજ આકર્ષક મોડેલોમાં વસાવી ઘરની શાન વધારો.


વિક્રેતા :—

વિક્રેતાઓ :–

(૧)	આશા ઓટોમોબાઇલ્સ	ભુજ
(૨)	ગીતા ઇલેકટ્રીકલ્સ	ધનસુરા
(૩)	મહાલક્ષ્મી વાઇન્ડીંગ વર્કસ	ડેમાઇ
(૪)	અંબિકા ફર્ટિલાઇઝર્સ	ખેડબ્રહ્મા
(૫)	શ્રેયસ એજન્સી	રાજકોટ
(૬)	હસમુખ એન્જીનીયરીંગ કું.	વિસાવદર
(૭)	ઉત્તમ ઓટોમોબાઈલ્સ	નાગપુર
(૮)	શંકર વિજય ટીમ્બર કું.	ગંજ બસોડા

ઉત્પાદક : **મે. પોકાર એન્જીનીયરીંગ કોર્પોરેશન**

૮, લલીતા ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ
નાગરવેલ હનુમાન રોડ
રખીઆલ
અમદાવાદ—૩ ૦ ૦૨૩


LAXMI
LAXMI
Shree
LAXMI ENGINEERING WORKS
શ્રી લક્ષ્મી એન્જીનીયરીંગ વર્કસ
ગંગા સિમેન્ટ પાઈપ ફેક્ટરીની બાજુમાં,
નરોડા રોડ, અમદાવાદ-૩૮૨૩૪૦
ફો. નં.
બેન્ડ સો એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઈપણ જાતના
સ્પેર પાર્ટસ માટે અમારો સંપર્ક સાધો.

-: સો મીલ માલીકો માટે ખુશ ખબર :-

sharpex®



" શાર્પેક્ષ " બ્રાન્ડ ચેઈન સો મશીન

ચેઈન સો મશીન જે પાવરથી ચાલતા આડિયા તરીકે સર્વ માન્ય છે. જે એ માણસોની સહાયથી આડા વાઢ કાપવા માટે ઘણું અનુકુળ છે. જે સંપૂર્ણ વિદેશી ટેકનીકલ જાણકારી અને વર્ષોના અનુભવ પછી તૈયાર થયેલ છે. જેમાં કાંઈ બગડવાનું કે રીપેર કરવાનું રહેતું નથી.

આપ એક વખત " શાર્પેક્ષ બ્રાન્ડ ચેઈન સો મશીન " વસાવો અને રોકાણથી અનેક ઘણું વળતર મેળવો.

બનાવનાર :

શાર્પેક્ષ એન્જીનીયરીંગ વર્કર્સ
શેડ. ૬૨૯/૧૩૦ જી. આઈ. ડી. સી. એસ્ટેટ,
ઓઢવ (અમદાવાદ) ૩૮૨૪૧૫

વધુ પુછ પરછ અને માહિતી માટે
મળો યા લખો:
શ્રી ભારત સો મીલ
વિભાગ ત્રણની સામે, ગીતામંદિર,
લાટી બજાર, અમદાવાદ-૨૨
ફોન નં. ૫૨૨૫૭ અને ૮૨૨૪૩

* શ્રી ભારત સો મીલ ગીતામંદિર, અમદાવાદ-૨૨
* શકિત એન્જીનીયરીંગ વર્કર્સ દરિયાપુર ટાવર સામે, અમદાવાદ-૧
* ભારત ટીમ્બર માર્ટ નરોડા રોડ, અમદાવાદ,
* ભારત વુડ વર્કર્સ ગીતામંદિર, અમદાવાદ-૨૨
  નો એન્જીનીયરીંગ વિભાગ


"GARUD"

Phone : P. P. 351024

ગરૂડ

એન્જીનીયરીંગ કોર્પોરેશન

૧૫/૧ F નીરોદ બીહારી મલીક રોડ, **કલકત્તા**—૭૦૦૦૦૬



આથી અમો સૉ મીલ તેમજ પ્લાયવુડ ધરાવતા ઉદ્યોગપતિઓને વિનંતિ કરીએ છીએ કે અમોએ ચેઈન સો મશીનરી નાવવાનું શરૂ કરેલ છે. જે આધુનિક યંત્ર યુગમાં લેટર પ્રોબ્લેમમાં સહાયરૂપ થશે.

ચાલવામાં સરળ, ચાલુ એમરીમાં ચેઈન ધાર કરી શકાશે, પાર્ટની પ્રચુરતા માટે ઓર્ડર નોંધાવવા આથી વિનંતી કરીએ છીએ.


સો મશીનના પાર્ટ્સ, ટ્રોલીના પાર્ટ્સ તેમજ બેરીંગ વગેરેની માહિતી આપને મેળવી આપીશું. આપની વધારે માહિતિની જરૂરીયાત માટે નજીકના એજન્ટ સાથે સંપર્ક સાધવા વિનંતી.

ગરૂડ એન્જીનીયરીંગ કોર્પોરેશન તરફથી નિયુકત થયેલા એજન્ટો

એજન્ટ	રાજ્ય
૧ જીવાજી લાલજી પટેલ સરદાર પટેલ ટીમ્બર માર્કેટ નાગપુર–૩	મહારાષ્ટ્ર
૨ ગીતા ઇલેકટ્રીકલ્સ મુ. પો. ધનસુરા જિ. સાબરકાંઠા	ગુજરાત
૩ નાકરાણી સો મીલ નાગપુર રોડ, જબલપુર	મ. પ્ર. સાગર, ઇન્દોર, જબલપુર વિસ્તાર
૪ ચાંદબાલી ટીમ્બર ટ્રેડર્સ મુ. પો. ચાંદબાલી જિ. બાલાસોર	ઓરીસ્સા
૫ પ્રકાશ ટીમ્બર કોર્પોરેશન ૧૫/૧ F નીરોદ બીહારી મલીકરોડ કલકત્તા–૭૦૦૦૦૬	આસામ
૬ પ્રગતિ ટીમ્બર કું. ૧૭૬A જેસોર રોડ કલકત્તા-૭૦૦૦૫૫	વેસ્ટ બેંગાલ
૭ પ્રભાત હાર્ડવેર સ્ટોર્સ ધારવાર રોડ, મુ. પો. બેલગામ	મહારાષ્ટ્ર અને કર્ણાટક
૮ ભગવતી સો મીલ ફાફાડીહ, રાયપુર (મ. પ્ર.)	મ. પ્ર. ના બસ્તર અને રાયપુર જિલ્લા

લી. ગરૂડ એન્જીનીયરીંગ કોર્પોરેશન વતી, વિશ્રામ હંસરાજ પટેલ

તમારા પાક ને બચાવવો એ તમારા હાથનીજ વાતછે



ઝડપી અને અસરકારક રીતે જીવાતને અંકુશમાં લાવી લાંબો સમય રક્ષણ આપનાર આ જંતુનાશક વાપરી ગાભમારાની ઈયળ, મશી, ચુસિયાં, પાનકથીરી, કુદકિયાં ફળમાખી, થ્રીપ્સ વિગેરેથી ડાંગર, મગફળી, તમાકુ, કપાસ શેરડી. શાકભાજી તથા ચા, કોફી જેવા પાકનું રક્ષણ કરો.

Paushak પૌષક લિમિટેડ એલેમ્બિક રોડ. વડોદરા–૩૯૦ ૦૦૩

સ્ટોકીસ્ટ :—

★ મે. ઘનશ્યામ ફર્ટીલાઈઝર, ગાબટ રોડ, બાયડ.
★ મે. કિશાન ટ્રેડર્સ., એસ. ટી. ડેપો પાસે, મોડાસા.
★ મે. પટેલ ફર્ટીલાઈઝર ટ્રે. કું. સ્ટેશન રોડ, હિંમતનગર.
★ મે. અમર ફર્ટીલાઈઝર, સહકારી સંઘ સામે, ઈડર.

JAGRUTI JULY-'80 Reg. No. GHMR/5

સ્થાન :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા. જિ. સાબરકાંઠા
પીન. ૩૮૩૩૧૦

ગ્રા. નં.

To.

Book - Post

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કુલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

જાગૃતિ

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન
સમાજ યુવક મંડળ તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ
આદર્શ રજુ કરતુ પ્રાણવાન માસિક

॥ શ્રી ઉમીયાય નમઃ ॥



તંત્રી : કાન્તિલાલ કે. પટેલ બી. એ.

વર્ષ : ૨૨ અંક : ૮ ઓગષ્ટ—૧૯૮૦

卐 જાગૃતિ 卐

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૦), પરદેશમાં શિલિંગ ૨૦ અને છૂટક નકલ કિંમત ૧ રૂા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૨૦૧) પરદેશમાં રૂા. ૨૫૧) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઇ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :



અઘ સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી-કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭ આસો વદ ૨ોદ-

અનુક્રમણિકા

તંત્રીસ્થાનેથી

ભૂખમાંથી ભીખ જન્મશે—ક્રાંતિ નહીં

ભૂખનું નિરાકરણ કરતી વખતે અને નિર્વાહનું સંયોજન કરતી વખતે બંધુત્વનું પણ સંયોજન કરવું પડશે. કેટલાક લોકો કહે છે કે ભૂખ વધશે એટલે ક્રાંતિ થશે. પરંતુ, ભૂખ વધતાં ક્રાંતિ થશે કે કેમ તે શંકા છે, પણ ભૂખથી ભીખ ચોક્કસ વધશે. કેવળ ભૂખનું નિરાકરણ કરવાથી ભીખ વધવાની દરેક શક્યતા છે. ભૂખ એ એક સંકટ છે. અને કોઈ પણ એક સંકટનું નિરાકરણ કૃતિમાં થવું જોઈએ. આવેલા સંકટનો ફાયદો લેતાં આવડવો જોઈએ. માનવ ધારે તો સંકટનો શસ્ત્ર (weapon) તરીકે પણ ઉપયોગ કરી શકે છે. ગાંધીજીએ આપણને સત્યાગ્રહનું શસ્ત્ર આપ્યું. આપણે બધાં નિઃશસ્ત્ર, હતવીર્ય, પરાધીન અને અસહાય હતાં, તેથી આપણા સંકટને સાધન બનાવીને ગાંધીજીએ આપણને સત્યાગ્રહનું શસ્ત્ર આપ્યું અને ક્રાંતિ નિર્માણ થઈ. આવી જ રીતે અર્થશાસ્ત્રમાં જે સંકટ છે તેને સાધન બનાવીને ક્રાંતિ કરવી જોઈએ. પરંતુ, આવેશ, ઉન્માદ, ઈર્ષા, ક્રોધ, સંતાપ અને સ્વાર્થનો આધાર લઈ ક્રાંતિ થાય તો પરિણામમાં અપયશ જ આવવાનો. સંકટનો સાધન તરીકે જરૂર ઉપયોગ કરી શકાય અને કરવો જોઈએ. સત્યાગ્રહનો ઉપયોગ સ્વરાજ્ય મેળવવામાં થયો, પણ તેની સાથે બંધુત્વભાવ તો હોવો જ જોઈએ, નહિ તો સંકટ નિવારણ થયા પછી તરત જ પ્રત્યાઘાતી વિચારો ઊભા થશે. બંધુત્વ-પ્રવર્તક સહજીવનમાંથી જ ખરી ક્રાંતિ નિર્માણ થઈ શકશે.

ટાંગાવાળો પણ મૂડીવાદી મનોવૃત્તિ ધરાવે છે.

'બીજાનું સંકટ એ પોતાની તક' એ મૂડીવાદી (capitalistic) મનોવૃત્તિ છે. આ મનોવૃત્તિ માત્ર મરીનલાઈન્સના બંગલામાં રહેવાવાળાની

જ હોય છે એમ માનવાનું કારણ નથી. ફાટેલું પાટલૂન પહેરેલો, બીડીનું ઠૂંઠું ફૂંકતો, ટાઢમાં ધ્રૂજતો, એક સામાન્ય ટાંગાવાળો પણ મૂડીવાદી હોય છે. તમને આ સાંભળીને કદાચ આશ્ચર્ય પણ થશે. ખરી વાત એ છે કે ટાંગાવાળાની પણ મૂડીવાદી મનોવૃત્તિ હોય છે. ટાંગાવાળો પણ સમય જોઇને જ ભાડું કહે છે. બોરીબંદર જતાં ટાંગાવાળાને ખબર પડે કે તેના ટાંગામાં બેઠેલા ગૃહસ્થને ૯–૨૫ ની ગાડી પકડવાની છે, તો ધોબીતલાવ આવતાં જ તેનો ઘોડો દોડતો નથી એવી ફરિયાદ કરે છે, અને ગાડી ધીમી પડી જાય છે. અંદર બેઠેલા ગૃહસ્થ કહે કે ભાઈ, જલદી પહોંચાડ, જોઇએ તો આઠ આના વધુ લેજે. આવું સાભળતાં તરત જ ફરી ઘોડો દોડવા માંડે છે અને એ મિનિટમાં બોરીબંદર પહોંચાડી દે છે. ૯–૨૫ ની ગાડી ન મળે તો ગૃહસ્થને ઘણી મુશ્કેલીઓ નડશે તે ગાડીવાળાને ખબર છે. તેથી આઠ આના વધારે કમાઈ લેવાની તક જતી કરવા તે તૈયાર નથી. 'બીજાનું સંકટ તે પોતાની તક' આને જ મૂડીવાદી મનોવૃત્તિ કહે છે. બજારમાં સાકર મળતી નથી અને મારી પાસે સાકરનો સંગ્રહ છે. બીજાને સંકટ છે તે જ મારે માટે કમાવાની તક છે. તેથી મૂડીવાદી મનોવૃત્તિમાં બીજાને સંકટ હોય તો સારૂં એમ મનમાં લાગ્યા કરે છે. આ દૃષ્ટિથી બંગલામાં રહેનારા મિલમાલિકો જ મૂડીવાદી હોય છે એમ નથી, પણ સામાન્ય ટાંગાવાળો, ભંગી, હમાલ અને મજૂર આ બધા પણ મૂડીવાદીવૃત્તિના જ છે. મૂળ સવાલ મનોવૃત્તિનો છે.

જીવન * *

જીવન એટલે અનંત જન્મોના સંસ્કાર લઇને આવેલા જીવની ચેતનશક્તિની માનવીદેહ દ્વારા થતી વહનક્રિયા.

ઇન્દ્રિયોના સામ્રાજ્ય હેઠળ માનવીઓ કર્મનાં સંસ્કારનાં પોટલાં બાંધીને જગતમાં આવ્યા હોય છે અને વધારે મોટાં પોટલાં બાંધીને જગતમાંથી ચાલતા થાય છે.

જીવન આનંદ કાજે છે. રડારૂંટા કાજે નથી, જીવન સમજીને જ્ઞાનપૂર્વક જીવવા કાજે છે, વેડફી દેવા માટે નથી.

વિષનો કડવો ઘૂંટડો પીવા વારો આવે તો તેને અમૃત તરીકે સ્વીકારીને જે જીવ જીવનસંગ્રામ ખેલે છે, તે જીવન જીવી જાણે છે.

જીવન એ કંઇ માત્ર જીવનને માટે નથી. પણ ભગવાનને માટે છે, જે મનુષ્યનું જીવન જીવંત બનેલું છે તે તો જરૂર ભગવાનની લીલા જ પ્રગટ કરતું હોય છે

હરિ : ૐ

રાજાશાહી અને લોકશાહી વચ્ચે આપણી જ્ઞાતિનું સ્થાન

શ્રી મોહનલાલ પુંજાભાઈ લીંબાણી ☐ મોમ્બાસા (કેનીયા)

કચ્છ પ્રદેશ ૧ લી જૂન ૧૯૪૮ ના રોજે ભારત સાથે જોડાયું. તે પહેલાંની રાજા શાહી વચ્ચે આપણી જ્ઞાતિના બધા ગામોમાં રાજયોના, રાણીઓનાં જાગીરદારોનાં અને ધર્માદાના આવી રીતે ભોગવટા હકકો વહેંચા એલા હતા.

આપણી જ્ઞાતિનો મુખ્ય ધંધો ખેતી. એવો ભાગ્યેજ વ્યકિત હશે કે જેને ખેતીનું જ્ઞાન ન હોય અગર જેની પાસે ખેતી ના હોય. ઓગણીસમી સદીના બીજા દાયકા સુધીમાં આપણી જ્ઞાતિના ખેડુત વર્ગ પાસે પોતાની માલીકીનાં ખેતર કે વાડી નહતા. તેઓ સૌ ગરાસીયા કે ગામના શાહુકાર કે સરકારી અમલદારની માલીકીની વાડી કે ખેતર જમેથી વાવતા એમાં શરતો પણ ઘણીજ અટપટી અને ખટપટવાળી હતી. જેમ કે કંઇપણ ઉપજ થાય એમા તે ખેડુત ધણીની અગર હકકદારની મજુરી વિના તે માલ ખળામાંથી કે ખેતર કે વાડીએથી ઘરે લાવી શકે નહીં તેમજ કોઇને વેચી શકે નહીં. દાખલા તરીકે માલ (અનાજ) ખળામાં તૈયાર પડયુ હોય અને જે એનો વેરાનો હકકદાર હોય તે બહાર ગામ ગયો હોય તો તે જયાં સુધી ખળામાં ધાન્યમાંથી માપણી કરી પોતાનો હકક ના તારવી લે ત્યાં સુધી બાપડા ખેડૂતથી એક દાણો પણ લઇ શકાય નહીં, ઘરમાં ખાવા માટે પણ નહીં. ઉપર પ્રમાણે માપણી થઇ રહ્યા બાદ દાણ કે ભોગવટ હકકનો ભાગ જેને મળ્યો હોય તેને ઘરે પહોચાડવાનું પણ ખેડૂતોને કરવાનું હોય છે.

ગામને પાદરે આપણી જ્ઞાતિના ગામોમાં જયાં જયાં જશો ત્યાં લીલી છમ મનને પ્રસન્ન કરે એવી વાડીઓ હોય છે. તે વાડીઓની માલીકી તો એ ખેડુતની હોતી નથી છતાં તે વાડીને પોતાની માલીકોની જ વાડી છે એમ જાણીને તે વાડીમાં આબાલવૃદ્ધ સહ-કુટુંબ દિનરાત મહેનત કરે છે અને વાડીને ફળદ્રુપ બનાવે છે અને પોતાની રોજી મેળવે છે.

કોઇ કોઇ વાર રાજાના શાહી અમલદારો અગર શાહી સવારી અગર અન્ય ઉચા અફસરો આ બિચારા ખેડુતોને ઘણીવાર ખોટી રીતે તંગ કરતા હોય છે સહેલ કરવા નીકળ્યા હોય ત્યારે સાથે ઘોડા અને બીજો

રસાલો પણ હોય છે. સહેજે પચીસેક ની સંખ્યા તો ખરી હવે એ રસાલો જે ગામના પાદરમાં સારી વાડી હોય કે જ્યાં આ સાહેબોની પસંદગી પડે ત્યાં તંબુ તાણે રાતવાસો કરે એકાદ વીક રોકાય તે દરમિયાન ઘોડાને ચારો માણસોને ખાવાનુ બધુ ગામ ઉપર આવી પડે છે. એમાં એનાથી કંઇપણ બોલાય નહિ તેમ સહેવાય પણ નહીં છતાં ચલાવી લેવું પડે કારણ કે રાજા શાહી છે. કોણ સાંભળે કોને ઘાં નાખે એક ઇશ્વર વિના કોઇ સાંભળે તેમ ન હતું.

આવી રીતની દાદાગીરી અને પારાવાર કનડગતો તો દરેકને ફાળે આવી જ હશે એતો જેના પરે વિતિ હોય તેજ જાણે. બીજા તો વાતો કરતા હોય આટઆટલી કનડગત છતાં ઠરેલ મનના દરીઆવ દિલના જ્ઞાતિજનોએ કરેલ છે,

કચ્છમાં એકારી દુકાળોની પરંપરા માં નિર્વાહ અને રોજગારી ધંધા માટે કચ્છ બહાર હિજરતો છેક અઢારમી સદીના છઠ્ઠા દાયકામાં થઇ (સન ૧૮૬૨) એમાં એ ખાસ કરીને આપણી જ્ઞાતિ એ તો છેક અઢારમી સદીના નવમા દાયકામાં (સને ૧૮૯૦) ઉત્તર ગુજરાત તરફ જવા માટે શરૂઆત કરી. બહુજ થોડી સંખ્યામાં પૂર્વ આફ્રિકા તરફ જવા માટે શરૂઆત કરી ત્યાં મજૂરી સિવાય બીજુ કંઈ આવડે પણ શું ? દેશમાં ખેતી સિવાય બીજુ કંઇ કરેલ નહિ પણ જ્ઞાતિજન શ્રમજીવી હોઇ એ ક્ષેત્રે પાછળ રહે તેમ ન હતા. એમાં થોડોક વર્ગ કારીગર પણ ખરો.

અને દેશમાં રાજા શાહીની જો હુકમોથી અને બીજી દાદાગીરીથી કંટાળેલા જ્ઞાતિજનોએ આફ્રિકામાં આવી ભાગ્ય અજમાવ્યાં. એમને વેપારી બુદ્ધી કે બીજી આવડત ન હતી પણ શ્રી કુળદેવી ઉમીયા માતાની પરમકૃપાથી ધર્મનુ અવશ્ય પાલન કરતા આવ્યા હતા આવા સાચા સંસ્કારથી મોજ શોખ કે નકામા વ્યસનથી વંચિત રહયા અને પાઇ પાઇ બચાવી શકયા દેશથી સિવડાવી ગએલ, કપડાં અને પગરખાં પાછા સ્વદેશ પહોંચે ત્યાં સુધી ચાલતાં એટલે ત્રણ ટંક ખોરાક સિવાય અન્ય ખર્ચ નહતો તેથી કરકસરથી એ વખતમાં સારૂં એવુ' ભેગુ કરી સ્વદેશ લાવતા અને ગામમાં ઘર પાદરમાં વાડીકે સીમમાં ખેતર ખરીદતા અને ગ્રામઉન્નતિ માટે ગ્રામ સેવા અર્થે યથા શક્તિ સહયોગ આપતાં.

આવી રીતે કઠિનમાં કઠિન તકલીફોનો સામનો કરીને આ જ્ઞાતિ-જનોએ એમના સગા સ્નેહી, મિત્રો, પડોશી ગ્રામજનોને આપ્તજન ગણી આશરો આપી બોલાવ્યા. જોડે રહી કામ કરતાં શીખવ્યુ'. સાધારણ

મજુરમાંથી કડીઆ કામ કરતાં શીખ્યું અને કડીઆમાંથી મિસ્ત્રી અને મિસ્ત્રીમાંથી પોતાના ઉપર મજુરી કામના કોન્ટ્રાકટ રાખતાં શીખ્યું. અને ત્યાર બાદ માલ શીખે કોન્ટ્રાકટ રાખવાની પણ દોરવણીએ બિરાદરો એ આપી ધન્ય છે એ મુરબ્બીઓને.

દિવસ માસ અને વર્ષો પસાર થતાં ગયાં અને આપણા જ્ઞાતિજનોનો પ્રવાહ આફ્રિકા તરફ ચાલુ રહયો એક ને દેખી બીજો તૈયાર એમ નાના મોટા ગૃપમાં તૈયાર થઇને જતા છેલ્લે ૧૯૪૫ થી પરમીટની પ્રથા શરૂ થઇ ત્યારે જેના પિતા આફ્રિકામાં હોય તેવા અને હોવા છતાં અઢાર વર્ષ ઉપરના હોય તેવાઓ માટે આ તરફ આવવું મુશ્કેલ બન્યું આપણે એ ક્ષેત્રે પણ કાર્યવાહી ચાલુ રાખી અને કામ કરવા માટેની પરમીટ મેળવી અને આફ્રિકા તરફનો પ્રવાહ ચાલુ રહયો.

૧૯૪૫માં હજી લડાઇ ચાલુ હતી સ્ટીમરોમાં જગ્યા પણ ન મળતી તેથી કચ્છ માંડવી મુદ્રા પોરબંદરથી વહાણોમાં સોથી પંચોતેરની સંખ્યામાં જોડે આવતા આ સમય દરમિયાન આપણા જ્ઞાતિજનોથી ભરેલ વહાણ ગેરવલે થઇ ગયા છે. જેનો હજું સુધી કોઇ પત્તો નથી તે પણ નોંધવા જેવી બીના છે.

પરમીટ પ્રથા શરૂ થઇ એમાં અઢાર વર્ષથી ઉપરના છોકરાઓને આફ્રિકા તરફ આવવાની સારી એવી તક મળી અને અહિં આવ્યા બાદ અમુક વર્ગ ભણવામાં હોંશિયાર હતો. તે સારી પ્રગતિ કરી શકયો અને મધ્યમ કક્ષાના હતા તેમણે છ એક ધોરણ સુધી અભ્યાસ કર્યો અને ત્યારબાદ બાપુકા ધંધાને લઇને પ્રગતી કરી અને મા ઉમીયાની કૃપા પણ આપણી જ્ઞાતિ ઉપર સારી થઇ અને અને દરેકે દરેક વ્યકિતએ પુરતો અનુભવ લીધો, ધંધો રોજગાર વિકસાવ્યો બહુજ સારી પ્રગતિ કરી અને તે તો સગી આંખે આપણે આજે જે જોઇએ છીએ તેજ પ્રત્યક્ષ પ્રમાણ છે.

પંદરમી ઓગસ્ટ ૧૯૪૭ના રોજ આપણો ભારત દેશ સ્વતંત્ર થયો છતાં આપણી જન્મ ભૂમિ કચ્છ પ્રદેશ તો હજુ રાજા શાહીમાં રાચતો હતો. આપણા માટે તો ત્યાંના ત્યાં જ એમ નહિ પણ ઈશ્વર પરમ કૃપાળુ છે. તે દયાળુ છે. કચ્છની પ્રજાનો પોકાર જરૂર સાંભળી અને ગુજરાતના ખેડૂત પટેલ જ્ઞાતિમાં જન્મેલ દેશ નેતા શ્રી સરદાર વલ્લભભાઇ પટેલે આપણો કચ્છ પ્રદેશ તા. ૧-૬-૧૯૪૮ ના શુભ દિવસે રાજા શાહીથી મુકત કર્યો. અને ભારતમાં મેળવી દીધો ત્યારે રાજા શાહીનો અંત આવ્યો. કેવો તે એ કાળ ? એતો અનુભવ્યું હોય તેજ જાણે

લોકશાહીને અને આપણુને મનમેળ હોય એવું દેખાય છે છેલ્લી પા સદીમાં આપણી જ્ઞાતિ એ જે પ્રગતિ સાધી છે તે આપણે સૌ જોઇએ છીએ. પ્રત્યેક ગામના ખેડૂત સુખી છે ગામડે ગામડે આફ્રિકા વાસીઓ તથા આપણા સર્વેના સહયોગથી સ્કૂલો બાળકેન્દ્રો, કન્યા શાળાઓ, હાઇસ્કૂલો અને એવા અનેક શિક્ષણ ધામો રચાયાં છે.

ગ્રામ પંચાયતોના સરપંચથી માંડીને તાલુકા અને જીલ્લા પંચાયતોના પ્રમુખ બનવાને ભાગ્ય શાળી બન્યા છે. એ આપણી જ્ઞાતિએ ગર્વ લેવા જેવું છે આજે લોકશાહી છે. પ્રત્યેક ભાવી નાગરીક લોકશાહી ભારતનો નેતા સુકાની થઇ શકે છે એમાં જ્ઞાતિ કે બીજી કોઇ જરૂર નથી ફકત જરૂર છે. લાયકાતની આના ઉપરથી આપણે જોયું કે શિક્ષણ ક્ષેત્રે આપણે આગળ પ્રગતી કરી શકતા ન હતા આપણે અભણ અજ્ઞાન અને ભોળા જાણી અન્ય ઇતર જ્ઞાતિ વર્ગ આપણને ભોળવી જતા હતા અને આપણી જ્ઞાતિનો ખોટી રીતે લાભ ઉઠાવતા હતા.

ધન્યવાદ છે એ શિક્ષણપ્રેમી દાનવીરોને કે જેમણે તન, મન, ધન અને બુદ્ધિ સમર્પિત કરીને શિક્ષણ ક્ષેત્રે શ્રી ગણેશ માંડયા અને આજે જે આપણે જોઇએ છીએ તે પ્રગતીનું પ્રતિક છે આ ક્ષેત્રે જેટલી સેવા થઇ શકે તેટલી ઓછી છે જાણીને જ્ઞાતિના પ્રત્યેક વર્ગે આ માટે શકય કરવું રહ્યું.

આંજના શિક્ષિત વર્ગે આપણા વડેરાઓ પાસેથી જૂનો ભૂતકાળ જાણી લેવો જોઇએ આપણી ભાવી પ્રજાને માટે તે બોધપાઠ લેવા જેવું થશે. જ્ઞાતિનું સૌને ગૌરવ હોય તે સ્વાભાવિક છે અને હોવું જ જોઇએ ?

જીતેન્દ્રકુમાર ભવાનભાઈ પટેલ
કાંકણોલકર

રમુજી ટૂચકાઓ ✱

★ આ ગધેડાની કેટલી કિંમત છે.
'એક સો સાઠ રૂપિયા
આ કિંમત તો બહુ ભારે કહેવાય.
'જી આમ તો એની કિંમત સાઠ રૂપિયા છે પણ તે મારો એક સો રૂપિયાનો કોટ ચાવી ગયો હતો

✱ શિક્ષક : સૌથી વધુ ઉપયોગી પ્રાણી કયું !
વિદ્યાર્થી : મુરઘીના બચ્ચા, સાહેબ !
શિક્ષક . કેવી રીતે !
વિદ્યાર્થી : કારણકે સાહેબ તમે એને જન્મ્યા પહેલા પણ આરોગી શકો છો અને મરી ગયા પછી પણ '

★ એક છોકરો શાળાએથી ઘેર પાછો આવ્યો અને આવતાં વેંત સીધો ઘરના પાણિયારા આગળ પાણી પીવા દોડી ગયો તરસ ખુબ લાગી હતી એટલે ગ્લાસ ભરીને પાણી પી ગયો એ જોઇને એની માએ એને ટોકતા કહ્યું, તને મે કેટલી વાર સમજાવ્યો છે કે કંઇ ખાધા વગર પાણી ન પીવુ, પહેલા કંઇ પણ ખાવુ જોઇએ.

આના જવાબમાં છોકરાએ કહ્યું. આજે મેં ખાધા વગર પાણી નથી પીધુ, મા ! શાળામાંથી છુટતી વખતે માસ્તરના હાથની થપ્પડ ખાઇને આવ્યો છુ.

★ એક ગાંડો ટાવર ઉપર ચઢી ગયો એકઠા થયેલા લોકોએ ખુબ પ્રયત્નો કર્યા છતા ગાંડો નીચે ઉતર્યો નહીં, આથી એક બીજા ગાંડાને લાવવામાં આવ્યો. બીજો ગાંડો પહેલાને કહે અલ્યા નીચે ઉતર....?

નથી ઉતરતો ' ઉપરવાળાએ કહ્યું, એટલે નીચે વાળાએ ખીસ્સામાંથી બ્લેડ કાઢીને કહ્યું, ' અલ્યા નીચે ઉતરે છે કે ટાવર કાપી નાખું ? '

ટાવર કાપતો નહીં ભાઇ સાહેબ, હું કયાંક મરી જઇશ એમ કહેતાં ગાંડો ટાવર ઉપરથી નીચે ઉતરી ગયો.

★ એક શિક્ષક વર્ગમાં વિદ્યાર્થીઓને ભુગોળનો વિષય શિખવી રહ્યા હતા. તેમણે ચીન દેશ વિશે શીખવતાં કહ્યું કે ' ચીનની વસ્તી એટલી બધી વધી રહી છે કે જયારે આપણે એક વખત શ્વાસ લઇએ ત્યારે ત્યાં સો બાળકોનો જન્મ થાય છે.

આ સાંભળી એક વિદ્યાર્થી ઝડપથી શ્વાસ લેવા માંડયો ! આ જોઈ શિક્ષકે વિદ્યાર્થીને પૂછ્યુ. તુ આમ ઝડપથી શ્વાસ શા માટે લઈ રહયો છે ? વિદ્યાર્થીએ જવાબ આપ્યો હુ ચીનની વસ્તી વધારી રહ્યો છું.

★ શિક્ષક : આઇઝેક ન્યુટન બગીચામાં ઝાડ નીચે બેઠો હતો ત્યારે સફરજન પડયુ અને એણે ગુરૂત્વાકર્ષણનો નિયમ શોધી કાઢયો બોલો કોઇને કંઈ કહેવું છે ? '

હા ' નટખટ નટખટ બોલ્યો, ' જો કલાસમાં બેઠો બેઠો એ અમારી જેમ ભણતો હોત તો કંઇ ન શોધી શકયો હોત !

★ ગ્રાહક : ભાઈ તમારી ઉંદરીયું પાંજરું છે.
વેપારી : હા
ગ્રાહક : ભાઈ જલદી કરો, મારે બસ પકડવી છે.
વેપારી : ભાઇ મને માફ કરજો એટલુ બધું મોટું પાંજરૂ મારી પાસે નથી

માનવી જીવનનું માપ

શામજીભાઇ એસ. પટેલ (વડોદરા)

દુનિયામાં માણુસ જાતને બે વસ્તુઓનો મોહ વધુ જોવામાં આવે છે. પહેલું ધન અને બીજી કીર્તિ. જયોતિષો પાસે પણ નેવું ટકા લોકો ધન અને કીર્તિ વિશે જ પ્રશ્નો પૂછતા હોય છે. કેટલાક લોકો માત્ર ધનની આશા રાખતા હોય છે તો કેટલાક માત્ર કીર્તિની જ ઝંખના કરતા હોય છે. મોટા ભાગના લોકો ધન અને કીર્તિ બંને ઇચ્છે છે.

કીર્તિ માટે લોકો એટલાં વળખાં મારે છે કે આપણને તે જોઇને તેની દયા આવે. પોતે મહાન છે અને બીજાની સેવા કરી રહયા છે એવું બતાવવા માટે લોકો આકાશ પાતાળ એક કરી મૂકે છે. ખરી રીતે આવી ધાંધલ કરનારાઓને સાચી કીર્તિ નથી મળતી.

કીર્તિનો સ્વભાવ બહુજ વિચિત્ર છે. જે લોકો જરાપણ ઘસાયા વગર કીર્તિની પાછળ દોડે છે એવા લોકોને તે હાથતાળી આપતી ફરે છે પણ જે લોકો કીર્તિના એક નજીવા સ્મિતની પણ પરવા કર્યા વગર સતત સેવા કરતા રહે છે તેની પાછળ તે પડછાયો બનીને ભમે છે. શાસ્ત્રકારોએ સાચા સન્યાસીઓને કીર્તિથી સદા દૂર રહેવા આજ્ઞા કરી છે. કારણ કે લોકોને જેમ લક્ષ્મી, સત્તા કે મહતાનું ઘેન ચડે છે તેમ કીર્તિનો પણ એક જાતનો નશો ચડે છે,

કીર્તિ એ જીવનની એક જાતની મધમધતી સુવાસ છે પણ કીર્તિનો કમાનાર જો એ સુવાસને પળે પળે સુંઘ્યા જ કરે તો એને ઘેન ચડે છે. અને મેળવેલી સિદ્ધિઓ પર એક જ ઘડીમાં પાણી ફરી વળે છે અને માણુસને શિથિલ બનાવી દે છે.

કીર્તિ એ બહુ ભારે ખોરાક છે. તેને પચાવવી બહુ સહેલી નથી એક કવિએ કહ્યું છે કે કીર્તિ એ મરેલા માણુસનો ખોરાક છે, મૃત્યુ પામેલા મહાપુરુષો આજે પણ આપણી વચ્ચે જીવતા હોય તેવુ લાગ્યા કરે છે કારણુ કે તેઓ કીર્તિના ખોરાક ઉપર જીવી રહ્યા છે. મૃત્યુ પામ્યા પછી પણુ જીવતા રહેવાની જો કોઇ જડીબુટી હોય તો તે કીર્તિ જ છે

કીર્તિનો સોદાગર જીવનમાં કદી પણુ નફો કરી શકતો નથી. સાત્વિક સેવકો ઉપર સદા ઇશ્વરના આશિર્વાદ ઉતરે છે કે જેઓ અગરબત્તી જેવું જીવન ગાળે છે. પોતે બળીને બીજાઓને સુવાસ આપે છે. માનવીના જીવનનું માપ કે એની તાકાત મૃત્યુ પામ્યા પછી એની કેટલી સુવાસ ફેલાઇ છે એના ઉપરથી મળે છે.

અણુશક્તિ કયા માર્ગે

ઈશ્વરલાલ કાનજીભાઇ પટેલ (નરસિંહપુરા કંપા બાવસર)

અમેરિકાએ જાપાનમાં બે શહેરો પર એટમ બોમ્બ નાખ્યા તેની સાથે જગને અણુશકિતની જાણ થઇ એ બોમ્બમાં અજબ વિનાશક તાકાત હતી. મોટા વિસ્તારમા માનવીઓ, પશુઓ, ઘરો વગેરેનો સામુદાયીક નાશ કરવાની એનામાં શક્તિ હતી. માત્ર એક જ બોમ્બ અખૂટ શકિત ધરાવતો હતો. વિશ્વયુદ્ધનો અંત લાવવામાં અણુબોમ્બ નિર્ણાયક નીવડયો. જાપાનનાં બે શહેરો પરની બોમ્બ વર્ષાએ પ્રચંડ હત્યાકાંડો ભર્યા વિશ્વયુદ્ધને ખતમ કરી નાખ્યું.

યુરેનિયમ ધાતુની અટપટી કારીગરી વડે યોજાતી અણુશકિતથી બનેલી એ બોમ્બની શોધ પહેલી જર્મનીને હાથ લાગી હોત તો ? તો યુદ્ધનો અંત કદાચ જુદો જ આવત જાપાન પર કરેલી એ બોમ્બવર્ષા નૈતિક કે અનૈતિક ? એ પ્રશ્ન આજેય ચર્ચાસ્પદ છે. એવી બોમ્બવર્ષા અનિવાર્ય કે ક્ષમ્ય ખરી કે નહિ તે હજી પણ ઇતિહાસે નક્કી કરવાનું છે. એ બોમ્બવર્ષા થઇ હતી તે ઇતિહાસની સાચી હકીકત છે. માનવ ઇતિહાસમાં સૈકાઓ સુધી તેની નોંધ રહેશે જ.

અણુશકિતની આવી તાકાતે વિશ્વને ચોંકાવી મૂકયું છે. વૈજ્ઞાનિકોની કિંમત ને વધારી મૂકી છે. મહાસત્તાઓ પરસ્પર ઘૂરકીયાં કરતી બની ગઇ છે. અણુશકિતનું જ્ઞાન એક હસ્તુ ઇજારો નહિ પણ આંતરરાષ્ટ્રિય સંસ્થાના કબજામાં હોય તે ઇષ્ટ છે એમ ઘણા માનવા લાગ્યા છે અણુશકિતની તાકાતનો પ્રચાર આંતરરાટ્રિય રાજખટપટમાં પોતાનું નિરાળું વર્ચસ્વ ટકાવી રાખવાના પ્રયોગ તરીકે પણ કોઇ રાષ્ટ્રો કરી રહ્યાં છે. અણુશકિતની તાકાતની વાતો નવા થનારા વિશ્વયુદ્ધની ગર્ભિત ધમકીઓ રૂપે પણ હોય છે. દરિયાના પાણીમાં અણુબોમ્બની શકિત માપવાના અખતરા થયા હતા અને એ પ્રયોગનાં પરિણામો ઢોલ પીટીને જાહેર કરવામાં આવ્યાં હતાં. શા માટે ? એનું જ્ઞાન ધરાવનારી સત્તાઓ પોતાની તાકાતનું ઢોલ શાથી પીટે છે ? વિશ્વ શાંતિ સ્થાપવાનો શું આ માર્ગ છે ?

પ્રદાર્થના નાના વિભાગો કર્યે જાઓ એમ કરતાં તમે અણું સુધી પહોંચશો યુરેનિયમના વિભકત થતા અણુએ અજબ તાકાત ધરાવે છે. વિનાશનુ પ્રચંડ તાડવ તે મચાવી શકે છે. એનો તાપ, અણુ અને ઝબકારો એવાં જબરા હોય છે. એમાંથી નીકળતા ઝેરી વાયુની વિનાશક તાકાત પણ ભારે હોય છે. અણુબોમ્બ એટલે જ પ્રત્યક્ષ વિનાશ

> કારણ ગુસ્સો, હેતુ વિના બોલવું દિશા વિના દોડવું, મુદ્દા વિના મથવુ, પરિચય વિના સોંપવું ને શત્રુ સાથે મૈત્રી—એ મૂર્ખતાનાં લક્ષણ છે.

સાચો મિત્ર

ભારતીબેન રમણલાલ પટેલ (બખતગઢ-સરતાનપુર)

રસિકલાલ શેઠને પરણ્યે ઘણાં વર્ષ વહી ગયાં છતાં એમનાં આંગણામાં પગલીનો પાડનાર ન આવ્યો તે ન જ આવ્યો ઘેર દોમદામ સાહયબી હતી વાડી વજીફા, બંગલા, મોટર બધું જ હતું છતાં પ્રારબ્ધનો કોઇ એવો યોગ કે તેમને ખોળાનો ખૂંદનાર ન જ મળ્યો.

રસિકલાલ શેઠનાં ધર્મપત્ની હર્ષિદા બેન કોઇ માતાના ખોળામાં જયારે ખિલખિલાટ કરતું બાળક જોતાં ત્યારે લાખ લાખ મણના નિશાસા નાખતાં, બાળક વિના આ લાખોને કરોડોની મિલ્કત એમને અંગારા જેવી લાગતી પૂત્ર માટે એમણે વૈદ, ડોકટરની સલાહ લીધી, અનેક દેવદેવીઓની માનતાઓ માની પણ ઘેર ઘોડિયું ન બંધાણું તે નજ બંધાણું.

ભગવાને આ સંસારની રચનાજ એવા પ્રકારની કરી છે કે કોઇ સંપૂર્ણ સુખી હોતું જ નથી. સુખ અને દુઃખ નું મિશ્રણ એનું નામ જ સંસાર મનુષ્યને દુઃખ વિના સુખની સાચી કિંમત સમજાતી નથી.

આપણા શાસ્ત્રીકારોએ દુઃખના ત્રણ પ્રકાર પાડયા છે. આધિ, વ્યાધિ અને ઉપાધિ આ ત્રણ દુઃખમાંનું એકાદુ દુઃખ તો દરેકને વળગ્યું જ હશે.

આધિ એટલે અકસ્માતનાં દુઃખ આપણે ચાલ્યા જતા હોઇએ અને કેળાંની છાલ ઉપર પગ પડતાં લપસી પડાય અને પગ ભાંગે તો આધિ દુઃખ.

વ્યાધિ એટલે શરીરનાં દુઃખો તાવ કફ, દમ, ક્ષય, કેન્સર, લકવો આવા રોગો જે શરીરમાં ઘર કરી બેઠા હોય તે "વ્યાધિ" દુઃખ, હવે આવે છે ઉપાધિનું દુઃખ આ દુઃખ એટલે હાથે કરીને વહોરેલું દુઃખ આધિ અને વ્યાધિના દુઃખથી તો ઘણાં બકાત હશે પણ આ ઉપાધિના દુઃખથી તો કોઈ બકાત નહિ હોય હાથમાં શ્રીફળ લઇને લીલે તોરણે ન ગયા હોતતો આ ઉપાધિનું દુઃખ ન આવત.

આમને આમ રસિકલાલની જુવાની પૂરી થવા આવી હવે તો શેઠ. અને શેઠાણીએ પ્રૌઢાવસ્થામાં પ્રવેશ કર્યો સંતાન પ્રાપ્તિ માટે કોઇ કારી કામ ન આવી ત્યારે એમણે સહુઉપાયો છોડીને પ્રભુને ભરોસે જીવનનું નાવડુ છોડી દીધું

રસિકલાલ શેઠને એમ થયું કે મારા ભાગ્યમાં સંતાન સુખ નથી તો મારીઆ લાખોની મિલ્કત સગાંઓને હાથ જાય તેના કરતાં હું જ તેનો સદ્ઉપયોગ

કેમ ન કરું હાથે કરેલું સાથે આવશે આમ તેમણે સાધુ સંતો ગરીબોની સેવા કરવા માંડી ધર્મ કાર્યમાં છૂટા હાથે પૈસા વાપરવા માંડયા કોઇ પૂણ્યાત્માના અંતરથી આશિષ નીકળી ગઇ હોય કે બીજું કોઇ કારણ હોય ગમે તેમ હોય પણ પછી હર્ષિદા બેનને ચડતા દિવસો થયા ને પૂરે દિવસે તેમણે પુત્રને જન્મ આપ્યો.

ખુબ ઝંખના પછી પાછલી અવસ્થામાં જન્મેલા બાળકને માતાપિતા ખુબ લાડ લડાવે છે. રસિકલાલ શેઠને ત્યાં પૈસાની કોઇ કમી નહોતી તેથી ખુબ લાડકોડથી તેઓ પૂત્રને ઉછેરવા લાગ્યાં.

જે માતાપિતાના હૈયામાં વિવેકની વાડ હોતી નથી તેઓ અતિ લાડમાં બાળકને બહેકાવી મુકે છે. કહેવત છે કે સોનાની કટારી ભેટમાં શોભે પેટમાં નહિ. બાળકને માતાપિતાનો પ્રેમ અવશ્ય મળવો જોઇએ પણ એક આંખમાં પ્યારનું ઝરણું વહાવવું જોઇએ જયારે બીજી આખમાંથી સંસ્કારો પ્રત્યેની દ્દઢતા પ્રગટાવવી જોઇએ જે બાળકને સ્નેહથી ઉછેરી એના કુસસ્કારો સામે કઠોર બની બાળકને રોકે છે એ માતાપિતા જ બાળકમાં સુસંસ્કાર સિંચી શકે છે.

રસિકલાલ શેઠે પુત્રનું નામ પ્રવિણચંદ્ર પાડયું. બાલ્યાવસ્થા પૂરી કરી પ્રવિણચંદ્ર કિશોરાવસ્થામાં પ્રવેશ કર્યો શ્રીમંતનો છોકરો હતો. તેથી બાળપણથી જ તેના પાકીટમાં પૈસા રહેતા અને મનમાની મોજ ઉડાવતો.

શાળામાં પ્રવિણચંદ્રને ત્રણ મિત્રો મળી ગયા એકનુ નામ ધનરાજ, બીજાનું સ્નેહલને ત્રીજાનુ નામ ધર્મપાલ આ ત્રણમાંથી ધનરાજ તો જીગરી દોસ્ત થઇ પડયો જયારે જુઓ ત્યારે પાસેને પાસે પૈસાદારના પુત્રને વગર માગ્યે ઘણા મિત્રો મળી રહે છે જયારે ગરીબ ઘરના બાળકને શોધવા છતાં મિત્રો મળતા નથી મધપૂડો હોય ત્યાં જ મધમાખીઓ આવેને ?

ધનરાજ સાથે એવી દોસ્તી જામી કે જયારે જુઓ ત્યારે તે પાસે જ હોય. ખાતાં, પીતાં, હરતાં, ફરતાં દરેક વખતે ધનરાજ પ્રવિણચંદ્રની સાથે જ રહે પ્રવિણચંદ્રનો બીજો મિત્ર સ્નેહલ તે અઠવાડિયામાં બે ચાર વખત પ્રવિણને મળ્યા વિના એને ચેન ન પડે. ત્રીજો મિત્ર ધર્મપાલ તો કયારેક જ મળતો એક મિત્ર છે એમ કહેવાય પણ પ્રવિણ ધર્મપાલની મિત્રતામાં બહુ રસ દાખવતો નહિ કદાચ રસ્તામાં મળી જાયતો પ્રેમથી એની સાથે વાતચીત કરે બાકી બીજું કંઈ નહિ.

એક દિવસ રસિકલાલ શેઠ ઉપર ઓચિંતી આફત આવી પડી અતિ

ધનિક થવાના આનંદમાં આંખો મીંચાયા તેને સટ્ટાનો વેપાર કર્યો એમાં ભયંકર ખોટ ગઈ પોતાનું જે કાંઈ હતું તે પણ ગુમાવ્યું. અન્ન અને દાંતને વેર બંધાઈ ગયું ગઈકાલે આવો શેઠ, બેસોશેઠ કહેનારાં આજે કોઈ ફરકતાં ન હતાં.

શેઠ અને શેઠાણી માટે તો આ સ્થિતિ તદ્દન અસહ્ય બની ગઈ હૃદય પર લાગેલા વજ્રઘાતથી, થોડા થોડા દિવસોને અંતરે બન્ને જણાં આ લોકના મહેમાન મટીને પરલોકનાં પ્રવાસી બની ગયાં.

જ્યારે દુઃખ આવે ત્યારે ચારે બાજુથી આવે છે. માતા પિતાનું મરણ થયે હજુ અઠવાડિયું પણ નહિ થયું હોય ત્યાં તો પ્રવિણચંદ્ર એક ખૂન ખટલામાં સંડોવાયો; હતો તો નિર્દોષ પણ એવા પૂરવા પડી ગયા કે તેના જ માથે દોષનો ટોપલો આવી ગયો પ્રવિણને તો પોલિસે પકડયો. જેણે કોઈ દિવસ પોલિસનો પડછાયો પણ જોયો ન હતો તે આજે તેના સંકજામાં સપડાઈ ગયો પોલીસો તો હાથકડી કરીને પ્રવિણચંદ્રને ચોકીએ લઈ ગયા પંચનામુ કર્યા પછી મહામુસીબતે જામીન પર તેનો છુટકારો થયો અઠવાડિયા પછી કેસની મુદત પડી પોતે સાવ નિર્દોષ છે. એ બતાવવા તેને સાક્ષીની જરૂર પડે.

સૌથી પ્રથમ ઘેર જઈને એ ધનરાજને મળયો એને કહ્યું દોસ્ત સદાય સાથે રહેનારો એવો તું મારી સાચી સાક્ષી આપવા મારી સાથે કોર્ટમાં આવે તો હું જરૂર છુટી જઈશ:

આ સાંભળીને ધનરાજ માથું ખંજવાળતા બોલ્યો એ ભાઈ પ્રવિણ તારી અને મારી મિત્રતા ખરી પણ આવા ખૂન ખટલામાં મારું કામ નહિ બીજું કહે તે કરવા તૈયાર છું. પણ કોર્ટમાં સાક્ષી પૂરવા માટે લાચાર છું. ખોટું લાગે તો માફ કરજે બમણું ખાજે આ વાત તો મારાથી નહિ જ બને ! જિગરજાન દોસ્ત હાથ ઉંચા કરીને છુટી પડયો.

બસ ધનરાજ આપણી દોસ્તી આટલી જ તારે માટે મેં કેટલું કર્યું તેનો તો જરા વિચાર કર. તને સો વાતની એક વાત કરી કોર્ટ કચેરીમાં મારું કામ નહિ

જ્યારે ધનરાજે હાથ ખંખેરી નાખ્યા ત્યારે પ્રવિણને તેનો બીજો મિત્ર સ્નેહલ સાંભર્યો. સ્નેહલને ત્યાં જઈ બનેલી બધી વાત કરી તું જો કોર્ટમાં આવી એટલું જ કહે કે રવિવારે ત્રણ વાગે પ્રવિણ મારે ત્યાં બેઠો હતો તો હું ચોક્કસ છુટી જઈશ.

સ્નેહલે પણ હળવે રહી પડખું ફેરવી દીધું ભાઈ પ્રવિણ તારી વાત સાચી છે પણ કોર્ટમાં આવી સાક્ષી

[illegible] માટે મારી તૈયારી નથી તું કહે તો હોય તો કોઇ બાહોશ વકિલ કે એડવોકેટની ઓળખાણ કરાવી આપું પરંતુ કોર્ટના પાંજરામાં હું આવી શકું નહિ.

પોતાના બેઉમિત્રો આમ પાણીમાં બેઠા જાણીને પ્રવિણ ખુબ મુંજાઇ ગયો પોતાનું ભાવિ અંધકારમય લાગ્યું. વિચારમાં ગડથોલાં ખાતો ઘર તરફ જઇ રહ્યો હતો ત્યાં રસ્તામાંજ ધર્મપાલ ભેટી ગયો.

પ્રવિણના મુખ પરની ઉદાસી જોઇ ધર્મપાલે પુછ્યું તારું મોં કેમ લેવાઇ ગયું છે. અને આજે તારી સાથે ધનરાજ વિના આજેજ એકલો જોઉં છું. શું કહું એ બધી વાત જવાદે એ ધનરાજ બનરાજ બધા કહેવાના તે પાસે હોય તો ખાવાના મેં હવે બધાયને મુળમાંથી ઓળખી લીધા છે.

પણ થયું શું એતો કહે ધર્મપાલે વાત જાણવા આતુરતા બતાવી.

ધર્મપાલ વાત કહેવામાં માલ નથી ખાલી સમય બગડશે.

કેમ કાંઇ અણુ બનાવ થયો અણુબનાવ તો કાંઇ થયો નથી પણ મારે માથે ખૂનનો આરોપ છે. સાક્ષીવિના હું નિર્દોષ માર્યો જાઉ છું ધનરાજને મેં સાક્ષી પૂરવા આજીજી કરી પણ તે સાવ છુટો પડયો સ્નેહલને કહ્યું તો કે વકિલ રોકી આપું સાક્ષી પૂરવા હું ન આવું દોસ્ત આજે મે મિત્રોને સાચા સ્વરૂપે ઓળખ્યા જયાં સદાય સાથે રહેનારા મિત્રો છૂટી પડતા હોય ત્યાં તને શું કહેવું? તને કહેવાનો મારો અધિકાર પણ કેટલો ?

અરે એમાં મુન્જાય છે શા માટે મિત્રને આફતની વેળા મદદ કરવીએ મિત્રનો ધર્મ છે. તું તારે બેફિકર રહેજે કોર્ટના પાંજરામાં આવીને હું તારે માટે જરૂર સાક્ષી આપીશ.

પ્રવિણ તો ધર્મપાલની વાત સાંભળી ગદ્દગદ્દ બની ગયો હ્રદયથી આભાર માનતો પ્રવિણ પોતાને ઘેર આવ્યો નકકી કરેલા દિવસે પ્રવિણચંદ્રનો કેસ ચાલ્યો ધર્મપાલે સત્ય હકિકતથી સર્વને વાકેફ કરી સાક્ષી પૂરી અને નિર્દોષ છોડાવ્યો.

આતો એક લૌકિક દ્દષ્ટાંત છે પણ એમાં ખુબ સમજવા જેવી અલૌકિક વાત ભરી છે આ જગતમાં જન્મ લીધા પછી માનવને ત્રણ મિત્રો સાથે મિત્રતા બંધાય છે એમાંનો એક મિત્ર છે ધન-રાજ ધનરાજ એટલે ધન માનવ જયારે સમજણની શેરીમાં પ્રવેશે છે ત્યારથી ધન સાથે વધુને વધુ મિત્રાચારી બાંધે છે. દિનપ્રતિદિત માનવઆ! ધન રૂપી મિત્ર સાથે ગાઢ સબંધ બાંધે છે. અને તેને પડછાયાની માફક સાથે જ રાખે છે.

માનવીનો બીજા નંબરનો મિત્ર છે.

સ્નેહલ સ્નેહલ એટલે સગાં સબંધી માનવી ધન પાછળ ચોવીસે કલાક રચ્યો રહે છે. જયારે એમાંથી નવરાશ મળે ત્યારે તે બીજા નંબરના મિત્રને મળે છે. સગાં સબંધીને મળવા જતાંય ધન રૂપી મિત્રતો સાથે જ હોય.

ત્રીજા નંબરનો મિત્ર છે ધર્મપાલ ધર્મપાલ એટલે ધર્મ હાલના યુગમાં આખા જીવન દરમ્યાન માનવ ઓછામાં ઓછો સંબંધ ધર્મ સાથે રાખે છે.

માનવના આ ત્રણ મિત્રોની પરીક્ષા તો અંત કાળે જ થાય છે. યમના દૂતો જયારે આવીને માનવનો ટોટો પાંસે છે ત્યારે માનવતો ધન રૂપી જીગર જાન દોસ્ત સૌથી પ્રથમ અળગો થઇ જવાનો જેને માટે માનવીએ આખી જીંદગી વેડફી નાખી એ ધન અંત સમયે અળગું થઈ જવાનું કાળાંધોળાં કરીને મેળવેલું ધન અહિંજ પડયું રહેવાનું મરતી વખતે માનવી પોતાની અઢળક લક્ષ્મી સામે લોલુપ નજરે જુએ છે ત્યારે ધન ચોખ્ખે ચોખ્ખુ સંભળાવી દે છે તું તારે ત્યાં જા મારું ત્યાં કામ નહિ.

ધનની આ વાત સાંભળીને માનવી અવાક બની જાય છે એના હૈયા પર વજ્રનો આઘાત થાય છે પછી યમદુતો થી બચવા એ પોતાનાં સગાં વહાલાં રૂપી મિત્રો તરફ નજર નાખે છે એ લોકો પોતાની મૌન વાણીથી કહેતાં હોય છે ભાઇ તું જે કોર્ટમાં જઇ રહ્યો છે ત્યાં અમારું કાંઇન ચાલે તું કહે તો અમે તને કોર્ટનાં બારણાં સુધી વળાવવા આવીએ પરંતુ એથી આગળ અમે કાંઇ ન કરી શકીએ

મારો, મારો કહીને જીભ સુકવી નાખ ના. તારાં સંગાવહાલાં આ દેહ પિંજરમાંથી પ્રાણ પંખેરું ઉડયા પછી પર ભાર્યા બની જશે અણીને વેળા કોઇ આડો હાથ ધરવા નહિ આવે દંભનાં બેચાર આંસુ સારી ચાલ્યાં જશે બહુ બહુ તો સ્મશાનની ચિતા રૂપી વકીલો સાથે ઓળખાણ કરાવી હાથ ધોઇ નાખશે હવે તું જાણે ને તારું કામ જાણે

જયારે આ બેઉ મિત્રો હાથ ઉંચો કરી અલગ થઇ જશે ત્યારે ધર્મરૂપી મિત્ર માનવીની મદદે દોડી આવશે રામના દરબારમાં એ સાચી સાક્ષી પુરશે એ વખતે સાચા હૃદયથી કરેલાં સત્કાર્યો હશે તે ઉગી નીકળશે ધન અને સંગા-સંબધીઓ તો અહીંના અહીં જ રહેશે માત્ર ધર્મ જ ઠેઠ તેમની સાથે સંગાથ કરશે માટે પહેલા બે મિત્રોને સવેળા ઓળખી લેજો અને તેમની સાથે માત્ર ખપ પૂરતો જ સંબધ રાખજો અને ધર્મરૂપી મિત્રનો રોજબરોજ વધુને વધુ સંપર્ક રાખજો એજ માનવમાત્રનો સાચો મિત્ર છે.

—અરતુ



શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત) ધનસુરા

તેમજ

શ્રી કચ્છ ક. પા. સનાતન સમાજ યુવક મંડળ ધનસુરાના સંયુક્ત ઉપક્રમે

ઈનામ વિતરણ સમારંભ

ગત તા. ૩–૮–૮૦ ના રોજ બપોરના ૧–૩૦ વાગે ઉપરોક્ત સમાજના માજી પ્રમુખ મુરબ્બી શ્રી હીરજીભાઇ કરશનભાઈ પટેલના પ્રમુખસ્થાને તેમજ મણીનગર સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ શ્રી વિશ્રામભાઇ આર. રૂડાણીના અતિથિ વિશેષપદે શ્રી આર. એસ. ધોળુ વિદ્યાર્થી ભવન, ધનસુરા તેમજ શ્રીમતી એમ. એસ. માવાણી એન્ડ આર. ડી. વેલાણી કન્યા છાત્રાલયમાં રહીને ધોરણ ૫ થી ૧૨ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી ભાઇ-બહેનોમાંથી ૧૯૭૮–૭૯ અને ૧૯૭૯–૮૦ ના માર્ચ–એપ્રીલમાં લેવાયેલી પરીક્ષાઓમાં જેમણે પ્રથમ નંબર મેળવ્યો છે તેવાં સૌ ભાઇ–બહેનોને ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. સમારંભની શરૂઆત વિદ્યાર્થી ભાઇ–બહેનોની પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ આપણી સંસ્થાઓની આછી રૂપરેખા સમાજના મંત્રીશ્રી પટેલ બહેચરભાઇ મુળજીભાઇએ તેમજ યુવક મંડળના મંત્રીશ્રી અરજણભાઇ વિશ્રામભાઇ પટેલે આપી. બાળકોને પ્રેરકબળ મળી રહે તેવા વિચારો દર્શાવ્યા હતા. મહેમાનોનો પરિચય યુવક મંડળના પ્રમુખશ્રી તલોદ સાયન્સ કોલેજના પ્રિન્સીપાલ શ્રી રતિભાઇ એલ. પટેલે આપ્યો હતો

 આ સમારંભ વખતે પ્રાસંગિક પ્રવચન આપતાં માજી ધારાસભ્ય મુ. શ્રી નારણભાઈ શીવજીભાઇ પટેલે વિદ્યાર્થી ભાઇ-બહેનોને ભવિષ્યના નાગરિક તરીકે સમાજની સાચી શાન જાળવી ઉન્નત મસ્તકે જીવન જીવવાનું પ્રેરકબળ આપે તેવા સુંદર વિચારો રજુ કર્યા હતા.

સમાજના હાલના પ્રમુખ શ્રી સામજીભાઇ એસ. પટેલે (કિસાન કર્વારી-વડાગામ) આપણાં બાળકોને શૈક્ષણિક ક્ષેત્રે વધુ પ્રગતિ સાધવા અનુરોધ કરીને સમાજ દ્વારા વખતો વખત પ્રેરણા મળતી રહે તે માટે ઇનામ વિતરણ સમારોહ પ્રથા ચાલુ રાખી સમાજ તરફથી બાલક બાલિકાઓની અન્ય જરૂરી સુવિધાઓ પણ પુરી પાડવાનું મંતવ્ય દર્શાવ્યું હતું. એટલું જ નહિ પણ ટ્યુશનની પ્રથા સામે વ્યથા ઠાલવી આપણી સંસ્થાઓનાં વિદ્યાર્થી ભાઇ-બહેનો આ પ્રથા પર આધારીત ન રહે તેવો સૂર વ્યકત કર્યો હતો.

ત્યારબાદ સમાજના આગેવાન મુ. શ્રી. ડાહ્યાભાઇ હરીભાઈ પટેલે સંસ્થાઓ ઉભી કરવામાં વડીલોએ જે શ્રમ કર્યો છે. તેને વિદ્યાર્થી ભાઇ-બહેનો સારું શિક્ષણ મેળવી દીપાવે તેવો આગ્રહ રાખ્યો હતો. શ્રી માવજીભાઈ પ્રેમજીભાઈ પટેલે આપણાં બાળકોને માતૃ સંસ્થામાં અભ્યાસ કરવાનું સદ્દનસીબ જ્ઞાતિગુરુશ્રી ઓધવરામજી મહારાજ જેવા સંત પુરુષના આશીર્વાદથી સાંપડયું છે તે આનંદની વાત જણાવી વિદ્યાર્થી ભાઇ-બહેનો અતિ તેજસ્વી કારકીર્દિ મેળવે તેવી અભિલાષા દર્શાવી હતી.

શ્રી ભીમજીભાઈ રતનશીભાઇ પટેલ તેમજ શ્રી લખુભાઈ નથુભાઈ પટેલે બાળકોના ઉન્નત ભાવિ માટે શુભેચ્છા વ્યકત કરી હતી.

વિદ્યાર્થી ભવનના ગૃહપતિ શ્રી વાડીભાઈ કે. પટેલે વિદ્યાર્થીઓની ઉત્તરોત્તર ઉજ્વળ કારકીર્દી વિદ્યાર્થીભવનમાં તેમજ હાઇસ્કૂલમાં પણ જળવાઈ રહી છે તેવો ખ્યાલ આપી હજુ પણ શિક્ષણક્ષેત્રે બાળકોને વધુ પ્રેરણા મળે તેવી સુવિધાઓ સમાજ પાસેથી મળતી રહે તેવો અનુગ્રહ કર્યો હતો.

કન્યા છાત્રાલયનાં ગૃહમાતા રમાબેને વિદ્યાર્થીની બહેનોની શકિતનો સદ્દઉપયોગ કરી યોગ્ય માર્ગદર્શન મળતું રહે તો વધુ સારાં પરિણામો મેળવી શકાય તેમ છે. તેવું દર્શાવી બહેનો પ્રત્યે સમાજનો સદ્દભાવ રહે અને સુવિધાઓ મળતી રહે તેવો અનુરોધ કર્યો હતો.

તલોદ સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ શ્રી રતિભાઈ એલ. પટેલે વિદ્યાર્થી ભાઇ-બહેનો શિક્ષણક્ષેત્રે ઉજ્વળ કારકીર્દી પ્રાપ્ત કરતાં રહે તે માટે યુવકમંડળ તરફથી પ્રોત્સાહક બળ પુરું પાડતા રહેવાની અભિલાષા સેવી હતી. તેઓશ્રી પણ ટ્યુશન પ્રથા પર આધારિત બની વિદ્યાર્થી ભાઈ-બહેનોને પરતંત્ર ન રહેવા અનુરોધ કર્યો હતો. અને શિક્ષણ મેળવનારે (Cencentration) ધ્યાન કેન્દ્રિત કરવાની શકિત કેળવવી જોઇએ. તે બાબત પર ખાસ ભાર મૂકયો હતો. એટલું જ નહિ પણ હવે ચીલા ચાલુ શિક્ષણ જ ન મેળવતાં વિવિધ ટેકનીકલ અભ્યાસક્રમો પર પણ વિદ્યાર્થી ભાઈ-બહેનો ધ્યાન કેન્દ્રિત કરે તેમ જણાવ્યું હતું.

કાન્તિભાઇ કે. પટેલ તંત્રી "જાગૃતિ" એ વિદ્યાર્થી ભાઇ-બહેનો જીવનમાં ઉજ્વળ કારકીર્દી મેળવી સમગ્ર સમાજમાં પોતાની સુવાસ પ્રસરાવે તેવા વિચારો રજૂ કર્યા હતા.

મુળજીભાઈ કે. પટેલ તલોદવાળાએ આપણાં બાળકોમાં શિસ્ત અને આજ્ઞાંકિતપણાનો ભાવ છે. તેને બિરાદાવ્યો હતો. આધુનિક સમાજજીવનમાંથી વડીલોની આમન્યા અને આજ્ઞાંકિતપણાની અવગણના થતી જોવા મળે છે તેનું ઉદાહરણ આપ્યું હતું અને આ સંસ્થાઓનાં બાળકો ઉત્તરોત્તર પ્રગતિશીલ બને તેવી અભિલાષા સેવી હતી.

ત્યારબાદ સમારંભના પ્રમુખશ્રી હીરજીભાઇ કરશનભાઈ પટેલે આપણી સંસ્થાઓ ઉભી કરવામાં વડીલોએ સમાજના સહયોગથી જે શ્રમ કર્યો છે. તે શ્રમ ઉગી નીકળે તેવું તેજસ્વી જીવન બાળકો કેળવે તેવું જણા!વી આશીર્વચન આપ્યું હતું.

અંતમાં આજના સમારંભના મુખ્ય મહેમાન અતિંથિ વિશેષ શ્રી વિશ્રામભાઈ રૂડાણીએ પોતાના વિદ્યાર્થીકાળ દરમ્યાન આપણી જ સમાજની આવી સંસ્થાઓ નહોતી ત્યારે કેટલીક મુશ્કેલીઓ નડતી હતી તેનો ખ્યાલ આપી આજના સમાજની જ સંસ્થાઓમાં રહી ભણતાં વિદ્યાર્થી ભાઈ-બહેનોને ભાગ્યશાળી ગણાવ્યાં હતાં.

વડીલોના પરિશ્રમમાંથી જ આપણે શિક્ષણક્ષેત્રે પ્રગતિ સાધી રહ્યાં છીએ. તે ન ભૂલતાં વડીલોનું સાચુકલા પણ આપણા જીવન ઘડતરમાંથી ન ભૂંસાય તેવી શક્તિ કેળવી આત્મબળથીજ બાળકો આગળ વધે તેવો અનુરોધ કર્યો હતો.

વૈજ્ઞાનિકો અને મહાપુરુષો થવા માટે પૈસાદારોમાંથી જ કોઇનો ઇજારો નથી. કોઈ પણ વિદ્યાર્થી ભાઈ-બહેનો શિક્ષણ મેળવતી વખતે વર્ગમાં પોતાનું ધ્યાન કેન્દ્રિત

 ...રે આવીને દિવસ દરમ્યાન દરેક પીરીયડમાં જે કંઈ ભણ્યાં હોય તેનું સિનેમાની પટ્ટીની માફક એક પછી એક વિષયોનું મનન કરે તે બહુ જરૂરી છે. ગરીબમાં ગરીબ, અદનામાં અદના માણસોએ પણ અનેક સત્ય સિધ્ધાંતોની શોધ કરેલી છે પણ તે માટે સતત જિજ્ઞાસુ સ્વભાવ અને આતુરતા હોવાં જરૂરી છે.

આજના વડીલો પણ દિન પ્રતિદિન સહિષ્ણું બનતા જાય છે તેમ બહેનોના શિક્ષણક્ષેત્રે વધુ સહિષ્ણું બની તેઓને પુરતું શિક્ષણ મળી રહે તેવો દ્રષ્ટિકોણ કેળવવા અનુરોધ કર્યો હતો.

અંતમાં આપણાં બાળકોની ઉતરોત્તર પ્રગતિ ઇચ્છી સમાજને પોતાની સેવાઓનો લાભ આપવાની અભિલાષા એવી હતી. છેલ્લે તખતગઢ નિવાસી શ્રી ચંદુલાલ વેલજીભાઇ પટેલે આભારવિધિ કર્યા બાદ અલ્પાહાર પછી સમારોહની પુર્ણાહૂતિ થઇ હતી.

દુઃખદ અવસાનો

શ્રી શામજીભાઇ વાલજીભાઇ પટેલ

શ્રી રમણભાઇ વાલજીભાઇ પટેલ

નખત્રાણાના માજી સરપંચપદે સેવાઓ આપનાર નખત્રાણા નિવાસી શ્રી શામજીભાઈ વાલજીભાઈ પટેલનું દુઃખદ અવસાન થતાં ખંડવા (મ. પ્ર.)થી તેમના નાના ભાઈ રમણલાલ વાલજીભાઈ પટેલ પણ દુઃખદ પ્રસંગે આવેલ હતા. તેઓશ્રીનું પણ તેમના મોટા ભાઈના અગિયારમાના દિવસે જ હૃદયરોગના હુમલાથી દુઃખદ અવસાન થયું. છે.

ગુજરાતમાં પણ તખતગઢ નજીક રામપુરાકંપાના મુખી તરીકે ઘણાં વર્ષ સેવા આપનાર મુરબ્બી શ્રી કરસનભાઈ મુખીનું દુઃખદ અવસાન થયું છે.

ત્રણે મહાનુભાવો પોત પોતાની પાછળ પોતાનાં વિશાળ પરિવારજનોને વિલાપ કરતાં મૂકી ગયા છે.

પ્રભુ સદ્દગતશ્રીઓના આત્માને શાંતિ આપે અને કુટુંબીજનોને કારમો ઘા સહન કરવાની શકિત આપે એજ અભ્યર્થના.

ભારતીય જનતા પક્ષની ટીકીટ પર ચુંટાઇ આવવા બદલ શ્રી નાથાલાલ દેવજીભાઇ પટેલને અભિનંદન.

હિંમતનગર તાલુકામાંથી ગત વિધાનસભાની ચૂંટણીઓ વખતે ભા. જ. પ. ની ટીકીટ મેળવી પોતાના નિકટના હરીફોને હરાવીને વિજેતા બન્યા છે તે બદલ શ્રી નાથાલાલ દેવજીભાઈ પટેલ કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના યુવાન કાર્યકર અભિનંદનને પાત્ર છે.

વિજેતા બનવા માટે પોતાના મત વિસ્તારનાં પ્રજાજનોમાં પ્રસરેલી સેવાની સુવાસ દ્વારા જે લોકચાહના તેઓશ્રીએ મેળવી છે તેનો ફાળો સવિશેષ છે.

તેઓશ્રીની પ્રજાજનોની સેવા કરવાની તમન્ના વ્યક્ત કરવા યોગેશ્વર શકિત અર્પે તેવી અભ્યર્થના.

શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ, અમદાવાદ.

પ્રથમ સામાન્ય સભાનો અહેવાલ

શ્રી ક. ક. પા. વિદ્યાર્થી મંડળ, અમદાવાદની નવા વર્ષની પ્રથમ સામાન્ય સભા શ્રી જેઠાભાઇ પુંજાભાઇ પટેલના પ્રમુખ સ્થાને શ્રી ક ક. પા. સમાજવાડી (ગીતામંદિર) માં તા. ૨૭ જુલાઇ ૧૯૮૦ના રોજ મળી.

આ વર્ષે પણ દર સાલની જેમ ઘણી મોટી સંખ્યામાં નવા અને જૂના વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓ હોંશભેર હાજર રહયા.

સભામાં કેટલીક ઔપચારિક વિધિ બાદ સર્વાનુમતે નવી કારોબારીની રચના કરવામાં આવી.

કારોબારી સમિતિ ૧૯૮૦-૮૧

પ્રમુખ	:	શ્રી પ્રવીણ એમ. પટેલ	(M. A.)	શીવપુરાકંપા (ગાંધીનગર)
ઉપ-પ્રમુખ	:	શ્રી રણછોડભાઈ એચ. પટેલ	(T.Y B.Com)	તખતગઢકંપા
મંત્રી	:	શ્રી જશુભાઇ જી. પટેલ	(II L.L.B.)	લક્ષ્મણપુરાકંપા
સહમંત્રી	:	શ્રી બિપીનભાઇ પી. પટેલ	(T.Y.B.A.)	ધરમેડાકંપા
કોષાધ્યક્ષ	:	શ્રી નવીનભાઇ એમ. પટેલ	(I M.Com.)	વિષ્ણુપુરાકંપા
પ્રવાસમંત્રી	:	૧ શ્રી છબીલદાસ એન. પટેલ	(S Y.B.A)	રાયણનામાળકંપા
		૨ શ્રી અંબાલાલ એસ. પટેલ	(T.Y.B.Com.)	કલોલકંપા
		૩ શ્રી સુરેશભાઇ આર પટેલ	(I M.Com.)	ધરમેડાકંપા
સ્વાગતમંત્રી	:	૧ શ્રી નગીનદાસ કે. પટેલ	(I.Y.B Sc.)	લીંબોઇકંપા
		૨ શ્રી વસંતભાઇ એચ. પટેલ	(I M Com.)	તારગા

સાંસ્કૃતિક મંત્રી : ૧ શ્રી સુરેશભાઇ જે. પટેલ (H. Secondary) અમદાવાદ
૨ શ્રી સુરેશકુમાર એમ. પટેલ (T.Y.B.A) હરીપુરાકંપા
વિદ્યાર્થીની પ્રતિનિધિ : કુમારી હંસાબેન પી પટેલ (S.Y.B A.) ધરમેડાકંપા
સલાહકાર સમિતિ : ૧ શ્રી ઇશ્વરભાઈ એન પટેલ
૨ શ્રી રતીલાલ કે. પટેલ
૩ શ્રી હીરાભાઈ એસ. પટેલ
૪ શ્રી ભાઈલાલભાઇ કે. પટેલ
૫ શ્રી રતીલાલ ડી. પટેલ

સભાના પ્રમુખ મુ. શ્રી જેઠાભાઇએ વિદ્યાર્થીઓને મીઠ્ઠુર શબ્દોમાં આવકાર્યા હતા. વિદ્યાર્થીઓમાં જાગૃતિ આવે તેમજ શિસ્ત અને સમયસુચકતાની અગત્યતા પર ભાર મૂકી સુંદર વકતવ્ય આપ્યું.

નવા વરાયેલા પ્રમુખ શ્રી પ્રવીણ પટેલે નવા વર્ષની પ્રવૃતિનો આછો ખ્યાલ આપ્યો અને "અમદાવાદમાં જ્ઞાતિના છાત્રાલયની જરૂરીયાત" અંગે રજુઆત કરી. ઉપરાંત વિદ્યાર્થીઓમા સંગઠન અને સહકારની ભાવના વિકસે તેમજ સમાજમાં શિક્ષણનું સ્તર ઉંચુ લાવવા વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો.

આભારવિધિ અને અલ્પાહાર બાદ સભાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી.

જશુભાઇ પટેલ : મંત્રી શ્રી ક. ક. પા. વિ. મંડળ, અમદાવાદ

" જાહેર વિજ્ઞપ્તિ "

આથી સર્વ સાધારણ જ્ઞાતિબંધુઓને તેમજ શુભચિંતકોને જણાવતાં હર્ષ થાય છે કે અમારી " શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ, કલકત્તા 'ની ઓફિસ સ્થાયી-રૂપે " પાટીદાર સમાજવાડી " ૭, ગુપ્તલેન, કલકત્તા-૭૦૦૦૦૬માં ફેરવાતાં હવે પછી ભવિષ્યનો તમામ પત્રવ્યવહાર ઉપર મુજબના સરનામે કરવા નમ્ર વિનંતિ,


નિવેદન

શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ, કલકત્તા, ગત વર્ષની જેમ આ વર્ષે પણ આ જાહેર નિવેદન બહાર પાડતાં હર્ષ અનુભવે છે. આપણી સમાજમાં આર્થિક સ્થિતિએ નબળા એવા ઉચ્ચ કક્ષાએ (એસ. એસ. સી. અથવા ઉપર કક્ષાએ) અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓને શિક્ષણક્ષેત્રે મદદરૂપ થવા શિષ્યવૃતિ આપવાનું નક્કી કરેલ છે.

તો જે કોઇ ભાઈ-બહેનો આનો ઉચિત લાભ લેવા ઇચ્છુક હોય તેઓએ અરજીપત્ર મોકલી 'શિષ્યવૃત્તિ ફોર્મ' વહેલી તકે મંગાવી લેવા વિનંતી કરે છે. અરજીપત્ર મોકલતી વખતે પોતાનું સરનામુ લખેલ જવાબી ટીકીટવાળુ કવર મોકલવું જરૂરી છે.

રતનશી એલ. પટેલ B. Com. (Hons.) (c.u.)
માનદમંત્રી : શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ

સમય અને મહેનત બચાવો ✻



"પોકારનું"

ઇલેકટ્રીક પાવરથી ચાલે

છાસ

બનાવવા માટેનું

વલોણા યંત્ર


—તદ્દન આધુનિક તેમજ આકર્ષક મોડેલોમાં વસાવી ઘરની શાન વધારો.

વિક્રેતા :—

વિક્રેતાઓ :—
(૧) આશા ઓટોમોબાઇલ્સ — ભુજ
(૨) ગીતા ઇલેકટ્રીકલ્સ — ધનસૂરા
(૩) મહાલક્ષ્મી વાઈન્ડીંગ વર્કસ — દેમાઇ
(૪) અંબિકા ફર્ટિલાઇઝર્સ — મેડાસા
(૫) શ્રેયસ એજન્સી — રાજકોટ
(૬) હસમુખ એન્જીનીયરીંગ કું. — વિસાવદર
(૭) ઉત્તમ ઓટોમોબાઈલ્સ — નાગપુર
(૮) શંકર વિજય ટીમ્બર કું. — ગંજ બસોડા

● ઉત્પાદક : **મે. પોકાર એન્જીનીયરીંગ કોર્પોરેશન**


૮, લલીતા ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ
નાગરવેલ હનુમાન રોડ
રખીઆલ
અમદાવાદ—૩૮૦ ૦૨૩



ગરૂડ એન્જીનીયરીંગ કોર્પોરેશન તરફથી નિયુક્ત થયેલા એજન્ટો

એજન્ટ	રાજ્ય
૧ જીવાજી લાલજી પટેલ સરદાર પટેલ ટીમ્બર માર્કેટ નાગપુર-૩	મહારાષ્ટ્ર
૨ ગીતા ઈલેક્ટ્રીકલ્સ મુ. પો. ધનસુરા જિ. સાબરકાંઠા	ગુજરાત
૩ નાકરાણી સો મીલ નાગપુર રોડ, જબલપુર	મ. પ્ર. સાગર, ઈન્દોર, જબલપુર વિસ્તાર
૪ ચાંદબાલી ટીમ્બર ટ્રેડર્સ મુ. પો. ચાંદબાલી જિ. બાલાસોર	ઓરીસ્સા
૫ પ્રકાશ ટીમ્બર કોર્પોરેશન ૧૫/૧ F નીરોદ બીહારી મલીકરોડ કલકત્તા-૭૦૦૦૦૬	આસામ
૬ પ્રગતિ ટીમ્બર કું. ૧૭૬A જેસોર રોડ કલકત્તા-૭૦૦૦૫૫	વેસ્ટ બેંગાલ
૭ પ્રભાત હાર્ડવેર સ્ટોર્સ ધારવાર રોડ, મુ. પો. બેલગામ	મહારાષ્ટ્ર અને કર્ણાટક
૮ ભગવતી સો મીલ ફાફાડીહ, રાયપુર (મ. પ્ર.)	મ. પ્ર. ના બસ્તર અને રાયપુર જિલ્લા

લી. ગરૂડ એન્જીનીયરીંગ કોર્પોરેશન વતી, વિશ્રામ હંસરાજ પટેલ


LAXMI
LAXMI
Shree
LAXMI ENGINEERING WORKS
શ્રી લક્ષ્મી એન્જીનીયરીંગ વર્કસ
ગંગા સિમેન્ટ પાઈપ ફેક્ટરીની બાજુમાં,
નરોડા રોડ, અમદાવાદ-૩૮૨૩૪૦
ફો. નં. ૮૨૬૫૫૨
બેન્ડ સો એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઈપણ જાતના
સ્પેર પાર્ટસ માટે

-: સો મીલ માલીકો માટે ખુશ ખબર :-

sharpex®



"શાર્પેક્ષ" બ્રાન્ડ ચેઇન સો મશીન

ચેઈન સો મશીન જે પાવરથી ચાલતા આડિયા તરીકે સર્વ માન્ય છે. જે બે માણસોની સહાયથી આડા વાઢ કાપવા માટે ઘણું અનુકૂળ છે. જે સંપૂર્ણ વિદેશી ટેકનીકલ જાણકારી અને વર્ષોના અનુભવ પછી તૈયાર થયેલ છે. જેમાં કાંઈ બગડવાનું કે રીપેર કરવાનું રહેતું નથી.

આપ એક વખત "શાર્પેક્ષ બ્રાન્ડ ચેઈન સો મશીન" વસાવો અને રોકાણથી અનેક ઘણું વળતર મેળવો.

વધુ પુછ પરછ અને માહિતી માટે
મળો યા લખો:
શ્રી ભારત સો મીલ
વિભાગ ત્રણની સામે, ગીતામંદિર,
લાટી બજાર, અમદાવાદ-૨૨
ફોન નં. ૫૨૨૫૭ અને ૮૨૨૪૩

બનાવનાર :

શાર્પેક્ષ એન્જીનીયરીંગ વર્કસ

પ્લોટ, ૧૨૯/૧૩૦ જી. આઈ. ડી. સી. એસ્ટેટ,
ઓઢવ (અમદાવાદ) ૩૮૨૪૧૫

* શ્રી ભારત સો મીલ ગીતામંદિર, અમદાવાદ-૨૨
* શકિત એન્જીનીયરીંગ વર્કસ દરિયાપુર ટાવર સામે, અમદાવાદ-૧
* ભારત ટીમ્બર માર્ટ નરોડા રોડ, અમદાવાદ.
* ભારત વુડ વર્કસ ગીતામંદિર, અમદાવાદ-૨૨
નો એન્જીનીયરીંગ વિભાગ


જંતુઓનો વિનાશ
પાકનો વિકાસ..

કીલેક્સ કાર્બારીલ

(બહોળી કાર્યશીલતા+વધુ સલામતી)



* પાકને નુકસાન કર્યા વિના લાંબા સમય સુધી અસરકારક * ૧૦૦ કરતાં પણ વધુ જાતની જીવાતથી પાકનું રક્ષણ કરે છતાં મનુષ્યો અને પ્રાણીઓ માટે પ્રમાણમાં સલામત.



કપાસ, ડાંગર, શેરડી, શાકભાજી, ફળફળાદી વિગેરે પાકમાં આવતી જીંડવાંની ઈયળો, મશી (મોલો), ફળમાખી, તડતડિયાં, કુદકિયાં વિગેરે જીવાતના અસરકારક અંકુશ માટે

Paushak **પૌષક લિમિટેડ**
એલેમ્બિક રોડ, વડોદરા-૩૯૦ ૦૦૩.

સ્ટોકીસ્ટ :—

- મે. ઘનશ્યામ ફર્ટીલાઈઝર, ગાબટ રોડ, બાયડ.
- મે. કિશાન ટ્રેડર્સ., એસ. ટી. ડેપો પાસે, મોડાસા.
- મે. પટેલ ફર્ટીલાઈઝર ટ્રે. કું. સ્ટેશન રોડ, હિંમતનગર.
- મે. અમર ફર્ટીલાઈઝર, સહકારી સંઘ સામે, ઈડર.

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદરોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા
પીન. ૩૮૩૩૧૦

ગ્રા. નં.

પ્રકાશક :
શ્રી વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

To.

Book – Post

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

જાગૃતિ

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન
સમાજ યુવક મંડળ તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ
આદર્શ રજુ કરતુ પ્રાણવાન માસિક

॥ શ્રી ઉમીયાય નમઃ ॥



તંત્રી : કાન્તિલાલ કે. પટેલ બી. એ.

વર્ષ : ૨૨ અંક : ૯ સપ્ટેમ્બર૧૯૮૦

જાગૃતિ

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૦|, પરદેશમાં શિલિંગ ૨૦ અને છૂટક નકલ કિંમત ૧ રૂા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૨૦૧| પરદેશમાં રૂા. ૨૫૧| નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઈ એન. પટેલ —પ્રકાશક

શ્રી. નાનજીભાઈ કે. પટેલ —આદ્યતંત્રી.

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ —તંત્રી.
બી. એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed.
સહતંત્રી : જાગૃતિ

: સંપાદકો :

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. Sc.
તલોદ.

શ્રી શામજીભાઈ એસ. પટેલ
વડાગામ

ડૉ. ધનજીભાઈ કે. પટેલ
જી એફ. એ. એમ., એલ. એમ. પી

ડૉ. હંસરાજ એમ. પટેલ M.B.B.S.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ M. Sc.

શ્રી અરજણભાઈ વી. પટેલ, એદલપુરાકંપા

શ્રી પ્રેમજીભાઈ એ. પટેલ, ધનસુરા.

શ્રી. રતિલાલ એમ. પટેલ

શ્રી વિઠ્ઠલભાઈ કે. ...



અગ્ર સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી-કચ્છ]

જન્મ :	સ્વર્ગવાસ :
સંવત ૧૯૩૮ વૈશાખ પુર્ણિમા	સંવત ૧૯૯૭ આસો વદ ચૌદસ

ગ્રાહક ભાઈ-બહેનોને સુચના

નવેમ્બર માસનો અંક દીપોત્સવી અંક તરીકે પ્રસિદ્ધ કરવાનો હોઇને ઓકટોબર-૮૦નો અંક બંધ રહેશે. જેની નોંધ લેશોજી.

卐

અનુક્રમણિકા

તંત્રીસ્થાનેથી

સંપાદક : કાન્તિભાઈ કે. પટેલ

આપણે સર્વસામાન્ય માણસો બૌદ્ધિક દષ્ટિએ પ્રામાણિક નથી. એનું કારણ દેહ મારા સુખાર્થે છે એવું આપણે સમજીએ છીએ. મને સુખ મળે એટલા માટે જ દેહ છે એવું સમજીએ છીએ. ખરી રીતે જોતાં દેહ કેવળ મારા સુખાર્થે નથી, પરંતુ કાર્યાર્થે અને આત્માના વિકાસાર્થે પણ છે. પરંતુ આપણને આવી પ્રામાણિક સમજણ નથી. તો પછી સાધના કરીને પણ આત્મશકિત કયાંથી મળે? પ્રામાણિક વાત એ છે કે જેનો દેહ છે– એટલે કે ભગવાનનો છે–તેના માટે દેહ વાપરવો જોઇએ. જે મારો દેહ ચલાવે છે અને સાચવે છે તે ભગવાન માટે હું દેહ વાપરીશ અને પછી મારા સુખને માટે પણ વાપરીશ. આવું કહેનાર માણસ પ્રામાણિક છે.

પોતાના સુખ માટે દેહ ન વાપરવો એવું ગીતા કહેતી નથી. ગીતા કહે છે કે પહેલો તકિયો તું કોને આપે છે આ મૂળ પ્રશ્ન છે. આપણને એમ લાગે કે પ્રભુનું કામ કરવાવાળા ઘણા લોકો છે અને તેથી આપણે પોતાનો દેહ પોતાના સુખ માટે જ વાપરીએ છીએ. આપણો દેહ ભગવાન જ ચલાવે છે તેથી કૃતજ્ઞતાથી પહેલાં મારે પ્રભુના કામમાં દેહ વાપરવો જોઇએ અને પછી મારા કામમાં દેહ વાપરવો જોઇએ. આ વાત નકકી થવી જોઇએ.

કેટલાક ધર્મોમાં સાંજની પ્રાર્થનાનું મહત્વ છે. પરંતુ, આપણા જૂના લોકોએ સવારની પ્રાર્થનાને બહુ મહત્વ આપ્યું છે. એનું કારણ ઊઠયા પછી પહેલાં ભગવાનનુ પૂજન અને ત્યાર પછી પોતાની પેટપૂજા, આ પ્રામાણિકતા છે.

પ્રામાણિકતાથી સાધના કરવી જોઇએ. શાસ્ત્રમર્યાદા પાળીને પ્રામાણિકતાથી પ્રયત્ન કરવો જોઇએ, પછી યશ મળે કે અપયશ મળે તેની ચિંતા કરવાનું કંઇ કારણ નહિ. માણસ પ્રામાણિકતાથી સાધના કરે તો તેના વિકાસની જવાબદારી ગીતા ઉપાડે છે. ગીતા કહે છે; **कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन**–ગીતા. વાંચનાર માણસ પ્રામાણિકતાથી સાધના કરતો જ રહે, તે કદી નિરાશ બને જ નહિ.

માણુસે જે કંઇ કરવું હોય તે હૃદય મૂકીને whole heartedly) કરવું જોઇએ. મન વગર (half heartedly) ન કરવું. માણુસ સત્કર્મ ન કરે તો ન કરવાનુ પાપ લાગે માણુસ એ વાત ખરી; પણ તેને અપ્રામાણિકનું પાપ ન લાગે. માણુસ ભકિતમાં, પ્રેમમાં અને શ્રદ્ધામાં અપ્રામાણિક ન રહે, તો તે સત્યનું આચરણ કહેવાય.

બીજું તત્ત્વ તપ છે. તપ કરનાર મફતનું માગે નહિ. સાધના કરવા માટે પ્રામાણિકતા હોવી જોઇએ અને તપની તૈયારી હોવી જોઇએ. તપ એટલે વિશિષ્ટ ધ્યેય હાંસલ કરવા માટે સુખ–દુઃખ સહન કરવા સાધના કરતી વખતે જીવનમાં સુખ–દુઃખ આવવાનાં જ. તે સહન કરવાં જોઇએ.

એક ભાઇ કહે; 'હું સાધનાની શરૂઆત કરૂં છું કે તરત અગવડ આવીને ઊભી રહે છે' આ માણસની તપ કરવાની તૈયારી નથી. ગીતાકાર કહે છે : **प्रत्यवायो न विद्यते**-

જીવનમાં અગવડ આવે તો સમજી લેવાનું કે ભગવાન આપણી પરીક્ષા કરે છે, અથવા તો આપણી મક્કમતા વધારવા માટે ભગવાન અગવડ મોકલે છે. જેટલી મોટી અગવડ આવે તેટલી વધારે મક્કમતા જીવનમાં આવે. અગવડ આવ્યા વગર પ્રતિકાર શકિત કયાંથી વધે? અગવડ વગરનું જીવન એટલું મોળું જીવન–

સત્ય એટલે પ્રામાણિકતા અને તપ એટલે ક્રિયા કરવાની તૈયારી જીવનમાં આ બે ગુણો આપણી પાસે હોવા જોઇએ. હું ભગવાનને માનું છું. અથવા ગીતાને માનું છું. તો મારામાં પ્રામાણિકતા હોવી જોઇએ. હું ભગવાનને માનું છું અથવા ગીતાને માનું છું. એવું કહેતાં શરમ ન આવવી જોઇએ. તો જ જીવનમાં પ્રામાણિકતા છે એમ કહેવાય.

★ ★ ★

☐ એક પતિ પત્નીનો કોઇક કારણોસર ઝઘડો થયો હશે છતાં તે બંને સાંજે કાંકરીએ ફરવા નિકળ્યા. એવામાં સામેથી એક ગધેડો આવતો જોઇ પતિને મશ્કરી કરવાનું મન થયું અને પત્નિને કહ્યું જો તારા સગા આવે. એટલે પત્નિએ તરતજ લાજ કાઢી આથી પતિએ આશ્ચર્યપામી પુછયું તેં લાજ શા માટે કાઢી તો પત્નીએ જવાબ આપ્યો. સસરાની તો લાજ કાઢવી પડે ને.

☐ એક શેઠે હોટલમાં જઇને ઓર્ડર આપ્યો. વેઇટર જે કાંઈ ગરમાં ગરમ હોય તે આવવા દે. આથી વેઇટરે સગડી લાવીને ટેબલ ઉપર મુકી દીધી.

આદર્શ સમાજ

સંકલન :-
નાનજીભાઇ મેઘજીભાઈ પટેલ અમદાવાદ

અમદાવાદ સમાજવાડીના ઉદ્‌ઘાટન વખતે શ્રી હરિભાઈ કોઠારી એ આપેલ ચિંતનીકાના આધારે.

આદર્શ સમાજ કોને કહેવાય ? જે સમાજમાં સ્થાન, માન અને જ્ઞાન ત્રણે હોય તે આદર્શ સમાજ.

મળવા માટેનુ સ્થાન તે સમાજવાડી લગ્ન, માટે, મીટીંગ માટે, મળીએ તેમ જીવન દર્શન માટે મળતા રહીએ તો તે સ્થાનમાં પાવિત્ર્ય આવતાં માન જાગે, જે સ્થાનમાં મળે તે સ્થાનનું ને એકબીજાનું (મળનારનું) માન જળવાય તે માટે જ્ઞાન.

ઘણી જગ્યાએ સ્થાન હોય, મળતા હોય ખરા, પણ માન જાળવવાની વૃત્તિ ન હોય તો લડીને ઊઠે, તેથી જે સમાજના સ્થાનમાં માન જાળવવાની વૃત્તિ તૈયાર કરવા સમજદારી મેળવવાની પ્રક્રિયા ચાલતી હોય તે આદર્શ સમાજ.

આદર્શ અરીસો, અરીસો જેમ સ્પષ્ટ ચિત્ર રજુ કરે તેમ નવી પેઢીને આદર્શ આપીને સ્પષ્ટ માર્ગદર્શન રજુ કરે તે સમાજ આદર્શ. તે માટે સમાજમાં સ્પષ્ટ વકતા હોવા જોઇએ. કડવું કહેનારા છતાં પ્રેમ રાખનારાનું સમાજમાં નેતૃત્વ હોવું જોઇએ. (એક નાનો છોકરો અપર મા ઉછેરે, એક જણાએ પુછ્યું કઇ મા સારી ? છોકરાએ કહ્યું નવી ! કેમ ? નવી સાચો બોલી છે જુની જૂઠા બોલી, કઇ રીતે ? ખાવા નહી આપું કહીને નવી નથી આપતી ને જૂની આપતી'તી') કડવાશની પાછળ મીઠાશ દેખાતી હોય તે આદર્શ સમાજ

શબ્દાર્થ પ્રમાણે જોઇએ તો **समज** =પશુઓનું ટોળું પણ **अ** કાર ઉમેરાતાં **समाज**=સમજદાર માનવસમુહ થયો.

अकारो वासुदेवस्य ગીતામાં કહેલ છે. તેથી જે સમાજમાં ભગવાનનુ સ્થાન ટકી રહે તે આદર્શ સમાજ

માનવ માનવ વચ્ચે ઐકય માટે સમજદારી જોઇએ જ અને સમજદારી શાનાથી ટકે ? "ઇશ સંતાન છીએની સમજણથી" ભગવાનના પિતૃત્વ હેઠળ માનવ જાતનું ભ્રાતૃત્વ શકય બને તેથી જે સમાજમાં રામ રમતો દેખાય, ઈશ ખીલેલો દેખાય તે આદર્શ સમાજ.

અને આવા સમાજના સભ્યો કેવા હોય ? સાક્ષાત લક્ષ્મીને સ્વયં આવીને રહેવાનું મન થાય તેવા. એક સુભાષિત કારે કહેલ છે.

उत्साह संपन्न अदीर्घसुत्री
क्रियाविधीज्ञं व्यसनेष्व सक्तम्
शूरंकृतज्ञं दढ सौह्रदंच
लक्ष्मी स्वयंयाति निवास हेतो ।

उत्साह संपन्न : ઉત્સાહથી ભરેલા હોય નકામા બેસી રહેલા નહી. એક ભાઇને પૂછ્યું શું કરો છો ? તે કહે શું પુછો છો મુજને હું શું કરુ છું હું છું કરું છું બસ ખાધા કરું છું" ઉત્સાહથી ભરેલા કાર્ય કરો હોય તો, આજે પરાણે પરાણે થતાં રહેલાં કામોને બદલે સમાજનાં કામો સહજતાથી થાય. ઉત્સાહ શાનાથી ? ભકિતથી મૂળ તરફ દષ્ટિ હોય તો ડાળાં પાંદડાં એકજ છીએ તે સમજાય તેમજ એકજ ભગવાનના દીકરા છીએ એ ભકિતની દષ્ટિ આવતાં સાચું ઐકય નિર્માણ થાય અને ઉત્સાહ ટકે.

अदीर्घसुत्री – વિલંબ ન કરનાર, સ્ફુર્તિશાળી સમાજના સારા કાર્યમાં વિલંબ ન કરતાં વિચારને ગતિ આપનાર વી આર હીયર એન્ડ ફરગેટ, વી સી બટ નોટ રીમેમ્બર સાંભળીને ભૂલી જવાય, ને જોઇને યાદ રહે તે માટે જીવનમાં મળેલી સારી વાતો કાર્યાન્વિત કરવી જોઈએ (સાંભળેલા કરતાં જોયેલું જોયેલા કરતાં લખેલું, લખેલા કરતાં કહેલું વધારે યાદ રહે છે) આઈ ડુ એન્ડ અન્ડર સ્ટેન્ડ–પ. પૂ. દાદા કહે છે કે પાઠશાળામાં સંભળાય ને ભકિત ફેરીમાં સમજાય પણ તેમાં વિલંબ ન કરીએ તો (ડીલેઇઝ ડેન્જરસ) સમય સરીજાય તો સારીવાતોનો રસ ચાલ્યો જાય છે. **कालः पिबति तद्रसम्**–

ટેન્ડર ભરવામાં વિલંબ ચાલતો ન હોય, ખરીદી વખતે હરાજીમાં બોલી બોલનાર રહેજ ચૂકે તો સોદો ગુમાવી બેસતો હોય, બસમાં બેસનાર ટાઇમ ન સંભાળે તો ચૂકી જતો હોય તો જીવન માટે વિલંબ કરનાર શું પામે ? ગેઈમમાં ને લાઇફમાં ચેલેન્જ છે. રમનારને છેલ્લો બોલ કયો છે તેની ખબર નથી તેથી સફળતા પૂર્વક રમે છે તેમ છેલ્લો દિવસ કયો છે તેની ખબર નથી છતાં આપણે ગાફેલ રહીએ તો ? આશ્ચર્યજનક કહેવાય કે નહી ? યુધિષ્ઠિર યક્ષ સંવાદમાં યક્ષે પૂછેલા પ્રશ્નોમાં એક પ્રશ્ન છે **किमाश्चर्य** ? જગતનું આશ્ચર્ય શું ? યુધિષ્ઠર જવાબ આપે છે.

"ઘડપણ અને દુઃખમાં કણસતા અનેકને જોવા છતાં માણસ મસ્તીમાં મહાલે છે તે, અને અનેકને ખભો આપીને આવ્યા છતાં પહોંચાડનારને લાગતું નથી કે મારે પણ જવું છે." આ જગતનું મોટું આશ્ચર્ય છે એટલા માટે સારા કાર્યમાં વિલંબ ન કરવાનું સંતો કહી ગયા છે, "કાલકરે સો આજ કર આજ કરે સો અબ, અવસર બીતા

જાત હૈ, ફીર કરેગા કબ" પણ આપણે કહીએ છીએ.

"આજ કરે સો કાલ કર, કાલ કરે સો પરસોં ! પરસોં પરસો કયા કરતા હૈ, જીના હૈ તુજે બરસોં !" વરસો સુધીનો વારસો મળેલો છે. સમજી સાત પેઢીની વ્યવસ્થામાં રહીને પોતાની અવ્યવસ્થા થઇ જાય છે તેથી ચતુર-માણસ વિજળીના ઝબકારામાં પણ સોયમાં દોરો પરોવીને -એકાદ ટાંકો લઇ શકે છે, તેમ શાણા માણસો વીજળીના ઝબકારા જેવા અલ્પ જીવનમાં પણ વિકાસ સાધી લેવો જોઇએ એટલા માટે **अदीर्घसुत्री** અરમાનોનાં ઊંટ એકાદ એકાદ ઊભાં થવાનાં જ છે. તેમાં જે જાગૃત રહીને સારા વિચારોને ગતિમાન કરી શકે તે આદર્શ.

किया विधीज्ञं :- કાર્યની મેથડ (પધ્ધત્તિ) જાણનાર વિધીવગર નિષ્ફળતા મળે છે. કવર નાખવું હોય ૩૫ પૈસાની ટિકિટના બદલે ૩૫ પૈસા ડબ્બામાં નાખીએ તો ? પૈસા પોસ્ટ-મેનના ખિસ્સામાં જાયને ટપાલ નોટ પેડ થાય; ઠીક લાગે તેમ કરૂં, ટપાલ નાખવામાં ન ચાલતું હોયતો સમાજ જીવનમાં ચાલે ? સમાજ જીવનમાં પ્રેમ નિર્માણ કરવા માટે કાર્ય પદ્ધતિની જાણકારી હોયતો આદર્શ સમાજ—ઘણા કહે આપણે હમજીએ બમજીએ નહિ, કરીએ—ને ઘણા સમજે પણ કરે નહિં સમજે અને કરે નહિં તે દંભી છે, ને સમજ્યા વગર કરવાવાળા મહેનત કરીને યોગ્ય ફળ મેળવી શકતા નથી, તેથી સમજીને કરીશ માં સાર છે. અને એટલા માટે **किया विधीज्ञं**, સમજ્યા વગર કરવામાં ફળ મળે પણ ઓછું થઇને (એકભાઇ લોન્ડ્રીમાં ઉછીનાં કપડાં—ભાડેકાર—મીઠાઇવાળાને ૫૦૦૦ લાડુનો ઓર્ડર ચૂકતે ૨૦૦/– રૂા. આપી દીધા પછી ઝવેરીબજારમાં હાર ખરીદ્યો. ૫૦૦૦/–રૂા. અરરર પૈસા ભૂલ્યો—સીનીયર મહેતાજી સાથે ટેક્ષીમાંજતાં - મીઠાઇવાળા—ટેક્ષી ઉભી રાખી "આપણને બધાય ઓળખે છે—મારા ઘર સુધી દૂર આવવું એના કરતાં મીઠાઇવાળો તમને ૫૦૦૦/– દઇ દેશે—હોર્ન—૫૦૦૦/– આપી દેજો—ભલે-પુરા ગણીને-સારું-ટેકસી ગઇ—મીઠાઇનો ટોપલો—સમજ્યા વગર ફળ મળે ૫૦૦૦/–નું ૨૦૦/– થઇને- તેથી પ્રત્યેક કાર્યમાં સમજદારી પૂર્વક કરવામાં સાર છે સમજદારીનું નામ—સમાજ—સમજદારી વગર ભજન, કથા, આખ્યાન, સંભળાય—સમજાય નહી. સ્વાધ્યાય પણ સમજદારી વગર વાડો લાગે—**व्यसनेष्वसक्तम्** :- વ્યકિત જીવન અને સમાજજીવનમાં વ્યસનો ઘટવાં જોઇએ. **विशेष अशनं इति व्यसनं** પ્રમાણ કરતાં વધારે લેવું તે વ્યસન રોટલી પાંચની દસ ખાયતો ખાવાનું, ચા એની બાર પીએ તો ચાનું કપડાં છ જોડીને બદલે સોળ જોડી હોયતો પહેરવાનું વ્યસન કહેવાય

ખાવા પીવાનું, પહેરવા ઓઢવાનું વ્યસન હોય તેમ સમાજમાં પણ ટાંટીયા ખેંચવાનું વ્યસન હોય છે. એક-બીજાના પગ ખેંચવામાંથી જ ઘણા ઉંચા નથી આવતા–પણ પગ ખેંચવા-વાળાને નીચે જવું પડે છે. ને હાથ આપવાવાળાનું સ્થાન ઉપર હોય છે. સમાજમાં હાથ આપીને ઉપર લેવાવાળા વધવા જોઇએ પગ ખેંચવાનું વ્યસન હોય તેમ ઘણાને નિંદાકુથલીનું વ્યસન હોય છે–પડખે બોલાવીને કહેવાની ટેવ ભયંકર પરિણામો લાવે છે " કાનમાં કહું " કહીને સવારમાં શું જમ્યા ! એટલું જ પૂછીને પણ તે વ્યકિતને બીજી વ્યકિત સાથે વેરઝેર ઉભાં કરી દે છે. (હું કહું છું. તમને, તમે ન કહેતા કોઇને ?) ફલાણાનો છોકરો આવોને, ફલાણાની વહુ આવી, આ નિંદા–કુથલીનું વ્યસન છે. કેટલાકને મોટાઇ મેળવવાનું વ્યસન હોય છે.

ખાવા પીવાનું પહેરવા ઓઢવાનું વ્યસન વ્યકિત જીવનમાંથી અને પગ ખેંચવાનુંને નિંદાકુથલીનું ને મોટાઇ મેળવવાનું સમાજ જીવનમાંથી જાય તે માટે સતત જાગૃત બની પ્રયત્નો કરતો રહેલો સમાજ તે આદર્શ સમાજ–

વ્યસનોમાંથી છૂટવા માટે જેના પ્રત્યે ભાવ છે તેને જોડે રાખવાનો રામકૃષ્ણ પાસે બેરીસ્ટર–ગુરુતુલ્યમાને ભાવથી જાય દારૂ છૂટતો નથી તેવી કબુલાત રામકૃષ્ણે કહ્યું વાંધો નહીં પી, પણ આજ પછી મને આપીને પીજે તારા જેવો શાણા માણસ પીવે છે તો તેમાં શું છે, હું પણ ચાખુ રામકૃષ્ણને અપાય નહિંને આપ્યા વગર પીવાય નહીં ગુરૂની મૂર્તિ ધ્યાનમાં આવતાં વ્યસન છૂટે ભગવાનને ગમશે ? ભાગીદારને શું લાગશે ? તે વિચારોથી નિર્વ્યસની આવો સમાજ થાય તે આદર્શ સમાજ.

શૂરં = શૂરવીર = વિકારોને વશ ન થાય તે "લાઇફઇઝફાઇટ" જીવનમાં સુખ, – દુઃખ, જય પરાજય, લાભ, હાનિની લડાઇ ચાલતીજ રહેલી છે. તેમાં હું કયાં ખેંચાઉ છું બુધ્ધિ કયા વિચારોનું સમર્થન કરે છે. તે માટે શૂરં – રસ્તામાં પેન – એકમન લેવાનું કહે એકમન ના પાડે દલીલોમાં બુધ્ધિ જે મનનું સમર્થન કરે તેની જીત છે તેથી બુધ્ધિમાં સારા વિચારોનું પ્રાબલ્ય વધે તો સાચો વિજય – સારા વિચારો માટે બુધ્ધિ વિશુધ્ધ થવી જોઇએ અને સ્વાધ્યાય ધ્વારા બુધ્ધિનું સ્નાન થાય છે. તેથી વિશુધ્ધ થતી રહેલી બુધ્ધિ વિકારોને વશ થતી નથી તેથી વિજય મેળવી શકે છે.

કૃતજ્ઞં –કરેલા ઉપકારો અને મળેલો પ્રેમ ભૂલે નહિં તે મર્યાદાના પાઠ પિતાને શીખવાડે એવો સમાજ ઊભો થાય તો આદર્શ સમાજ – યુવાન પાસે પાંખ છે. આંખ નથી – યુવાનને અનુભવની આંખ મળે તો શકિતની

પાંખથી ઊંચુ ઉડ્ડયન કરી શકે ડી.બી.ટી કેન્દ્રો એટલા માટે જ ચાલે છે. નવી પેઢીને યોગ્ય દ્રષ્ટિ મળતાં જૂની પેઢીને કૃતજ્ઞતાના પાઠ શીખવાડી શકે છે. રામે તે કરી બતાવ્યું (બહુપત્નિત્વ) મર્યાદાના પાઠ પિતાને ભણાવ્યા શિવ ધનુષ્યભંગ છતાં પિતાની આજ્ઞા પછી સીતા વરું ! પરાક્રમ છે કૌશલ છે છતાં ભાવ – માતાપિતા પ્રત્યે ઋષિઓ પ્રત્યે, સમાજ પ્રત્યે, રાષ્ટ્ર પ્રત્યે કૃતજ્ઞતા કરેલા ઉપકારોને પ્રેમનું સ્મરણ જાગૃત રહેવું જોઈએ સ્મરણથી શકિત મળે વિસ્મરણથી વિનાશ – (સીતાને પરંપરાનું સ્મરણ) થતાં લક્ષ્મણરેખાનો ભંગ કરેલ જીવન વિકાશ માટે માતા પિતા ગુરુ સમાજ રાષ્ટ્ર ઋષિઓ – ભગવાન જે હોય તે પ્રત્યે કૃતજ્ઞતા જાળવનારા સભ્યો જેમાં હોય તે આદર્શ સમાજ.

दृढ सौहृदंत्र :– દઢમૈત્રિ સમાજમાં ગમે તે સ્તરના લોકો સાથે સમરસ થવાની કલા– નાના મોટા– ભણેલ અભણ ગરીબ–તવંગર, માલિક મજુર, ખેડૂત–વેપારી, પ્રમાણીક–પોલીટીકસ અનેક સ્તરના લોકો વચ્ચે મૈત્રી શકય કયારે બને ? સમાજના પ્રત્યેક સભ્યો કયારેક પોતાનો ઝભ્ભો (પ્રોફેસર શેઠ મજુર સત્તાધીશ ઇ.) ઉતારીને સાથે બેસતા હોય ત્યારે સ્વાધ્યાય કેન્દ્રો એટલા માટે જ છે. તે સમય દરમ્યાન એક સમાજના સભ્યો છીએ એકજ પિતાનાં સંતાન છીએ તેથી એકજ છીએ, એક થવા મળીએ છીએ. આવા વિચાર મળતા હોય છે. તેથી દ્રઢમૈત્રી જાગૃત કરવા સંગતિકરણ અને મૈત્રીકરણ માટે જે સમાજમાં જાગરૂક પ્રયત્નો થતા હોય તે આદર્શ સમાજ—

ઉપરોકત સુભાષિત દ્વારા સુભાષિતકારી જણાવેલ તે મુજબ જે સમાજમાં ઉત્સાહ સ્ફૂર્તિ સંયમ મર્યાદા પરાક્રમ શૂરવીરતા પ્રેમ આત્મિયતા જાગૃત પણે જોવા મળે તે આદર્શ સમાજ– આવા સમાજને સ્થાન હોવું જોઇએ સંગતિકરણ માટે– પણ ભેગામળીને ઝગડીને ઊઠવું ન પડે તે માટે એક બીજાનાં માન જાળવવાની વૃત્તિ તૈયાર થાય તો મૈત્રીકરણ થાય. અને તે થતાં એક બીજાનમાં મતભેદ કદાચ થાય તો પણ મનભેદ નિર્માણ ન થાય તેવી સમાજદારી આવે તે આદર્શ સમાજ —

અને સમાજદારી (જ્ઞાન) મેળવીને માન જાળવવાની વૃત્તિ તૈયાર કરવા માટેનું સ્થાન તે સમાજવાડી— વાડી અને ખેતરમાં ફરક છે. જેમાં વૃક્ષ ફુલ–ફળને જળ હોય તે વાડી નહીં તો ખેતર એટલે જે મકાનમાંથી વૃક્ષની પરોપકારીતાનાં ફુલની સુંગધને મૃદુતાના ફળોની મીઠાશને પાચકતાનાને જગાની ભિનાશને પવિત્રતાના વિચારો મળતા રહે તે સમાજવાડી અને તેવો સમાજ. તૈયાર થાય તે આદર્શ સમાજ —

જીવનનું પગથિયું..... ✱

પટેલ બિપીનચંદ્ર જે.
બદામકંપા.

સાંજનો સમય હતો. ગામની બહાર આવેલા નાનકડા લક્ષ્મી નારાયણના મંદિરમાં હું દર્શન કરવા ગયો હતો. ત્યાં નિવાસ કરતા એક મહારાજે મને કહ્યું. 'ભાઇ, મારુ કહ્યું માનશો ?' 'આજ્ઞા કરો' 'હું કહું તે દિવસે ઇશ્વર ભક્તિ કરશો. ?' 'ક્યે દિવસે, મહારાજ ?' '[illegible]રણની એક દિવસ અગાઉ ઇશ્વર ભક્તિ કરજો.'

આ ઉપદેશ સાંભળી હું વિચારમાં પડી ગયો. મેં પુછ્યું 'મહારાજ' હું ક્યારે અને કેટલા દિવસો બાદ મરવાનો છું તે જાણતો નથી. તો પછી મારા મરણનો આગલો દિવસ હું કઇ રીતે જાણી શકું'

મહારાજે જરા હસી ધીર ગંભીર સ્વરે કહ્યું : 'ખરી વાત છે ભાઇ આપણને આપણા મૃત્યુ વિષે કશી જ ખબર નથી હોતી કદાચ આપણું મોત કાલે જ આવી ઊભું રહેશે. માટે ચાલ આજથી જ ઈશ્વર ભક્તિ કરવા માંડ' અને જો કાલે મોત ન આવે તો પરમ દિવસે આવશે. એમ માની તરત પાછો પ્રભુની પ્રાર્થના કર ? પછી પ્રાર્થનાનું ફળ શું છે. અને દુ:ખોનું મુળ શું છે. તે તને આપો આપ સમજાઈ જશે.

જાણવા જેવું.... ✱

જીતેન્દ્રકુમાર બી. પટેલ
હીંમતનગર.

- ☐ ભારતમાં સૌ પ્રથમ કાગળનું કારખાનું કલકત્તા પાસે બાલીમાં ઇ: સ ૧૮૬૭માં સ્થપાયું.
- ☐ ભારતમાં સૌ પ્રથમ સીમેન્ટનું કારખાનું મદ્રાસમાં સને ૧૯૦૪માં સ્થપાયું.
- ☐ ભારતમાં સૌ પ્રથમ લોખંડનું અને પોલાદનુ કારખાનું પંજાબ બંગાળમાં ફલટી ખાતે ૧૮૮૯માં સ્થપાયું.
- ☐ ભારતમાં સૌ પ્રથમ સુતરાઉ કાપડનું કારખાનું મુંબઇમાં સને ૧૮૫૪માં સ્થપાયું.
- ☐ ભારતમાં સૌ પ્રથમ તેલની રીફાઇનરી આસામમાં દીગ્બોઇ ખાતે ૧૮૮૯માં સ્થપાઇ.
- ☐ ભારતની સૌ પ્રથમ મેડીકલ કોલેજ સને ૧૯૦૪માં મુંબઈમાં "ગ્રાન્ટ મેડીકલ કોલેજ સ્થપાણી તે ૧૦ વિદ્યાર્થીઓથી શરૂ થઇ હતી.
- ☐ ભારતમાં સૌ પ્રથમ બાળકો માટેની અંધશાળા અમૃતસરમાં સને ૧૮૮૭માં થઇ.
- ☐ ભારતમાં સૌથી મોટી ડેરી મુંબઇની "આરે મિલ્કકોલોની" છે.
- ☐ ભારતમાં સૌ પ્રથમ એસ. એસ. સી ની પરીક્ષા ઇ. સ. ૧૮૫૯/૬૦માં શરૂ થઇ હતી.
- ☐ ભારતનું સૌ પ્રથમ રેડીયો સ્ટેશન સને ૧૯૨૭ના જુલાઇ માસમાં મુંબઇમાં સ્થપાયું.

વિયોગ ×

પટેલ હેમંતકુમાર મહેન્દ્રભાઇ
ઓઢવનગર. (મોતેસરી)

" પ્રિયતમા ગઇ મારી મૂકી મને એકલો,
નાનાં હતાં અમે, સ્નેહથી બંધાયેલાં.
કાચો તાંતણો સ્નેહનો ! તૂટતાં લાગે વાર,
શું થવાનું છે મારું ! હવે આજ અને કાલ.
થતું અમારું મિલન પ્રેમનું, હતી એ ત્યારે,
કરતાં વાતો પ્રેમની ઘડી એ ઘડીમાં !
સ્વપ્નાં આવે નીંદમાં પ્રિયે તારા નામનાં,
થાય નીંદ હરામ જાગી જોઉં હું તને.
ફાંફાં માર્યાં ઘણાં પણ ન મળે તું મને,
વિયોગ તારો ભારે પડયો શું કરૂં હું હવે ?
શા જોઉં તારી હું, મળીશ તું કયારે મને,
રાતદી' પડે ન ચેન કારણ વિયોગ તારો.

જીવન એટલે ? ....

દિનેશકુમાર ડી. પટેલ
રમોસકંપા.

★ જીવન એક ગ્રંથ છે. — એનો અભ્યાસ કરો.
★ જીવન એક સૌંદર્ય છે. — એની ઉપાસના કરો.
★ જીવન એક પડકાર છે. — એને ઝીલો.
★ જીવન એક તક છે. — એને ઝડપી લો.
★ જીવન એક વિવાદ છે. — એમાંથી ઉગરી જાઓ.
★ જીવન એક સ્વપ્ન છે. — એને સાકાર કરો.
★ જીવન છે. કરૂણતા — એનો મુકાબલો કરો.
★ જીવન એક ગીત છે. — એનું ગૂંજન કરો.
★ જીવન એક પ્રેમ છે. — એને માણી જુઓ.
★ જીવન એક સાહસ છે. — કરી જાવ.
જીવન એક ખેલ છે. — ખેલી નાખો.
★ જીવન એક વચન છે. — તેનું પાલન કરો.
★ જીવન એક સંગ્રામ છે. — એનો સ્વીકાર કરો.
★ જીવન એક ફરજ છે. — તેનું પાલન કરો.
★ જીવન એક આશીર્વાદ છે. — અજમાવી જુઓ.
★ જીવન એક યાત્રા છે. — એ પૂર્ણ કરો.

સોનેરી "સુવાકયો"

ચંદુલાલ આર. પટેલ
શંકર સો મીલ, બરપાલી (ઓરિસા)

- મંદિરમાં પ્રગટાવેલા અસંખ્ય દીવડાઓ કરતાં પણ અંતરના ઉંડાણમાં પ્રગટાવેલો શ્રદ્ધાનો દીપક આત્માને વધુ પ્રકાશ આપે છે.
- સ્ત્રીઓની સ્થિતી સુધરે નહિ ત્યાં સુધી જગતના કલ્યાણની કોઇ સંભાવના નથી જેમ પંખી એક પાંખથી ઉડી શકતુ નથી.
- જીવનના આરંભે જ એના અંતનું ચિંતન કરવુ એ મૃત્યુને મોટી રીતે યાદ કરવા જેવું છે.
- જીવન એજ જીવનનો હેતુ છે જીવન પોતેજ જીવનની દિશા છે જીવન અંતરશકિતથી ગતિશાલ છે અને જેઓ જીવે છે તેઓ અનંતને સથવારે જ જીવે છે.
- અન્યને ઉપદેશ આપવાળા જગતમાં અનેક મનુષ્યો છે પણ પોતે ઉપદેશેલું પાળી બતાવનાર લાખો-માં એકાદ હોય છે.
- સમાજના આજના દુઃખોનું મુળ માનવીના સ્વભાવમાં નથી, પણ માનવીના માલિકીના હકકમાં રહેલું છે.
- સિકકાની દોલત તો આવે ને જાય છે પણ જો એક વખત દિલની દોલત ખોઇ બેસસો તો પછીએ આવતી આવશે.
- ધરતીકંપ કરતાં વધારે હોનારત માનવ-માનવ વચ્ચેના ધિકકારક પ-થી ઉભી થાય છે.
- સ્નેહ વિનાની એકલી વાસના આગના ભડકની પેઠે ન બળી શકે એવા આત્માને પણ ભરખી જાય છે.
- મનુષ્ય પોતાની દૃષ્ટી છોડી બીજાની દૃષ્ટીથી જુએ તો અધું જગત શાંત થઇ જાય.
- જીવન રૂપી ખાતર નાખ્યા વિના સંસ્કૃતિ રૂપી વૃક્ષ મેટું થઇ શકતુ નથી.

"ચારિત્ર્ય" *

લીલાવતી ચંદુલાલ પટેલ
શંકર સૌ મીલ, બરપાલી (ઓરિસા)

- ચારિત્ર્ય વૃક્ષ જેવું છે. પ્રતિષ્ઠાએ તો માત્ર ચારિત્ર્યનો પડછાયો છે. આપણે માત્ર પડછાયાનો વિચાર કરીએ છીએ, પરંત વાસ્તવિક વસ્તુ તો વૃક્ષ છે.
- સફેદ કપડાંમાં શાહીનો ડાઘ સ્પષ્ટ પણે દેખાઇ આવે છે. તેવી રીતે ચારિત્ર્યવાન મનુષ્યની નાની સરખી ભુલ પણ મોટી દેખાય છે.
- માનવીની શોભા એની માનવતા છે અને આ માનવતા વ્યકત કરતી ગુણ સામગ્રીથી અને આચાર વિચારથી ચારિત્ર્ય ઘડતર થાય છે.
- પોતાના મનને કુમાર્ગે જતાં, જીભને નિંદા કરતાં અને હ થને ચોરી કરતાં કે અપ્રમાણિકતા કરતાં રોકવામાં જ ચારિત્ર્ય પાલનની સફળતા રહેલી છે.



સમાચાર દર્શન



આસનસોલ તા. ૧૦-૮-૮૦ ના રોજે પાટીદાર યુવાન ભાઇઓ વતી એક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગની શરૂઆતમાં કચ્છના આદ્યસુધારકો ને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. પાટીદાર સમાજના ઘડતરમાં તેમજ જાગૃતિમાં તન મન અને ધન નો અમુલ્ય એવો ફાળો આપનાર "સ્વ. નારણભાઇ રામજીભાઇ લાંબાણી (વીરાણી મોટી) ની છબીને યુવાન ભાઇઓએ ફુલમાળાઓ સાથે શ્રધ્ધાંજલિ આપી હતી.

પ્રાસંગિક પ્રવચનમાં બોલતાં આયોજક શ્રી નવિનભાઇ એચ. પટેલ (જીયાપુર) એ જણાવ્યું હતું. કચ્છ એ અમારી જન્મભૂમિ છે તેના વિકાસમાં આપણો સર્વાંગી વિકાસ છે કચ્છના વિકાસાર્થે આપણે કાર્યરત છીએ અને રહીશું.

અતિથિવિશેષ તરીકે હાજર રહેલા કાન્તીભાઇ પટેલે (પ્રકાશ) આ પ્રસંગે સંબોધન કરતાં જણાવ્યું હતું કે કચ્છ એ આપણી રણમાં દુર્લભ શીતળ છાંયડી છે તો આ છાંયડીની માવજત કરવી એ આપણું કર્તવ્ય છે.

આ પ્રસંગે કચ્છની પ્રાચિન સંસ્કૃતિને યાદ અપાવતી તસવીરો તથા વકતાઓ તરફથી ઐતિહાસિક પ્રસંગોની રજુઆત કરવામાં આવી હતી

અતિથિ તરીકે હાજર રહેલા શ્રી દિલીપભાઇ પટેલ (ભડલી) લાભશંકરભાઇ શંકરભાઇ પટેલ (રામપુર) અને વાલજીભાઇ પટેલ (નખત્રાણા) એમ સર્વે ભાઇઓએ આવાં આયોજનો કરતાં રહેવા સુચવ્યું હતું.

આનંદ અને ઉલ્લાસના વાતાવરણમાં શ્રી જવેરભાઇ પટેલ (જીયાપુર) એ મધુર સંગીતનું રસપાન કરાવ્યુ હતું.

" કચ્છ અમારી જન્મભૂમિ; અમો સૌ તારાં બાળ છીએ;
જીવન તારા ચરણોમાં અર્પણ; એકજ હો અભિલાષા અમારી; "

અને અંતે "જયકચ્છ" નાં નારા સાથે આયોજક શ્રી નવિન ભાઇએ સમારંભનું સમાપન કર્યું હતું. આ પ્રસંગે સારી એવી સંખ્યામાં હાજરી આપનાર ભાઇઓનો આભાર માન્યો હતો.

નવીન એચ. પટેલ
ચોપડા કું. સી મોલ

શ્રી આશાપુરી મહિલા મંડળ સેવાલિયા

ઉપરોક્ત મંડળમાં નીચે મુજબની કારોબારી સમિતિ રચવામાં આવી છે.

પ્રમુખ : શ્રીમતી જશોદાબેન કરસનભાઇ પટેલ
ઉપ પ્રમુખ : શ્રીમતી લક્ષ્મીબેન નારણભાઇ પટેલ
મંત્રી : ,, કાન્તાબેન છગનભાઇ પટેલ
સહમંત્રી : ,, લીલાબેન અંબાલાલ પટેલ
ખજાનચી : ,, ગોમતીબેન મીઠુભાઇ પટેલ

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ વાડી, હિંમતનગરમાં રહી ત્યાંની હાઇસ્કૂલ તેમજ કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓએ એક સાયકલ પ્રવાસ તા. ૨૫–૮–૮૦ના બપોરે ૧–૦૦ કલાકે સમાજના આગેવાનો વાડીના પ્રમુખ તથા કાર્યકર ભાઇઓ તેમજ હિંમતનગરના માનનીય ધારાસભ્ય શ્રી નાથાલાલ દેવજીભાઇ પટેલના પ્રમુખ સ્થાને યોજી વિદાય આપી હતી. પ્રવાસમાં પ્રથમ હિંમતનગરથી નીકળી ખેડબ્રહ્મા, મોટાઅંબાજી, આબુરોડ, માઉન્ટઆબુ, બાલારામ, પાલનપુર, સિદ્ધપુર, ઊંઝા, વિસનગર, વિજાપુર, મહુડીથી હિંમતનગર તા. ૩૧–૮–૮૦ના બપોરે ૩–૦૦ કલાકે પરત આવ્યા. આ દરમિયાન એમનો સાયકલ પ્રવાસ લગભગ ૩૫૦ કિ. મી. થયો હતો. વાડીમાં આવતાં તેઓનું વાડીના આગેવાન ભાઇઓએ હાજર રહીને ભાવભીનું સન્માન કર્યું હતું. અને આ સાહસ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

સાયકલ પ્રવાસના સાહસમાં જોડાયેલ વિદ્યાર્થીઓનાં નામ

(૧) ગોરાણી મોહનલાલ શીવજીભાઇ એસ. વાય. બી કોમ હિંમતનગર
(૨) અમૃતલાલ ખેતસીભાઇ પટેલ એફ. વાય. બી.કોમ ગાંધીપુરાકંપા
(૩) શાંતિલાલ લાલજીભાઇ પટેલ ધો.–૧૧ જેતપુરકંપા
(૪) હેમંતલાલ રવજીભાઇ પટેલ એફ. વાય. બી.કોમ ગાંધીપુરાકંપા
(૫) મગનલાલ સીવજીભાઇ પાટીદાર ધો.–૧૧ હિંમતનગર
(૬) ચિમનલાલ ભાણજીભાઇ પટેલ હિંમતનગર

મંત્રી,
સામજીભાઇ ધનજીભાઇ પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજવાડી, હિંમતનગર

જય પીપળેશ્વરી

દેવી અને તેના પરચા



દેવીઓની શક્તિ મહાન છે તેવી વાત આપણા દેશમાં કાયમ માટે આપણે ગાયા કરીએ છીએ. પરંતુ નજરે જોયા શીવાય આજનો યુગ માનવા તૈયાર નથી અનેક ભૂત ધુણતા હોય છે. ભુવાઓ એમના જંતર મંતર કરી અને પ્રેતોને કાઢે છે. એવી જ ઘટના અમારું ગામ હીંમતનગર તાલુકામાં આવેલ હરીપુરાકમ્પા (જાવસાર)માં પટેલ પ્રેમજીભાઇ રામજીભાઇ તથા ડાહ્યાભાઇ રામજીભાઇ ને ત્યાં ઢોર, ભેંસો, બળદ ધુણવા લાગ્યાં. અને ગામમાંથી લીધેલી રૂા. ૨૫૦૦ ની ભેંસ મરણ પામી અને એવાં "કુલ ઢોર (૫) પાંચ મરણ પામ્યાં ડોકટર ઇલાજે રસી મુકવાના કર્યા પણ કઇ ફરક પડયો નહીં એક રાત્રે ૧૨ બાર વાગે પ્રેમજીભાઇના પુત્ર જયંતિલાલ ઉમર વર્ષ ૧૨ના ને કોઈ ઉપાડી ગામના એક ઝપેથી સામેના ઝાંપાની વાડ-પાસે ફેંકી દીધા ગ્રામ જનો તથા તેમના સગાં વાલાં લઇ આવ્યાં.

ત્યાર પછી ભાઇ પ્રેમજીભાઇ તથા તેમના ભાભી પરમાબહેન સખત બીમાર પડી ગયાં તેમને હીંમતનગર હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યાં અને સાજાં થતાં ઘેરે લાવ્યા ત્યારે ફરી બીમારી ચાલુ થઇ ગઇ સંતરામપુરથી ભુવાઓને બોલાવ્યા ત્યારે તેઓએ દેવી કૃપાથી ઢોર ધુણતાં અને માણસો બીમાર હતા તે બંધ કર્યા પણ તેમના કામથી સંતોષ થયો નહીં અને દુઃખ ચાલુ રહ્યું બીજી વખત બોલાવ્યા ત્યારે તેઓએ આમાં અમારૂ કામ નથી બીજાની તપાસ કરો ત્યારે આમનું દુઃખ ગ્રામ જનો તથા સગાંવાલાં જોઇ શકતા નહતા અને અમારા ગામમાં હાહાકાર થઇ ગયો લો અને ગામના લોકોની ઉંઘ હરામ થઇ હતી જેને ખબર પડે તે સગાં વાલાં જયોતિઓને બોલાવી લાવતા એક મહીનામાં તો અમારૂ ગામ ભુવા માટે નો અખાડો બની ગયો હતો. પરંતુ કોઇનાથી આ દુઃખ બંધ ન થયું નિકોડા કમ્પામાં પ્રોગ્રામ કરવા આવેલ સમસ્ત કડવા પાટીદારના ભવાયા કવિશ્રી મનસુખલાલ તેમને નિકોડાના મુખી કરમશી ધનજીભાઈ પટેલ પોતાની જીપમાં હરીપુરા લઇ આવ્યા અમોને લાગ્યું કે સારા સારા ભુવાઓ આવી ગયા પણ દુઃખ

બંધ થયું નથી તો આ કવિ શું કરશે આ કંઇ કવિતા કરી લોકોને રીઝવવાનાં નહોતાં પણ ભૂતો સાથે ભેટો હતો મનસુખભાઇએ આવી અને ગ્રામ જનોને કહ્યું કે પાંચ ભૂત છે. તેઓને નિવારણ કરી કાઢવાં પડશે અને આ ભૂતોએ ગ્રામ જનોને અનેક વખત કષ્ટ આપ્યું છે ગામ વાળા કબુલ થયા અને કવિએ કામ હાથમાં લીધું અને દરેક ભુતોને ગામના અનેક વ્યક્તિઓના અંગમાં પ્રવેશ કરાવી એક મહીનાની અવધી બાંધી દુઃખ બંધ થયું ત્યાર પછી બાધા ચલાવી અને શ્રાવણ માસના ૧૪ ચૌદસની રાત્રે આ દુઃખનો નિકાલ કર્યો અને યજ્ઞ હોમ કરી અને દેવીને રીઝવી ગામને તથા પ્રેમજીભાઈ રામજીભાઇને આ દુઃખમાંથી મુકત કર્યા ખેતેશ્વર ભવાયા પાસે દૈવી શકિત છે તે અમો એ અનુભવ્યું જોયું અને માતા પિપળેશ્વરી માના ભકત કવિશ્રી મનસુખભાઇના અમો આભારી છીએ માતા પિપળેશ્વરી દરેક કાર્યક્રમોમાં સિધ્ધી આપે જય પિપળેશ્વરી...

★●★

દુઃખદ અવસાનો

શ્રીમતી પુરીબેન જેઠાભાઈ (દાદીમા)
શ્રી કનુભાઈ મણીભાઈ (પૌત્ર)

માધવકંપાના રહેવાસી શ્રીમાન જેઠાભાઇ વાલજીભાઈનાં ધર્મપત્ની શ્રીમતી પુરીબેનનું તા. ૨૯–૭–૮૦ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયું હતું. તેમના બારમાના દિવસે આવેલ મહેમાનોની તેમના પૌત્ર શ્રી કનુભાઇએ આગતા સ્વાગતા કર્યા બાદ તુરત જ શ્રી કનુભાઈ કમળાની માંદગીમાં પટકાતાં તા. ૧૬–૮–૮૦ને શનિવારના રોજ રાત્રે ૧૦–૦૦ કલાકે ૧૯ વર્ષની નાની વયે દુઃખદ અવસાન થયુ હતું. સ્વ. શ્રી કનુભાઇ આદર્શ વિદ્યાર્થી તેમજ સ્વાધ્યાયના સક્રિય કાર્યકર હતા. આમ તેમના કુટુંબીજનો એ તેમજ સ્વાધ્યાય પરિવારે એક મહામૂલુ રતન ગુમાવતાં તેમના કુટુંબીજનોમાં તેમજ ગામમાં શોકની લાગણી ફેલાઈ છે.

ભગવાન યોગેશ્વર તેમના આત્માને તેમજ તેમનાં કુટુંબીજનોને શાંતિ અર્પે તે માટે શ્રીમદ્ ભગવદ્ગીતા પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રભુ સદ્ગતશ્રીઓના કુટુંબીજનોને આ કારમો ઘા સહન કરવાની શકિત અર્પે એજ અભ્યર્થના.

માધવકંપા યુવક મંડળ સંચાલિત
સ્વ. કેસરબેન અરજણભાઈ નાનજીભાઇ બાલમંદીર

માધવકંપાનો ઉજવાયેલ વાર્ષિક દિન

સાબરકાંઠા જીલ્લાના બાયડ તાલુકાના માધવકંપા ગામે તા. ૧૬-૮-૮૦ના રોજ બાલમંદિરને એક વર્ષ પુરૂ થતું હોઇ વાર્ષિક દિન બાયડ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી કોદરભાઈ જોઇતાભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને લક્ષ્મીનારાયણના મંદીરના ચોગાનમાં યોજાયો હતો.

શરૂઆતમાં માધવકંપા પ્રાથમિક શાળાની બહેનોએ સ્વાગત ગીત રજુ કર્યું હતું. ત્યારબાદ આવેલ મહેમાનોનું ગામના પોલીસ પટેલ (મુખી) શ્રી મણીભાઇ ખીમજીભાઇ પટેલે ફુલહારથી સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે સ્વાગત પ્રવચન શ્રી જીવરાજભાઇ લદ્દાભાઇ પટેલે કર્યું હતું ત્યારબાદ યુવક મંડળના મંત્રી શ્રી પટેલ પુરષોતમદાસ ધનજીભાઇએ યુવક મંડળની પ્રવૃતિઓનો ખ્યાલ આપ્યો હતો. સહ-મંત્રી શ્રી પટેલ માધુભાઈ ગંગારામભાઇએ બાલમંદીરના વાર્ષિક અહેવાલનું વાંચન કર્યું હતું. આ પ્રસંગે માધવકંપાના યુવાન સરપંચ તેમજ દૂધ મંડળીના ચેરમેન શ્રી પટેલ કેશુભાઈ ગોવિંદભાઇએ ગામની પ્રગતિનો ખ્યાલ આપ્યો હતો. ગામમાં બાલમંદીરનું નવીન મકાન, પંચાયત ઘર, ગામના પાકા રસ્તાઓ, સ્નાનગૃહ, સ્મશાન ગૃહ. પનઘટ તથા અન્ય વિકાસનાં કામો હાથ ધરવા અને તેની સહાય માટે તાલુકા પંચાયતના પ્રમુખશ્રી આગળ રજુઆત કરી હતી તેમજ બાલમંદીરના સફળ સંચાલન માટે યુવક મંડળના યુવાન સહમંત્રી શ્રી પટેલ માધુભાઇ ગંગારામભાઇના કાર્યને બિરદાવ્યું હતું. આ પ્રસંગે યુવક મંડળના પ્રમુખ તેમજ સેવા સહકારી મંડળીના ચેરમેન શ્રી પટેલ શીવુભાઇ અરજણભાઈએ સભાનું સંચાલન કર્યું હતું.

આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી શ્રી ભુરાવાલા સાહેબ, તાલુકા ખેતીવાડી અધિકારી શ્રી કાન્તિકાકા તથા તાલુકા વિસ્તરણ અધિકારી (સહકાર) શ્રી તળશીભાઇ પટેલ સાહેબે આ ગામ માટે વિકાસનાં કામો હાથ ધરવા માટે સરકારશ્રી તરફથી મળતી સહાય અપાવવા ખાત્રી આપી હતી.

અંતમાં પ્રમુખ સ્થાનેથી બોલતાં તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી કોદરભાઇ જોઇતાભાઇ પટેલે આ ગામના ઉત્સાહી સરપંચ શ્રી કેશુભાઈની વિકાસ પ્રવૃતિઓને

બિરદાવી હતી અને તેમને વિકાસના કામોમાં શકય એટલો સહકાર અપાવવા ખાત્રી આપી હતી.

આ પ્રસંગને દીપાવવા માટે ગ્રામ પંચાયતના યુવાન મંત્રીશ્રી બી. આર. પટેલ સાહેબે વિકાસના કામોનું આયોજન તૈયાર કર્યું હતું.

અંતમાં ગામના યુવાન કાર્યકર શ્રી દેવસીભાઈ રવજીભાઈ પટેલે આભારવિધિ કર્યા બાદ મુખ્ય દાતા શ્રી અરજણભાઇ નાનજીભાઈ પટેલ તરફથી બાળકોને દૂધનું વિતરણ કરવામાં આવ્યું હતુ તેમજ મુખી શ્રી મણીભાઈ ખીમજીભાઇ પટેલ તરફથી બાળકોને સુખડી વહેંચવામાં આવી હતી.

મંત્રી : **શ્રી પુરષોત્તમદાસ ધનજીભાઇ પટેલ**
સહમંત્રી : **શ્રી માધુભાઈ ગંગારામભાઈ પટેલ**
માધવકંપા યુવક મંડળ

જરા હસો

તુષાર જેઠાભાઇ પટેલ (અમદાવાદ)

☐ એક સાધુ મહારાજ હતા. તે તેમના નિયમ મુજબ ફરવા નીકળ્યા અને એક દસેક માળના મકાન નીચે જઇને ઉભા રહ્યા. તે મકાન ઉપર એક શેઠ ઉભા હતા. શેઠને જોઇ સાધુએ શેઠને નીચે આવવા ઇશારો કર્યો. શેઠને એમ થયું કે હશે કંઇક કામ, શેઠે તેનો નોકરે મોકલ્યો. નોકરે સાધુને મળ્યો. પરંતુ સાધુ એ તેના શેઠને મળવાની ઇચ્છા દર્શાવી નોકરે શેઠને કહ્યું. શેઠ દસ માળ ઉતરીને નીચે આવ્યા. એટલે સાધુએ શેઠ પાસે ભીખ માગી શેઠ એક પૈસેકા સવાલ હૈ, શેઠ આટલું સાંભળીને તો લાલચોળ થઇ ગયા. એક તો દશ માળથી નીચે બોલાવ્યો! ફકત એક પૈસા માટે ? પરંતુ શેઠ જમાનાના ખાધેલ હોવાથી કંઇ બોલ્યા નહિ. અને મહારાજ ને ઉપરના માળે આવવા કહ્યું મહારાજ પણ શેઠની પાછળ ઉપરના માળે ગયા ત્યાં શેઠે મહારાજને કહ્યું મહારાજ માફ કરના એક પૈસા છૂટો નહિ. હૈ,

☐ એક નાનો છોકરો રસ્તા પર રમતો હતો. તેનું તંદુરસ્ત શરીર જોઇને મેં સવાલ કર્યો. બાબા તું કોનું દૂધ પીએ છે. બાબાએ જવાબ આપ્યો. ભૈયાજીનું

☐ એક કાકા બહારગામ ગયા. એટલે સગા વહાલાઓએ કાકાને પિકચર બતાવવાનું નકકી કર્યું. અને કાકાને શોલે જોવા લઇ ગયા. પિકચર શરૂ થયું એટલે ધર્મેન્દ્ર ડાયલોગ આપતાં બોલ્યો બસંતી ઇન કુતોંકે સામને નાચના મત. એટલે કાકો ગરમ થઇ ગયા. અને ઊભા થઇને બોલ્યા ના તો શું નાચે (૩-૬૦) ત્રણ સાઇઠ આપ્યા છે.



અમદાવાદમાં કાપડનો
— અદ્યતન શો રૂમ

STAPLE EMPORIUM

સ્ટેપલ એમ્પોરિયમ

શુટીંગ * શર્ટીંગ


ગ્વાલીયર—જીયાજી
રેમન્ડ—દીનેશ—દીગ્જામ

તેમજ પ્રખ્યાત મીલોની નવીનતમ વેરાઈટીઝ માટે અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લો.

શો રૂમનું સ્થળ :—
સ્ટેપલ એમ્પોરિયમ
કેલીકોડોમ નજીક
રીલીફ રોડ, અમદાવાદ-૧

પ્રોપ્રાયટર
મણીલાલ એમ. પટેલ
ભગવાનદાસ એમ. પટેલ
એન્ડ બ્રધર્સ
સહયોગ ફાર્મ, શીવપુરા કંપા
હસનપુરમોટા તા. જિ. ગાંધીનગર

સમય અને મહેનત બચાવો *



"પોકારનું"

ઇલેકટ્રીક પાવરથી ચાલ

છાસ

બનાવવા માટેનું

વલોણા યંત્ર

—તદ્દન આધુનિક તેમજ આકર્ષક મોડેલોમાં વસાવી ઘરની શાન વધારો.

વિક્રેતા :—


વિક્રેતાઓ :- (૧) આશા ઓટોમોબાઇલ્સ — ભુજ
(૨) ગીતા ઇલેકટ્રીકલ્સ — ધનસુરા
(૩) મહાલક્ષ્મી વાઇન્ડીંગ વર્કસ — ડેમાઇ
(૪) અંબિકા ફર્ટિલાઇઝર્સ — ખેડબ્રહ્મા
(૫) શ્રેયસ એજન્સી — રાજકોટ
(૬) હસમુખ એન્જીનીયરીંગ કું. — વિસાવદર
(૭) ઉત્તમ ઓટોમોબાઇલ્સ — નાગપુર
(૮) શંકર વિજય ટીમ્બર કું. — ગજ બસોડા

ઉત્પાદક : **મે. પોકાર એન્જીનીયરીંગ કોર્પોરેશન**
૮, લલીતા ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ
નાગરવેલ હનુમાન રોડ
રખીઆલ

ગરૂડ એન્જીનીયરીંગ કોર્પોરેશન તરફથી નિયુક્ત થયેલા એજન્ટો

એજન્ટ	રાજ્ય
૧ જીવાજી લાલજી પટેલ સરદાર પટેલ ટીમ્બર માર્કેટ નાગપુર–૩	મહારાષ્ટ્ર
૨ ગીતા ઈલેક્ટ્રીકલ્સ મુ. પો. ધનસુરા જિ. સાબરકાંઠા	ગુજરાત
૩ નાકરાણી સો મીલ નાગપુર રોડ, જબલપુર	મ. પ્ર. સાગર, ઈન્દોર, જબલપુર વિસ્તાર
૪ ચાંદબાલી ટીમ્બર ટ્રેડર્સ મુ. પો. ચાંદબાલી જિ. બાલાસોર	ઓરીસ્સા
૫ પ્રકાશ ટીમ્બર કોર્પોરેશન ૧૫/૧ F નીરોદ બીહારી મલીકરોડ કલકત્તા–૭૦૦૦૦૬	આસામ
૬ પ્રગતિ ટીમ્બર કું. ૧૭૬A જેસોર રોડ કલકત્તા-૭૦૦૦૫૫	વેસ્ટ બેંગાલ
૭ પ્રભાત હાર્ડવેર સ્ટોર્સ ધારવાર રોડ, મુ. પો. બેલગામ	મહારાષ્ટ્ર અને કર્ણાટક
૮ ભગવતી સો મીલ ફાફાડીહ, રાયપુર (મ. પ્ર.)	મ. પ્ર. ના બસ્તર અને રાયપુર જિલ્લા

લી. ગરૂડ એન્જીનીયરીંગ કોર્પોરેશન વતી, વિશ્રામ હંસરાજ પટેલ


LAXMI
LAXMI
Shree
LAXMI ENGINEERING WORKS
શ્રી લક્ષ્મી એન્જીનીયરીંગ વર્કસ
ગંગા સિમેન્ટ પાઈપ ફેક્ટરીની બાજુમાં,
નરોડા રોડ, અમદાવાદ-૩૮૨૩૪૦
ફો. નં.
બેન્ડ સો એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઈપણ જાતના
સ્પેર પાર્ટસ માટે અમારો સંપર્ક સાધો.

-: સો મીલ માલીકો માટે ખુશ ખબર :-

sharpex®



"શાર્પેક્ષ" બ્રાન્ડ ચેઈન સો મશીન

ચેઈન સો મશીન જે પાવરથી ચાલતા આડિયા તરીકે સર્વ માન્ય છે. જે એ માણસોની સહાયથી આડા વાઢ કાપવા માટે ઘણું અનુકુળ છે. જે સંપૂર્ણ વિદેશી ટેકનીકલ જાણકારી અને વર્ષોના અનુભવ પછી તૈયાર થયેલ છે. જેમાં કાંઈ બગડવાનું કે રીપેર કરવાનું રહેતું નથી.

આપ એક વખત "શાર્પેક્ષ બ્રાન્ડ ચેઈન સો મશીન" વસાવો અને રોકાણથી અનેક ઘણું વળતર મેળવો.

વધુ પુછ પરછ અને માહિતી માટે
મળો યા લખો:
શ્રી ભારત સો મીલ
વિભાગ ત્રણની સામે, ગીતામંદિર,
લાટી બજાર, અમદાવાદ-૨૨
ફોનં નં. ૫૨૨૫૭ અને ...

બનાવનાર :

શાર્પેક્ષ એન્જીનીયરીંગ વર્કર્સ
...૧૨૯/૧૩૦ જી. આઈ. ડી. સી. એસ્ટેટ,
...(અમદાવાદ) ૩૮૨૪૧૫

- શ્રી ભારત સો મીલ ગીતામંદિર, અમદાવાદ-૨૨
- શકિત એન્જીનીયરીંગ વર્કર્સ દરિયાપુર ટાવર સામે, અમદાવાદ-૧
- ભારત ટીમ્બર માર્ટ નરોડા રોડ, અમદાવાદ.
- ભારત વુડ વર્કર્સ ગીતામંદિર, અમદાવાદ-૨૨
  ...જીનીયરીંગ વિભાગ

JAGRUTI SEPTEMBER–'80 Reg. No GHMR/5

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદરોડ,
ધનસુરા. જિ. સાબરકાંઠા
પીન. ૩૮૩૩૧૦

ગ્રા. નં.

Book – Post

To.

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

★

★

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.


જાગૃતિ
દિપોત્સવી અંક

卐 જાગૃતિ 卐

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૦), પરદેશમાં શિલિંગ ૨૦ અને છૂટક નકલ કિંમત ૧ રૂા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૨૦૧) પરદેશમાં રૂા. ૨૫૧) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયંમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ –પ્રકાશક

શ્રી. નાનજીભાઈ કે. પટેલ –આદ્યતંત્રી.

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી.
બી. એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed
સહતંત્રી : જાગૃતિ

: સંપાદકો :

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. Sc.
તલોદ.

શ્રી શામજીભાઇ એસ. પટેલ
વડાગામ

ડૉ. ધનજીભાઈ કે. પટેલ
જી એફ. એ. એમ., એલ. એમ. પી

ડૉ. હંસરાજ એમ. પટેલ M.B.B.S.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ M. Sc.

શ્રી અરજણભાઇ વી. પટેલ, એદલપુરાકંપા

શ્રી પ્રેમજીભાઇ એ. પટેલ. ધનસુરા.

શ્રી. રતિલાલ એમ. પટેલ

શ્રી વિઠ્ઠલભાઈ કે. પટેલ



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી–કચ્છ]

જન્મ :	સ્વર્ગવાસ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા	સંવત ૧૯૯૭ આસો વદ ચૌદશ

અનુક્રમણિકા

નૂતન વર્ષાભિનંદન



તંત્રીસ્થાનેથી

અર્થશાસ્ત્રની આધુનિક વિચારણા

ઉત્તમ અર્થવ્યવસ્થા :—

અન્નની (એટલે કે રોજીની) વહેંચણી પણ વર્ણનો વિચાર કરીને થવી જોઇએ. ધંધાનું સ્થૈર્ય એ અર્થવ્યવસ્થામાં મુખ્ય અને બહુ અગત્યની વાત છે. ક્રિક્સ જેવા અર્થશાસ્ત્રીઓ પણ કહે છે કે ધંધા માટે લોકોમાં વિશ્વાસ (confidence) નિર્માણ થવો જોઇએ અને આ કાર્ય રાજસત્તાનું છે. પરંતુ જો ધંધાની નિશ્ચિતિ કરશો તો જીવનાર્થ કલહ (Struggle for existence) ચાલ્યો જશે અને તો પછી ઉત્તમ પુરુષો થશે નહિ. આ એક મોટો કોયડો છે જે અર્થશાસ્ત્રીઓને મૂંઝવણમાં મૂકી દે છે. Economic Planning માં પણ આનો ઉકેલ નથી. જીવનાર્થ કલહ હોવો જોઈએ અને રોટલાની નિશ્ચિતિ પણ રહેવી જોઇએ જીવનાર્થ કલહ અને રોટલાની નિશ્ચિતિ એ બે છેડાઓ (Extremes)

તે સાથે રાખી શકે તે જ ઉત્તમ અર્થવ્યવસ્થા કહેવાય. આને માટે પહેલાં ધંધો નક્કી કરવો જોઇએ. સમાજની કોઇપણ વ્યકિત બધે ફાંફાં મારીને છેવટે ત્રીસમે વર્ષે નક્કી કરે કે મારે શિક્ષક થવાનું છે તે યોગ્ય નથી. પાંચમા વર્ષથી જ વ્યકિતએ શું થવાનું છે તેની ખબર પડવી જોઇએ અને તે વ્યકિત તે ધ્યેયથી જ શિક્ષણ લે તો જ તે પોતાના ધંધામાં ઉત્કૃષ્ટ માણસ થાય. આ દૃષ્ટિથી ધંધો અને આચાર બંને નિશ્ચિત જોઇએ.

સાચો સનાતની કોણ ?

આજે તો આપણે ગમે તેને સનાતની કહીએ છીએ. પણ ખરા સનાતની કોણ કહેવાય? જેણે ધંધો અને આચાર બંને સંભાળ્યા તે જ સનાતની કહેવાય ગઇ પેઢીના બ્રાહ્મણો વકીલ થયા. ડોકટર થયા. પણ સ્નાન, સંધ્યા, પાઠપૂજા, તિલક, ભસ્મ વગેરે છોડયાં નહિ. તેમણે ધંધો છોડયો, પણ આચાર પકડી રાખ્યો છે. આજના બ્રાહ્મણો ગોરપદું કરે છે અને બીડી ફૂંકતા બેઠા છે. ધંધો અને આચાર બંને જેણે છોડયા છે તે આજનો સમાજસુધારક. તે કોઇ જ બંધન સ્વીકારવા તૈયાર નથી. પરંતુ, વૃત્તિસંકરતાને અમારાં શાસ્ત્રોએ પાપ ગણ્યું છે, વૃત્તિસંકરતા ચલાવી ન લેવાય. સમાનતા એટલે સમાન તક નહિ, પણ નિર્વાહનાં સાધનોની સમાન નિશ્ચિતતા. દરેકમાં 'રોટલો મેળવી શકીશ' એવો વિશ્વાસ નિર્માણ થશે તો સમાજમાં ઉત્તમ ગુણો qualities બહાર આવશે.

હળવે હાથે હજામત કરનાર ઉત્કૃષ્ટ હજામ અને ખુબ નરમ ચામડું બનાવનાર મોચીનો મોભો સમાજમાં તો જરાપણ ઊતરતો નથી. આવા કારીગરો કરતાં મેટ્રિક થયેલી એકાદ વ્યકિત સમાજને વધુ ઉપયોગી થાય કે નહીં એ પ્રશ્ન વિચારવા જેવો છે. અંગ્રેજોને તો પોતાના ઉપયોગ માટે કારકુનો જોઇતા હતા, તેથી એ જાતનું શિક્ષણ તેમણે શરૂ કર્યું. જે લોકો મેટ્રિકની પરીક્ષા પાસ કરતા હતા તેમને તેઓ તરત નોકરી આપતા પરંતુ, આજે આ પ્રકારનું શિક્ષણ સમાજને કઇ રીતે ઉપયોગી છે તેનો કેઇ વિચાર કરતું નથી.

તે કાળમાં અર્થને પ્રતિષ્ઠા (status) ન હતી, પરંતુ, સદ્‌ગુણોની કિંમત હતી. જાતિધર્મ અને કુળધર્મને જે સભાળે તેને સમાજમાં માન અપાતું. પોતાની આજીવિકા ટકાવવાની તક બધાને સરખીજ હતી, તેનું જ નામ તક અને સમાન સંધિ –સાચી સમાનતા.

આઈમા (સત્ય ઘટના)

પટેલ રમણલાલ ખેતાભાઈ ડાસાણી જયહિન્દ સો મીલ, નરોડા રોડ

વાડીએથી ગામની વાટમાં એક ગાડું ગામ ભણી આવી રહ્યું હતું. ગાડાખેડુ જેવો હોંશિલો હતો તેવા જ બળદો પણ હાથણીના બચ્ચા જેવા જોરુકા અને ચંચળ હતા. ગાડાખેડુનો હાથ અડતાંજ અંગારો અડયો હોય તેમ ભાગી નીકળતા. વાડીમાં કામ કરીને થાકેલા બળદો ગામ દેખાતાં વધુ ઉત્સાહી બની ગયા હતા.

એ ગાડામાં એક આધેડ વયની બાઇ પોતાના પૌત્રને ખોળામાં રાખીને બેઠી હતી. તેનો હાથ વારે વારે પૌત્રના માથા ઉપર ફરતો અને સ્નેહ પ્રદર્શિત કરી રહ્યો હતો. બાળક પણ દાદીમાના સ્નેહ સ્પર્શે આનંદીત થઈ ઉઠતો હતો અને દાદીમાને પોતાની કાલી ઘેલી ભાષામાં કુદરતના સૌંદર્ય વિશે પ્રશ્નો પૂછી રહયો હતો.

જેમ ગામ નજીક આવતું હતું તેમ બળદો વેગે ચડતા હતા. ગાડા ખેડુ પણ બળદોને વધુને વધુ ગતિમાન કરવા પ્રયત્યશીલ હતો. આતો કચ્છી ઓલાદ ના બળદ શ્વાસ તુટી જાય છતાં માલિકના ઈશારે કામ કરનારા. દિવસ માં બે ચાર એકર જમીન ખેડવી તેમને મન રમત હતી. તેવે સમયે જાણે બળદો હરિફાઇમાં ઉતર્યા હોય તેમ લાગતું હતું.

ગાડામાં બેઠેલી બાઇ ગાડાખેડુને, 'ધીરા ધીરા ચલાવ,' કહી લેતી હતી પણ દારૂ પીધાની માફક બળદ અને ગાડા ખેડુ પોતાની રીતે ઉડયે જતા હતા.

અચાનક ગાડાનું પૈડુ પત્થરની પાટ પર ચડયું અને ધડાકા સાથે જમીન પર પછડાયુ, તે સાથે જ બાઇના હાથ-માં રહેલો બાળક ગાડાની આગળ ગબડી પડયો. પળવારમાં જ બાળક સમજે ત્યાં તો બાળક પર થઈને ઉપર ગાડાનું પૈડુ ફરી ગયું અને બાળક રામશરણ થઇ ગયો.

પોતાના પૌત્રનું મોત નિહાળી બાઇ નો રંગ ફરી ગયો. આંખોમાં અદ્દભુત તેજ ચમકયું. બાળકની શહિદીને બિરદાવતા ભાવો તેની આંખોમાં ચમકયા. બાળકને ખોળામાં લઇ તેઓ ગામમાં ગયા. કોઇ સતી સ્ત્રીના મુખપર દેખાય તેવા ભાવો અત્યારે બાઈના મુખ પર હતા. બાઇને સત ઉભરાયું હતું.

તેમણે ખારીજાળનાં લાકડાં મંગાવ્યાં. પોતાના પગનો ચૂલો કર્યો અને તેના પર ખીર ચડાવી અને હાથનો ચાટવો કર્યો એમ કરતાં તેમને કોઇ રોકી શકયું નહિ. ખદબદતી ખીરમાં હાથ નાખી હલાવતાં તેમના હાથ દાઝયા,

નહિ. કે ખારીજાળના લાકડાથી પગનો ચૂલો કરી ખીર રાંધતાં પગ દાઝયા નહિ આ પરચો નિહાળી સૌ આઇમાને પગે પડયા.

ત્રણ દિવસ સુધી પૌત્રના શબને ખોળામાં રાખી બેસી રહ્યા. ત્રીજે દિવસે તેમણે સમાધિ લીધી ખોળામા પૌત્રને રાખ્યા તેમને જીવતા ચણી લેવામાં આવ્યા પણ તે પહેલાં તેમણે બોલ નાખ્યો. કે કોઈપણ ડોસાણી (હળપાણી) નો દિકરો કે દિકરી મારા મારા નામનો કોઇના દુઃખતા પેટ પર હાથ ફેરવી શકશે, અને ડોસાણી (હળપાણી) એ પોતાનો પહેલો પુત્ર સવા વરસનો થાય ત્યાં સુધી ઝંડિયો રાખવો. અને ત્યારબાદ મારા સ્થાનકે આવી તેના વાળ ઉતરાવવા. તેમજ કોઇપણ ડોસાણીએ આજ પછી ખારી જાળનાં લાકડા કરવા નહિ કે બાળવા નહિ

ઉપર્યુકત ઘટના આજથી લગભગ સાઠ સી-તેર વર્ષ પહેલાં કચ્છ જીલ્લાના મથલ ગામે બનેલી આઇમા જાતના કડવા પાટીદાર ડોસાણી હતા. આ આઇમાની ભત્રીજા વઉ માતુશ્રી માનબાઈ ઇ. સ. ૧૯૮૦ માંજ બે ચાર મહિના થયા પ્રભુને પ્યારા થયાં છે. તેમની ઉંમર ૯૨ વર્ષની હતી.

આજ પણ આઇમા ના બોલ સત્ય કરી રહ્યા છે. કોઇના દુઃખતા પેટ પર ડોસાણીનો દીકરો આઇમા ના નામનો હાથ ફેરવવા ઇન્કાર કરે નહિ. તેવી આઇમા એ વિનંતિ કરેલ છે.

આજે પણ મથલ ગામે આઇમાનું સ્થાનક, આ વાતની ગવાહી પુરે છે

કર્મનું સૌંદર્ય

તુલસીદાસ આર. પટેલ
મે. તેસરી

કર્મનું સૌંદર્ય ત્યારે જ પ્રગટે જયારે જીવનમાં પ્રેમ અને જ્ઞાનની ધારા વહે. જીવનમાં કર્મને સુંદર અને સુખદ બનાવવા માટે જ ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં જ્ઞાનની ધારા વહાવી દીધી છે હૃદય અને મનમાં પવિત્રતા આવે તોજ કર્મેન્દ્રિય દ્વારા થતા કર્મમાં સુંદરતા પ્રગટે. Hand, Head અને Heart સુંદર જોઇએ હૃદય પ્રેમ અને ભક્તિથી ભરેલું હેવું જોઇએ, મગતક જ્ઞાન અને સમજણથી મહેકેલું હોવું જોઇએ. હાથ સેવાના કર્મોથી મહેંકતા હોવા જોઇએ. આ ત્રણની શુદ્ધિ વડે કર્મ કરાય તોજ કર્મનું સૌંદર્ય પ્રગટે

સ્ત્રી જીવનનો આદર્શ

જીતેન્દ્રકુમાર ભવાનભાઇ પટેલ કાંકણોલકંપા, હિંમતનગર

ભારતીય સ્ત્રીજીવનનો અંતિમ આદર્શ એટલે સીતા, જગતમાં સૌંદર્ય અને ગુણો-સાથે રહેલા ભાગ્યેજ જોવા મળે છે. સીતામાં સૌંદર્ય ઉપરાંત ઉચ્ચતમ ગુણો પણ હતા સીતાના જેવું પવિત્ર જીવન અને અનુપમ ભક્તિનું ઉદાહરણ, જગતના ઇતિહાસમાં બીજે ક્યાંય નથી. અત્યારના સમયમાં પણ જે સ્ત્રી ધર્મનું પાલન કરશે. તેની કીર્તિ સદા અમર થઇ જશે. એ સીતાજીના ચારિત્ર્યથી સિદ્ધ થાય છે.

સીતા જેવું લાવણ્ય રત્ન, સ્વર્ગીય પુષ્પ માનવના પેટમાં કેમ નિર્માણ થઇ શકે. ? રામાયણમાં સીતાની દિવ્યતા બતાવવા સીતાને અયોનિજ રાખી છે. સીતાનું લાવણ્ય અલૌકિક હતું. અયોનિજ સીતાના પાલક પિતા વિદેહ જનક હતાં, શિવ ધનુષ્યની પ્રત્યંચા જે ચઢાવે તેને સીતા આપવી. તેવું જનકરાજાએ નક્કી કરેલું રામે ધનુષ્ય ભંગ કર્યો અને રામને સીતા જેવું રત્ન મળ્યુ.

સીતા કહે છે, 'તેમનું (રામનું) અલૌકિક શૌર્ય, લોકોત્તર વિવેક અને વિનય જોઇને મારું, મસ્તક આદર ભાવથી નમી ગયું.' આ બેઠક ઉપર શરૂ થયેલો પત્ની ધર્મ દિવ્ય, આદર્શ અને પવિત્ર જ હોય તેમાં શંકા નથી તેમનો સંસાર રમ્યતમ હતો. ઉપલક રીતે જોવા જતાં દુ:ખી લાગતું સીતાનું દાંપત્ય જીવન ખરેખર ખુબ જ સુખી હતું કારણ રામ-સીતાના સંસારમાં પ્રેમની અભંગતા હતી.

વીણેલાં મોતી

એન. એચ. પટેલ તખતગઢ

દુનિયામાં ક્યાંકને ક્યાંક સવાર હોય જ છે.

—રિચાર્ડ હેનરી

જાગો ઉઠો અને ધ્યેય પ્રાપ્તિ માટે મંડી પડો.

—સ્વામી વિવેકાનંદ

આંખો તો બધાને હોય છે. દષ્ટિ કોઇકનેજ.

અજબ-ગજબ

પટેલ નરેન્દ્રકુમાર માણેકલાલ (અમદાવાદ.)

★ દુનિયાનું સૌથી મોટું માછલીઘર અમેરિકાના શિકાગો શહેરમાં છે. તેની ટાંકીમાં ૩,૭૫૦૦૦ ગેલન પાણી ભરેલું છે. આ પાણીમાં લગભગ ૫,૫૦૦ માછલીઓ તેમજ બીજાં જળચરો રહે છે. આ અદ્દભુત માછલીઘર જોવા માટે એક દિવસ તો ૭૮,૭૦૦ મુલાકાતીઓ આવ્યા હતા.

★ ચાર વર્ષ પહેલા અમેરિકામાં યોજાયેલા એક ઉત્સવ પ્રસંગે એક સાથે ૧,૩૦,૦૦૦ ફુગ્ગા છોડવામાં આવ્યા હતા.

★ સમુદ્રમાં થતી તારા માછલીનો આકાર તારા જેવો હોય છે. તેને પાંચ પગ કે હાથ હોય છે. અને દરેકને છેડે એકેક આંખ પણ હોય છે.

★ માણસને દરેક આંખમાં એકેક લેન્સ છે. આ લેન્સ વડે તે સામેના દ્રશ્યને જોઇ શકે છે. પરંતુ પતંગિયાની દરેક આંખમાં ૧૭,૦૦૦ લેન્સી હોય છે.

★ અમેરિકાનું વિમાન વાહક જહાજ 'નિમિત્ઝ' એક તરતું એરોડ્રામ છે. તેની લંબાઈ ૧,૦૯૨ ફીટ અને વજન ૯૧,૦૦૦ રતલ છે. આ જહાજ અણુ-શક્તિથી ચાલે છે. એટલે તે ૯,૦૦,૦૦૦ માઇલનો પ્રવાસ ખેડે ત્યાર પછીજ તેમાં નવું બળતણ ભરવું પડે છે. 'નિમિત્ઝ' પર કુલ મળીને ૯૦ લડાયક વિમાનો રહી શકે છે.

છાપાના છબરડા ✲

પટેલ નરસિંહભાઈ હીરજીભાઇ
તખતગઢ (હડમતીયાકંપા

૧ શિક્ષકદિને વિદ્યાર્થીઓએ ઉમરાવેલ ગાળો. (ફાળો)
૨ જાણીતા કાયર (શાયર)નું હિંમતનગર ખાતે થયેલ બહુમાન.
૩ જેલ તોડી ભાગી છુટેલો બેદી. (કેદી)
૪ સૌરાષ્ટ્રના છાસ (રાસ) મંડળના અમદાવાદમાં સુંદર કાર્યક્રમો.
૫ પાકિસ્તાનના વડાપ્રધાન શ્રી જનરલ જીયા અસ્ત્રો (શસ્ત્રો) મેળવવા અમેરિકા જશે.
૬ હવે ભારત હવાની નિકાસ કરશે. (દવાની)
૭ અખા ભગતના પપ્પા (છપ્પા) મશહુર છે.
૮ જાણીતી અભિનેત્રીને પોલીસે મહાહેનતે નચાવી. (બચાવી)
૯ સાચો યોધ્ધો યુદ્ધમાં શરણ (મરણ) સ્વીકારતાં જરાપણ ખચકાતો નથી.
૧૦ અમારે ત્યાં મડદા (પડદા) નું કાપડ મળશે. એક જાહેરાત.
૧૧ બનારસી પાડીઓ (સાડીઓ) ઉપર ૧૦ ટકા દિવાળી ડિસ્કાઉન્ટ
૧૨ અમદાવાદમાં વધી પડેલી ગોરીઓ (ચોરીઓ)

આદર્શ બાળકનો સદ્ભાવ—સંકલ્પ

નટવરલાલ કે. પટેલ
રૂપાલકંપા

- ★ ચારિત્ર્ય પ્રમાણિકતા અને સદાચાર મારા જીવનની સાધના હશે.
- ★ રાષ્ટ્રના હિતને સદા સર્વોપરી ગણીશ.
- ★ મા સરસ્વતીના મંદિરને હિંસા અને તોડ ફોડ કરી અભડાવીશ નહિ.
- ★ વિદ્યા વિનય વડે જ શોભે એ વાત સદા નજર સામે રાખીશ.
- ★ જીતીશ તો ફુલાઇ નહિ જઉં હારીશ તો હતાશ નહિ થાઉં.
- ★ વિદ્યા વડેજ અજ્ઞાનનો અંધકાર દૂર હટે એ હકીકત કદીય નહિ ભૂલું.
- ★ વડીલોની આમન્યા રાખીશ.
- ★ મારૂ સૌંદર્ય મારા વાળમાં નહિ મારા સદ્ગુણોમાં વિલસશે.
- ★ કોઇનોય આનંદ ઝુંટવાઇ જાય એવું કશુંય નહિ કરું.
- ★ રાષ્ટ્રના પુણ્ય શ્લોક પુરૂષોનું સ્મરણ કરીને હું એમના ગુણોને યથાશક્તિ અપનાવવા તત્પર રહીશ.
- ★ શાળામાં પૂરેપૂરી કાળજીથી ધ્યાન રાખી સારી રીતે ભણીશ.
- ★ મારા તન-મનને ભ્રષ્ટ કરે એવી ફિલ્મો જોઇશ નહિ.
- ★ કોઇ અપંગ કે ખોડ ખાંપણવાળી વ્યક્તિની કદી મશ્કરી કરીશ નહિ.
- ★ હમેશાં સાચું જ બોલીશ સાચા રસ્તે જ ચાલીશ.
- ★ મુસાફરી કરતી વખતે વૃદ્ધો, સ્ત્રીઓને અને અપંગોને જગા આપીશ.
- ★ વૃક્ષો વાવીશને સમૃદ્ધિ મેળવીશ.

હસી ખુશી

પટેલ અરવિંદકુમાર અરજણભાઇ તખતગઢ (હડમતીયાકંપા)

□□

□ કલાર્ક "સર, મારી પત્નીએ કહેવડાવ્યું છે કે હવે મને પ્રમોશન આપો.
બોસ : "હું મારી પત્નીને પુછી જોઈશ"

□ પત્ની : "તમે ગઇ રાત્રે ઉંઘમાં મારે માટે ખરાબ શબ્દો બોલી ગ્યા હતા"
પતિ: "ગઇરાત્રે હું બિલકુલ ઉંઘ્યો જ નથી"

□ શીર્ષાશનની કસરત કરવાથી તને કંઇ ફાયદો થયો કે ?"
"હા કેટલાંક સમયથી ખોવાઇ ગયેલી મારી બૂટની જોડી ખાટલાં. નીચેથી મળી આવી"

□ "હું આજે આખા સુરતમાં ફરી વળ્યો પણ મારે જે જોઇતું હતું તે કયાંય ન મળ્યું"
"તારે એવું તે શું જોઈતું હતું ?"
"ઉધાર

□ પતિ : "મને લાગે છે કે કયારેક તું જુઠ્ઠું પણ બોલે છે"
પત્ની : કેમ નહિ ? શું મારે તમારા વખાણ ન કરવાં"

□ તમે જયારે તરતા હો ત્યારે ખાસ કરીને કઇ બાબતનો તમને વધુ ડર રહે છે ? એક પત્રકારે તરણ સ્પર્ધામાં પ્રથમ આવનાર યુવતીનો ઇન્ટરવ્યુ લેતાં પૂછ્યું.
"મારો મેક–અપ બગડી જવાનો યુવતીએ જવાબ આપ્યો.

□ "તમારી ફિલ્મે ગઈરાતે સેંકડો લોકોના પ્રાણ બચાવી લીધા." અસરાનીએ રાજેશખન્નાને કહ્યું.
"એમ ? કેવીરીતે ?" રાજેશે જરાક ફૂલાઇ જતાં પૂછ્યું.
"ગઇરાતે જે થીયેટરમાં તમારી ફિલ્મ ચાલતી હતી એ થીયેટરની આખી છત તુટી પડી પરંતુ સદ્ભાગ્યે થીયેટરમાં કોઇ નહોતુ.

□ પત્રકાર : "શેઠ લખપતિ, તમે સેલ્સમેન તરીકે સામાન્ય રીતે પરિણીત પુરુષો

તે જ કેમ પસંદગી આપો છો ?"
શેઠ : "કારણકે એ લોકો ઓર્ડર સ્વીકારવાને ટેવાયેલાં હોય છે.

☐ મફત : શેઠ જુહારમલ, આ તમારો ગુલાબચંદ કોલેજના બીજા વરસમાં ત્રીજીવાર નાપાસ થયો. તમને શું લાગે છે ? કોલેજમાંથી ભણી ઉતર્યા એ શું કરશે ?
જુહારમલ : "મને તો લાગે છે કે એ સીધો દાંતના દાક્તર પાસે ચોગઠું બંધાવવા જશે."

☐ કલ્પના : મારા પતિએ બી. એ. થઇ એસ. ટી. સી. કર્યું.
મધુ : ને મારા પતિએ બી. એ. થઇને બી. એડ. કર્યું.
નલીની : મારા પતિએ બી. એ. બી. ટી. કરીને ટી. બી. કરી.

આચમન

નીલેશ એમ. પટેલ
અમદાવાદ

જે કાંઇ કરો તો પ્રભુના પ્રેમ માટે કરો શક્ય એટલું ઓછું બોલો. કામ જેટલું વધુ કરી શકો. સારા કામ માટે જેટલી કુશળતા જરૂરી છે, એટલી જ સ્થિરતા ને નિયમિતતા જરૂરી છે. આપણે સ્થિર મનને શાંત હૃદય સાથે ખુશીથી કામ કરીએ. આપણે હમેશાં નીયત વસ્તુ કરીશું તો શાંત અને સુખી રહીશું તમે જે કાંઇ કરો, ભગવાનને યાદ રાખીને કરો, હમેશાં એજ કામ હાથમાં લો જે સારામાં સારું છે એમ તમે જાણો છો પછી ભલેને કરવામાં સૌથી કઠણ કેમ ન હોય ?

તમે જે કાંઇ કરો તો પ્રભુના પ્રેમ માટે કરો, સત્યને માટે કરો પૂર્ણતાને માટે કરો એમાં કોઇ બીજો હેતુ, બીજો વિચાર આવવા ન દો અને આવા કામો માંથી પરિણામો અવશ્ય આવશે. આપણે સઘળી પરિસ્થિતિઓમાં આપણા થી થઇ શકે એટલું કામ સારામાં સારી રીતે કરી એને પરિણામને પ્રભુ પર છોડી દઇએ. કામમાં પૂર્ણતા એજ એક લક્ષ હોવું જોઇએ પરંતુ તે માટે તો બહુ ધીરજ સાથે પ્રયત્ન કરવો જોઇએ.

" સ્વધર્મ દિક્ષા " (પ્રેરક પ્રસંગ)

[સાધનામાંથી]

શામજીભાઈ એસ. પટેલ વડોદરા

સાણંદ તાલુકાના ચેખલા ગામે મોલેના સલામ ગરાસિઆઓના ૨૮ પરિવારોના ૧૩૯ ભાઇ-બહેનોએ તાજેતરમાં હિંદુ ધર્મ અંગીકાર કરી પોતાના પૂર્વજોએ કરેલી ભૂલનો ડાઘ ધોઇ નાખ્યો છે. મૂળ "મોલે સલામ" એ મુસલીમ કાળ દરમીયાન દમનના કારણે મુસ્લિમ ધર્મ અપનાવેલી રાજપૂત જ્ઞાતિ છે. મોલે સલામમાં મુળ ભૂજ રીત હિંદુ સંસ્કૃતિથી તેઓ અલગ હોય એવાં ચિન્હો પણ જોવા મળતા નથી.

આ પરિવારોની સ્વધર્મ દિક્ષાનો એક ઉત્સાહ પ્રદ સમારોહ વિશ્વહીંદુ પરિષદ, અને પંડીત આનદ પ્રિયજી વિગેરેના સયુકત ઉપક્રમે યોજાયો હતો:

બાવીસ જેટલા પરિવારોએ જે રીતે સ્વધર્મ દિક્ષા લીધી એની પણ એક કહાણી છે. એમના આ નિર્ણયથી ઉશ્કેરાઇને બીજા કેટલાક રૂઢિચુસ્તોએ સાચી ખોટી ફરિયાદો દાખલ કરાવી સગા વહાલાઓનાં દબાણ લાવી અપહરણ સુદ્ધાં કરાવ્યાનુ કહેવામાં આવે છે. પરંતુ આ પરિવારોએ આવા વાવાઝોડાની વચ્ચે રહીને સ્વધર્મ અંગીકાર કર્યો હતો.

દિક્ષા સમારંભમાં ભાગ લેનારા રાજપૂતો માંના એક શ્રી રામસીંહજી વાઘેલાએ કહ્યું, " અમે મૂળ હીંદુ જ હતા અને હિંદુ જ છીએ. અમે ધર્માંતર કર્યું નથી અમે તો અમારા ઉપર અનિચ્છાએ લાગેલો ડાઘ આજે યજ્ઞ વેદી, પવિત્ર અગ્નિ, સન્યાસીઓ, મહાત્માઓ અને જનતા સમક્ષ ધોઇ રહ્યા છીએ. આતો અમારા પોતાના ધર્મની એક પરંપરા ગત અંતર મનની શુદ્ધિ માટેની પ્રક્રિયા છે.

યજ્ઞવિધિના સમારંભ વેળાએ પંડીત આનંદપ્રિયજી, શંભુમહારાજ, ડો. વણિકર, શ્રી હરિશ્ચંદ્ર પંચાળ, પથ્વીસીંહ ચુડાસમા, બળભદ્રસીંહ રાણા, ગાભાજી ઠાકોર વગેરે વિવિધ સંસ્થાના આગેવાનો પણ ઉપસ્થિત હતા.

ઓલ ઈન્ડીયા કચ્છ કડવા પાટીદાર યુથ સોસાયટીની સ્થાપના

ભુજ તા. ૧ સમાન વિચાર સરણી ધરાવતા આપણી જ્ઞાતિના કુલ ૪૦ યુવાનોએ ભેગા મળીને સમગ્ર રાષ્ટ્રીયસ્તરે ઓલ ઇન્ડીયા ક. ક. પા. યુથ સોસાયટીની સ્થાપના કરી છે ગઇ તા. ૨૮ મી સપ્ટેમ્બરે યુથ હોસ્ટેલ બીલ્ડીંગ ગાંધીનગર ખાતે મળેલી પ્રથમ બેઠકમાં યુથ સોસાયટીની સ્થાપનાને વિધિસર રીતે જાહેર કરવામાં

આવી હતી તથા સંસ્થાનું બંધારણ તથા નીતિ નિયમોને બહાલી આપવામાં આવી હતી. ગુજરાતની પાટનગરી ગાંધીનગરના શાંત અને ખુશનુમા વાતાવરણમાં સભ્યોએ આખો દિવસ પસાર કર્યો હતો.

સોસાયટીના મંત્રીઓ સર્વશ્રી શામજીભાઈ તથા કરમશી પટેલે આ સોસાયટીની સ્થાપનાની વિગતો સભ્યોને આપી હતી. અને હેતુ તથા કામગીરી વિસે વિસ્તૃત ચર્ચા કરી હતી. તમામ સભ્યોએ ચર્ચામાં મુકતપણે ભાગ લઇ પ્રોત્સાહક વાતાવરણ ઊભું કર્યું હતું. મિટિંગ દરમ્યાન યુથ સોસાયટી દ્વારા પ્રકાશિત થનાર સમાચાર પત્ર માટે અસરકારક રીતે વ્યવસ્થા તંત્ર ગોઠવવા બાબતે ચર્ચા વિચારણા થઈ હતી. મિટિંગની કાર્યવાહી બાદ સભ્યોએ ગાંધીનગરનાં જોવાલાયક સ્થળો નિહાળ્યાં હતાં. હાલના સભ્યો ભારતભરના જુદા જુદા વિભાગોનું પ્રતિનિધિત્વ કરે છે.

મિટિંગમાં યુથ સોસાયટીનો પ્રથમ કારોબારી સમિતિની નીચે મુજબ રચના કરવામાં આવી હતી—

યુથ સોસાયટીની સ્થાપના શા માટે ?

શામજીભાઈ પટેલ મંત્રી (યુથ સોસાયટી) (સાણંદ–૩૮૨૧૧૦)

ગઇ તા. ૨૮મી સપ્ટેંબરે ગાંધીનગર ખાતે મળેલી મિટિંગમાં કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના ૪૦ યુવાન સભ્યોની બનેલી "ઓલ ઇન્ડીયા કચ્છ કડવા પાટીદાર યુથ સોસાયટી" નામની સંસ્થાની વિધિસર સ્થાપના કરવામાં આવી છે, તેના સંદર્ભમાં કેટલીક જરૂરી સ્પષ્ટતાઓ જાહેર જનતાની સવિનય જાણ માટે રજૂ કરવી અને જરૂરી લાગે છે.

સમગ્ર ભારતભર ઠેર ઠેર વસવાટ કરતી આ વિશાળ જ્ઞાતિમાં શરૂઆતથી આજ દિન સુધી પ્રચારના સક્ષમ અને સબળ માધ્યમના અભાવે Communication ની અછત વર્તાતી આવી છે, પરિણામે એક અસરકારક સમાચાર પત્રની આવશ્યકતા જણાતી હતી જ, ત્યાં ભૂજથી પ્રકાશિત 'આઝાદ કલમ' પાક્ષિક પણ બંધ થઈ જતાં, તેની ખોટ પૂરવા માટે સમાચાર પત્ર શરૂ કરવાનું હું ઘણા લાંબા સમયથી વિચારતો હતો. આ અંગે એ મારા મિત્રો સમક્ષ રજૂઆત કરતાં સૌ એ તેને વધાવી લેતાં અમે લગભગ ૪૦ યુવાનોએ 'યુથ સોસાયટી'ના માધ્યમ હેઠળ એક સમાચારપત્ર પ્રસિદ્ધ કરવાનો નિર્ણય કર્યો છે, જેના દ્વારા આ સમાજમાં બનતી નાની મોટી ઘટનાઓની સમગ્ર દેશભરમાં જ્ઞાતિબંધુઓ સુધી જાણકારી મળી શકે. સાથોસાથ, આ મુખપત્ર દ્વારા તેમજ અમારી યુથ સોસાયટી' દ્વારા બનતા પ્રયાસો કરીને, સામાજીક ક્ષેત્રે જેટલા ઉપયોગી

થઇ શકાય. તેટલા પ્રયાસો કરવા ઉપરાંત હાલનાં [illegible] જીક સંગઠનોને તેમની પ્રવૃત્તિઓમાં ઉપયોગી થવા પ્રયત્નો કરવાની ખાત્રી ઉ[illegible] રુ છું.

આપણી જ્ઞાતિનાં યુવક મંડળોને તેમજ સામાજી કાર્યકરોને વિનંતી છે કે તેઓ પોતાના વિસ્તારોમાં વસતા આપણા ભાઇઓનાં ફકત સરનામાં અમને મોકલી આપે જેથી તેઓને સમાચારપત્રની નકલ મોકલી શકાય. વધુને વધુ સંખ્યામાં કુટુંબો સુધી તે પહોંચે એ અમારો મુખ્ય ઉદ્દેશ છે.

પત્ર વ્યવહાર :—(૧) **શામજીભાઇ પટેલ** (મંત્રી યુથ સોસાયટી)
(૧) શ્રી અંબિકા વિજય સો મીલ, સાણંદ
(૨) કરમશી પટેલ (મંત્રી, યુથ સોસાયટી)
પટેલવાડી, કેમ્પ રોડ, **ભૂજ–કચ્છ.**

મારી નજરે મારો કંપો

ચંદ્રકાન્ત એમ. પટેલ કાશીપુરાકંપા, હિમતનગર.

કાશીપુરાકંપા હિંમતનગર થી ૧૦ કી, મી. દુર આવેલું છે. ગામમાં આવવા માટે ચોમાસાના ત્રણ મહીના સિવાય હિંમતનગર, અમદાવાદ અને ધનસુરા થી બસ મળી શકે છે. ગામમાં કચ્છી પટેલોની જ વસ્તી છે. વસ્તી આશરે ૨૦૦ માણસોની છે. ગામનો મુખ્ય ધંધો ખેતીનો છે. તેમાં મુખ્ય પાક કપાસ છે. તદ ઉપરાંત મકાઈ, ઘઉ મગફળી વિ. નો સમાવેશ થાય છે, ગામમાં કાળી અને લાલ એમ બે પ્રકારની જમીન છે. કુવામાં પાણી ચોવીસ કલાકનાં છે.

ગામમાં લાઈટ તેમજ વોટર વર્કસની સગવડ ઉપલબ્ધ છે, અને એક થી ચાર ધોરણ સુધી પ્રાથમિક શાળા ચાલે છે. ગામના વિદ્યાર્થીઓ મોડાસા, આણંદ, વડોદરા, અમદાવાદ, નાગપુર, મુંબઇની કોલેજોમાં આગળ અભ્યાસ કરી રહ્યા છે.

કંપાના ભાઇઓ ઉત્સાહી અને પ્રગતીશીલ છે. યાંત્રીક યુગમાં પ્રવેશવા માટે ટ્રેકટરો ધરાવે છે.

કંપામાં યોગેશ્વર પ્રગતી મંડળ, માઇ મંડળ, ગેઇમ્સ કલબ, અને સ્વાધ્યાય કેન્દ્ર ચાલે છે. દર શનીવારે સમુહ સ્વાધ્યાય થાય છે. આમાં બાળકો વધારે પ્રમાણમાં રસ લે છે. રમત ગમતમાં પણ ગામના ભાઇઓ રસ દાખવે છે. ગામમાં કોઇક વખત ભાઈઓ નાટક પણ રજુ કરે છે. નવરાત્રા પર્વ પણ અહી આનંદ ઉલ્લાસથી ઊજવાય છે.

ગામમાં ટેલીફોન અને ટપાલની સગવડ છે, બાજુના ગામમાંથી બેંકની સગવડ પણ મળી રહે છે.

ગામથી થોડે દુર માતાજીનું મંદીર

આવેલુ છે. ગામના લોકો તેમાં ઊંડી શ્રધ્ધા ધરાવે છે.

હિંમતનગર થી ધનસુરા રોડ કંપાની બાજુમાંથી પસાર થાય છે. હજુ આ રોડનું કામ ચાલુ છે, રોડ તૈયાર થઈ જતાં ગામને રસ્તાની જે અત્યારે ચોમાસામાં તકલીફ થાય છે તે દૂર થઇ જશે.

કંપાની પંચાયત, સહકારી મંડળી, પોસ્ટ ઓફીસ વગેરે પુરાણ ગામમાં આવેલા છે. ગામના ભાઇઓ રાજકારણમાં પણ સારો ભાગ લે છે. ગામમાં દરરોજ પેપર (છાપુ) આવે છે.

ગામમાં ચાહ, પાન કે નાસ્તાની કોઇ દુકાન નથી, કંપામાં સિઝન ઉપર ત્રણસોથી ચારસો માણસો મજુરી કરી રોજી મેળવે છે.

—શરદ

અભિનંદન * કાન્તિલાલ મનજીભાઇ પટેલ

કશીપુરા કંપા (હિંમતનગર)ના રહીશ પટેલ મનજીભાઇ મેઘજીભાઇના ચિ. કાન્તિલાલે મોરબી ખાતે જૂન–૧૯૮૦માં લેવાયેલ B. E. (MECH) FINAL PART II ની પરીક્ષામાં પ્રથમ વર્ગ ડીસ્ટીંક્સન માર્કસ સાથે (૬૮.૬૪%) સૌ યુનિવર્સીટીમાં પાંચમાં નંબરે આવ્યા છે.

તેઓ જાન્યુ–૮૦માં લેવાયેલી B, E. (MECH) FINAL PART I ની પરીક્ષામાં પ્રથમ વર્ગ ડીસ્ટીંગ્સન માર્કસ (૬૯.૭૭%) મેળવી સૌ. યુનીવર્સીટીમાં ત્રીજા સ્થાને આવેલ.

તેમજ તેઓ શ્રી B. E. (MECH) SEM VI માં દ્વિતીય આવેલ.

તેઓશ્રીએ એપ્રીલ–૭૪ માં લેવાયેલી S. S. C. ની પરીક્ષામાં ૭૯.૪૨% માર્કસ મેળવી હિંમતનગર કેન્દ્રમાં તૃતીય નંબરે આવેલ અને રવે. ભૂગોળ વિષયમાં ૯૩% માર્કસ મેળવી. ગુજરાત રાજ્યમાં ત્રીજા નંબરે આવેલ હતા...

સંસ્કૃતિનાં મૂલ્યો

માનવજાત શરીર સુખ મેળવવામાં પડેલી છે. ભારતીય સંસ્કૃતિ ભુલતી જાય છે. ઘરનાં, સમાજનાં, રાજ્યનાં કે રાષ્ટ્રીય મૂલ્યો ભૂલતાં જાય છે. ભગ દ્ ભક્તિની કિંમત રહી નથી. માણુસ કેવળ પૈસાનો ભૂખ્યો છે તેથીજ તે । જીવનમાં અશાંતિ આવતી જાય છે. અનીતિનો પૈસો ભેગો કરવામાં જ માણ । પડયો છે. સ્વાર્થમાં રચ્યો પચ્યો માનવી ભગવાનને ભૂલતો જાય છે.

આપણામાં પ્રેમ, ભાવના અને ભક્તિ હશે તો જ ભગવાન પધારશે. આજે સમાજનાં મૂલ્યો બદલાયાં છે. સંતોનાં પૂજન થતાં સંભળાતાં નથી. સમાજમાં સંતોને આમંત્રીને તેમનાં પૂજન કરવાની દષ્ટિ રહેલી હોવી જોઈએ. ખરેખર એવી દૃષ્ટિ જેમનામાં હોય તેઓ વંદનને પાત્ર જ છે.

ઘરમાંથી સંસ્કારો જાય છે. કારણકે જે સંતો કે ભક્તોની પૂજા થવી જોઈએ. તે થતી નથી. સંતોના હૃદયની આંતરડી આજે કકળી રહી છે. ધન, માન વાડી વજીફામાં રચ્યો પચ્યો રહેલો જીવ સંતોની પૂજા અને ભગવાનની ભક્તિને ભૂલતો જાય છે, પૃથ્વી પર કોઈ વીર પુરૂષ દેખાતો નથી. ઘરના સંસ્કારો ગયા; પુત્ર પિતાને નમતો નથી; પરિણામે ભુકંપ દુષ્કાળ જેવાં અનિષ્ટો પેદા થાય છે.

માણસને મૃત્યુનો ભય સતાવી રહ્યો છે. વડીલજનોનું અસ્તિત્વ હોય અને બાળકોનું અવસાન થાય છે ઋષિમુનીઓનાં લખેલાં શાસ્ત્રો વાંચવા-વિચારવાની શક્તિ નથી, ભગવાને જે ઇંદ્રિયો આપી છે તેનો સંયમથી ઉપયોગ થવો જોઇએ.

આજે પૈસાદારો પૂજાય છે. ગરીબ વિદ્વાનોની ગણત્રી કંગાળમાં કરવામાં આવે છે. આજે ગુણ વગરનો માનવી ને હોદ્દા વગરના માનવીને હલકો ગણવામાં આવે છે. ભગવાન માટેનો પ્રેમ, શ્રદ્ધા વગેરે ધન જ છે, જેના હૃદયમાં નારાયણનું સ્મરણ નથી એ માનવી હલકો છે. નારાયણના સ્મરણથી જ માનવી હલકો મટી જાય છે. શૂરા અને સતીઓના આ દેશના લોકો ધન કમાવામાં સાચવવામાં, શરીર સાચવવામાં પડયા છે, પારકા માટે પ્રાણનું બલિદાન આપનારા ચાલ્યા ગયા છે.

આપણા દેશમાં ભૂતકાળમાં ધનવાનોની પૂજા થતી ન હતી. અહીં રાવણ નહિ પણ તેને હણનાર રામને પૂજનારો આ દેશ છે. સત્યને ધ્યેય ખાતર ભોગ આપનાર ત્યાગી પુરુષો આ દેશમાં થઇ ગયા છે. ત્યારે આપણા દેશનાં આબાલ વૃદ્ધ સૌને ભૂલાતાં જતાં સંસ્કૃતિનાં મૂલ્યો ને ફરીથી યાદ કરવાની જરૂર નથી લાગતી શું ?

તારાં અંધિયાર પાણીને વહેવા દે

હરિભાઈ ડી. પટેલ (મુંબઈ)

એક નાનકડા ગામના પાદરે તળાવ આવેલું છે. એ તળાવને ચારેબાજુથી પાકી પાળ કરવામાં આવેલ છે. તેનું પાણી તેમાંજ ભરાઈ રહે છે. તેને બહાર વહીને જવાનો કોઈ માર્ગ રાખવામાં આવ્યો નથી. જો કે તે તળાવમાં પાણી પુષ્કળ છે જો તેમાંથી નહેર કાઢીને ખેતીવાડીના ઉપયોગમાં લેવામાં આવે તો તે પાણી જરૂર સારાઉપયોગમાં લઈ શકાય અને તળાવનું મહાત્મ્ય પણ વધી શકે. ઉપરાંત ખેડુતો માટે તે માટે તે ઉપયોગી બની આશીર્વાદ રૂપ બની રહેત. પરંતુ અહિયાં પાણીનો કોઈ ઉપયોગ થતો નથી પરિણામે દિવસો અને મહિનાઓ બાદ તે પાણી ગંધાવા માંડયું અને તે તળાવ આશીર્વાદરૂપ ન બની રહેતાં શાપરૂપ બની રહ્યું છે તેમાંય તેની બાજુમાં જે નાનકડુ ગામડું આવેલું છે તેના તે રોગ ફેલાવનાર સાધન બની રહ્યું છે કોઈપણ કારણસર તળાવના પાણીની દુર્ગંધ વધતી જ ચાલી છે અને પરિણામે તે દુર્ગંધી પવન મારફતે માનવીના આરોગ્યને નુકશાન પહોંચાડી રહી છે પરિણામે તળાવનું પાણી અનેકને આશીર્વાદરૂપ બની શકત તેજ પાણી આજે સેંકડો માનવી માટે શાપરૂપ બની રહ્યું છે.

આવી જ સ્થિતી માનવીની પણ થાય છે. માનવમાં સુષુપ્ત શકિતઓ પડેલી છે તે શકિતઓને યોગ્ય માધ્યમ દ્વારા માર્ગ આપે અને તે રીતે વાળે વહેવડાવે તો તે શકિતઓ માનવીનું મહાત્મ્ય વધારી મુકે અને મહામાનવ બનાવી દે અને માનવી અન્ય માનવ બાંધવો માટે આશીર્વાદ રૂપ બની રહે; પરંતુ જો માનવી પોતાનામાં રહેલી સુષુપ્ત શકિતઓને જાગૃત કરે તો અન્યની સહાયમાં–હિતમાં ન વહેવડાવે તો તે શકિતઓ જેમ પાણીમાં રહેલી શકિતઓ ગુંગળાઈને તે દુર્ગંધ રૂપે ફેરવાઈ ગઈ તેમ માનવમાં રહેલ શકિતઓ પણ જેમ ને તેમજ અન્યને ઉપયોગી ન બનતાં અન્ય દુર્માર્ગે વળે છે. માનવીમાં રહેલી શકિતઓ માર્ગ તો કરે જ છે, પરંતુ જો તેને જાગૃત થઈ સારા માર્ગે વ્યવસ્થિત રીતે વાળવામાં આવે તો તે માનવ કલ્યાણકારી બની રહે છે અને વ્યકિતના વ્યકિતત્વની પ્રતિભા ઉપસાવી શકે છે. અથવા તો શકિતઓ ઘણી વખત સુષુપ્ત જ રહે છે અને એ રીતે માનવ દેહનો વિલય થતા તેનામાં રહેલ અંધિયાર શકિતઓનો પણ સાથે સાથે વિનાશ થાય છે અને જીવન નિંદનીય બનીને અન્ય સમાજના સુકાર્યોમાં આડખીલી

 રૂપ બનીને કુટુંબ, ગામ, સમાજ, દેશ અને દુનિયાને માટે શાપરૂપ બની રહે છે. જેમનું સમાજમાં અસ્તિત્વ પણ ઇચ્છનીય નથી હોતું, સમાજ તેમને પોતાના સમુહમાંથી દૂર કરવા ઇચ્છતો હોય છે તો આપણે શા માટે આપણામાં પડી રહેલ સુષુપ્ત શક્તિઓને જાગૃત કરીને સુમાર્ગે અન્યના હિતાર્થે ન વહાવીએ ? શા માટે આપણે આપણા જીવનને તે શક્તિઓના સદુઉપયોગ વડે જીવન ને મંદિર સમ પવિત્ર બનાવીને સમાજમાં સુગંધી પ્રસરાવી જીવનને ધન્ય ન બનાવીએ ?

નવું વરસ

રાગ (કેમ ભૂલાય નામ ભગવાનનું રે)

નવું વરસ જીવનમાં શીખવેરે
સ્નેહે ભરવા સૃષ્ટિમાં સુંગધ ... નવું વરસ
સુમધુર સવારે સંભળાય છે રે
કરો સૌથી જીવન સમરસ ... નવું વરસ
રંગ રંગીલા વસ્ત્રો નજરે ચડેર
લાવો વિધ વિધ જીવનમાં રંગ ... નવું વરસ
રાગ દ્વેષો ભૂલી સૌ હળે મળે રે
સંત જીવન કેરો એ અણુસાર ... નવું વરસ
દિલ દુ:ખીયું છતાંય મુખ મરકતું રે
શોક કેરું ન નામ કે નિશાન ... નવું વરસ
ઘેર ઘેર મિઠાઇ વહેંચાય છે રે
ત્યાગીને ભોગવવાનો સાર ... નવું વરસ
ફટ ફટ ફટાકડા ફુટતા રે
ફૂટી જાય એમ માનવ તન ... નવું વરસ
દીવા દેખાવડા થઇ ઝગમગે રે
જ્ઞાન દીપક અજવાળે મન ... નવું વરસ
શુભ શરૂઆત તણો સારો અંત છે રે
ધરી સમજણ એ ધરવાનું ધ્યેય
નવુંવરસ જીવનમાં શીખંવેરે ...

ત્રિકાળ સંધ્યા શું અને શા માટે ?

પરમ પૂજ્ય પાંડુરંગ આઠવલે શાસ્ત્રીજીના પ્રવચનોના આધારે

સંકલન : નાનજીભાઇ મેઘજીભાઈ પટેલ અમદાવાદ

ઇશ નિર્મિત આ જગતમાં ઇશનું અંતિમ સર્જન એટલે માનવ. માનવને મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર આપીને સર્વ શ્રેષ્ઠ બનાવ્યો છે અને એથી જ તો સમસ્ત સંસાર પર તે શાસન કરતો રહેલો છે.

આવો શક્તિશાળી માનવ, બીજાના સહારે જ શક્તિશાળી બની શકે છે તે હકીકત પણ તેટલી જ નક્કર છે. માનવબાળ જન્મે છે. ત્યારે પાંગળી દશામાં હોય છે. ખાવા પીવાનો, ઉઠવા સુવાનો તેમજ કુદરતી હાજતોનો પણ ખ્યાલ હોતો નથી ત્યારે જનેતા પર આધાર રાખવો પડે છે અને માતાનું ઋણ ચડાવીને બાળક હરતું ફરતું થાય છે.

ઘરના આંગણાથી બહાર નીકળે કે પહેરવા ઓઢવા, શિક્ષણ મેળવવા તેમજ અહિંને આવાસ માટે પિતાનું ઋણ ચડે છે.

તેજ પ્રમાણે અભ્યાસકાળ દરમ્યાન આચાર્યનું ઋણ–સમાજનું ઋણ રાષ્ટ્રનું ઋણ એમ અનેક પ્રકારના ઋણ ચડાવીને માનવ શક્તિઓ ખીલે છે અને શ્રેષ્ઠ બની શકે છે.

ઉપરોક્ત ઋણ ઉપરાંત પણ એક ઋણ સતત ચડતું રહે છે અને તે છે ઇશશક્તિનું ઋણ.

માતા પિતાનું ઋણ ૨૦ થી ૨૫ વર્ષ પછી ચડતું બંધ થાય છે. સામાન્યતઃ પુત્રને ધંધાકીય જોગવાઇઓ કરી આપીને અને પુત્રીને પારકા ઘેર વળાવીને માતા-પિતા પોતાની ફરજ પૂરી થયેલ સમજીને ચડાવેલું ઋણ પાછું વાળવાની અપેક્ષા સંતાનો પાસેથી ઊંડે ઊંડે પણ રાખતાં થાય છે. : એટલે જ તો એ ઋણોને ફેડવા માટે આપણા સમજુ પૂર્વજો એ **मातृदेवो भवः पितृदेवो भवः आचार्यदेवो भवः** ઇત્યાદિના પાઠ માનવ જાતને ભણાવેલ. જેથી તે, ચડતાં રહેલાં પ્રત્યેક ઋણ ચૂકવી, હળવો થઇને જગતમાંથી જાય.

"સમાજ સેવા અને રાષ્ટ્ર સેવા પણ એટલા માટે જ છે ને" !

અમુક સમય સુધી ચડતું ઋણ ચૂકવીને દેવાં મૂકત થવાનો પ્રયત્ન કરતા હોઇએ. તો સતત ચડતા રહેલા ઇશ ઋણમાંથી મૂકત થવા આપણે કાંઇ ન કરવું જોઇએ ?

જવાબ હશે–કરવું જ જોઇએ. પ્રશ્ન થશે ? શું કરવું ? તેનો જવાબ આપણા ઋષિઓએ તૈયાર રાખેલ છે. અને તે છે

ત્રિકાળ સંધ્યા :

આંખ ઊઘડી અને આવ્યો વિચારએ, સ્વીય મારી આ કોને દબાવી
ભાન વિના સૂઇ જાઉં છું રાતના, ઉઠાડી જાય નિત કોણ આવી ?

શરીર દ્વારા થતી પ્રત્યેક ક્રિયામાં પહેલાં વિચાર શરૂ થાય છે અને પછી કૃતિ. પણ સવારના ઉઠતી વખતે આંખ ખોલવાની કૃતિ (ક્રિયા) પહેલાં થાય છે અને વિચારોની વણઝાર પછી શરૂ થાય છે. તો આંખ ખોલનાર કોણ ? ને આંખ ખૂલ્યા પછી ગઇકાલની સ્મૃતિ (યાદશકિત) પાછી આપનાર કોણ ? —ભગવાન

તો રોજ સવારે આંખ ઊઘાડનારનું ઋણ ફેડવા કાંઇ ન કરવું જોઈએ ? એટલા માટે જ છે પ્રાતઃ પ્રાર્થના

ભોજન કરવા બેસું છું. ત્યારે અન્નપાણી મુખ દ્વારા અંદર નાખું છું પણ પચશે નહીં તો ? ઝાડા કે ઉલટી મારફતે બહાર નીકળી જશે તો ? તેથી ચાર પ્રકારે (ચાવીને, ચૂસીને, ચાટીને અને પીને) લેવાતો ખોરાક વૈશ્વાનર અગ્નિરૂપે પચાવીને. જે રોજે રોજ ઋણ ચડાવતો રહેલ છે તેને જમતી વખતે યાદ ન કરવો જોઇએ ?

સાંજે ખોરાક લઉં ખંતથી ભાવતો કરુ ભોજન હું વખાણી વખાણી
કંટાળી કાર્યથી થાક લઈ શિરપરે સૂઇ જતો (હું) અંતે સોડતાણી
થતાં પ્રભાત નિત જાગતો ઓચિંતો ગઇ કયાં રાત નવ ખબર પડતી
સૂતેલો હાથ ફેરીને ભરપેટ પર ખાધેલા તણી નવ હસ્તી જડતી

રાત્રે જમીને હું ભરપેટ સૂઇ જાઉં છું ને સવારે ઉઠતી વખતે પેટ ખાલી હોય છે. તો સતત જાગતો રહીને જે પચાવે છે તેને આપ્યું કંઇ ઓવરટાઇમ ? એટલા માટે છે જમતી વખતની સંધ્યા.

સવારે ઉઠાડવાનું, ખોરાક પચાવવાનું, તેજ રીતે રાત્રે સુતી વખતે ઊંઘાડવાનું પણ ઇશ શકિતના હાથમાં છે. વિજ્ઞાને સારામાં સારા પલંગને ફોમ રબ્બર-

ના ગાદલાની સુવિધા આપી પણ ઊંઘ આપી ? ઊંઘ્યા પછી રક્ષણ કોણ કરે છે? સાંજે તનથી કે મનથી થાકીને લોથ પોથ થઈ જનાર હું સવારના જાગુ છું ત્યારે એજ સ્ફૂર્તિ પાછી આવી મળે છે કોણે આપી ?

ગયો કયાં થાક મુજ આવ્યું ચૈતન્યને ઊઠી ઊભો થયો ઘોડા જેવો
ભૂલીને હું ફરૂં થાક હરનારને તો શું માનવ સમજદાર કેવો !
તો રાત્રે ઊંઘાડનાર, થાક હરનાર અને સ્ફૂર્તિ આપનારને રાત્રે સુતી વખતે યાદ ન કરવો જોઈએ ?

એટલા માટે છે શયન સમયની સંધ્યા માણસ ગમે તેટલી ઉંમરનો થાય છતાં પણ તેના પર સતત ચડતા રહેલા ત્રણે કાળના આ ઋણને ફેડવા માટે ઋષિઓએ બતાવેલ રસ્તો એટલે **ત્રિકાળ–સંધ્યા.**

આવી વાતો આપણને કદાચ જૂના જમાનાની લાગે, પણ આજની દષ્ટિએ વિચારીએ તો પણ તેની જરૂરિયાતને યોગ્યતા જણાઈ આવશે.

આજનો માનવ ગમે તેટલો સુધરે, ગમે તે દેશમાં રહેતો હોય તો પણ " થેન્ક યુ " અને " સોરી " ની સભ્યતા જાળવે છે.

ભલેને હો એ બુદ્ધિમાન, રહે બ્રિટન કે રશિયામાં
કરે છે " થેન્ક યુ " કે " સોરી " સહેજે એ સજ્જનતામાં
અરે ! માગે અવરથીયેન ! અક્ષર ચાર લખવાને ?
કહી આભાર સાહેબ આપનો. એ એને સન્માને.
પણ એજ માનવ !
કરે છે કામ જે અગણિત સભાળે રાતદિ નિત્યે
ન કરતો યાદ સ્હેજે પણ ઉંમર તો જાય છે વિત્યે
થઈને બુદ્ધિશાળી જાતને જો શ્રેષ્ઠ છે માને !
" કહે સ્વાધ્યાય " ભૂલ્યો " થેન્કયુ " તો ઈશથી શાને ?

આજનો સુધરેલો માનવી લખવા માટે પેન આપનારને " થેન્ક યુ " (આભાર) કહીને સભ્યતા બતાવી શકે તો પ્રેમ આપનારને કાંઈ ન કહી શકે ? ઈશને અપેક્ષા નથી પણ આપણી ફરજ છે સભ્ય બનવાની.

હું છું માનવ જગે બુદ્ધિશાળી કહી કરે વેવાર જે અવર સાથે
એજ વહેવાર જો ઈશથી ના કરે સ્થાન શોભે તો પશુની સંગાથે

આત્મિય વાચક ! તેથી આપણે ગમે તેટલા ભણેલા હોઇએ, ગમે ત્યાં રહેતા હોઇએ ગમે તે કાળમાંથી પસાર થતા હોઇએ તો પણ ઇશઋણ અદા કરવા માટેનો ઋષિ ચીંધ્યો માર્ગ સ્વાધ્યાય પ્રવૃતિ દ્વારા પરમપૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજી પાસેથી મળ્યો છે ત્યારે, તે આપણા જીવનમાં ઊતારીને આપણે નિયમિત ત્રિકાળ સંધ્યા કરીએજ. અને :-

નવું વરસ શરૂ થાય છે ત્યારે "જ્યોત જલે" એ આધારે કૃતિ ભકિત તરીકે ત્રિકાળ સંધ્યાનો સંદેશ કચ્છ કડવા પાટીદાર ભાઈ-બહેનો ભારતભરમાં જયાં જયાં વસતાં હોય ત્યાં પહોંચાડવાનો સંકલ્પ કરીને કામે લાગશું તો આપણું ઋણ સાચા અર્થમાં અદા કરીને ઇશને ગમતા થઈશું જ.

ભગવાન આપણને આપણું જ હિત કરવાની શકિતને પ્રેરણા આપે એજ અભ્યર્થના.

સમાચાર દર્શન

અભિનંદન *

મહેસાણાના અગ્રગણ્ય નાગરિક સ્વ. રાજરત્ન બહેચરદાસ ખુશાલદાસના પુત્ર શ્રી ચંદુલાલ બહેચરદાસના સુપુત્રી ચિ. પ્રફુલ્લાના શુભલગ્ન કડી નિવાસી શ્રી બાબુલાલ ધનાભાઇ પટેલના સુપુત્ર શ્રી ચિ. રજનીકુમાર સાથે તા. ૨૭-૧૦-૮૦ના રોજ અત્યંત સાદાઇથી થયાં જે લગ્નમાં વર પક્ષ તરફથી ફકત ૧૧ વ્યકિતઓ આવેલા અને લગ્નમાં કોઇપણ જાતનો ભોજન સમારંભ, મંડપ, બેન્ડવાજા કે અન્ય ડેકોરેશન નાબુદ કરી માત્ર પારિવારિક વ્યકિતઓની હાજરીમાં જે કોઇપણ જાતની લૌકિક વિધિ સિવાય માત્ર હાર તોરા પહેરાવી થયાં હતાં, જેમાં કોઈપણ જાતનો ખર્ચ કરવામાં આવેલો નહીં—

ઉપરોક્ત સુધારો સમગ્ર પાટીદાર સમાજ માટે આશીર્વાદ દાખલા રૂપ સમાન પુરવાર થશે. કારણ કે અત્યંત મોંઘવારીમાં પાટીદાર ખેડુત વર્ગ દેવાં કરીને જ ઉપરોક્ત ખર્ચાઓ કરતા આવ્યો છે અને તે દેવાઓમાંથી જીંદગી પર્યંત નીકળી શકતો નથી તો સમગ્ર પાટીદાર સમાજ ઉપરોક્ત ઉધહરણ જીવનમાં અગલી બનાવે તેવી અભિલાષા.

તખતગઢ—સરતાનપુર કેળવણી મંડળ

સાબરકાંઠા જિલ્લાના તખતગઢ (હડમતિયા કંપા)માં કેળવણી મંડળની સાધારણ સભા, તખતગઢના સરપંચ શ્રી ખીમજીભાઇ એચ. મુખીના પ્રમુખ સ્થાને મળી હતી. જેમાં કેળવણી મંડળના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

પ્રમુખ— શ્રી ગણપતલાલ વેલજીભાઇ પટેલ — એડવોકેટ
ઉપ પ્રમુખશ્રી— શ્રી ચંદુલાલ ગોવિંદભાઇ પટેલ
મંત્રીશ્રી— શ્રી ડાહ્યાભાઇ કરમશીભાઈ પટેલ
સહમંત્રીશ્રી— ૧. શ્રી વિઠ્ઠલભાઇ કાનજીભાઇ પટેલ
૨. શ્રી વિઠ્ઠલભાઇ ખીમજીભાઇ પટેલ
ખજાનચી— શ્રી હરિભાઇ જેઠાભાઇ પટેલ

સલાહકાર સમિતિ

૧. શ્રી લઘાભાઇ પ્રેમજીભાઇ મુખી
૨. શ્રી રામજીભાઇ વસરામભાઇ પટેલ
૩. શ્રી ગોવિંદભાઇ અમજીભાઇ પટેલ

આમ કુલ્લે ૨૧ સભ્યોની કારોબારી તથા ત્રણ સભ્યોની સલાહકાર સમિતિની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

સાધારણ સભામાં નવા વરાયેલા હોદ્દેદારોએ શૈક્ષણિકક્ષેત્રે વિકાસ કરવા શકય તેટલો વધુમાં વધુ સાથ, સહકાર સાથે સહર્ષ પોતાની ફરજ બજાવવાની ખાત્રી આપી હતી. અલ્પાહાર બાદ સભાનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

કચ્છી કડવા પાટીદાર યુવક મંડળ

ઓઢવ, અમદાવાદ

પ્રગતિની પાંખે અમારું મંડળ

યુવક મંડળની સ્થાપના ગઇસાલે 15 AUG'79 ના કરવામાં આવી. સમાજની નવરચનાનું કાર્ય સમજી જોત જોતામાં રોડ પરની બધી જ સો મીલો (લગભગ-૨૦) તેમજ આસપાસનાં ખેતીવાડી ફાર્મ્સ -પટેલ ફાર્મ, આશાપુરા લાટ, પટેલ ફાર્મ-૨, ભાવડાલાટ તેમજ અશોકવાડીના યુવકોએ પણ સક્રિય રસ લીધો. હાલમાં મંડળની સભ્ય સંખ્યા ૯૦ નો આંકડો વટાવી ગઇ છે. મંડળના નામ મુજબ જ ખરેખર અહીં young blood એટલે કે વીસી-ત્રીસી વચ્ચેના તરવરાટ ભર્યા યુવાનીઆ છે. મેં કોલેજોમાં વિદ્યાર્થી મંડળો અને ઉ સાહિત જીમખાના કમિટીઓ થોડું પણ ઋણુ અદા કરવા આ લખવા પ્રેરાયો.

ગયા માસની આખરમાં મંડળની સર્વાનુમતે બીજી વાર કારોબારી કમિટી-ની વરણી થઇ જે નીચે મુજબ છે. અહીં વોટીંગ પદ્ધતિ નથી પરંતુ ઓપન-ઓપીનીયન મેથડથી વરણી કરાય છે.

પ્રમુખ — શ્રી વીરજીભાઈ કરમશીભાઇ પટેલ

ઉપપ્રમુખ — શ્રી ખીમજીભાઇ ખેતાભાઇ પટેલ

મંત્રી- શ્રી રાજારામભાઇ નાનજીભાઇ સહમંત્રી- શ્રી પરબતકુમાર મેઘજીભાઇ

ખજાનચી :- શ્રી સોમજીભાઈ શીવજીભાઇ

— કમિટી —


૧ પટેલ વિરજીભાઈ ખીમજીભાઈ	૬ પટેલ હર્ષદભાઇ જેઠાભાઇ
૨ „ ગોપાલભાઇ નથુભાઇ	૭ પટેલ વિશ્રામભાઇ કરમશીભાઇ
૩ „ લાલજીભાઇ ધનજીભાઇ	૮ „ ડાહ્યાલાલ જેઠાભાઇ
૪ „ વિસનજીભાઇ લાલજીભાઇ	૯ „ જેઠાભાઇ વિશ્રામભાઇ
૫ „ ધરમશીભાઇ રતનશીભાઇ	૧૦ „ મેઘજીભાઈ ગંગદાસભાઇ

૧૧. હીરાલાલ વાલજીભાઇ પટેલ

— કારોબારી —

૧ પટેલ વીરજીભાઈ ખીમજીભાઈ	૨ પટેલ ગોપાલભાઈ નથુભાઈ
૩ પટેલ લાલજીભાઈ ધનજીભાઇ	૪ પટેલ વિસનજી લાલજીભાઇ

૫. પટેલ ધરમશીભાઇ રતનશીભાઈ


LAXMI
LAXMI
Shree
LAXMI ENGINEERING WORKS
શ્રી લક્ષ્મી એન્જીનીયરીંગ વર્કસ
ગંગા સિમેન્ટ પાઈપ ફેક્ટરીની બાજુમાં,
નરોડા રોડ, અમદાવાદ-૩૮૨૩૪૦
ટે. નં.
૩૭૪૪૭૨
બેન્ડ સો એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઈપણ

ગરૂડ એન્જીનીયરીંગ કોર્પોરેશન તરફથી નિયુક્ત થયેલા એજન્ટો

	એજન્ટ	રાજ્ય
૧	જીવાજી લાલજી પટેલ સરદાર પટેલ ટીમ્બર માર્કેટ નાગપુર-૩	મહારાષ્ટ્ર
૨	ગીતા ઈલેક્ટ્રીકલ્સ મુ. પો. ધનસુરા જિ. સાબરકાંઠા	ગુજરાત
૩	નાકરાણી સો મીલ નાગપુર રોડ, જબલપુર	મ. પ્ર. સાગર, ઈન્દોર, જબલપુર વિસ્તાર
૪	ચાંદબાલી ટીમ્બર ટ્રેડર્સ મુ. પો. ચાંદબાલી જિ. બાલાસોર	ઓરીસ્સા
૫	પ્રકાશ ટીમ્બર કોર્પોરેશન ૧૫/૧ F નીરોદ બીહારી મલીકરોડ કલકત્તા-૭૦૦૦૦૬	આસામ
૬	પ્રગતિ ટીમ્બર કું. ૧૭૬A જેસોર રોડ કલકત્તા-૭૦૦૦૫૫	વેસ્ટ બેંગાલ
૭	પ્રભાત હાર્ડવેર સ્ટોર્સ ધારવાર રોડ, મુ. પો. બેલગામ	મહારાષ્ટ્ર અને કર્ણાટક
૮	ભગવતી સો મીલ ફાફાડીહ, રાયપુર (મ. પ્ર.)	મ. પ્ર. ના બસ્તર અને રાયપુર જિલ્લા

લી. ગરૂડ એન્જીનીયરીંગ કોર્પોરેશન વતી, વિશ્રામ હંસરાજ પટેલ

 મદદરૂપ થાય તે માટે ઉત્સાહ સારું એવું ભંડોળ પણ એકત્રિત કર્યું છે. નીચેનાં કાર્યો ત્વરિત ઉપાડવા અનુરોધ કરવામાં આવ્યો.

૧. જ્ઞાતિના ગરીબ વિદ્યાર્થીઓ (ગમે તે – ગમે ત્યાં નો) ને ફી, ગણવેશ, ચોપડીઓ, નોટ્‌–બુકસમાં સહાય.
૨. ગરીબ વિધવા અને બાળકોને સહાય.
૩. ટકાવરી મુજબ વિદ્યાર્થીઓમાં પ્રોત્સાહિત ઇનામ અને સ્પર્ધાઓ.
૪. જ્ઞાતિ સમૂહ આનંદ મેળાનું આયોજન અને મેળાવડો.
૫. પિકનીક પર્યટન અને બૌદ્ધિકનું આયોજન.
૬. જ્ઞાતિ સમાજ સુધારકનું સન્માન અને જ્ઞાન–વર્ધક ચર્ચા–સમારંભ.
૭. જન્માષ્ટમી, નવરાત્રિ, શરદોત્સવ તેમજ જ્ઞાતિ ઉત્સવોની સમુહ ઉજવણી.
૮. નવરાત્રિ પર નાટકો અને બહેનોમાં ગરબા સ્પર્ધા અને ઇનામ વિતરણ.
૯. ગીતા સ્વાધ્યાય સમૂહ તથા ભાઇઓ–બહેનોનો ભિન્ન.
૧૦. દર માસે મંડળની કારોબારી મીટીંગ અને દેશભરની જ્ઞાતિ–ચર્ચા.

આમ મંડળ ખૂબ જ સરસ પ્રયોજન કરી પ્રગતિ ભણી ધપી રહ્યું છે. વેશ–ભુષા–ગરબા રજુ કર્યા. શરદોત્સવનું આયોજન મંડળના મંત્રી શ્રી રાજારામભાઈ કારોબારીને કમિટી મેમ્બર શ્રી લાલજીભાઈ તેમજ ધરમશીભાઈએ કર્યું.

મંડળે નક્કી કર્યું છે. ઉત્સવો ફક્ત સો મીલ પૂરતા જ સ્થાનિક નહીં પરંતુ વાહનની વ્યવસ્થા કરી બાજુના ફાર્મમાં ઉલટ–સુલટ યોજવા જેથી સૌ આવેલા એકબીજાની નજીક આવે અને જાગૃતિ આવે.

વધુમાં બહેનોનો ફરતો સ્વાધ્યાય ગયા વરસથી ચાલુ છે. સંખ્યા પણ સારી છે. મંડળના સીંગરવા ગ્રુપમાં ગયા વરસથી સ્થાયી ગીતા–સ્વાધ્યાય ચાલુ છે. સમુહ સ્વાધ્યાયની વિચારણા ચાલુ છે.

મંડળના સિંગરવા ગ્રુપમાં ટૂંક સમયમાં લાયબ્રેરીની શરૂઆત થવાના ભણકારા સંભળાય છે.

મારી દૃષ્ટિએ મંડળના ઉપ–પ્રમુખશ્રી, મંત્રીશ્રી તેમજ કારોબારી સભ્યશ્રી લાલજીભાઇ તેમજ ધરમશીભાઇ ખૂબજ ઉત્સાહિ થઇને પ્રસંશનીય કામગીરી કરે છે.

લિ. નાનેરા જ્ઞાતિ બંધુ — **મણિલાલ ડી. પટેલ** '[વિલાપ]'
D. C. E. મેગેઝીન સેક્રેટરી,
રાવ-મેંડ પોલી, કોલેજ, દાહોદ-૩૮૯૧૫૧

શ્રી ગુર્જર કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ

વલ્લભ વિદ્યાનગર (આણંદ)

ગત તા. ૨૭-૭-૮૦ ના રોજ વિદ્યાનગર મુકામે ૧૯૮૦-૮૧ વર્ષની પ્રથમ મીટીંગ યોજવામાં આવેલ હતી. તેમાં નીચે પ્રમાણેના વિદ્યાર્થી બંધુઓની કારોબારી માં નિમણુંક કરવામાં આવેલ છે.

અ. નંબર	હોદ્દો	નામ	ગામનું નામ	અભ્યાસ
૧	પ્રમુખ :	પુરસોતમભાઈ હરિભાઈ પટેલ,	તખતગઢ	B. Sc. [D. T.]
૨	ઉપપ્રમુખ :	પ્રવીણભાઈ મણીલાલ પટેલ,	દુધાથલલાટ	T.Y.B.E, [Mech.]
૩	સેક્રેટરી :	બાબુલાલ લાલજીભાઈ પટેલ,	તલોદ	T.Y.B. Sc. [D.T]
૪	ઉપસેક્રેટરી :	મોહનભાઈ ખેતાભાઈ પટેલ,	અમરગઢકંપા	T.Y B. Com.
૫	ખજાનચી :	મહેન્દ્રકુમાર રતીલાલ પટેલ,	બુટાલકંપા	D E [Elect]
૬	સહ.ખજાનચી :	હસમુખલાલ હીરાલાલ પટેલ,	નિકોડાકંપા	S.Y B.Com.
૭	પ્રવાસમંત્રી :	વસંતકુમાર ગંગારામ પટેલ,	મોતીપુરાકંપા	T.Y.B Com.
૮	સહ.પ્રવાસમંત્રી :	મોહનલાલ માવજીભાઈ પટેલ	કાશીપુરાકંપા,	T.Y.B.E. [Elect]
૯	એડીટર :	ચંદુલાલ ગોવિંદભાઇ પટેલ	તખતગઢકંપા	T. Y. B. Com.
૧૦	સહએડીટર :	ભગવાનદાસ શામજીભાઈ પટેલ	તખતગઢકંપા	T.Y.B.A.
૧૧	સલાહકાર :	જયંતીલાલ પ્રેમજીભાઇ પટેલ,	લાલજીપુરાકંપા	M. A.
૧૨	સલાહકાર :	કાન્તિલાલ કરશનભાઇ પટેલ	મહાદેવપુરાકંપા	B. E. [Civil]

સને ૧૯૭૯-૮૦ વર્ષમાં સ્નાતક તથા અનુસ્નાતક થયેલ વિદ્યાર્થીઓની યાદી.

B.Sc. (Agri)

પટેલ વિઠ્ઠલભાઈ ખીમજીભાઇ	તખતગઢકંપા
પટેલ કાન્તિલાલ બહેચરભાઈ	અમીનપુરા
પટેલ અરવિંદકુમાર મોહનલાલ	ઉમિયા ફાર્મ (દહેગામ)

પટેલ હસમુખલાલ ડાહ્યાલાલ — દુધાથલલાટ
પટેલ હીરાલાલ દેવજીભાઇ — દયાપુર (કચ્છ)
પટેલ કેશવલાલ ગોવિંદભાઇ — માતાજીકંપા

B. Engg.

પટેલ શાન્તિલાલ જીવરાજભાઈ [mech] — લુડવા (કચ્છ)
પટેલ ભવાનભાઇ હરીભાઇ — પ્રાંતિજ

B. Sc. (Statistics)

પટેલ નટવરલાલ ગંગારામભાઇ, — મોતીપુરાકંપા.

B. A.

પટેલ મંજુલાબહેન ડાહ્યાભાઇ — દુધાથલલાટ

D. H. M. S.

પટેલ હીરાલાલ નારણભાઇ — રાયણનોમાળ
પટેલ નરસિંહભાઈ નાનજીભાઇ — શીવપુરાકંપા
પટેલ મણીલાલ અખઇભાઇ — કરશનપુરાકંપા

Diploma in Engg.

પટેલ દામજીભાઇ એમ. (civil) — ગઢસીસા (કચ્છ)

M. Com.

પટેલ ઇશ્વરલાલ કરમશીભાઇ — ચંદ્રપુરાકંપા.

B. V. Sc. & AH.

પટેલ બાબુલાલ કાનજીભાઈ — દામાવાસકંપા

મંત્રી શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ
વલ્લભ વિદ્યાનગર, (આણંદ) ૩૮૮૧૨૦

* અભિનવ લક્ષણશાસ્ત્ર *

પટેલ બાબુલાલભાઈ ભીમજીભાઇ મગનપુરાકંપા


- ☐ કોઇ એકાએક કારમાલિક બને તો સમજવું કે દાટેલું ધન કે લોટરી મળી છે.
- ☐ નવો પતિ પત્નીને પીયેર મોકલવા માટે ઠેઠ સ્ટેશને જાય તો સમજવું કે પત્ની થોડા વખતમાં નવી ભેટ લાવવાની છે.
- ☐ જો કોઇ દુધવાળો બેચેન જણાતો હોયતો સમજવું આજકાલ તે ભેળસેળમાં દંડાયા કરે છે.
- ☐ જો કોઇ યુવાન હંમેશાં અપટુ ડેટ રહેવા માંડતો હોય સમજવું કે તેના પાડોશમાં કોઇ નવી યુવતી રહેવા આવી છે.
- ☐ પરણ્યા બાદ પુરૂષ ભૂતકાળ યાદ કરતો હોયતો સમજવું કે મહાશયને પત્ની કાળકા જેવી મળી છે.
- ☐ દરરોજ સાવ પાણી જેવું, પાતળું દૂધ લાવનારો અચાનક કોક દિવસ જાડું રગડા જેવું દૂધ આપી જાયતો સમજવું. કે, પાણીની પાઇપ લાઇનમાં ક્યાંક ભંગાણ પડયું છે.
- ☐ જો કોઇ ઉદ્યોગપતિ ગામડામાં મોટા પાયા પર જમીન લેવાનું શરૂ કરે તો સમજવું કે તો બ્લેક 'મની' નો જ પ્રતાપ છે.
- ☐ હંમેશાં ઉંચી એડીનાં સેન્ડલ, પહેરતી, સ્ત્રી, અચાનક સામાન્ય સેન્ડલ ઉપર આવી જાયતો સમજવું કે બહેને ત્રણ ચાર વાર જમીન માથી લીધી છે.

"GARUD" Phone : P. P. 351024

ગરૂડ

એન્જીનીયરીંગ કોર્પોરેશન

૧૫/૧ F નીરોદ બીહારી મલીક રોડ, **કલકત્તા—૭૦૦૦૦૬**




આથી અમો સૉ મીલ તેમજ પ્લાયવુડ ધરાવતા ઉદ્યોગપતિઓને વિનંતિ કરીએ છીએ કે અમોએ ચેઈન સો મશીનરી નાવવાનું શરૂ કરેલ છે. જે આધુનિક યંત્ર યુગમાં લેટર પ્રોબ્લેમમાં સહાયરૂપ થશે.

ચાલવામાં સરળ, ચાલુ એમરીમાં ચેઈન ધાર કરી શકાશે, પાર્ટની પ્રચુરતા માટે ઓર્ડર નોંધાવવા આથી વિનંતી કરીએ છીએ.

સો મશીનના પાર્ટસ, ટ્રોલીના પાર્ટસ તેમજ બેરીંગ વગેરેની માહિતી આપને મેળવી આપીશું. આપની વધારે માહિતિની જરૂરીયાત માટે નજીકના એજન્ટ સાથે સંપર્ક સાધવા વનંતી.

સમય અને મહેનત બચાવો *



"પોકારનું"

ઇલેકટ્રીક પાવરથી ચાલતું

છાસ

બનાવવા માટેનું

વલોણા

યંત્ર

—તદ્દન આધુનિક તેમજ આકર્ષક મોડેલોમાં વસાવી ઘરની શાન વધારો.

વિક્રેતા :—

વિક્રેતાઓ :— (૧) આશા ઓટોમોબાઇલ્સ — ભુજ
(૨) ગીતા ઇલેકટ્રીકલ્સ — ધનસુરા
(૩) મહાલક્ષ્મી વાઇન્ડીંગ વર્કસ — ડેમાઇ
(૪) અંબિકા ફર્ટિલાઇઝર્સ — ખેડબ્રહ્મા
(૫) શ્રેયસ એજન્સી — રાજકોટ
(૬) હસમુખ એન્જીનીયરીંગ કું. — વિસાવદર
(૭) ઉત્તમ ઓટોમોબાઇલ્સ — નાગપુર
(૮) શંકર વિજય ટીમ્બર કું. — ગંજ બસોડા

● ઉત્પાદક : **મે. પોકાર એન્જીનીયરીંગ કોર્પોરેશન**

૮, લલીતા ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ
નાગરવેલ હનુમાન રોડ
રખીઆલ
અમદાવાદ—૩૮૦ ૦૨૩


realpatidar.com
અમદાવાદમાં કાપડનો
—અદ્યતન શો રૂમ
STAPLE
EMPORIUM
સ્ટેપલ
એમ્પોરિયમ
શુટીંગ * શર્ટીંગ
ગ્વાલીયર—જીયાજી
રેમન્ડ—દીનેશ—દીગ્જમ
તેમજ પ્રખ્યાત મીલોની
નવીનતમ વેરાઈટીઝ માટે
અમારા શો રૂમની અવશ્ય
મુલાકાત લો.
પ્રોપ્રાયટર
મણીલાલ એમ. પટેલ
ભગવાનદાસ એમ. પટેલ
એન્ડ બ્રધર્સ
સહયોગ ફાર્મ, શીવપુરાકંપા
હસનપુરમોટા તા. જિ. ગાંધીનગર
શો રૂમનું સ્થળ :—
સ્ટેપલ એમ્પોરિયમ
કેલીકોડામ નજીક
રીલીફ રોડ, અમદાવાદ-૧



સ્ટોકીસ્ટ :—

★ મે. ઘનશ્યામ ફર્ટીલાઈઝર, ગાબટ રોડ, બાયડ.
★ મે. કિશાન ટ્રેડર્સ., એસ. ટી. ડેપો પાસે, મોડાસા.
★ મે. પટેલ ફર્ટીલાઈઝર ટ્રે. કું. સ્ટેશન રોડ, હિંમતનગર.
★ મે અમર ફર્ટીલાઈઝર, સહકારી સંઘ સામે, ઈડર.

JAGRUTI NOVEMBER–'80 Reg. No. GHMR/

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદરોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા
પીન. ૩૮૩૩૧૦

ગ્રા. નં.

To.

Book - Post

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

★

★

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.


જાગૃતિ
ડીસેમ્બર-૧૯૮૦

卐 જાગૃતિ 卐

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૦/-, પરદેશમાં શિલિંગ ૨૦ અને છૂટક નકલ કિંમત ૧ રૂા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૨૦૧/- પરદેશમાં રૂા. ૨૫૧/- નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છિતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઇ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ –પ્રકાશક

શ્રી. નાનજીભાઈ કે. પટેલ –આદ્યતંત્રી.

શ્રી. ક્રાન્તિભાઈ કે. પટેલ –તંત્રી.
બી. એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ M. A. B. Ed.
સહતંત્રી : જાગૃતિ

: સંપાદકો :

શ્રી. રતિભાઈ એલ. પટેલ M. Sc.
તલોદ.

શ્રી શામજીભાઇ એસ. પટેલ
વડાગામ

ડૉ. ધનજીભાઈ કે. પટેલ
જી એફ. એ. એમ., એલ. એમ. પી.

ડૉ. હંસરાજ એમ. પટેલ M.B.B.S.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ M. Sc.

શ્રી અરજણભાઇ વી. પટેલ, એદલપુરાકંપા

શ્રી પ્રેમજીભાઇ એ. પટેલ, ધનસુરા.

શ્રી. રતિલાલ એમ. પટેલ

શ્રી. વિઠ્ઠલભાઈ કે. પટેલ

શ્રી ચંદુલાલ વી. પટેલ



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી-કચ્છ]

realpatidar.com

જન્મ :	**સ્વર્ગવાસ :**
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા	સંવત ૧૯૯૭ આસો વદ ચૌદસ

અનુક્રમણિકા

★

તંત્રી સ્થાનેથી...

ભારતીય સંસ્કૃતિમાં શિક્ષણ

સંસ્કાર દ્વારા શિક્ષણ

ભારતીય સંસ્કૃતિમાં શિક્ષણ બે જાતનું છે. એક અંતઃશિક્ષણ અને બીજુ બાહ્ય શિક્ષણ બન્ને પ્રકારનાં શિક્ષણ સાથે જ મળવાં જોઇએ.

જે શિક્ષણમાં બુદ્ધિ, સ્મૃતિ, મેધા, પ્રજ્ઞા ખીલે છે અને જેમ માબાપના સંસ્કાર છે તે અંતઃ શિક્ષણ છે. માના ગર્ભમાંથી જ સંસ્કાર પડે, ત્યારપછી નાનપણમાં માબાપના વર્તનથી સંસ્કાર પડે છે. બહારનું ગમે તેટલું સારું શિક્ષણ હશે, પણ વિદ્યાર્થી જો સંસ્કાર વિહીન હશે તો તે યશસ્વી નીવડશે નહિ. ભારતીય સંસ્કૃતિ કહે છે કે માના પેટમાંથી જ સંસ્કાર મળવા જોઇએ. એને માટે શાસ્ત્રકારોએ નક્કી કર્યું છે કે ગર્ભવતી સ્ત્રીએ શું વાંચવું ? શું કરવું ? અને શું ન કરવું ? એને માટે પણ શિક્ષણની જરૂર છે. પાશ્ચાત્ય લોકોએ ફકત આરોગ્યની દૃષ્ટિથી ગર્ભવતી સ્ત્રીનો વિચાર કર્યો છે, પણ વાંચન, વિચારની પણ તેના પર અસર થાય છે, તેવી તેમને કલ્પના નથી નાનપણમાં બાળકોને જે સંસ્કાર પડે છે તેની અસર બહુ દૃઢ હોય છે. માનસશાસ્ત્રની દૃષ્ટિએ નાનપણમાં પડેલા સંસ્કારને બાળકો બ્લોટિંગ પેપરની માફક ગ્રહણ કરે છે. તે તેમણે કયારે લીધા તેની તેમને પોતાને પણ ખબર પડતી નથી. તેથી તે સંસ્કારો મોટી ઉંમર થયા પછી પણ કાઢી શકતા નથી. આજના ભણતરને લીધે પિતાપુત્રને બનતું જ નથી અને પિતા માટે પુત્રને એક જાતની તિરસ્કારવૃત્તિ પેદા થાય છે. નાનાં બાળકોનું મન કોઇપણ વાત તરત પકડી લઇ શકે છે, તેથી માબાપના વર્તનની નાના બાળકો પર જબરી અસર થાય છે. દા. ત. ઘરમાં પતિપત્ની હોય અને નાનું બાળક બેઠું હોય. કોઇ વખત એવું બને કે પત્ની છોકરાને રમાડતી હોય, પતિ આવે અને પત્નીનો હાથ પકડી છોકરાથી અળગી લઇ જાય. તે વખતે છોકરો તદ્દન નાનો હોવા છતાં એના મનમાં થાય કે, મારી મા એ મારી જ છે. તેને બાપા મારી પાસેથી કેમ લઇ જાય છે ? મારા પિતા મારી માને મારા પાસેથી ઝૂંટવી લેવા માગે છે, માટે મારા પિતા મારા દુશ્મન છે.' આ રીતે પિતા પ્રત્યે દુશ્મનાવટ શરૂ થાય છે. નાનપણમાં પડેલા સંસ્કાર જલ્દી ભુંસાતા નથી. પરિણામે છોકરો મોટો થાય છે ત્યારે તેને પિતા સાથે બનતું નથી. નાના છોકરાને મા તરફ દૃઢ મમત્વની ભાવના હોય છે, તે વખતે યુવાન પિતા માને બાળકથી દૂર કરે તો બાળકના મનમાં બાપ પ્રત્યે નાનપણથી તિરસ્કારની ગ્રંથી બંધાય છે છોકરાને ખબર ન પડતાં આ સંસ્કાર પડી જાય છે, અને મોટી ઉમ્મર થતાં દિકરાને અને પિતાને બનતું નથી. આ રીતે અંતઃ શિક્ષણમાં મા બાપના સંસ્કારો મોટો ભાગ ભજવે છે.

બહિઃ શિક્ષણ મહાનુભાવોના જીવનો જોઈને, વાંચીને મળે છે, શાળામાં જઇને, પુસ્તકોમાંથી અને આજુબાજુની સૃષ્ટિને નિરખવાથી મળે છે.

[સંસ્કૃતિ ચિંતનમાંથી આભાર]

" હાસ્યની દુનિયામાં ડોકિયું "

પટેલ નરેન્દ્રકુમાર માણેકલાલ—અમદાવાદ

★ કનુકાકા : મારી યાદદાસ્ત કમજોર થઈ ગઇ હોવાથી મારા ભુલકણાપણાના ઇલાજ માટે આજે હું ડોકટર પાસે જઇ આવ્યો.

મનજી : ડોકટરે શું કહ્યું ?

કનુકાકા : પહેલા ટેબલ પર ફી મુકવાનું કહ્યુ.

★ " મને રોકયો ન હોત તો મેં એ બદમાશના દાંત તોડી નાખ્યા હોત"

" શાબાશ ? પણ તમને કોણે રોકયા ?"

" એ બદમાશે જ તો ? "

★ " જો આજેજ કામવાળી ને રૂખસદ આપી દીધી " પત્નીએ કહ્યું.

" અરે એકાદ તક તો એને આપવી હતી ? "

હું તમને એકે તક આપવા માગતી નથી, પત્નીએ ગુસ્સાથી કહ્યું.

★ સવાલ : દૂધને બગડતું અટકાવવા શું કરવું જોઇએ ?

જવાબ : પી લેવું જોઇએ....

★ ધાર કઢવાવાળો : છે કોઇને ચપ્પુ, સુડી, કાતરની ધાર કાઢવાની !

★ કોલેજની યુવતી : " એય આપ બુદ્ધિની ધાર કાઢી આપે છે કે ? "

★ ધાર કાઢવા વાળો : જો તમારી પાસે થોડીક પણ હોય તો ?

હાઈ—વે નંબર આઠ

અશોક કે. પટેલ, સુરત-૩
(બોરડીટીંબાવાળા

મોટો મસ્સ ખટારો
ડ્રાઈવર હંકારે પુરપાટ.
ચાલો સ્વર્ગની સીધી સર્વિસ
હાઇ-વે નંબર આઠ
બકરીના બચ્ચા સો લાગે
એમ્બેસેડર કાર.
સામેથી ઊંચે બેઠેલો આવે
શીમ સંહાર
ગતિ ના ધીમી થાય કદીયે
પ્રકાશ થાય ના ઝાંખો.
મારે ટક્કર થાય ધડાકો
વાળ એનો થાય ના વાંકો
યમ રાજાનું વાહન
એના અજબ ગજબ ઠાઠ.
ચલો સ્વર્ગની સીધી સર્વિસ
હાઇ-વે નંબર આઠ.
ભગવાને પણ કરી દીધે છે
પ્રબંધ કેવો સારો.
આપણે જીવવું હોય છતાંયે
આ રસ્તે મરવાનું.

એને તો લાઇસન્સ મળ્યુ છે.
અકસ્માત કરવાનું.
આર. ટી ઓ. ની સ્કૂલને
નવા ભણાવે પાઠ
ચલો સ્વર્ગની સીધી સર્વિસ
હાઇ-વે નંબર આઠ.
ટ્રક—ટ્રેકટરનો ડ્રાઈવર એટલે
યમ રાજાનો ચેલો.
જે કોઇ સામે આવે તેને
ત્યાં જ પછાડી મેલો.
કુદરત ને પણ છુટવા
જોઇએ કોઇક બહાનું.
જીવ બિચારા એ
છટકી જાવુ છાનુ માનું.
મોત બન્યું છે. કેટલું સસ્તુ.
જાણે સોના સાંઠ
ચાલો સ્વર્ગની સીધી સર્વિસ
હાઇ વે નંબર આઠ ||

ભગવાન ભરોંસે *

—નટવરલાલ ડી. પટેલ
હરિપુરાકંપા (અણીયોર)

એક ગરીબ છતાં પવિત્ર બાઇ એક પહાડ પર ચડીને લાકડાં ભેગાં કરી રહી હતી. એટલામાં એક બદમાસની તેના પર કુદ્રષ્ટિ પડી. એ તેના તરફ બદદાનતથી દોડવા લાગ્યો !

બાઇએ વિચાર કર્યો કે આટલામાં મને કોઈ બચાવનાર નથી તો હવે હું મારી પવિત્રતાને કેવી રીતે સંભાળી શકીશ ?

તેને યાદ આવ્યું કે ભગવાન સૌનો રક્ષણહાર છે, માટે ભગવાનને ભરોંસે પહાડ પરથી પડતું મૂકી દઉં.

અને...તેણે ભગવાનનું નામ લઇને એ ઉંચા પહાડ પરથી પડતું મૂકયું. ભાગ્યવશાત્ પહાડ પરથી એક ઝાડ પર અને ઝાડ પરથી નીચે વહેતી નદીના પાણી-માં એ પડી ગઇ ! પરંતુ એને લેશ પણ વાગ્યુ નહિ.

થોડો સમય વિત્યા બાદ એજ બાઇ ફરી વાર એજ પહાડપર આવી તેને અગાઉની બદમાસવાળી વાત યાદ આવી. એ વિચારવા લાગી તે વખતે ઉંચા પહાડ પરથી કૂદી પડવા છતાં હું બચી ગઈ હતી. તો આજે આ નાના પથ્થર પરથી કૂદી પડવામાં શું થવાનું છે ? લાવ ખાતરી કરું. અને....થોડાક જ ઉંચા પથ્થર પરથી એ કૂદી પરતું તેના હાથ, પગ અને ઢીંચણમાં સારી પેઠે વાગી ગયું ! માંડ માંડ મરતાં મરતાં બચી !

ત્યાર પછીએ બાઇએ એક મહાપુરુષ આગળ જઇને આ વાત કહી બતાવી અને પ્રશ્ન કર્યો.

" તે દિવસે આટલા ઊંચા પહાડ પરથી કૂદી પડવા છતાં મને લગીરે ઇજા પહોંચી ન હતી અને બીજી વાર એક નાના અમથા પથ્થર પરથી પડવા છતાં મારા હાડકાં ભાંગી ગયાં, તેનું શું કારણ ?

મહાત્માએ કહ્યું ' પ્રથમવાર તું તારા શીલરક્ષણ માટે ભગવાનને ભરોંસે કૂદી પડી હતી તે વખતે તારી જાત કરતાં ભગવાન પર તને વધારે શ્રધ્ધા હતી. અને બીજે વખતે તું માત્ર પરીક્ષા કરવા ખાતર જ પડી હતી, તેમજ ભગવાન કરતાં તને તારી જાત પર વધારે ભરોંસો હતો. તેથી તને વધારે વાગી ગયું !

જે મનુષ્ય આત્મકલ્યાણ અર્થે અને ભગવાનને ભરોસે કાર્ય કરે છે, તેને પરમાત્મા બચાવે છે. ને જે પરીક્ષા લેવા ખાતર કે પોતાની જાતને ભરોંસે કામ કરે છે તે આખરે ખત્તા ખાય છે.

1980 -Jagruti (193)
1980-12 -Jagruti

માણસના ત્રણ પ્રકાર

જીતેન્દ્રકુમાર ભવાનભાઈ પટેલ
કાંકણોલકંપા, હિંમતનગર

કેટલાક કહે છે કે માણસ બે પ્રકારના હોય છે એક સજ્જન અને બીજો દૂર્જન, મિત્ર અને શત્રુ, નાના અને મોટા, સાચા અને ખોટા એમ ગમે તે રીતે ગણો, પણ માણસો બે પ્રકારના મળશે.

પણ માણસમાં પોતાનામાં જ ત્રણ પ્રકારના માણસો વસી રહયા છે તેનું શું! દરેક માણસમાં ત્રણ માણસો રહ્યા છે. એ રીતે જોતા હરકોઇ માણસમાં આ ત્રણ માણસો મહત્વના છે. એ ત્રણ માણસો કયા.

એક તો કોઇપણ માણસમાં એક માણસ એવો રહ્યો છે, જે એનું જીવન સુધારવાનુ કાર્ય કરતો હોય છે. બીજો એક માણસ એવો રહ્યો છે. જે પોતાના જીવનને સુખી કરવાનું કામ કરે છે. ત્રીજો માણસ એવો રહ્યો છે કે જે ચિંતન કર્યા કરે છે.

પહેલો માણસ જે જીવન સુધારવાનું કામ કરે છે તેણે તો સીધા ચઢાણ છે એને એની યાતનાઓનો પાર નથી. એ યાતનાઓ સહન કરવા માટે એને હું ચાહું છું

બીજો માણસ જીવનને સુખી કરવા મથે છે. તે જાણે છે કે સુખ આપવાથી સુખ મળે છે માટે આ જગત ઉપર આશીર્વાદ સમા એના સ્વરૂપને પણ હું ચહું છુ. અને ત્રીજો જે ચિંતનમાં લીન છે તેને તેના ડહાપણ માટે હું ચાહું છું.

આ કર્મ, ભકિત અને જ્ઞાન એ ત્રણે એક જ માણસમાં વસી રહયાં છે.

પણ જયારે માણસ કર્મ કરતો નથી, જ્ઞાન મેળવતો નથી, ભકિત જાણતો નથી, ત્યારે કહી શકાય કે હવે માણસમાં માણસ રહયો નથી, માત્ર આકૃતિ બાકી રહી છે ! આકૃતિ એ માણસ નથી. તેમજ એની બહારની સાધન સંપત્તિ એ પણ માણસ નથી, માણસ માણસની અંદર વસી રહયો છે. એ માણસ જ ખરો માણસ છે. અને તેને જીવનમાં ત્રણ જ રસ્તા સાથે સંબંધ છે: કાં એ કર્મ કરે, કાં જ્ઞાન મેળવે. અને કાં ભકિત કરે.

હાઈકુ * *

પટેલ હેમંતકુમાર મહેન્દ્રભાઇ
ઓધવનગર (મોતેસરી)

★ અજ્ઞાનમાં તો ઉજળે, જ્ઞાન દીવો ખૂબ મજાનો...
★ સરકાર તો કેવી ? હડતાલથી માને જ તેવી...
★ માના હૈયાનાં ધોળાં ધાવણુ : લોક કહે મહાન....
★ દરીયો ડોલે મોજાં ઉછળે; આપે મીઠું અનેક...

સાચું બોલવાથી શો ફાયદો?

નરસિભાઇ પી. પટેલ, F.Y.B.Com. હરિપુરાકંપા (અણીયેર)

જ્યાં મધપૂડો હોય ત્યાં ઘણી મધમાખીઓ દોડી આવે છે. જ્યાં લોહચુંબક હોય ત્યાં લોહું આપમેળે ખેંચાઇ આવે છે, એમ જ્યાં જ્ઞાનીજનો હોય ત્યાં જીજ્ઞાસુઓ પણ સ્વેચ્છાએ પહોંચી જાય છે

પ્રાચીન ગ્રીસના તત્વજ્ઞાની એપિકટેટસની આ વાત છે. પહેલી સદીમાં એ રોમમાં રહેતો હતો. તે લુલો હતો અને વળી ગુલામ હતો. પોતાની પરાધીન કે અપંગાવસ્થા વિશે એ કદી કોઇને ફરીયાદ કરતો જ ન હતો. ઉલટું પ્રસન્ન ચિત્તે એ લોકોને આવું કહેતો હતો કે "તમે કોઇ વસ્તુ ગુમાવી નાખી છે એવું ન કહેશો, તેમ છતાં જો કહેવું જ હોય તો એવું કહેજો કે મહેરબાનીની રાહે મારા માલિકે મને જે વસ્તુની બક્ષિસ આપી હતી તે વસ્તુ તેની ઇચ્છાથી મેં તેને પ્રેમથી પાછી આપી સોંપી દીધી છે"

એના આવા ઉમદા ને ઉદાત્ત વિચારોથી આકર્ષાઇને ઘણા જિજ્ઞાસુઓ તેની પાસે આવતા હતા.

એમાંના એકે દિલનો પડઘો પાડતો એક પ્રશ્ન પૂછ્યો, "સાચુ બોલવાથી શો ફાયદો થાય છે એ જરા સમજાવશો ?

અંતરની અમીરાતવાળા એ અનુભવીએ સહજ સ્મિત કરીને સ્નેહથી સામે પૂછ્યું. 'ભાઇ, તારા સવાલનો જવાબ પછી આપીશ. એ પહેલાં તું મને તારું નામ જણાવી શકીશ ખરો ?'

'જરૂર' પૃચ્છકે કહ્યું 'મારું નામ છે એરિયન' વારુ ભાઈ એરિયન, હું તને એમ પૂછું છું કે, તેં મને તારું સાચુ નામ કહ્યું એથી તને પોતાને શો લાભ થયો, એ કહી શકીશ ખરો ?

યુવકે સાનંદાશ્ચર્ય કહ્યું 'મને માત્ર આટલો જ સંતોષ થયો કે હું મારું સાચું નામ બોલ્યો.'

તત્વવેત્તાએ કહ્યું 'જો ભાઇ, સાચુ બોલવાથી બોલનારને એ જ રીતે સંતોષ થાય છે કે આપણે સાચું બોલ્યા તેનાથી જે શાંતિ, સુખ સમાધાન સાંપડે છે તેની બરોબરી સંસારનું કોઇ સુખ કરી શકતું નથી.'

કોઇ ગૂઢ કોયડો ઉકેલાયો હોય એમ, યુવક નતમસ્તક બની ગયો.

આ વાંચવું ✻

પટેલ રમેશચંદ્ર ભાણજીભાઇ
મુ. રામપુરાકંપા, પો. મોહનપુર

- ☐ દુનિયાનું સૌથી ઝડપી પ્રાણી કરોળિયો ગણાય છે. તે પોતાની લંબાઇ કરતાં સો ગણું અંતર એક સેકન્ડમાં કાપી શકે છે.
- ☐ આકાશનો પહેલ વહેલો નકશો ચીનમાં ઇ. પૂ. ૬૦૦માં બનેલો જે પેરિસ-મ્યુઝિયમમાં છે.
- ☐ બેબિલોનમાં શસ્ત્ર ક્રિયા પછી દર્દી મરી જાય તો વૈદના હાથ કાપી નાખવાનો કાયદો હતો.
- ☐ ગૌમેઝો ટાપુમાં પક્ષીઓની માફક ઉડનારી માછલીઓ થાય છે.
- ☐ સૌથી પહેલું છપાયેલું પુસ્તક છે. ચીની ભાષાનો શબ્દકોષ આ શબ્દકોષમાં ૨૪,૪૩૦ શબ્દો હતા. અને તે ઇ. સ. ૯૭૭માં છપાયો હતો.
- ☐ દુનિયામાં અલગ અલગ ૩૭,૦૦૦ જેટલા સિક્કા ચલણમાં છે.
- ☐ દક્ષિણ અમેરિકાના ચિલી દેશમાં બાહિયા ફેલિક્સ નામનું સ્થળ છે. ત્યાં વર્ષના ૩૬૫ દિવસોમાંથી ૩૨૫ દિવસ વરસાદ પડે છે.
- ☐ છત્રીની શોધ ૧૭૧૨માં જોન્સ હાનવે નામના એક અંગ્રેજે કરી હોવાનું મનાય છે.
- ☐ ઉડતી વખતે માખી એક સેકન્ડમાં ૩૩૦ વખત પાંખો હલાવે છે.
- ☐ વિશ્વમાં દરરોજ ૨૧,૯૦,૦૦૦૦૦ જેટલાં છાપાં પ્રગટ થાય છે.
- ☐ ફ્રાન્સની ફેલિત નામની એક છોકરીને બે જીભ છે, છતાં તે બોલી શકતી નથી.
- ☐ અમેરિકાના પત્રકારોમાં ૪૫ ટકા મહિલાઓ છે.
- ☐ રશિયામાં કુલ ૧,૨૭,૩૦૦ ગ્રંથાલયો છે.
- ☐ વિશ્વના જુદા જુદા પ્રાણી સંગ્રહાલયોમાં ૪૧ સફેદ વાઘ છે
- ☐ રશિયામાં ઇજનેરોમાં સ્ત્રીઓનું પ્રમાણ ૩૩ ટકા, તબીબોમાં ૭૫ ટકા અને વૈજ્ઞાનિક સંશોધન કર્મચારીઓમાં ૪૦ ટકા છે. ત્યાંના કુલ ન્યાયાધિશોમાં ત્રીજા ભાગની મહિલાઓ છે.

" ચેસની અજાયબી "

પટેલ દિનેશકુમાર જી., નવાનગર, બી. કોમ.

ચેસ એક ઘણા લોકોની પ્રિય એવી 'ઇનડોર ગેઇમ' છે. આ રમત સામાન્ય રીતે બુદ્ધિશાળીઓની છે. એવી માન્યતા પણ પ્રચલિત છે. આ રમતના બોર્ડ ઉપર બે રંગના ખાનાં હોય છે. કાળાં અને સફેદ આ બોર્ડ ૮ ખાનાં ઉભાં ,અને ૮ ખાનાં આડાં (૮×૮ ખાનાં) એમ કુલ ૬૪ ખાનાનું બનેલું હોય છે. આતો થઈ ચેસની સામાન્ય માહિતિ પરંતુ હવે તેની અજાયબી જોઈએ.

'ચેસ' રમતા શોધકે રમતની શોધ કર્યા બાદ પોતાના રાજાને ભેટ આપવા ગયો. તેણે આ રમત રાજાને ભેટ આપી. રાજા તે રમતને જોઇને ખુબજ પ્રભાવિત થયો. ખુશીમાં શોધક જે માગે તે આપવા માટે તૈયારી બતાવી.

શોધકે તો બીજું કાંઈજ ન માગ્યું પરંતુ ફકત એટલુજ માગ્યુ કે જેથી રાજાએ હસતાં હસતાં હા પાડી દીધી તેણે માગ્યુ કે ચેસના પહેલા ખાનામાં એક પૈસો, બીજો ખાનામાં બે પૈસા, ત્રીજા ખાનામાં ચાર પૈસા, ચોથા ખાનામાં આઠ. પાંચમા માં ૧૬ (સોળ) એમ ૬૪ ખાના સુધી પૈસા આપવા. આમ દરેક ખાનામાં તેનાથી આગળના ખાના કરતાં બમણાં પૈસા મળે.

અર્થાત	પહેલા ખાનામાં	૧ પૈસો	૨/૦ પૈસા
	બીજા	૨ ,,	૨/૧ ,,
	ત્રીજા	૪ ,,	૨/૨ ,,
	ચોથા	૮ ,,	૨/૩ ,,
	પાંચમા	૧૬ ,,	૨/૪ ,,

પચ્ચીસમા ખાનામાં ૧૬૭૭૭૨૧૬ પૈસા ૨/૨૪ પૈસા

પીસ્તાલીસમા ખાનામાં ૧૭૫૯૨૧૮૬૦૪૪૪૧૬ પૈસા = ૨/૪૪ પૈસા

પંચાવનમા ખાનામાં ૧૮૦૧૪૩૯૮૫૦૯૪૮૧૯૮૪ = ૨/૫૪ પૈસા

અને ચોસઠમા ખાનામાં ૯૨૨૩૩૭૨૦૩૬૮૫૪૭૭૫૮૦૮ પૈસા = ૨ ૬૩ પૈસા

આમ શોધકને મળતા કુલ પૈસા – ૧+૨+૪+૮+૧૬+........................+
૯૨૨૩૩૭૨૦૩૬૮૫૪૭૭૭૮૦૮ પૈસા=૨/૦+૨/૧+૨/૨+૨/૩+૨/૪+..............
+૨/૬૩ પૈસા. = ૨/૬૪–૧ (શ્રેણી–શ્રેઢીના નિયમો પ્રમાણે......)
∴ ૨/૬૪–૧ = ૧૮૪૪૬૭૪૪૦૭૩૭૦૯૫૫૧૬૧૬–૧

૧૮૪૪૬૭૪૪૦૭૩૭૦૯૫૫૧૬૧૫ પૈસા
૧૮૪૪૬૭૪૪૦૭૩૭૦૯૫૫૧૬૧૫ રૂપિયા

માની લો કે દરેક માણસને ત્રણ હજાર રૂપિયા વર્ષે અપાય તો, તો શું તે મઝાથી જીવી ન શકે? જરૂર જીવી શકે પૃથ્વીની વસ્તી ચાર અબજ લેખે. લેતાં પૃથ્વીનું વાર્ષિક ખર્ચ બરાબર = ૪ અબજ × ૩૦૦૦
= ૧૨,૦૦૦ અબજ રૂપિયા થાય.

એટલે કે ઉપરોક્ત રાજા જેટલા પૈસા આપવા તૈયાર છે તેનાથી સમગ્ર પૃથ્વીનું ખર્ચ લગભગ ૧૫,૩૭૨ વર્ષ સુધીનું નીભાવી શકાય.

ચેસનો શોધક કેવો બુદ્ધિશાળી !

જીવનની આરતી

પટેલ હિતેન્દ્રભાઇ એમ. તખતગઢ

જોવાની ઇચ્છા થાય તો 'હું કેવો છું' તેજ જોજો.
રોવાની ઇચ્છા થાય તો અધમકૃત્યો માટે જ રોજો
પીવાની ઇચ્છા થાય તો સંતવાણીનું જ પાન કરજો.
ખાવાની ઇચ્છા થાય તો ગમ ખાજો
લૂંટવાની ઇચ્છા થાય તો જ્ઞાન ને જ ઘૂંટજો
અભિમાન માટે પ્રેરાઓ તો સ્વદેશાભિમાની જ બનજો
ગ્રહણ કરવાની ઇચ્છા થાય તો સૌના સદ્‌ગુણ ગ્રહણ કરજો
ક્રોધ કરો તો ક્રોધના ઉપર જ ક્રોધ કરજો
કપટ કેળવો તો મોહ સાથે જ કપટ કેળવજો
નિંદા કર્યા વિના ન ચાલે તો સ્વ-નિંદા જ કરજો
સોબત વિના ન ચાલે તો સજ્જનની જ સોબત કરજો
જો ડરો તો પાપથી જ ડરજો
વ્યસન રાખો તો દાન કરવાનું જ રાખજો
ટેકો આપો તો સતકાર્યનેજ આપજો
દૂર ભાગોતો દુર્જનથી જ ભાગજો
નાટક જોવાની ઇચ્છા થાય તો તમારા સંસારનું જ નાટક જોજો

વિજ્ઞાન "વિકાસ યા વિનાશ" ના પંથે

નવિન એચ. પટેલ, કાન્તિલાલ વી. પટેલ, આસનસોલ, (પ. બ.)

પરંપરાગત યુદ્ધનો માનવ જાતિને પુરેપુરો અનુભવ ખરો. પણ વીસમી સદીમાં વિજ્ઞાનની આ કાલ્પનીક પ્રગતિએ કેટલાક નવા આવિષ્કારો યુદ્ધને આપ્યા છે. વિજ્ઞાન અને ટેકનોલોજીએ જયાં માનવ જીવનને સુખી બનાવ્યું છે ત્યાં તેની મોતનું સામાન પણ તૈયાર રાખ્યુ છે. ભાવિ યુદ્ધમાં મનુષ્યો કેવાં કેવાં ઘાતક શસ્ત્રોનો ઉપયોગ કરશે. એ એક કોયડો જ છે.

વર્તમાન સમયમાં આણુવિક શસ્ત્રોની ખૂબજ ચર્ચા છે. ટેકનીકી વિકાસ અને તરત ઉપ્લબ્ધીને કારણે આજે કેટલાંક રાષ્ટ્રોમાં હોડ ચાલે છે. વૈજ્ઞાનીક સમુદાય પણ નિત નવા સરળ ટેકનીકી વિકાસો કરતા જાય છે. એક કિલો ટનથી કરી ૬૦ મેગા વૉટ ટન એથી પણ વધુ ક્ષમતા ધરાવતા બોમ્બોનું નિર્માણ થઇ ચુકયું છે. અને ૧૯૮૧ના આરંભમાં ૧૫૦૦૦ પ્લેટીનમ બોમ્બ પ્રતિ વર્ષે તૈયાર થવાનું લક્ષ છે.

યુરેનિયમ-વિભાજનની કોઇ સરળ ટેકનીકીનો વિકાસ થઈ ગયા પછી કોઇ-પણ દેશ માટે અથવા આતંક વાદિ પક્ષ માટે અણું બોમ્બ બનાવી ફોડવો અઘરું કામ નહીં રહે. અમેરીકા અને રૂસ, અણું શસ્ત્રોના તોડના રૂપમાં, એન્ટી બ્લા-સ્ટીક મીસાઇલોના નિર્માણમાં પણ લાગી ગયા છે.

આણુવિક શસ્ત્રો સિવાય પણ નાના પ્રકારનાં ઘાતક શસ્ત્રો બની રહ્યાં છે. જેમાં રાસાયનિક બોમ્બ અને કિટાણું બોમ્બ મુખ્ય છે. આવા પ્રકારના બોમ્બનું નિર્માણ અને પરિક્ષણો ચાલુ છે. આવા ઘાતક બોમ્બ વતીથી કોઇ પણ સ્થળને ઇચ્છીત સમયે તદ્દન નાબૂદ સરળતાથી કરી શકાશે. દા. ત. પ્લેગના કિટાણુંઓથી સર્જીત બોમ્બ કોઇપણ આબાદી પર ફોડવાથી તે આબાદી પ્લેગ જેવી ભયંકર મહામારીનો શિકાર બનશે અને ટુંક સમયમાં જ વિનાશ પામશે. તેમાં શંકા નથી કારણ આવી વિશાળ મહામારીની સુરક્ષા અને સાવધાની એ પણ એક મોટી સમસ્યા જ છે. આવા બોમ્બથી હવામાન પર ખરાબ અસરથઈ શકે છે તથા પ્રકૃતિનું સંતુલન પણ ડગ મગાઈ શકે છે. રાસાયણિક બોમ્બથી માનવ જીવન ચક્ર પર ખરાબ પ્રભાવ પાડી શકાશે.

ચિકિત્સા વિજ્ઞાન એક બાજુ માનવ જીવનના કલ્યાણ માટે મનુષ્યના ... ચક્ર નો કોયડો ઉકેલી રહ્યું છે. ત્યાં બીજી બાજુ યુદ્ધ પિપાસુ વર્ગ આવી શોધ ખોળોથી ઘાતક વિનાશ કરી શકાશે. રાસાયણિક બોમ્બ નિર્માણમાં વાપરી રહ્યા છે. જેથી માનવોને જીવનથી વંચિત કરી શકે, અથવા જીવનને ભાર સ્વરૂપ બનાવી શકે. ગરીબ દેશો, જે મોઘી આધુનિક ટેકનોલોજી નથી અપનાવી શકતા, આવા પ્રકારના સસ્તા અને સરળ ઉપાયો અપનાવી શકે છે. આવા ઉપાયોમાં બોમ્બ નિર્માણ માટે ધન અને કીંમતી ટેકનોલોજીની જરૂરત હોતી નથી. આ સિવાય એવા પ્રકારની ટેકનોલોજીનો પણ વિકાસ થઈ રહયો છે. જેથી કૃત્રીમ ભુકમ્પ આંધી, તોફાન, ભરતી, વગેરે સ્વેચ્છાથી ઉત્પન્ન કરી શત્રુ દેશને નુકશાન પહોંચાડી શકાશે.

આમ જોતાં સ્પસ્ટ જણાય છે કે આજના અત્યાધુનિક વૈજ્ઞાનિક હથિયારોના નિર્માણ, સંચાલન, વગેરેમાં સૌથી વધારે યોગદાન ઇલેકટ્રોનીક અને કમ્પ્યુટર વિજ્ઞાનનું છે. આવાં ઉપકરણો સેકન્ડોમાં આપણે દુનિયાના એકથી બીજે છેડે પહોંચાડે છે. તે આપણું મોતનું સામાન પણ પહોંચાડી શકે છે, સુદુર પ્રાન્તમાં પાંદડાના ખડખડાટનો સંકેત પણ આપણે ઘરે બેઠાં મેળવી સકીયે છીએ. આવાં ઉપકરણો વતીથીજ આજ અમેરિકા અને રૂસ જેવી મહાશકિતઓ એક બીજા પર અને શત્રુઓ પર નજર રાખી શકે છે. માટે આપણે કહી શકીએ છીએ, કે ઇલેકટ્રોનીક અને કમ્પ્યુટરોજ લડશે અને માનવી એનો ભોગ બનશે. આજે માનવી વિજ્ઞાનની પ્રગતિની સાથે સાથે વિજ્ઞાનથી લાચાર પણ એવો બની ગયો છે કે તે પોતાનું જીવન પોતાના જ હાથે સંકટમાં મોકલે છે.

પ્રશ્નાર્થ

આપણે જે વિચારીએ છીએ, કહીએ છીએ અગર કરીએ છીએ તે.
(૧) શુ એ સત્ય છે ? (૨) શું એ લાગતા વળગતા ને હીતકારી છે ? (૩) શુ એ શુભેચ્છા અને સાચી મિત્રાચારીનું ઘડતર કરશે. (૪) શું એ સૌને માટે લાભદાઇ નિવડશે ?
આવા પ્રશ્ન આપણા મનમાં લાવીને; આપણે કાર્ય કરવુ ખાસ જરૂરી છે

— (અશોકવાણી) સુરત-૩

સમાચાર દર્શન

શ્રી પાટીદાર યુવક મંડળ—ક્રિષ્ણનગર

અમો ક્રિષ્ણનગર (બેંગાલ) મુકામે સ્થાયી થયેલા શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજના યુવાનો સંવત ૨૦૩૭ના બેસતા વર્ષના શુભ દિને એકત્ર મળી મિલન સમારંભ યોજીને યુવક મંડળની સ્થાપના કરી છે. આ યુવક મંડળને અહીંના સ્થાનીય આપણી જ્ઞાતિના તમામ સો મીલ માલિકોના સંપુર્ણ સહકાર છે.

સંવત ૨૦૩૭ના હોદ્દેદારોનાં નામ નીચે મુજબ છે.

શ્રી પાટીદાર યુવક મંડળ—ક્રિષ્ણનગર (બેંગાલ)

પ્રમુખ – શ્રી રવજીભાઈ જીવરાજભાઈ પટેલ
ઉપપ્રમુખ – ૧ શ્રી ધરમશી અંબાલાલ પટેલ
૨ શ્રી માધવજી અબજીભાઈ પટેલ
મંત્રી – શ્રી દેવજીભાઈ સોમજીભાઈ પટેલ
સહ. મંત્રી – ૧ શ્રી હસમુખલાલ સોમજીભાઇ પટેલ
૨ શ્રી કાન્તિલાલ દેવજીભાઈ પટેલ
ખજાનચી – શ્રી અમૃતલાલ લખમશીભાઈ પટેલ
સહખજાનચી – શ્રી જયંતિલાલ કરશનભાઈ પટેલ

— કાર્યવાહક સભ્યો —

૧ શ્રી શામજીભાઇ વી. પટેલ	૮ શ્રી ડાહ્યાલાલ ડી. પટેલ
૨ ,, ભાસ્કર જી. પટેલ	૯ ,, નરોત્તમભાઇ કે. પટેલ
૩ ,, મોહનલાલ એ. પટેલ	૧૦ ,, નટવરલાલ પટેલ
૪ ,, મોહનલાલ આર. પટેલ	૧૧ ,, નારાયણ ડી. પટેલ
૫ ,, ભવાનભાઇ એમ. પટેલ	૧૨ ,, કરશનભાઇ ડી. પટેલ
૬ ,, વિઠ્ઠલભાઇ એમ. પટેલ	૧૩ ,, અરૂણ પટેલ
૭ ,, ભવાનભાઇ ડી. પટેલ	

લિ.
માનદ મંત્રી – દેવજીભાઇ સોમજીભાઈ પટેલ

નવચેતન યુવક મંડળ—શેરપુરા

અમારા ઉપરોકત મંડળની જનરલ સભા આજરોજ તા. ૮–૧૧–૮૦ના રોજ રાખવામાં આવેલ જેમાં મંડળના હિસાબનું સરવૈયું રજુ કરી પસાર કરેલ. ત્યાર બાદ પ્રમુખ–કારોબારીની ચૂંટણી કરેલ જેમાં નીચેના હોદ્દેદારોની પસંદગી કરી નિમણૂંક કરવામાં આવેલ છે, જે નીચે પ્રમાણે છે.

પ્રમુખ – અંબાલાલ લધાભાઈ પટેલ
ઉપપ્રમુખ – પરસોત્તમ ખેતાભાઈ પટેલ
મંત્રી – ડાહ્યાભાઈ શામજીભાઇ પટેલ
સલાહકાર – વાલજીભાઈ મનજીભાઈ પટેલ
,, – જયંતિલાલ દેવસીભાઇ પટેલ
ખજાનચી – રમણલાલ કરમશીભાઈ પટેલ
સભા બોલાવનાર – પરસોત્તમ દેવશીભાઇ પટેલ
ઓડીટર – સવજીભાઈ દેવશીભાઇ પટેલ
,, – તુલસીભાઇ રામજીભાઇ પટેલ

— કારોબારી સભ્ય —

૧ પટેલ શાંતિલાલ વાલજીભાઇ	૫ પટેલ મણિલાલ ખેતાભાઇ
૨ ,, લક્ષ્મણભાઇ દેવશીભાઇ	૬ ,, ગોવિંદભાઇ જીવરાજભાઇ
૩ ,, નટવરલાલ રામજીભાઈ	૭ ,, ખીમજીભાઇ હરજીભાઇ
૪ ,, ચમનલાલ રામજીભાઇ	૮ ,, મોહનલાલ કરશનભાઇ

ઉપરાંત મંડળે કરેલ વિકાસના કાર્યો અને કરવાનાં કાર્યોની ચર્ચા વિચારણા કરેલ. સલાહ–સુચન અને ઠરાવ વિગેરે કાર્યો બાદ આશરે ત્રણ કલાકે સમાજ મંદિર–શેરપુરામાં યોજાયેલ સભાનો સુખદ અંત આવેલ હતો. લી. મંત્રી

સ્વ. દેવજીભાઇ મનજીભાઇ રાંમાણી મૂળ કચ્છ કોટડા–જડોદર નિવાસી હાલ છેલ્લા અર્ધા સૈકાથી સાબરકાંઠા જિલ્લાના મોડાસા તાલુકાના રાજપુરકંપામાં ખેતીના વ્યવસાયમાં ઓતપ્રોત રહેલા વડીલશ્રીનો જન્મ વિ. સં ૧૯૪૮માં થયો હતો. તેમનું દુ:ખદ અવસાન સંવંત ૨૦૩૭ ના કારતક વદ-૧૧ તા. ૩–૧૨–૮૦ના રોજ ૮૯ વર્ષની વયોવૃદ્ધ ઉંમરે થયેલ છે.

સદ્‌ગતશ્રી તેમની પાછળ એક પુત્ર તેમજ પૌત્ર પૌત્રીઓના વિશાળ પરિવારની વચ્ચેથી વિદાય લઈ સ્વર્ગવાસી થયા છે.

પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના....

શ્રી કોટડા પાટીદાર યુવક મંડળ

કોટડા [જ.] માં ઉજવાયેલ નવા વર્ષનું પર્વ

શ્રી કોટડા પાટીદાર યુવક મંડળ તરફથી દર વર્ષની માફક ચાલુ સાલે નવા વર્ષ નિમિત્તે તા. ૮-૧૧-૮૦ ના રોજ બપોરે ૩-૦૦ વાગ્યે બસ સ્ટેન્ડ પર રમતગમતનો ભવ્ય પ્રોગ્રામ યોજવામાં આવેલ. જેમાં નીચેની હરિફાઈઓ રાખવામાં આવેલ હતી.

(૧) સ્લો સાયકલ રેસ (૨) ફાસ્ટ સાઈકલ રેસ (૩) યુવાન દોડ (૪) કિશોર દોડ (૫) બહેનોની દોડ,

દરેક રમતોમાં પ્રથમ ત્રણ વિજેતાઓને ઇનામોનું વિતરણ કરવામાં આવ્યું કાર્યક્રમોનું સફળ સંચાલન યુવક મંડળના ભાઈઓએ કર્યું.

તેજ રાત્રિના ૯-૦૦ વાગ્યે મંડળે પોતાનું છઠું સ્નેહમિલન યોજ્યું. જેમાં ગ્રેજ્યુએટ ભાઈ ઓ હાયર સેકન્ડરીના ભાઈઓ તથા ન્યુ. એસ. એસ. સી. વગેરેમાં ઉત્તીર્ણ થયેલા ભાઈઓનું સન્માન કરી ઇનામ આપવામાં આવ્યાં જેનાં નામો નીચે પ્રમાણે છે.

૧.	ઝવેરીલાલ લખમશી બાથાણી	B. Com.
૨.	ઊમરસી કેસરા વેલાણી	હાયર સેકન્ડરી
૩,	અંબાલાલ કરસન વાસાણી	"
૪.	હરીલાલ હંસરાજ નાયાણી	"
૫.	હરેશકુમાર માવજી વેલાણી	ન્યુ એસ. એસ. સી.
૬	પરસોતમ વાલજી મુખી	"
૭.	મોહનલાલ શીવદાસ ભગત	"
૮.	રતિલાલ રામજી વેલાણી	"
૯.	પરસોતમ બાબુલાલ ભગત	"

ઉપરોક્ત ઈનામોનું વિતરણ મંડળના પ્રમુખ શ્રી લાલજી અરજણ ડોસાણીના શુભ હસ્તે કરવામાં આવ્યું. ત્યારબાદ મંત્રીશ્રી દેવસી મનજી પટેલે મંડળનો સંક્ષિપ્ત અહેવાલ આપ્યો. જેને બહાલી મળતાં પ્રમુખશ્રીની સત્તાથી સંવત ૨૦૩૭ ની નવી કારોબારીની ચૂંટણી સર્વાનુમતે કરવામાં આવી.

સવંત ૨૦૩૭ ની નવી કારોબારી

પ્રમુખ :– કાંતિલાલ ભાણજી પોકાર
ઉપપ્રમુખ :– રવિલાલ મેઘજી બાથાણી
મંત્રી :– ડાહ્યાલાલ રવજી ભગત
સહમંત્રી :– લાલજી રવજી બાથાણી
ખજાનચી :– રતનશી વાલજી બાથાણી
સહખજાનચી :– રામજી મનજી મુખી

ઓડીટર્સ :- ૧. કરસન વિશ્રામ લીંબાણી
૨. નારણ ધનજી બાથાણી
સભ્યો :- ૧. લાલજીભાઇ અરજણભાઇ ડોસાણી
૨. પ્રેમજીભાઇ કાનજીભાઇ ભગત
૩. અરજણભાઇ લધાભાઇ નાયાણી
૪. રસીકલાલ અરજણભાઇ નાયાણી
૫. નારણભાઇ ઉમરાભાઇ ભગત
૬. અરજણભાઇ વાલજીભાઇ પટેલ
૭. અબજીભાઇ કાનજીભાઇ સુખી

અંતે અલ્પાહાર બાદ નવા વરાયેલા પ્રમુખ શ્રી દ્વારા સ્નેહમિલનનો કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યો.

ડાહ્યાલાલ રવજીભાઇ ભગત
મંત્રીશ્રી
શ્રી કોટડા પાટીદાર યુવક મંડળ કોટડા

॥ શ્રી લક્ષ્મીનારાયણો વિજયતે તરામ્ ॥

શ્રી લક્ષ્મીનારાયણ મંદિર નિર્માણ સમિતિ

શ્રી કલ્યાણપુર કડવા પાટીદાર સનાતન સમાજ

જયશ્રી લક્ષ્મીનારાયણ,

પરમ કૃપાળુ પરમાત્માની અસીમ કૃપા તેમજ પ્રેરણાથી અમારા ગામે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનુ શિખરબંધ મંદિર બાંધવાનું અમારાં ગામ કલ્યાણપુર તાલુકો નખત્રાણા જીલ્લા કચ્છ મુકામે સર્વાનુમતે નક્કી કરેલ છે અને આ મંદિર બાંધકામની પાયાવિધિ આપણા સમાજને પ્રેરણારૂપ શ્રી નારાયણ સરોવર (તીર્થધામ) કચ્છના ગાદીપતિ પરમપૂજ્ય બ્રહ્મચારી સંતશ્રી મધુસુદન લાલજી મહારાજના વરદ હસ્તે ખુબજ ઉલ્લાસમય વાતાવરણમાં તા. ૧૯–૧૦–૧૯૮૦ વિજયાદસમીનાં પુણ્ય દિવસે કરવામાં આવેલ છે.

ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરનું કુલ ખર્ચ અંદાજે રૂા. ચાર લાખ થવા સંભવ છે. આ ખર્ચને પહોંચી વળવા અમારા ગામે સ્થાનિક ફાળો રૂા. બે લાખ એકત્ર કરેલ છે ગ્રામ સમાજ પાસેથી આવેલ રકમ સિવાયની ખુટતી રકમ માટે આપણા જ્ઞાતિ બંધુઓ પાસેથી ફાળો ઉઘરાવવા શ્રી લક્ષ્મીનારાયણ મંદિર નિર્માણ સમિતિના ભાઇઓ આપની પાસે શુભ અપેક્ષા લઇને આવશે. તો આપ સૌ જ્ઞાતિ જનોને અમારી હાર્દિક વિનંતી છે કે ઉપરોકત કાર્યને લક્ષમાં રાખીને આપ સૌ પુનિત કાર્યમાં યથાશકિત ઉદાર હાથે આપનો ફાળો આપી આ પવિત્રકાર્યને પરિપૂર્ણ કરવામાં મદદરૂપ થશો તેવી અમારી હાર્દિક વિનંતી.

પત્ર વ્યવહાર
શ્રી કલ્યાણપુર કડવા પાટીદાર સનાતન સમાજ મુ. પો. કલ્યાણપુર–૩૭૦૬૧૦ તા: નખત્રાણા (કચ્છ)

લી. આપનાજ
શ્રી લક્ષ્મીનારાયણ મંદિર નિર્માણ સમિતિ
કલ્યાણપુર કચ્છના ભાઈઓ

॥ હરિ ૐ ॥

શ્રી ઈશ્વર આશ્રમ ભાગવત સપ્તાહ સમિતિ
વાંઢાય (કચ્છ) આયોજીત

શ્રીમદ્ ભાગવત સપ્તાહ
પારાયણ જ્ઞાનયજ્ઞ

ના લાભ લેવા ભાવિકજનોને હાર્દિક આમંત્રણ છે.

વ્યાસ પીઠે પ. પૂ. **સ્વામી શ્રી કૃષ્ણાનંદજી** બીરાજશે.

બીનુ સત્સંગ ન હરિકથા તા બીનુ મોહન ભાગ
મોહ ગયે બીનુ રામપદ હોય ન દ્રઢ અનુરાગ

સંત મહાત્માઓનો સમાગમ અને શ્રી ભાગવત કથા શ્રવણએ મોક્ષ પદ પ્રાપ્તિનું ઉત્તમ સાધન અને જીવનનો અમુલ્ય અવસર છે.

શુભ પ્રારંભ :– સંવત ૨૦૩૭ના ચૈત્ર સુદ ૧
રવિવાર તા. ૫–૪–૮૧

પૂર્ણાહુતિ :– સંવત ૨૦૩૭ના ચૈત્ર સુદ ૮
શનિવાર તા. ૧૧–૪–૮૧

કથા શ્રવણ સ્થળ :– ઓદ્ધવપુરી, ઇશ્વર આશ્રમ વાંઢય (કચ્છ)


" " **સમય** :– સવારે ૮–૩૦ થી ૧૧–૩૦
બપોરે ૨–૩૦ થી ૫–૩૦

પ્રેરક સંતો :–

પ. પૂ. સંતશ્રી વાલદાસજી ગુરૂ શ્રી ઓધવરામજી
પ. પૂ. સંતશ્રી બાપૂ સરસ્વતિદાસજી ગુરૂ શ્રી જવાહરદાસજી
પ. પૂ. સંતશ્રી સેવાદાસજી ગુરૂ શ્રી દયાલદાસજી
ના સાન્નિધ્યનો લાભ મળશે.



સમય અને મહેનત બચાવો *



"પોકારનું"

ઇલેક્ટ્રીક પાવરથી ચાલ

છાસ

બનાવવા માટેનું

વલોણા યંત્ર

—તદ્દન આધુનિક તેમજ આકર્ષક મોડેલોમાં વસાવી ઘરની શાન વધારો.

વિક્રેતા :—

વિક્રેતાઓ :— (૧) આશા ઓટોમોબાઇલ્સ — ભુજ

(૨) ગીતા ઇલેકટ્રીકલ્સ — ધનસુરા

(૩) મહાલક્ષ્મી વાઈન્ડીંગ વર્કસ — ડેમાઇ

(૪) અંબિકા ફર્ટિલાઇઝર્સ — ખેડબ્રહ્મા

(૫) શ્રેયસ એજન્સી — રાજકોટ

(૬) હસમુખ એન્જીનીયરીંગ કું. — વિસાવદર

(૭) ઉત્તમ ઓટોમોબાઈલ્સ — નાગપુર

(૮) શંકર વિજય ટીમ્બર કું. — ગંજ બસોડા


● ઉત્પાદક : **મે. પોકાર એન્જીનીયરીંગ કોર્પોરેશન**

૮, લલીતા ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ
નાગરવેલ હનુમાન રોડ
રખીઆલ
અમદાવાદ—૩૮૦ ૦૨૩

સોમીલ માલિકો માટે ખુશખબર

ભારતનું સર્વપ્રથમ ઓટોમેટીક બેન્ડશો બ્લેડ શાર્પનીંગ મશીન. જેમાં એમરી સ્ટેન્ડ સ્થિર રહે છે. અને બેન્ડશો બ્લેડ ચાલે છે

ફોન. પી.પી. ૮૨૧૩૦૩



* ઝડપી અને સફાઈદાર વહેરણકામ.
* આપના કિંમતી સમયનો બચાવ.
* પટ્ટી ઊભી ચાલતી હોવાથી જગ્યાનો બચાવ.
* આધુનીક મશીનરી અને અનુભવી એન્જીનીયરોની દેખરેખ હેઠળ સંપૂર્ણ ચોકસાઈપૂર્વક બનતું ભારતનું એકમાત્ર મશીન.

પ્રસ્તુતકર્તા :–

ઊમીયા એન્જીનીયરીંગ વર્કસ


નેશનલ ટીમ્બર માર્ટ કંપાઉન્ડ. અમદાવાદ.
નેશનલ હાઇવે નં. ૮ નરોડા–૩૮૨૩૨૫

"GARUD" Phone : P. P. 351024

ગરુડ

એન્જીનીયરીંગ કોર્પોરેશન

૧૫/૧ F નીરોદ બીહારી મલીક રોડ, કલકત્તા—૭૦૦૦૦૬



આથી અમો સૉ મીલ તેમજ પ્લાયવુડ ધરાવતા ઉદ્યોગપતિઓને વિનંતિ કરીએ છીએ કે અમોએ ચેઈન સો મશીનરી નાવવાનું શરૂ કરેલ છે. જે આધુનિક યંત્ર યુગમાં લેટર પ્રોબ્લેમમાં સહાયરૂપ થશે.


ચાલવામાં સરળ, ચાલુ એમરીમાં ચેઈન ધાર કરી શકાશે, પાર્ટની પ્રચુરતા માટે ઓર્ડર નોંધાવવા આથી વિનંતી કરીએ છીએ.

સો મશીનના પાર્ટ્સ, ટ્રોલીના પાર્ટ્સ તેમજ બેરીંગ વગેરેની માહિતી આપને મેળવી આપીશું. આપની વધારે માહિતિની જરૂરીયાત માટે નજીકના એજન્ટ સાથે સંપર્ક સાધવા વનંતી.

ગરૂડ એન્જીનીયરીંગ કોર્પોરેશન તરફથી નિયુકત થયેલા એજન્ટો

એજન્ટ	રાજ્ય
૧ જીવાજી લાલજી પટેલ સરદાર પટેલ ટીમ્બર માર્કેટ નાગપુર–૩	મહારાષ્ટ્ર
૨ ગીતા ઈલેકટ્રીકલ્સ મુ. પો. ધનસુરા જિ. સાબરકાંઠા	ગુજરાત
૩ નાકરાણી સો મીલ નાગપુર રોડ, જબલપુર	મ. પ્ર. સાગર, ઈન્દોર, જબલપુર વિસ્તાર
૪ ચાંદબાલી ટીમ્બર ટ્રેડર્સ મુ. પો. ચાંદબાલી જિ. બાલાસોર	ઓરીસ્સા
૫ પ્રકાશ ટીમ્બર કોર્પોરેશન ૧૫/૧ F નીરોદ બીહારી મલીકરોડ કલકત્તા–૭૦૦૦૦૬	આસામ
૬ પ્રગતિ ટીમ્બર કુાં. ૧૭૬A જેસોર રોડ કલકત્તા-૭૦૦૦૫૫	વેસ્ટ બેંગાલ
૭ પ્રભાત હાર્ડવેર સ્ટોર્સ ધારવાર રોડ, મુ. પો. બેલગામ	મહારાષ્ટ્ર અને કર્ણાટક
૮ ભગવતી સો મીલ ફાફાડીહ, રાયપુર (મ. પ્ર.)	મ. પ્ર. ના બસ્તર અને રાયપુર જિલ્લા

લી. ગરૂડ એન્જીનીયરીંગ કોર્પોરેશન વતી, વિશ્રામ હંસરાજ પટેલ


LAXMI
LAXMI

JAGRUTI DECEMBER–'80 Reg. No.

બુ. પો.

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદરોડ,
ધનસુરા. જિ. સાબરકાંઠા
પીન. ૩૮૩૩૧૦

To.

Book – Post

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન.
શ્રી કચ્છ કડવા પાટીદાર સન
યુવક મંડળ (ગુજરા
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રો
ધનસુરા, જિ. સાબરકાં

★

★

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.